### ફક્ત अ વિભાગ માટે.

૪. દેવ લોક તથા નરકના જીવોનાં શરીરમાન તથા આયુષ્ય વિષે તમે જાણુતા હો તે લખો. ૧૫

૫. મરણુ એટલે શું? સિદ્ધના જીવોનું મરણુ થાય કે નહિ તે કારણુ સહિત જણાવો. ૧૦

૬. દરેક જીવ મરીને પાછો તેની તેજ ગતિમાં ઉત્પન્ન થાય કે નહિ? થાય તો કેટલીવાર થાય? ૧૦

૭. ગૃહસ્થને માટે દર્શાવેલા સામાન્ય ધર્મ ટુંકમાં લખી જાઓ. ૧૫

૮. શ્રાવકના બાર વ્રતનાં નામ તથા દરેક વ્રતના અતિચારની સંખ્યા જણાવો. પાંચમા વ્રતના અતિચાર લખો. ૧૦

૯. ચાર ભાવનાનાં નામ લખો, અને તેનું સ્વરૂપ સમજાવો. ૧૦

### ફક્ત ब વિભાગ માટે.

૪. નીચેની ગાથાઓ પુરી લખો અને પહેલી બેના અર્થ સમજાવો. ૨૦

( १ ) देवदाणविंद........

( २ ) नित्योदयं दलितमोह........

( ३ ) त्वामेव वीततमसं........

( ४ ) उन्मृष्टरिष्ट.......

( ५ ) अडवीसु भिल्लतक्कर....

૫. નીચેના શબ્દોના અર્થ લખો.

( १ ) चिंतामणिकप्पपायवब्भहिए । ( २ ) सव्वोसहिपत्ताणं ।

( ३ ) अट्ठमहापाडिहेरकयसोहा । ( ४ ) वयणपहरणधरा ।

( ५ ) विणओणयसिररइ अंजलिरिसिगणसंथुअं ।

( ६ ) स्फुरदंशुजालम् । ( ७ ) नमत्रिदशाधिपानाम्

( ८ ) विदिताखिलवस्तुसार ( ९ ) अमराधीशमुकुटाभ्यर्चितांघ्रये ।

(१०) मकरध्वजतुल्यरूपाः ॥

૬. નીચેની બાબત તમે જાણુતા હો તે સંક્ષેપમાં લખો. ૨૦

(૧) દશ ત્રિક, (૨) વંદનીય અને સ્મરણીય, (૩) ત્રણુ વંદન, (૪) અવંદનીય, (૫) અદ્ધાપચ્ચખ્ખાણુ.

૭. સંધ્યા સમયના સંક્ષિપ્ત પ્રતિક્રમણુની વિધિ જણાવો. ૧૫

---

## ( જ્ઞાનસાર, મહાવીર ચરિત્ર, આનંદઘનજીની ચોવીશી. )

## ધો. ૩.–પરીક્ષક રા. ચુનીલાલ છગનચંદ શરાફ.

૧. નીચેના શ્લોકોનો ભાવાર્થ લખોઃ—

परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गालिकी कथा ॥

क्वामी चामीकरान्मोदाः स्फारा दारा क्वराः क्व च ॥१॥

ज्ञानक्रियासमावेशः सहैवोन्मीलने द्वयोः ॥
भूमिका भेदतस्त्वत्र भवेदेकैक मुख्यता ॥ २ ॥
भस्मना केशलोचेन वपुर्धृतमलेन वा ॥
महान्तं बाह्यदृग् वेत्ति चित्तसाम्राज्येन तत्त्ववित् ॥ ३ ॥

૨. 'ઇંદ્રિયજય' અથવા 'વિદ્યા' સંબંધે ઉપાધ્યાયજી મહારાજે જે વિચારો દર્શાવ્યા હોય તેનો સાર નિબંધરૂપે તમારા પોતાના શબ્દોમાં લખો. ૮

૩. નીચેના પાદોનો સંબંધ દર્શાવી તે પર તમારા વિચારો જણાવો.

( अ ) निःस्पृहो जायते मुनिः ।
( ब ) जगदेव परिग्रहः ।
( क ) ज्ञानिनां परमं तपः ।
( ड ) समवृत्ति सुखास्वादी । ६

૪. 'જ્ઞાન' અને 'ક્રિયા;' 'ધ્યાન' અને 'તપ;' 'ત્યાગ' અને 'તૃપ્તિ' એ દરેક જોડકું પરસ્પર શો સંબંધ ધરાવે છે, અને એક વિના બીજું કેવી રીતે અને કેટલે અંશે નિરર્થક થઇ પડે તે જણાવો. ૯

૧. સમ્યકત્વ એટલે શું? વીર ભગવંતને કયા ભવમાં અને કેવા સંજોગોમાં સમકીત પ્રાપ્ત થયું તેનું ટુંક વર્ણન લખો. ૬

૨. વીર ભગવંતને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછીનું તેમનું ચરિત્ર સંક્ષેપમાં લખો. ૭

૩. જમાલિને નિન્હવ શા માટે ગણવામાં આવ્યા છે? અને તેથી જૈન શાસનના વીર ભગવંત પછીના સાધુઓપર શું અસર થઇ છે? અને તેઓથી તાત્વિક બોધ શું મળે છે તે લખો. ૮

૪. નીચે જણાવેલામાંથી ગમે તે ત્રણનાં ટુંક વૃત્તાંત આપો:—
(૧) દુર્ગંધા, (૨) યાસા સાસા, (૩) અંબડ, (૪) ચંડપ્રદ્યોત, (૫) નંદીષેણ. ૯

૧. નીચેનાપર વિવેચન સહિત અર્થ લખો:
(૧) પ્રીત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય.
(૨) ઘાતી અઘાતી હો બંધૂદય ઉદીરણારે, સત્તા કરમ વિચ્છેદ.
(૩) નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય અવસ્થા આવી. ૬

૨. અષ્ટ પ્રકારી પૂજાના વર્ણનવાળી સુવિધિ જીનના સ્તવનમાંની ગાથા લખો, અને તેનાપર વીશ લીટીનો નિબંધ લખો. ૯

૩. નીચેના શબ્દોના અર્થ લખો:—
કાલ લબ્ધિ; ચરમાવર્ત; અંતરઆત્મા; યોગ અવંચક; દહતિગ; પડિવત્તિપૂજા; ઠવણ અધ્યાતમ; ધ્વનનામી. ૬

૪. નીચેનાનો પૂર્વાપર સંબંધ ( Context ) દર્શાવો;
(૧) પરદુ:ખ છેદન ઇચ્છા કરૂણા, તીક્ષણ પરદુ:ખ રીઝેરે,
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝેરે.

(૨) પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જીસો,
ધર્મ નહીં કોઇ જગસૂત્ર સરીખો, ૬
૫. શાંતિનાથના સ્તવનમાં વર્ણવેલ શાંતિ જીનના સ્વરૂપનું સંક્ષિપ્ત વર્ણન લખો. ૮
નોટ—સવાલોના માર્ક તરફ દષ્ટિ રાખી જવાબો લાંબા ટુંકા લખવા.

## ધો. ૪.–( પરીક્ષક શેઠ કુંવરજી આણંદજી ).

### આગમસાર.

૧. ચાર પ્રકારના ધર્મધ્યાનનું સ્વરૂપ લખો. ૮
૨. ષડ્ દ્રવ્યના સામાન્ય સ્વભાવ ૧૧ ને વિશેષ સ્વભાવ ૧૦ નાં નામ લખો. ૧૦
૩. શ્રાવકનાં બાર વ્રત નિશ્ચયથી ને વ્યવહારથી સમજાય તેમ લખો. ૧૨

### તત્ત્વાર્થાધિગમ સભાષ્ય.

૪. જીવાદિ તત્ત્વોનું જ્ઞાન નિર્દેશાદિ છ પ્રકારે શી રીતે થાય? તે તેનાં નામ સાથે સમજાવો. ૧૨
૫. ઔદયિક ભાવના કેટલા ભેદ છે? તેનાં નામ લખો. ૧૦
૬. કોઇ પણ ક્ષેત્રની પરિધિને જીવથી શી રીતે કાઢી શકાય તે સમજાવો. ૧૨
૭. નવ લોકાન્તિકનાં નામ લખો અને તે લોકાન્તિક શા કારણથી કહેવાય છે? ૮
૮. પુદ્ગલાસ્તિકાયના બધા પ્રકારો જણાવો. ૧૦
૯. બીજા વ્રતના અતિચારોનાં નામ ને સમજુતી લખો. ૬
૧૦. શુકલધ્યાનના ચાર ભેદનાં નામ ને સમજુતી લખો. ૧૨

## ધો. ૫. બ( પ.–શેઠ કુંવરજી આણંદજી. )

### છ કર્મ ગ્રંથ.

#### કર્મ ગ્રંથ-પહેલો.

૧. કર્મ જીવની સાથે કેવી રીતે અને કયાંયથી મળેલા છે? ૩
૨. આઠ કર્મ જે ક્રમથી કહેવામાં આવ્યા છે તે ક્રમનું કારણ લખો. ૫
૩. મતિજ્ઞાનના ૨૮ ભેદ લખો અને તેના મૂળ ભેદ અવગ્રહાદિનું સ્વરૂપ સમજાવો. ૫
૪. શુભ અને અશુભ નામ-કર્મના બંધ હેતુ લખો. ૨

#### કર્મ ગ્રંથ-બીજો.

૫. આહારક શરીર નામ કર્મ જીવ કયે ગુણ ઠાણે બાંધે? ૫
૬. જીવ શ્રેણી કયારે માંડે અને દશમે ગુણ ઠાણે બંધ, ઉદય ને સત્તામાં કેટલી કેટલી પ્રકૃતિ હોય તેની સંખ્યા માત્ર લખો. ૪
૭. ઉદ્યોત નામ કર્મ કોને કોને અને કયે ગુણ ઠાણે ઉદયમાં હોય છે? ૨

#### કર્મ ગ્રંથ-ત્રીજો.

૮. તિર્યંચને કેટલાં ગુણ ઠાણાં હોય અને તે દરેક ગુણ ઠાણે બંધ કેટલી કેટલી પ્રકૃતિનો હોય? ૫

૯. ચારિત્ર માર્ગણાએ દરેક ચારિત્રે ગુણ ઠાણા કેટલા કેટલા અને કયા કયા હોય? ૪
૧૦. પ્રથમની ત્રણ લેસ્યાએ કઇ કઇ પ્રકૃતિ ન બંધાય? ૨

### કર્મ ગ્રંથ-ચોથો.

૧૧. ક્ષાયિક સમકીતે જીવભેદ, યોગ, ઉપયોગ ને લેશ્યા કેટલી કેટલી હોય? ૪
૧૨. ક્ષાયિક ભાવનાના કેટલા ભેદ છે? અને તેમાંથી આ કાળે આપણને કયા કયા ભેદ લાભે? ૩
૧૩. જીવોનું ગુણ ઠાણે અલ્પ બહુત્વ લખો. ૫
૧૪. અનંતા કેટલા છે? તેના નામ અને ટુંકુ સ્વરૂપ લખો. ૪

### કર્મ ગ્રંથ-પાંચમો.

૧૫. મિથ્યાત્વ મોહની ધ્રુવબંધી છે કે અધ્રુવબંધી છે? તેના સાદ્યાદિ ચાર ભંગના સ્વામી લખો. ૪
૧૬. ધ્રુવબંધી અને અધ્રુવબંધી પ્રકૃતિમાં ભેદ શું? ૩
૧૭. નામ કર્મની ઉત્તર પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પૃથક્ પૃથક્ લખો. ૬
૧૮. ક્ષુલ્લક ભવનું સ્વરૂપ અને પ્રમાણ વિસ્તારથી લખો અને તેના સ્વામી જણાવો. ૫
૧૯. આયુષ્યની ગણનામાં આવતા પલ્યોપમનું સ્વરૂપ જણાવો. ૩

### કર્મ ગ્રંથ છઠ્ઠો.

૨૦. મોહની કર્મના બંધસ્થાન, ઉદય સ્થાન ને સત્તાસ્થાન કેટલા કેટલા ને કયા કયા તે લખો. ૪
૨૧. ગોત્ર કર્મના બંધ ઉદય સત્તાના સંબંધ લખો. ૩
૨૨. મિથ્યા દૃષ્ટયાદિના ઉદય સ્થાનને આશ્રીને ભંગોની સંખ્યા ગુણસ્થાનને આશ્રયીને લખો. ૫
૨૩. ગતિ માર્ગણાએ પ્રત્યેક ગતિએ નામ કર્મના બંધસ્થાન કયા કયા-કેટલી કેટલી પ્રકૃતિના હોય તે લખો. ૫
૨૪. ક્ષપકશ્રેણીનું સ્વરૂપ લખો. ૫

### સામાન્ય પ્રશ્ન.

૨૫. કર્મબંધ કઇ રીતે ન થાય અથવા ઓછો થાય તેને માટે બુદ્ધિપૂર્વક યોગ્ય માર્ગ પ્રદર્શિત કરો. ૭

નોટ:—ઉત્તર લખનાર માગે તો એક કલાક વધારે આપવો.

---

## ધો. ૫. क.—( ૫૦ રા. મોહનલાલ હેમચંદ વકીલ. )

### અધ્યાત્મ કલ્પદ્રુમ.

૧. મૈત્રીભાવના-પ્રમોદભાવના-કરૂણાભાવના તથા માધ્યસ્થ્યભાવનાનું સ્વરૂપ લખો. ૮
૨. પાંચ પ્રકારના મિથ્યાત્વનું સ્વરૂપ લખો. ૮
૩. નીચેના શ્લોકના અર્થ તથા વિવેચન તથા છંદ લખો. ૨૪

( १ ) स्वाध्याय योगैश्वरणाक्रियासु व्यापारणैर्द्वादशभावनाभिः
सुधीस्त्रियोगीसदसत्प्रवृत्ति फलोपयोगैश्च मनोनिरुंध्यात्

( २ ) गुणस्तवैर्योगुणीनां परेषा माक्रोशनिंदादिभिरात्मनश्च
मनःसमंशीलति मोदतेवा खिद्येत च व्यत्ययतः स वेत्ता

( ३ ) जनेषु गृह्णत्सु गुणान्प्रमोदसे ततोभवित्रीगुणरिक्ततातव
गृह्णत्सुदोषान् परितप्यसे च चेद् भवंतु दोषास्त्वयि सुस्थिरा ततः

( ४ ) न धर्मचिंतागुरुदेव भक्ति र्येषांनवैराग्यलवोऽपि चित्ते
तेषांप्रसूक्लेशफलः पशूनामिवोद्भवः स्यादुदरंभरीणाम्

**દેવચંદ્રજી ચોવીસી.**

૪. નીચેની ગાથાનો અર્થ લખો તથા વિવેચન લખો.

(૧) ઉપજેવ્યય લહે તહવિ તેહવો રહે ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી
આત્મભાવે રહે અપરતા નવિગ્રહે લોકપ્રદેશ મિતપણ અખંડી.
અહો શ્રી સુમતિ જીન. ॥ ૨ ॥ ૯

(૨) સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો. જીનજી
કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. જીનજી. શ્રીસુપાસ આણંદમેં. ૯

(૩) નિત્ય નિરવયવ વલી એક અક્રિયપણે, સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે ॥
તેહથી ઇતર સાવયવ વિશેષતા, વ્યક્તિભેદે પડે જેહની ભેદતા ૯

(૪) શુદ્ધપણે પર્યાય, પ્રવર્તન કાર્ય મેરે ॥ પ્રવર્તન. ॥ કર્તાદિક પરિણામ, તે
આતમ ધર્મ મેરે ॥ તે આતમ૦ ॥ ચેતન ચેતન ભાવ, કરે સમવેત
મેરે ॥ કરે૦ ॥ સાદિ અનંતીકાલ, રહે નિજ ખેતમેરે ॥ ૨૦ ॥ ૧૨

૫. ચંદ્રપ્રભુ મહારાજના સ્તવનમાં બતાવેલ તદ્વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપાનું સ્વરૂપ લખો. ૯

૬. અરનાથજીન સ્તવનમાં બતાવેલા અપેક્ષા, નિમિત્ત, ઉપાદાન અને અસાધારણ કારણનું સ્વરૂપ લખો. ૧૨

## ધો. ૫ ડ. ( ઉપદેશપ્રસાદ ભાગ ૫ )

### ( પરીક્ષક—શેઠ કુંવરજી આણંદજી )

૧. સમકિતની ચાર સદ્દહણાનાં નામ ને સ્વરૂપ લખો. ૫

૨. સમકિતના છ સ્થાનનાં નામ ને તેનું સ્વરૂપ લખો. ૮

૩. ચોથા વ્રતના પાંચ અતિસાર સમજી શકાય તેવી રીતે તેના સ્વામી કોણ તે સહીત લખો. ૬

૪. બાવીશ અભક્ષ્ય પૈકી ચલિત રસનું સ્વરૂપ લખો. ૫

૫. ચૌદ નિયમ શી રીતે ધારવા તે નામ સાથે લખો. ૬

૬. મધુબિંદુનું દૃષ્ટાંત સંસાર સાથે ઘટાવો. ૬

૭. પ્રતિક્રમણના પર્યાયનાં નામ ને સ્વરૂપ લખો. ૮
૮. કુમારપાળ રાજાનો પૂર્વભવ ને આગામી ભવનું વૃત્તાંત લખો. ૮
૯. તીર્થયાત્રા કરવામાં પાંચ કારણ શી રીતે લાગુ પડી શકે તે ઘટાવી આપો. ૫
૧૦. નવ નિયાણાના નામ ને તેનું સ્વરૂપ લખો. ૮
૧૧. અમૂઢ દૃષ્ટિ નામના દર્શનાચારનું સ્વરૂપ ટુંકા દૃષ્ટાંત સાથે લખો. ૭
૧૨. તૃપ્ત અને અતૃપ્તનું સ્વરૂપ સાંસારિક ને ધાર્મિક અપેક્ષાએ લખો. ૪
૧૪. અશુભધ્યાનના ૬૩ પ્રકાર પૈકી ૧૦ પ્રકાર લખો. ૮
૧૪. સોપક્રમી ને નિરૂપક્રમી આયુષ્યનું સ્વરૂપ લખો અને નિરૂપક્રમી આયુષ્યના સ્વામી જણાવો. ૮
૧૫. અશરણ ભાવનાનું સ્વરૂપ અને તે ઉપર દૃષ્ટાંત ટુંકામાં લખો. ૭

## ( ધો. ૫. ઈ. ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર. પર્વ ૧-૧૦. )

૧. અ. મહાકાવ્યનાં લક્ષણો લખો અને તે આ ચરિત્રમાં ઘટાવો.
બ. શ્રીહેમચંદ્રસૂરીએ આ ચરિત્રાત્મક ગ્રંથની રચના કરતાં જે જે વિષયો સંબંધી વિવેચન કર્યું હોય તે સંક્ષેપમાં લખો. (૧૫)

૨. અ. જૈનાચાર્યોમાં શ્રીહેમચંદ્રસૂરિના સ્થાન વિષે જે વિચાર કર્યો હોય તે દલીલ પૂર્વક સમજાવો,
બ. આ ગ્રંથમાં ધ્યાન ખેંચે એવી જે બાબતો તમને જણાતી હોય તેનું સંક્ષિપ્ત સ્વરૂપ લખો. (૨૦)

૩. અ. સાત કુલકરોનું વર્ણન લખો.
બ. ભરત ચક્રવર્તીએ કરેલી પ્રભુની સ્તુતિ તથા પ્રભુએ આપેલ દેશના એ બન્નેનું ટુંકમાં સ્વરૂપ લખો. (૧૦)

૪. અ. જમાલીનું ચરિત્ર અને તેમને નિન્હવ ગણવાનાં કારણો વિચારપૂર્વક લખો.
બ. દ્રુમપત્રીયાધ્યયનનું પ્રભુ મહાવીરે કયા પ્રસંગે વ્યાખ્યાન કર્યું તે સંક્ષેપમાં જણાવો. (૧૦)

૫. નીચેની હકીકતો સંક્ષેપમાં લખોઃ—
(અ) પુરૂષ સિંહની માતાપિતા પ્રત્યે ભક્તિ; (બ) મલ્લિ કુમરીનો છ રાજાઓ પ્રત્યે બોધ. (ક) સનત્કુમાર ચક્રીએ પોતાના પૂર્વભવમાં ભાવેલી ભાવના. (ડ) પ્રસન્નચંદ્રનું ચરિત્ર. (૧૫)

૬. નેમીનાથ, કૃષ્ણવાસુદેવ તથા બળભદ્રનાં ચરિત્રોની પરસ્પર તુલના કરો. (૧૦)
૭. શ્રીકુંથુનાથ તથા શ્રી અભિનંદન સ્વામિની દેશનાઓનું વિસ્તારથી સ્વરૂપ લખો.
૮. મહાબળકુમારના મંત્રીઓનો વિવાદ વિસ્તારથી લખો તથા તેમાં કયા કયા દર્શનોનો વિચાર કરવામાં આવ્યો છે તે જણાવો. (૧૦)

## ધો. ૫ જી. પ્રાકૃત

( પરીક્ષક રા. રા. પંડિત બહેચરદાસ જીવરાજ )

**ब.** **अ**કારાંત અને **आ**કારાંતના રૂપોમાં શું ફેર છે?
**ब.** વિધ્યર્થ અને આજ્ઞાર્થના ક્રિયાપદના રૂપોમાં શું ફેર છે?
**क.** **का** ( **कृ**-કરવું ) અને **हुव्** ( **भू**-થવું ) એ બંને ધાતુના ભૂતકાળનાં બધા પુરૂષનાં બધાં વચનો લખો.
**ड.** **हस्** ( ડંખવું ) ધાતુનાં ભવિષ્યકાળ અને ક્રિયાતીપતીનાં બધાં રૂપો લખો.
**इ.** **सोच्छं, इच्छं, भोच्छं, मेच्छं** અને **सोच्छीइ** એ રૂપોનાં ગુજરાતી અર્થ સાથે એ માટેનો અપવાદ રૂપ નીયમ જણાવો. १५

**ऋ**કારાંત નામો અને જેને છેડે **अन्** હોય છે એવાં નામોનાં રૂપો સંબંધી જે વિશેષતા જણાતી હોય તે લખો.
**अ.** કર્મણીપ્રયોગ, ભાવીપ્રયોગ, અને પ્રેરકભેદમાં મરજીમાં આવે એ ધાતુનાં કોઇ પણ કાળનાં બધાં રૂપો લખો.
**ब.** **अमु** ( **अदस्** ) **इदम्** અને **क** ( **किं** ) તેનાં બધાં રૂપો લખો. २०

ત્રીસમો પાઠ લખવાનો ગ્રંથ લખનારનો શો હેતુ છે? १०

નીચેના પેરાનું પ્રાકૃત ભાષામાં ટ્રાન્સલેશન કરો:—

પરમાર્થ.

આગમ જાણનારા ચૌદ પૂર્વધરો પણ પતિત થએલા સાંભળ્યા છે, તે આ મનના પ્રતાપથી છે. તેથી આગમ જાણનારનું મન વશ રહે, એમ સમજવામાં પણ ભૂલ છે. આગમો વાંચતી વેળાએ તેમાં મનને વશ કરવાનો સંબંધ વંચાતો હોય તો તેવે વખતે પણ આ ચપળ મન વાંચનારને અન્ય સ્થાનકે લેઇ જાય છે. આ મનને સર્પની ઉપમા આપી છે. સર્પ મૂળ તો વાંકો હોય છે અને તેમાં જો તેને છંછેડ્યો તો તે વિશેષ વાંકો થઇ ગતિ કરે છે. તેમજ આ મન વાંકું છે. તે સહજ કોઇ વસ્તુપર ટકે તો ટકે છે, પણ જો તેને હઠ કરી કોઇ વસ્તુપરથી ઉખેડી, ધ્યેય એવા શ્રી જીનેશ્વર ભગવાનમાં અથવા બીજા કોઇ વિષયમાં જોડવા માંડીએ તો તે ત્યાં જોડાતું નથી. પણ સર્પની પેઠે વિશેષ વક્રતા પકડી અન્ય વિષયોમાં જોડાય છે. આ ગાથામાં મનને વશમાં લાવવાનું કઠણપણું જણાવ્યું છે અને મન વશમાં આવતું નથી, એમ કહેવામાં આવે છે. २०

નીચેની ગાથાઓની સંસ્કૃત છાયા કરો અને તેનો વિસ્તારપૂર્વક અર્થ લખો:— १५

४. कीवी [illegible] कुणइ लोअं लज्जइपडिमाइ जल्लं ( मलं ) उवणेइ ।
सोवाहणो अ हिंडइ बंधइ कडिपट्टयमकज्जे ॥
जइ उज्जमि [illegible] नाणी तवसंयमे उज्जायविउ ।
तह चक्खुविसय[illegible]दंसण सामायारि न याणंति ॥

सीसायरियक्कमेण य जणेण गिहिआइं सिप्पसत्थाइं ।
नज्झंति बहु विहाइं नचक्खु मित्ताणुसरियाइं ॥
जो निच्चकाल तवसंजमुज्जुओ न विकरेइ सज्झायं ।
अलसंसुहसीलजणं न वितं ठावेइ साहुपा ॥

૫. કોઇપણ અજાણી ગાથા લખી તેનું વિવેચન કરો.

## ૨ स्त्रीविद्यार्थी परीक्षा.

અવિવાહિત કન્યા માટે.

### ધો. ૧–( ૫. રા. શંકરલાલ ડાહ્યાભાઇ ).

**( દેવ વંદન સુધીનાં સૂત્રો, નવઅંગ પુજાના દુહા. )**

(૧) નિસીહિઆ, વિદ્ધંસણુસ્સ, આવાલિ, મિઉગહં, બુહાણં, અપ્પડિહય, મોણેણં, સામાયિક એ શબ્દોના અર્થ લખો ૮
(૨) કાઉસગ્ગના આગાર લખો ૪
(૩) ત્રણ લોકમાં શાશ્વતી જીનપ્રતિમાની સંખ્યા લખો ૪
(૪) શક્રસ્તવ અને સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર શું સુચવે છે ૪
(૫) શ્રુતસ્તવ ( પુખ્ખરવરદી ) ની ત્રીજી ગાથા અર્થ સહીત લખો ૫
(૬) પ્રભુના હૃદયની પુજાનો દુહો અર્થ સાથે લખો ૫
(૭) ભુજાબળે, ધ્વનિ, રોષ, રત્નત્રયી, અવિચળ, એ શબ્દોના અર્થ લખો. ૪

**જીવ વિચારની ૨૫ ગાથા.**

(૮) નીચેના જીવો કયા પ્રકારના છે તે લખો
અચ્યુત, ગળો, રાસિંહા, ઉત્તિંગ, ઉંદર, જળો, તીડ, કિન્નર, હરિતાણુ. ભુનાગ. ૧૦
(૯) વિગલેંદ્રિય જીવોને કેટલી અને કઇ કઇ ઇંદ્રિય હોય ?
અને તેવા જીવોના થોડાં નામ આપો. ૫
(૧૦) પ્રત્યેક વનસ્પતિકાય, અને સાધારણ વનસ્પતિકાયના લક્ષણમાં શું તફાવત તે જણાવો? ૮
(૧૧) ચઉપય ઉર પરિસપ્પા, ભુય પરિસપ્પાય થલયરા તિવિહા.
ગો સપ્પ નઉલપમુહા, બોધવ્વા તે સમાસેણં-એ ગાથાનો અર્થ લખો ૮

**( પુત્રી શિક્ષા. )**

(૧૨) નીચેના દુહાનો અર્થ લખો ?
વિદ્યારૂપી ધન તણું, અતિ આશ્ચર્ય જણાય;
ખરચ્યા વિના ખૂટી પડે, વધે જેમ વપરાય. ૯
(૧૩) જે સ્ત્રીઓ પરપુરૂષ સાથે મશ્કરીની વાતો કરે છે તેને શું નુકશાન થાય છે તે દ્રષ્ટાંત આપી સમજાવો. ૮
(૧૪) બાલ્યાવસ્થાના ધર્મનું સામાન્ય રીતે વર્ણન કરો. ૧૦

(૧૫) ડાહીગવરી, પોતાની સાસુ, સસરા અને પતિ સાથે શી રીતે વર્તતી હતી ? તે ટુંકમાં લખો, અને તે ઉપરથી આપણે શો બોધ લેવાનો તે જણાવો ? ૮

## ધો. ૨–( પ. વકીલ મોહનલાલ દલીચંદ દેશાઇ. B. A. LL. B. )

### અવિવાહીત કન્યા.

૧. જીવ અને અજીવમાં ભેદ શું છે ? નીચેના જીવ કે અજીવ છે તે કારણ આપી જણાવો. ચેળ, કાગળ, બટાટા, કંથવા, સીસાપેન, અને પોરા. ૧૫

૨. નીચેના સવાલોના જવાબ આપો.
(૧) પૃથ્વીકાય કેમ અજીવ નહિ ?
(૨) જીવના ભેદ કયા કયા ?
(૩) આસ્રવ અને બંધમાં શું ભેદ ?
(૪) નિર્જરા કઇ રીતે થાય ? ૨૦

૩. તત્ત્વ, સમકિત, સિદ્ધજીવ, પ્રાણ, નિગોદ અને અનંતકાય એટલે શું ? ૧૨

૪. નીચેના સંબંધમાં જે જાણતા હો તે તેમાં લેવાના બોધ સહિત ટુંકમાં લખો. કોશા ગણિકા, ચંડકૌશિક તાપસ, અને કુરગડુ મુનિ. ૧૫

૫. સમકિતના પાંચ લક્ષણનાં નામ અને તે દરેકના અર્થ લખો. ૮

૬. કારક સમ્યકત્વ અને દીપક સમ્યકત્વ, ઔપશમિક સમ્યકત્વ અને ક્ષાયોપશમિક સમ્યકત્વ, અને સિદ્ધ પ્રભાવક, અને સિદ્ધ આત્મામાં ફરક શું ? ૧૦

૭. નીચેના મરણ પામી ક્યાં ગયા ?
શ્રી મહાવીર સ્વામી, ઉદાયી રાજા, અર્જુનમાળી, જમાલી, શ્રેણિકરાજા. ૫

૮. હિતશિક્ષા બત્રીશીમાંથી કોઇ પણ છ કડી લઇ તેના અર્થ સમજાવો. ૧૫

## ધો. ૧–(પરીક્ષક રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ. એલ. બી. )

### કન્યાઓ તથા સ્રીઓ માટે

**વિષય**—( બે પ્રતિક્રમણ અર્થ સાથે, જીવવિચાર પ્રકરણનો સાર, ક્રોધ, માન, માયા અને લોભની સઝાયો તથા બે ગહુંલી. )

૧. નીચેનાં પદોના અર્થ લખો. તથા તે કયા કયા સૂત્રોમાં આવે છે તે બતાવો.
(૧) ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા.
(૨) પંચમહવ્વય ધારા, અઢારસ સહસ્સ સીલંગ ધારા.
(૩) અપાર સંસાર સમુદ્ર પારં, પત્તા સિવં દિંતુ સુઇક્ક સારં.
(૪) ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે.
(૫) સર્વ દુરિતૌઘનાશન કરાય સર્વાશિવપ્રશમનાય.
(૬) જીવાહિંસા વિરલલહરી સંગમા ગાહદેહં.
(૭) જેસું નામગહણે પાવપબંધા વિલયંજંતિ.
(૮) સમ્મદિટ્ઠિ સમાહિ ગરાણું.

(૯) ઇચ્ચાઇ મહા સઇઓ જયતિ અકલંક સીલકલિઆએ.

(૧૦) દુજ્જય મયણ બાણ મુસુમૂરણ. ૨૫

૨. પ્રતિક્રમણ કરતી વખતે પુરૂષો જે જે સૂત્રો બોલે છે તેને બદલે બીજા જુદા કયા કયા સૂત્રો સ્ત્રીઓને બોલવા પડે છે તે બતાવો. ૫

૩. 'લઘુશાંતિ અને 'સંસાર દાવાની ' પ્હેલી ગાથા તથા 'શક્રસ્તવ' અને 'ઉવસગ્ગહર' ની છેલ્લી ગાથા અર્થ સાથે લખો. ૨૦

૪. નીચેના જીવોને કેટલી અને કઇ કઇ ઇંદ્રિયો હોય છે તે બતાવો તથા તેમના ઉત્કૃષ્ટ અને જઘન્ય શરીર પ્રમાણ, આયુષ્ય અને કાય સ્થિતિ બતાવો.

(૧) માખી, (૨) જળો, (૩) કીડી, (૪) ગાય, (૫) સ્ત્રી. ૧૫

૫. નીચેનાં પદોનો અર્થ વિસ્તારથી સમજાવો.

(૧) નારય દેવાયનો ચેવ, (૨) વિગલેસુ ઇસત્ત અટ્ઠેવ, (૩) સાઇ અણંતા તેસીં. ૧૨

૬. શ્રી ઉદય રત્નજીએ (અ) ક્રોધને શેની સાથે સરખાવેલ છે ? (બ) માન તેમજ લોભથી કોને કોને નુકસાન થયાના દાખલા આપેલ છે ? (ક) મુક્તિ પુરી જવાનો કયો શુદ્ધ માર્ગ બતાવેલ છે ? તે સમજાવો. ૧૨

૭. 'શીયલ સલુણી ચુંદડી' અને 'બ્હેની સંચરતા રે સંસારમાં' એ બંને ગહુંલીની ત્રીજી ગાથા અર્થ સાથે લખો. ૧૧

---

## ધો. ૨–( રા. ચંદુલાલ ગોકળદાસ ઝવેરી )

૧. (અ) "ઉવસગ્ગહરં" સ્તવન,

(બ) વંદીતા સુત્રની ૩૮ ને ૩૯ મી ગાથાઓ.

(ક) "શુઅવંદિઅયસ્સા" થી શરૂ થતી અજીત સ્તવનની ૩૦, ૩૧ મી ગાથાઓ.

(ડ) "હદૂર્ત્તિનિ" થી શરૂ થતી કલ્યાણ મંદિર સ્તોત્રની ૮ મી ગાથા તથા તેમના સમજણ સાથે અર્થ લખો. ૩૦

૨. નીચેના શબ્દોનો ભાવાર્થ લખો.

ભીમ–ખરપવણ–ઉલ્લુરિય,–મુખ્ખ સુહેણ, કૌશિકશિશુ–અવાડ્મુખ–પાર્થિવ નિપસ્ય–વસતિ–ઓલિયા–બહુસો. ૧૦

૩. નીચેના શબ્દોમાં શું ફેર છે તે સમજાવો. ઉપભોગ–પરિભોગ; ચર્મ–ચરિમ; અતિચાર–વ્યતિચાર; ઇચ્છં–ઇચ્છામિ; વદિઉં–વંદિત્તું; આમોદ–પ્રમોદ. ૧૨

૪. "ફક્ત મુખ પાઠ કરી ઘણું ( અર્થ અને હેતુ વિનાનું ) જ્ઞાન સંપાદન કરવું" એ કેમ પસંદ કરવા જોગ નથી તે થોડા કારણ અને દાખલા લઇ સમજાવો. ૧૨

૫. "પંચાચારને લગતાં દુષણો" ટુંકમાં લખો. ૧૦

૬. શ્રુત દેવતા અને ક્ષેત્ર દેવતાની સ્તુતિઓ લખો અને તેના હેતુઓ સમજાવો. ૧૦

૭. નિયમ ધારનારને લેવાના પચ્ચખાણની ગાથા લખો.

અથવા

વાંદણાથી ઉપજતા છ ગુણનું વર્ણન કરો. ૧૦

નોટ—દશ માર્ક સ્વચ્છતાના રાખ્યા છે.

## ધો. ૩–( પરીક્ષક શેઠ કુંવરજી આણંદજી. )

### નવતત્ત્વ.

માર્ક.

૧. પુણ્યતત્ત્વ ને પાપતત્ત્વ બંનેમાં ગણેલા ભેદ કયા છે ? ૪

૨. અજીવ તત્ત્વમાં આપેલી **परिणामी जीवमुत्तं** એ ગાથાનો સમજી શકાય તેવો અર્થ લખો. ૯

૩. ચાર પ્રકારના બંધ દૃષ્ટાંત સાથે સમજાવો. ૪

૪. મોક્ષ તત્ત્વમાં આપેલી **संतं सुद्धपयत्तं** એ ગાથાનો અર્થ લખો. ૮

### ત્રણ ભાષ્ય.

૫. ત્રણ પ્રકારની અવસ્થાના નામ અને તે ક્યારે ક્યારે ભાવવી તે વિસ્તારથી લખો. ૫

૬. ત્રણ પ્રકારના ગુરૂવંદનમાં હાલ કાયમ કરીએ છીએ. તે વંદન સમાવેશ શેમાં થાય છે ? ૩

૭. કડાહ વિગયના નીવીયાતાં નામ સાથે સમજાવો. ૬

૮. એકાસણા કરતાં આંબેલમાં કયા કયા આચાર વધારે છે તે અર્થ સાથે લખો. ૬

### ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો.

૯. ચાર પ્રકારની સદ્દહણાના નામ ને સમજુતી લખો. ૬

૧૦. સમકિતના છ સ્થાનના નામ ને સમજુતી લખો. ૯

૧૧. ધર્મરાગ એ શેનો ભેદ છે ? તેનાપર કોનું દૃષ્ટાંત છે ? તે દષ્ટાંત ટુંકામાં લખો. ૧૦

૧૨. સમકિતના ચોથા ભૂષણનું નામ અને તેને અંગે સમજી શકાય તેવું વિવરણ લખો. તેનાપર કથા કોની છે ? ૧૦

### સ્તવનો ૬ માંથી.

૧૩. જબલગે સમકિત રતનકું–એ સ્તવનની ત્રીજી ગાથાનો અર્થ લખો. ૬

૧૪. દોડતાં દોડતાં પંથ કપાય તો–તેની બીજી ગાથાનો અર્થ લખો. ૬

૧૫ તાર હો તાર પ્રભુ મુજ સેવકભણી–તેની ચોથી ગાથાનો અર્થ લખો. ૮

**૭ સ્તવનને બદલે જેણે સમકિતના ૬૭ બોલની સઝાય કરી હોય તેને**

૧. ત્રણ શુદ્ધિવાળી ઢાળનો અર્થ લખો. ૧૦

૫. પાંચ લક્ષણના નામ ને તેના ટુંકી વ્યાખ્યા સાથે અર્થ લખો. ૧૦

---

## ધો. ૪–( પરીક્ષક રા. મનસુખલાલ વિ૦ કિરત્ચંદ મહેતા–મોરબી.)

(૧) નિચેની ગાથાઓનો અર્થ સમજાવો તથા તેની પુષ્ટિમાં જેનાં જાણતાં હો તેનાં બે ત્રણ ચરિત્રો લખોઃ—

(અ) મયણ પવણેણ જઇ તારિસાવિ સુરસેલ નિચ્ચલા ચલિયા,
તા પક્કપત્ત સરિસાણ
ઇયર સત્તાણ કા વત્તા ? ( શિ. ઉ. આ. પાનું ૭૭

(બ) નો કામિણું સચ્ચં પસિદ્ધમેયં જણસ્સ સયલસ્સ ।
તિથ્થર સામિપમુહાદત્તં વિ હુ તચ્છ ખલુ હુજ્જા ।।
(શિ. ઉ. મા. પાનુ ૫૫)

અથવા

અંજના, દ્રૌપદી, સુંદરી અને કલાવતીનાં ચરિત્રો લખો. ૧૬

(૨) શિલોપદેશમાલામાં પુરૂષને શિલનો ઉપદેશ કરતાં સ્ત્રી જાતિને નિભૂંછી તેના અવગુણ ગાયા છે, તો કર્ત્તાપુરૂષને શું સ્ત્રી જાતિ પ્રતિ દ્વેષભાવ છે કે કાંઇ હેતુ વિશેષે એમ કર્યું છે? ૪

(૩) જઇ તં કાહિસિ ભાવં જાજા દચ્છસિ નારિઓ ।
વાયાઇ દુવ હસો અથ્થિ અપ્પા ભવિસ્સસિ ।। (શિ. ઉ. મા. પાનુ ૪૦૪) ૨
આનો અર્થ સમજાવો.

(૪) (અ) માંદાની માવજત પર એક ટુંક નિબંધ લખો. ૯

(બ) બાળકોનાં અકસ્માત્ જખમ, આમણ, આંખો આવવી અને શરીરે ન વધવું એ માટે શું ઇલાજ કરશો? ૬

(૫) બચ્ચાંઓ ઉપર પ્યાર સાથે રોફ રાખવો, તેમને કયારે મારવું? તેમાંથી કોઇનો પક્ષ ન કરવો અને નિશાળે મુકયા સિવાય ઘરમાં માબાપ પણ પુષ્કળ જ્ઞાન આપી શકે એ પર વિવેચન કરો. ૧૦

## (૨) ગુણસ્થાન અને આગમસાર.

(૬) નિચેની બાબતોનાં વ્યાખ્યા, પ્રકાર અને વિવેચન આપો.
(અ) વિરતિ (બ) ભાવના (ક) તપ (ડ) સમ્યકત્વ (ફ) ધ્યાન. ૨૫

(૭) "સમ્મદિઠ્ઠી વિહુણા કયા વિ મુકખં ન પાવંતિ." આ બરાબર છે? સમજાવો. ૩

(૮) પર્યાય એટલે શું? એના બે પ્રકારે છ છ ભેદ કહ્યા છે તે કયા કયા? ૬

(૯) છ દ્રવ્યના સામાન્ય અને વિશેષ ગુણ કયા કયા? વિવેચન સાથે જણાવો. ૧૦

(૧૦) આ આગમસારાદિ બધું વાંચવું, ભણવું, વિચારવું, પરીક્ષા આપવી, પાસ થવું એ બધું શા માટે? તેનો અંતિમ હેતુ શું? તમારા ધ્યાનમાં છે? ૪

(૧૧) નિચેની બાબતમાં શું પરમાર્થ તમને લાગે છે? સમજાવો.

(૧) "કેટલાક જીવો આજ્ઞા પાળી શકતા નથી, પણ મનમાં ધર્મ સાચો છે એમ જાણે છે, એ પણ પરંપરાએ મુક્તિ પામવાનું કારણ છે." ૫
પ્ર. ર. ચિં. પાનું ૮૦

(૨) "તે પ્રભુનો પ્રભાવ એવો છે, કે ચારે દિશાએ લોક પ્રભુને જુએ છે. પ્રભુની પુંઠે તેમના તેજરૂપ ભામંડળ શોભે." પ્ર. ર. ચિં. પા. ૧૧૬

## ધો. ૫ અ–( પરીક્ષક પંડિત બહેચરદાસ જીવરાજ )

૧. તત્વાર્થ સૂત્રના દરેક અધ્યાયમાંથી કોઇ પણ એકેક સૂત્રની વિસ્તાર સહીત વ્યાખ્યા લખો. ૨૦

૨. નીચેના શ્લોકનો અર્થ લખોઃ—

व्योम्नीन्दुं चिक्रमिषेन्मेरुगिरिं पाणिनाचिकम्पयिषेत् ।
गत्यानिलं जिगीषेच्चरम समुद्रं पिपासेच्च ॥
खद्योतक प्रभाभिः सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।
योऽति महाग्रन्थार्थं जिनवचनं संजिघृक्षेत ॥
एकमपि तु जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥
तस्मात्तत्प्रामाण्यात् समासतो व्यासतश्च जिनवचनम् ।
श्रेय इति निर्विचारं ग्राह्यं धार्यं च वाच्यं च ॥
न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ॥
श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।
आत्मानं च परं च हि हितोपदेष्टानुगृह्णाति ॥
नर्तेच मोक्षमार्गाद्धितोपदेशोऽस्तिजगति कृत्स्नेऽस्मिन् ।
तस्मात्परमिममेवाति मोक्षमार्गं प्रवक्ष्यामि ॥

નીચેના સૂત્રનો અર્થ લખોઃ—

श्रुतंमति पूर्वं द्व्यनेक द्वादश भेदम् [ ब ] कृमिपिपीलिका भ्रमर मनुष्यादी नामे कैक वृद्धानि [ क ] सर्वस्य [ ड ] आर्याम्लिशश्च [ इ ] ततश्चनिर्जरा [ फ ] पूर्वप्रयोगादसङ्ग त्वाद्बन्धच्छेदा त्तथागति परिणामाश्च तद्गतिः [ जी ] चतुर्भागशेषणाम्. १६

૪. અનંત નાથ ભગવાનના સ્તવનમાંથી ત્રીજી ગાથા, પાંચમી ગાથા અને પહેલી ગાથાનો વિગતવાર અર્થ લખો. ૧૫

૫. શાંતિનાથના સ્તવનમાંથી પહેલી અને છેલ્લી બન્ને ગાથા મુકી બાકીની ગાથાનો અર્થ લખો. ૧૦

૬. તત્વાર્થ અને આનંદઘન ચોવીસીનો અભ્યાસ કરવાથી તમો શું સમજ્યાં એ માટે સારો નિબંધ લખો. ૨૫

૧૦૦

## ધો. ૫. ૬–( ૫. રા. ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી. )

### પ્રશ્નપત્ર.

૧. નીચેનાં અવતરણોનું સ્પષ્ટીકરણ કરો.
अ " શ્રાવકને સવા વિશ્વા (વસા) ની દયા હોય."
ब " પ્રમાદવડેજ હિંસા લાગે છે."
क " ભાવીભાવ અન્યથા થતો નથી." ૧૦

૨. નીચેના શબ્દોનો ભાવાર્થ લખો.
ભાવદીપ, ઉત્સર્ગ, કલ્યાણક, કેવલજ્ઞાન, સમવસરણ, નિયાણું, પ્રતિક્રમણ, ચારિત્રાચાર ૧૦

૩. વસુરાજા, ઉદાયી, અંબિકા, કૂર્માપુત્ર અને કપિલના ચરિત્રમાંથી જે સાર-ઉપદેશ નીકળતો હોય તે સમજાવો. ૧૦

૪. તપસ્યાનું સ્વરૂપ ટુંકામાં લખો. ૧૦

૫. લેશ્યા વિષે જાણતા હો તો સમજાવો. ૧૦

૬. નિશ્ચય અને વ્યવહારથી બાર વ્રતનું સ્વરૂપ લખો. ૧૦

૭. સામાયિક એટલે શું ? સામાયિક અને પ્રતિક્રમણનો સંબંધ બતાવો. ૧૦

૮. રાત્રિભોજન અને વિકથા પ્રમાદનો ત્યાગ કરવાથી જે લાભો થતા હોય તે સકારણ લખો. ૧૦

૯. દિપોત્સવી સંબંધી જે જાણવામાં હોય તે લખો. ૧૦

૧૦. ઉપદેશ પ્રાસાદ એટલે શું ? તેની રચના કરનારનું જીવનવૃત્તાંત જેટલું જાણતા હો તેટલું લખો. ૧૦

## " બંધુઓ ! અમારે માટે શું કરશો ?"

લેખિકા–ગં. સ્વ. મગનબહેન માણેકચંદ.

જે એક માતાના પેટથી ઉત્પન્ન થયેલાં હોય, યા ઓરમાન માના બે ભાઇ હોય તેને જગતમાં ભાઇ બ્હેન કહે છે, અથવા તો કાકા મામાના છોકરાઓને પણ બંધુજ કહેવામાં આવે છે. તેથી પણ આગળ ચાલતાં જેની સાથે પરિચય હોય તેને પણ બંધુ ભાવથી ગણવામાં આવે છે. વળી પુરૂષોએ પોતાથી ન્હાની સ્ત્રીઓને ભગિની તુલ્ય ગણવી એજ પ્રમાણે સ્ત્રીઓ-સન્નારીઓએ પણ પોતાના પતિ સિવાય સર્વને, ન્હાના ને ભ્રાતૃસમાન તેમજ મોટાને પિતૃતુલ્ય ગણવા આ પ્રમાણે પરસ્પર ફરજ છે અને આ ફરજ આપ સર્વે બંધુઓનું ધ્યાન ખેંચી તમારી બહેનો પ્રત્યેની તેને અંગે તે ઉપરજ ભાઇ બ્હેનના સ્નેહ સાથે સંબંધ ધરાવતી ફરજો સંબંધી બે બોલ કહેવા પ્રેરાઉં છું.

આ લેખિકાનો ઉદ્દેશ એ છે કે જે જે બ્હેનો આજે સ્ત્રી સમાજના હિતાર્થે કાર્ય કરી રહી છે, તેમની આખી જૈનકોમ બલ્કે હિંદુ, પારસી, મુસલમાન અથવા કોઇ પણ સમાજની સાથે બંધુ-પ્રેમની ઉર્મિઓ વધારે ને વધારે વેગમાં વધે, તેમની ઉમેદ અને સત્પ્રવૃત્તિમાં અન્ય સવિકાઓ જોડાય અને તેમની સહાયતાથી પોતાની જાતિની ઉન્નતિ થાય.

આ લેખમાં તો હું જૈન સમાજને વિશેષતાથી સંબોધીને લખીશ. મારા જૈન બંધુઓ! તમે આજે કેટલાયે વર્ષથી ઠેર ઠેર સદાવ્રતો, ધર્મશાળાઓ, મુસાફરખાનાંઓ, દવાખાનાંઓ, વિદ્યાર્થીગૃહો વગેરે ઘણી ઘણી રીતે પૈસો ખરચી તમારી સમાજને સુખી બનાવી રહ્યા છો, તે એક અપેક્ષાથી માનનીય છે. આનો ઉપયોગ સ્ત્રીઓ અજ્ઞાનમાં રહેલી હોવાથી પુરૂષોજ પ્રાધાન્યપણે લે છે. હવે હું એક સવાલ આપને કરીશ કે સંસાર જીવન સુખી કરવામાં સ્ત્રીઓનો હિસ્સો નથી ? અવસ્ય છે જ એમ તમારે કબુલ કરવું પડશે, તો તે બહેનો માટે તમોએ શું કર્યું છે ? જે કંઇ તમે કર્યું હોય તેમાં સ્ત્રીઓને અજ્ઞાન અવસ્થામાં રાખેલી હોવાથી તેઓ ભાગ લઇ શકતી નથી અથવા તમે જો લઇ શકો તો ઘણુંજ ઓછા પ્રમાણમાં, તેમ છતાં સ્વતંત્ર રૂપે તેઓને માટે કંઇ પણ કરવા ખામી હો એવું મ્હારી નજરે કંઇ પણ કામ આદર્શરૂપ દેખાતું નથી. બંધુઓ ! તમે તમારો સ્વાર્થ સાધવામાં ચુકયા નથી, ચુકશો નહિ અને ચુકતા નથી. અને તેમ કરવામાં અમોને કંઇ અદેખાઇ નથી. વિસારી મૂકવી એતો હવે ચાલે તેમ નથી. શું એક આંખે જોશો ? તેમ થશે તો બીજા અંગને પક્ષાઘાત લાગશે, પણ બે આંખથી સમાનવૃત્તિથી ચાલશો તો સમાજની ઉન્નતિ સહેજમાં થઇ જશે.

જ્યાં ત્યાં સ્ત્રીઓને તેમની અજ્ઞાનતાને માટે વખોડો છો, તેમને ધુતકારો છો, તેમની કદર તમારા હૃદયમાં વસતી નથી, તેમને દેશ પરદેશમાં પોતાની ઇચ્છા પ્રમાણે જઇ પોતાનું કલ્યાણ કરવાનો હક નથી એવું માનીને તે પ્રમાણે આચરો છો. આ સઘળું તેમની શક્તિને હાસ્ય કરવા જેવું નહિ તો બીજું શું છે ? જો તમારે સાંસારિક અને ધાર્મિક કાર્યો ઉત્તમ પ્રકારે કરવાં હોય, યા ચલાવવા હોય, દેશની ને સ્વજાતિની ઉન્નતિ કરવી હોય, પોતાનું ગૃહ સ્વર્ગ તુલ્ય બનાવવું હોય, બી. એ., એમ. એ. વિગેરે પદવીધારી બંધુઓના કાર્યમાં સલાહકારીણીઓ બનાવવી હોય તો મ્હારાં નીચેનાં વાકયોને ધ્યાનમાં લઇ અમારે માટે કંઇક કરશો, તો અમારી અને તમારી જાતિનું જીવન સફલ થયેલું ગણાશે.

ભાઇઓ ! હવે અમોને અમારા પગે ઉભા રહેવાનું જોર આવવા માંડયું છે. તમારી બ્હેનોની જે મૂર્ખ અવસ્થા છે. તે દુર કરવાને ઠેકાણે ઠેકાણે આશ્રમોની સ્થાપના કરો, જે જે આશ્રમો ચાલે છે તેમને સલાહ અને તનમન ધનથી સહાય આપી ચિરસ્થાયી બનાવો. સ્ત્રીઓને યોગ્ય કેળવણી આપવામાં મદદ કરો, તે સંબંધી પુસ્તકોનો સંગ્રહ કરાવો તથા લખાવો, સ્ત્રીયોપયોગી પુસ્તકાલયો ઉઘાડી સ્ત્રી કેળવણીનો પ્રચાર થાય તે માટે સઘળી સ્ત્રીઓને મફત ઘેર બેઠાં વાંચવા માટે પુસ્તકો મળે એવી યોજનાઓ ઠામ ઠામ કરો, તેઓ વિદ્યાકળા, વૈદક, ભરત કામ, શીવણ કામ, માંદાની માવજત કરવાનું, તેમજ પાકશાસ્ત્ર; બાળક ઉછેર અને સ્ત્રી ચિકીત્સા વિગેરેને લગતું નાના પ્રકારનું જ્ઞાન મેળવી આપો તો આશા રહે છે કે તેમનામાં જ્ઞાનરૂપી દીવો પ્રકાશી નીકળતાં સમાજનો ઓપ કંઇ જુદીજ જાતનો મોહક બનશે.

પત્નિશાળાઓ ઉઘાડવા, અને અનાથ બાલિકાશ્રમને ઉત્તેજન આપવા ઉપરાંત ખાસ કરી વિધવા સ્ત્રીઓને પોતાનું વૈધવ્યજીવન જાતિ અને દેશ સેવામાં ગાળતાં શીખવવા માટે એક મઠ યા મંદિરની સ્થાપના કરવાની મ્હોટી જરૂર છે. આવા મંદિરમાં ત્હેમને પોતાની સ્થિતિને યોગ્ય કેળવણી આપવા સાથે આપણી સમાજમાં યોગિનીઓ-સાધ્વીઓ, સુશીલ પંડિતાઓ તથા સ્ત્રી ઉપદેશકો અને દવાખાનાઓમાં ખાસ રીતે જરૂરની સુયાણીઓ તથા નર્સો એટલે માવજત કરનારી સ્ત્રીઓ ઉપજાવી તેમના અભાવે સમાજની અવનતિ થતી દૂર કરવામાં આવશે. કુલીન, પરંતુ ગરીબ પત્નિઓ અને વિધવાઓને દ્રવ્ય, અન્ન વિગેરેની સહાય આપવા માટે પણ ઘણી જરૂર છે. ટુંકામાં જે જે યોજનાઓ આપણા ગૃહસંસારને તથા આત્મ કલ્યાણને સુધારી શકે તે સર્વે યોજવી અને અમલમાં મૂકવી એવી બંધુઓને મારી અરજ છે.

દુનિઆમાં દરેક જગ્યાએ જોશો તો આપ સર્વેને માલૂમ પડશે કે એક એકની સહાયતાથી કાર્યો થયાં જાય છે અને દરેક જણની ફરજ છે કે પોતાથી બને તેટલી એક બીજાના કાર્યમાં સહાયતા કરવી. હવે ઉપરની બે ત્રણ બાબતો એવી પણ છે કે જેને ફળદ્રુપ કરવામાં અથવા તો તેનાં બીજો (Seeds) રોપવામાં તમારી ભગિનીઓ પણ તે કાર્યમાં મદદ આપવા જોઇશે; અને તેમ કરવામાં મારા જેવી અનેક તૈયાર છે અને થશે, માટે હે મ્હારા જૈન બાંધવો ! વીરપુત્રો ! જાગો અને વિધવાશ્રમો અને કન્યાશાળાઓ ઉઘાડો અને તમારી બ્હેનોને દરેક રીતે વધારે જ્ઞાન અને સુગમતા મળે તે માટે તેજ આ-શ્રમો અથવા શાળાઓના વહિવટદાર તરીકે અનુભવી જ્ઞાનવૃદ્ધ સ્ત્રી શિક્ષકો મૂકો. જો આ પ્રમાણે થશે તોજ સ્ત્રી કેળવણી રૂપી વૃક્ષ મોટું થશે અને ભવિષ્યમાં સારાં ફળો આવશે. આજકાલ સ્ત્રી કેળવણી ખાતાની અનેક ફરિયાદો સાંભળીએ છીએ તો અવશ્યે કરી તેવાં ખાતાઓમાં સ્ત્રી શિક્ષકો રાખી સર્વ કારભાર તેઓના હાથમાં સોંપશો.

હિંદમાં પૈસાદાર કુટુંબોમાં સ્ત્રીઓ પોતાનો વખત લગભગ નકામો જ ગાળે છે અને તેથી તેમનું શરીર બળહીન અને જીવન ઉત્સાહહીન થઇ જાય છે. જ્યારે વિલાયતમાં પાદ-રીઓને પોતપોતાના શહેરના વિભાગોમાં મદદ કરવાનું કામ સ્ત્રીઓ નવરાશની વખતે કરે છે, તેઓ ઘેર ઘેર જાય છે, માંદાની માવજત કરે છે, અપંગ નિર્બળ વૃદ્ધ મનુષ્યોની પાસે બેસી વાતો કરી ધર્મ પુસ્તકો વાંચી સંભળાવી તેમની જીંદગીને સંતોષમય બનાવે છે. શોકનો વિષય છે કે આપણે અહિં તવંગર અને ગરીબ, ભણેલાં અને અભણ એ મનુષ્યોની વચ્ચે કાંઇ સંબંધ જ નથી ! એમ શા માટે હોવું જોઇએ ? મ્હારી યોજના એવી છે કે જે સ્ત્રીઓ નિશાળે ના જઇ શકે, તેમને ત્યાં જઇને એટલા વિભાગમાંની થોડીક સ્ત્રીઓને એકઠી કરીને ત્હેમને શિક્ષણ, જ્ઞાન, સુબોધ ભણેલી સ્ત્રીઓએ આપવાં એ કરતાં તેમને બીજું કયું વધારે સારૂં કામ મળવાનું ? ઘણી કુલીન પણ નિર્ધન વિધવાઓ અને સ્ત્રી-ઓને આવી રીતે ભરતાં ગુંથતાં અને શીવતાં શીખવાય તથા બીજાં આજીવિકાના સાધન પ્રાપ્ત કરાવાય તો તે મદદ પણ કરી શકશે. અને આમ થાય તો શ્રાવિકાશ્રમોએ એક મહાન કાર્ય આરંભ્યું એમ નિઃસંશય માની શકાશે.

બંધુઓ ! જેટલે દરજ્જે દક્ષિણી કે ઉત્તર હિંદુસ્થાની, ગરીબ તેમજ જનાનામાં રહે-નાર હોવાં છતાં બીજી બ્હેનો માટે ઘણું કરી રહ્યાં છે તેમજ તમે પણ પુરૂષ શિક્ષાની

ઉન્નતિ માટે ઘણાંએ સાધનો મેળવી રહ્યાં છે. બોર્ડીંગો, પાઠશાળાઓ, બ્રહ્મચર્યાશ્રમો વગેરે હવે જોતજોતામાં ઉઘડી શકે છે, તો હવે કોઇ વીર બંધુ ! પોતાની બ્હેનોની ઉન્નતિ માટે જીવન આપી આ પર્યુષણ પર્વ સફળ કરશે તો એક આદર્શ કાર્ય કર્યા જેવું થશે.

આજે પર્યુષણ પર્વ દરવર્ષે કરતાં કરતાં, વખાણો ઉપદેશો સાંભળતાં સાંભળતાં, અમારા કાનો બ્હેરા થઇ ગયા, કેટલાંક ભીડથી કંટાળી ઘેર બેઠાં, કેટલાંકોને કલ્પસૂત્ર સાંભળી ધર્મશ્રદ્ધામાં કલ્પનાઓ ઉઠવા લાગી, ને તેનું મહત્વ ઘટાડયું. આ પ્રમાણે હવે લોકોની પ્રવૃત્તિ બદલાવા લાગી છે; તો આપણને હવે દેશ કાળને અનુસરતાં સાધનો મેળવવાની જરૂર છે, અને તેજ લોકોને ગમે છે. વળી તેની યોજનામાં મન રમે છે. આવા અવસરમાં અમારા સાધુ મહારાજો જેમ બોર્ડીંગો ઉઘાડવાના પ્રયાસો કરે છે, તેમજ આશ્રમો કન્યાશાળાઓ, બાલિકાશ્રમો, પત્નિશાળાઓ ખોલવા તેમજ શિક્ષિકાઓ ઉપદેશીકાઓ તૈયાર કરવા પ્રયાસો કરે તો બન્નેની ઉન્નતિ સાથે થશે અને સંસાર સુખરૂપ નિવડશે. અંતિમ એવી જ આશા છે કે મ્હારા વિચારો પર કંઇ વિચાર કરશો અને બ્હેનો માટે થોડો સમય અર્પણ કરશો.

નોટ—આ લેખ પર્યુષણ સમયે તેના અંક માટે પ્રાપ્ત થયો હતો. લેખિકા મુંબઇ તારદેવપર આવેલા શ્રાવિકાશ્રમના સ્થાપક અને વ્યવસ્થાપક છે. તંત્રી.

---

# श्रीमान् शेठ खेतशी खीअशी जे. पी. ना जीवननी रुपरेखा.

સંવત્ ૧૯૧૧ માં શ્રી કચ્છ સુથરીમાં શેઠ ખેતશીભાઇનો જન્મ શાહ ખીઅશી કરમણને ત્યાં થયો. એમની માતાનું નામ ગંગાબાઇ હતું. તેમણે નવ પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો. તેમાં ખેતશીભાઇને આઠમા તરીકે કહી શકાય. હાલ ખેતશીભાઇના વડીલ બન્ધુ ડોસાભાઇ કચ્છમાં રહે છે અને લઘુ બન્ધુ હેમરાજભાઇ મુંબઇમાં રહે છે. એ સિવાયના સર્વ આ નાશવંત જગત્નો ત્યાગ કરી ગયા છે, છતાં લધાભાઇ અને શીજપારભાઇ પોતાની પાછળ સંતતિ મુકતા ગયા છે. ખેતશીભાઇનું પ્રથમ લગ્ન સંવત્ ૧૯૩૨ માં થયું અને બીજું લગ્ન સંવત્ ૧૯૩૭ માં થયું. પ્રથમનાં પત્નીનું નામ વેજબાઇ હતું અને બીજાં પત્ની વીરબાઇ નામે હાલ વિદ્યમાન છે. તેઓ ઘણાંજ ધર્મીષ્ઠ અને પુણ્યવાન છે. આ દંપતીનો ગૃહવાસ ઘણો સુખરૂપ અને શાંતિમય નિવડયો છે.

સંવત્ ૧૯૪૪ માં ખેતશી શેઠને ત્યાં એક પુત્રરત્નનો જન્મ થયો. તેનું હીરજી નામ પાડયું અને હીરજીમાં હીર દેખાયું એટલે શીજપાર ખેતશીની કું. ને બદલે હીરજી ખેતશી ની કું. તેજ સાલમાં ચાલુ થઇ, કે જે દિનપ્રતિદિન ધનમાં, આબરૂમાં અને આંટમાં આગળ વધતી ગઇ. હીરજી શેઠ બુદ્ધિમાન છે, વિનયી છે, પિતૃભક્ત છે. પોતે નવીન વાતાવરણમાં ઉછરેલા છે. પાશ્ચાત્ય ભાષાનું સારૂં જ્ઞાન ધરાવે છે અને પોતાના તીર્થ સમાન માતા પિતાની આજ્ઞા સારી રીતે પાળે છે. હીરજી ખેતશીની કું. નો તમામ વહીવટ પોતાના પિતાના છત્ર નીચે રહીને તેઓ ચલાવે છે અને પોતાની વયના અનેક

ખાનદાન મિત્રો સાથે વિદ્યા વિનોદ કરવા સાથે વ્યાપારમાં પુરતું ધ્યાન આપે છે. ભવિષ્યમાં હીરજીભાઇ જ્ઞાતિ, કોમ અને દેશને ઉજ્વળ કરવાને પોતાથી બનતું કરશે એમ અત્યારે દરેક રીતસર આશા રાખે છે. ખેતશી શેઠ પોતે ભોળા દિલના છે પણ ધંધાને અંગે અતિ નિપુણતા ધરાવે છે. તેમનામાં ઉત્સાહ, હિંમત, ધૈર્ય અને સાહસીકતા એટલી બધી પ્રમાણમાં છે કે જે જોતાં તેઓ જેમ સાધન વગરના હિંદુસ્થાનમાં જન્મેલા છે તેમ જો યુરોપ કે અમેરીકામાં જન્મ્યા હોત તો આજે તેઓ આખી પૃથ્વીને ચકીત કરી શકત એમ સૂક્ષ્મ દૃષ્ટિએ જોનારને સહજ દેખાઇ આવે. જેમ રણભૂમિમાં કોઇ શૂરવીર યોદ્ધા જ્યારે હાથમાં તલવાર ગ્રહી શત્રુ સાથે લડે છે ત્યારે તે કાળે શું થશે તેનો કિંચિત્ પણ ખ્યાલ કરતો નથી, તેવીજ રીતે જ્યારે કોલાબામાં ખેતશી શેઠ જાય છે ત્યારે હરિફોને એવા તો હંફાવે છે કે તેઓ પણ મનમાં તેમની સ્તુતિ કર્યા વગર રહી શકતા નથી. ગુજરાત, કાઠીઆવાડ, ખાનદેશ, વરાડ, કર્ણાટક અને બંગાળ વગેરે દેશોના અનેક શહેરોમાં તેમની પેઢીઓ ચાલે છે અને પૂર જોસમાં વ્યાપાર કરે છે. કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિમાં તેમના સમાન વ્યાપારી કુનેહ ધરાવનાર બીજો એક પણ નથી એમ આખી જ્ઞાતિ એકી અવાજે કબુલ કરે છે, એટલુંજ નહિ પણ તેમના પ્રસંગમાં આવનાર દરેક બુદ્ધિમાન મનુષ્ય પણ એમજ કહી શકે છે. તેઓ પાશ્ચાત્ય કેળવણીમાં પછાત છતાં વ્યાપાર સંબંધમાં એટલું બધું જ્ઞાન ધરાવે છે કે જે જ્ઞાન ગ્રેજ્યુએટોને હેરત પમાડે છે—વ્યાપારી જ્ઞાનમાં તેઓ એમ. એ. ગણાય છે. રૂના વ્યાપારીઓમાં તેમની આંટ બહુજ વખણાય છે. શ્રીમાન્ શેઠ રામનારાયણ, સર ઇબ્રાહીમ તથા સર સાસુન સાહેબ જેવા તેમના અનેક મિત્રો છે. ઇન્ડીઆ બેન્ક, ન્યુ સ્ટોક એકસચેઇન્જ, બોમ્બે કોટન એકસચેઇન્જ અને સેફ ડીપોઝીટ વગેરે ધીકતા ખાતાઓમાં તેઓ ડીરેકટરશીપ મળવી શકયા છે.

ખેતશીભાઇમાં દયા મૂર્તિમંત છે કારણ કે દુઃખીઆને દેખીને તેમનું હૃદય આર્દ્ર બની જાય છે. તેઓ તો એમજ માને છે કેઃ—

> દયા ધર્મકો મૂળ હય, પાપ મૂળ અભિમાન;
> તુલશી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.

'પોતાના પ્રાણ સમાન પરના પ્રાણ સમજી પરને સુખ આપવાને હંમેશાં તત્પર રહેવું એ દરેક મનુષ્યનું પરમ કર્તવ્ય છે' એમ તેઓએ અનેક પ્રસંગોએ અનેકવાર કહ્યું છે. એટલુંજ નહિ પણ "નવીન યુગના વિચારશીલ નવયુવકોને મારી સખાવતો બહુ મુલ્યવંતી ભલે ન સમજાય પણ અન્ન, વસ્ત્ર અને જળ વગર પ્રાણ તજતા માનવાત્માઓને તો તે અવશ્ય ગમશેજ અને તેમને ગમે એજ મારા હૃદયની પરમ ભાવના છે. વર્તમાન કાળના વિદ્વાનો મને માન આપે કે નહિ તેની મને દરકાર નથી પણ દુષ્કાળમાં ઘાસ અને પાણી વગર જે ગાયો, બળદો અને પશુ પક્ષિઓ લાખોની સંખ્યામાં મરણને શરણ થાય છે તેઓને ઘાસ અને પાણી આપતી વખતે તેઓના હૃદયમાં જો શાન્તિ વળે અને તેઓ જો એમજ કહે કે 'અમારા જીવતર ઉપરજ દેશની આબાદી અને ઉન્નતિનો આધાર છે' તો મારે વર્તમાન પત્રોના સર્ટીફીકેટોની જરૂર નથી." આ તેમની દૃઢ માન્યતા છે અને તેથી તેઓના દાનનો પ્રવાહ વિશેષ દુષ્કાળ પીડિત આત્માઓને સહાયતા આપવા તરફ વળ્યો છે. એકંદર રીતે તેઓ દૃઢ વિચારના છે, પોતાનું ધારેલું કરે તેવા સ્વભાવના છે અને મુનિરાજોનાં વચનો પર પૂર્ણ શ્રદ્ધા રાખનારા છે. કોઇ પણ શુભ કાર્ય કરવું હોય

ત્યારે તેઓ મુનિવર્ગની સમ્મતિ લે છે અને તેમની સમ્મતિ મેળવ્યા પછી તેઓ શુભ કાર્યની શરૂઆત કરે છે, અર્થાત્ તેઓ દેવગુરૂના પૂર્ણ ભક્ત છે. તેમને ગુપ્તદાન આપવું ગમે છે અને અનેક પ્રસંગે તેઓ તેમ કરે છે; છતાં જાહેર કાર્યોમાં પણ અનેક વખત તેમને દ્રવ્યનો સુવ્યય કરવાનો પ્રસંગ આવેલો છે અને તે નીચે પ્રમાણે છે.

સંવત્ ૧૯૫૫ થી ૧૯૭૨ સુધી કચ્છ કાઠીઆવાડ અને ગુજરાતમાં દુષ્કાળના પ્રસંગે લગભગ રૂા. ૩,૦૦,૦૦૦) તેમણે અન્ન વસ્ત્ર માટે અર્પ્યા છે. એ શિવાય દેરાસરોના જીર્ણોદ્ધારમાં રૂા. ૧,૦૦,૦૦૦), ધર્મશાળાઓના બાંધકામમાં રૂા. ૨૫,૦૦૦), જીવદયામાં રૂા. ૨૫,૦૦૦), પાલીતાણાની હોનારત વખતે છાપરાંઓના બાંધકામમાં રૂા. ૧૫,૦૦૦), લીંબડીમાં ઉપધાનની બે વખતની ક્રિયા પ્રસંગે રૂા. ૨૪,૦૦૦), પાલીતાણાના સંઘ વખતે રૂા. ૧,૨૦,૦૦૦), ઉજમણામાં રૂા. ૮૦,૦૦૦), કચ્છ સુથરીમાં સમગ્ર જ્ઞાતિને પોતાને આંગણે આમંત્રી તેમના દર્શનથી પાવન થવાને કરેલા ઉજમણામાં રૂા. ૮૨,૦૦૦), પોતાના તરફથી ફુલ નહિ તો ફુલની પાંખડી અર્પવી એવી ભાવનાથી કરેલી સાત વાસણોની લાણી ( પ્રભાવના ) માં રૂા. ૮૦,૦૦૦), પાલીતાણાની બોર્ડીંગમાં રૂા. ૫૦,૦૦૦), બીજી બોર્ડીંગો, બાળાશ્રમો અને અનાથાશ્રમોમાં રૂા. ૩૦,૦૦૦) અને ભિન્ન ભિન્ન સ્થળે પાઠશાળાઓ, શ્રાવિકાશાળાઓ અને કન્યાશાળાઓ નિમિત્તે રૂા. ૨૫,૦૦૦) તેઓએ અર્પ્યા છે. એ સિવાય પાલીતાણા પાસે આવેલા ચોક ગામમાં તેમણે હોસ્પીટાલનું મકાન બંધાવી આપ્યું છે અને કચ્છ સુથરીમાં તેમણે એક દવાખાના સારૂ મજબુત મકાન બંધાવીને ચાલુ કર્યું છે, જેનો વાર્ષિક ખર્ચ રૂા. ૨,૫૦૦) છે. હાલારમાં આવેલા દબાશંગ પ્રગણામાં તેમના તરફથી અનેક પાઠશાળાઓ ચાલે છે, તેનો વાર્ષિક ખર્ચ રૂા. ૨,૫૦૦) થાય છે. એ ઉપરાંત તેમની સાંપ્રત સખાવત કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિને કરજ મુક્ત કરવાની મશહુર છે; તેમાં તેમણે રૂા. ૭૬,૦૦૦) ની નાદર રકમ ઉમેદથી અર્પી છે અને જ્ઞાતિએ આપેલા માનપત્રના મેલાવડામાં રૂા. ૧,૦૧,૦૦૧) નિરાશ્રીત વર્ગ માટે તથા રૂા. ૨૫,૦૦૦) જુદા જુદા કેળવણીનાં ખાતાઓ માટે અર્પી તેમણે પોતાના જીવતરને કૃતકૃત્ય કર્યું છે. એમની સખાવતોનો અડસટો રૂ. ૧૧,૬૮,૦૦૦) અગીઆર લાખ અડસઠ હજારનો અંકાય છે અને તેમાં ગુપ્ત દાનની ગણુના તો થઇ શકતીજ નથી. જો કે ઉપરોક્ત આ સખાવતોમાં તેમના બંધુ હેમરાજભાઇ તથા શોજપારભાઇના સુપુત્રરત્ન વસનજીભાઇ તથા શિવજીભાઇએ પણ કેટલોક ફાળો આપેલો છે કે જેની નોંધ વિસ્તારના ભયથી અત્રે લીધી નથી. એટલુંજ નહિ પણ તેમના લઘુ બંધુ હેમરાજભાઇ ખેતસિંહ શેઠને પિતા તુલ્ય સમજે છે અને તેમની આજ્ઞા માન્ય કરવામાંજ પોતાનું કલ્યાણ માને છે તેમજ તેમના સુપુત્ર રત્ન શામજીભાઇ પોતાના પિતાને શોભાવે એવા સદ્ગુણો ધરાવે છે. અને શોજપારભાઇના બન્ને પુત્ર પણ એજ રીતે ખેતસિંહ શેઠનું માન વિનય પૂર્ણ પ્રેમથી સાચવે છે. આ રીતે જોતાં ખેતસિંહ શેઠને કુટુંબ તરફથી પૂર્ણ સંતોષ છે. તેમને સારાં સગાંઓ, વિદ્વાન મિત્રો અને અનેક ગુણી જનોનો સમાગમ પૂર્વ પુન્યથી પ્રાપ્ત થયો છે, અને જેથી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિમાં અત્યારે તેઓ પૂર્ણ ભાગ્યશાળી, અગ્રેસર લેખાય છે અને જ્ઞાતિએ તેમને પ્રમુખ તરીકે સ્વીકાર્યા છે. તેમને સરકાર તરફથી જે. પી. ની પદવી મળી છે. અનેક રજવાડાઓમાં તેઓ સારી લાગવગ ધરાવે છે અને કેટલાક રાજાઓ સાથે તેમને મૈત્રીનો સારો સંબંધ છે. એકંદર રીતે તેઓ જ્ઞાતિના અ-

અગ્રેસર છે, વ્યાપારીઓમાં મોખરે છે, સરકારમાં સન્માન ધરાવે છે અને કુટુંબમાં સુખી છે. પણ ( પરને દુઃખે દુઃખી છે અર્થાત્ દયાળુ સ્વભાવના હોવાથી અનેક દુઃખી આત્માઓને દુઃખ મુક્ત કરવાને તેઓ યત્ન કરે છે. ) ખેતસિંહ શેઠના જીવનમાંથી શ્રીમાનોને ઘણુંજ સમજવાનું છે, તેમની સાદી રહેણીકરણી આ ફેશનેબલ જમાનામાં અનેકોને બોધ લેવા જેવી છે અને કેવળ ખાનપાન ને આરામમાં સુખ ન માનતાં પરોપકારના કામમાંજ સાચું સુખ સમાયેલું છે એમ તેઓનું જીવન જગતને શીખવે છે. હવે આખી જૈનકોમમાં પરોપકારી અને ઉદાર દિલના એક આગેવાન તરીકે પોતાની કારકીર્દિમાં યશસ્વી ઉમેરો કરશે એવી ભાવના દરેક જૈન રાખે છે. ( કચ્છી જૈનમિત્ર પરથી. )

## शेठ रामचंद्र जेठाभाईनुं जीवन.

રિસેપ્સન કમીટીના ચેરમેન શેઠ રામચંદ્ર જેઠાભાઇનો જન્મ માંગરોલ ગામમાં સંવત ૧૯૨૭ ના વૈશાખ સુદી ૧૫ ને ગુરૂવારના રોજ થયેલો છે, તેઓ પોતાની નાની ઉમ્મરથીજ વિનયવાન વિવેકી તેમજ નમ્રતાવાળા અને ઉદ્યોગી હોવાથી લોકપ્રિય હતા. વળી પોતે બાળ વયમાં પોતાના પિતાશ્રીની સાથે સં. ૧૯૩૫ માં કલકત્તામાં આવી કોલેજમાં રહી વિદ્યા અભ્યાસ કરી અતિ યશસ્વી થઇ તમામ કાર્યોમાં ફતેહ પામ્યા છે, અને અઢાર વર્ષની નાની ઉમ્મરમાં પોતે ધી બ્રિટીશ ઇન્ડીઆ સ્ટીમ નેવીગેશન કંપનીના વડા નોરના દલાલ તરીકેના કામકાજમાં જોડાયા હતા અને બાહોશપણાથી તે કાર્યમાં તેઓ સંપૂર્ણ ફતેહમંદ નિવડયા છે. એટલુંજ નહીં પણ હાલમાં તેઓ બુદ્ધિશાળી અને સમયસૂચક હોઇ દરેક કોમની સાથે ઘણી સારી રીતે અગ્રેસર તરીકે ભાગ લેતા રહે છે, તેઓ શ્રીગવરમેન્ટ હાઉસના ઘણા ખરા હકો પણ ભોગવે છે. આવા ઉંચા દરજાનું સારૂં માન મેળવ્યા છતાં પણ તેઓ સાદા અને નમ્ર હોઇ દરેકની સાથે મળતાવડાપણું રાખે છે. એજ તેમના ખરા સદ્‌ગુણ બતાવી આપે છે. પોતે વ્યાવહારીક અને ધાર્મિક કેળવણીનો સારો અનુભવ પુસ્તકો વાંચવાનો શોખ હોવાથી મેળવ્યો છે જેના પરિણામે તેઓ કેળવણી વધારી નવ યુવકોને વિદ્વાન બનાવવામાં તન મન અને ધનથી પોતાથી બનતી સારી સહાય કરવાને ભૂલતા નથી અને વારમ્વાર પોતાના અમૂલ્ય વખતનો તેવા પ્રસંગે ભોગ આપવાને પૂરતા તત્પર રહે છે. ધર્મ કાર્યમાં ઘણોજ ઉત્સાહભર્યો આગળ પડતો ભાગ હર વખત તેઓ લેતા આવ્યા છે, આથી અમો છેવટે ઇચ્છીએ છીએ કે પોતે પોતાની જીન્દગીને આવાં સુકૃત્યો કરવામાં અને પોતાના દ્રવ્યનો કેળવણી જેવા ઉત્તમ ખાતામાં સદુપયોગ કરી સાફલ્ય કરશે.

અફસોસ ! કે ઉત્તમ આશા આપનાર આ શેઠ કલકત્તા પરિષદ્ ખલાસ થઈ ત્યાર પછી થોડા દિવસમાં ટુંક માંદગી ભોગવી અચાનક ગુજરી ગયા છે. તેમના આત્માને અખંડ શાંતિ મળો !

# ११ जैन श्वेताम्बर परिषद्

## —संक्षिप्त वृत्तांत.—

**કલકત્તામાં** પ્રજાકીય પરિષદ્ ગત નાતાલના દિવસોમાં ભરવાનું નક્કી થયું હતું અને તેમાં સ્વરાજ્ય વગેરે મહાન્ પ્રશ્નોની વાટાઘાટ કરવા માટે પ્રબલ આંદોલનથી ભરેલું વાતાવરણ જોવામાં આવતું હતું, તો તેવા સમયમાં ત્યાં અસંખ્ય જનોની મેદિની જામે એ સંપૂર્ણ રીતે સંભવિત હતું. આ સમયનો લાભ લઇ કલકત્તામાં આપણી ધાર્મિક પરિષદ્ ભરવાથી ઘણો લાભ થાય તેમ છે એવું ત્યાંના આગેવાનોને જણાવતાં તેમણે તે સૂચના ઘણી ખુશીથી અને તાત્કાલિક તત્પરતાથી ઉપાડી લીધી. આ કામ એટલું બધું મોટું હોવા છતાં એટલી બધી ઝડપથી અને ટુંકી મુદતમાં થયું કે આ પરિષદ્ ભરાય છે એવા ખબર વતરીક પણ અમે હૅરલ્ડના ખાસ અંકમાં આપવાની સ્થિતિમાં રહ્યા નહિ, કૉન્ફરન્સના ઑફિસનો સ્ટાફ કલકત્તા ઉપડી ગયો, ત્યાં જુદી જુદી કમિટીઓ નીમાઇ, આમંત્રણ પત્રિકા તૈયાર થઇ. પણ પ્રમુખની ચુંટણી પક્કી થઇ શકી નહિ. બે ચાર સંમાન્ય પુરૂષો માટે કરેલો પ્રયાસ ન ફાવ્યો એટલે છેવટે મુંબઇમાં પ્રસિદ્ધ વ્યાપારી શેઠ ખેતશી ખીઅશી J. P. ને આમંત્રણ થતાં તેમણે હસ્તે મહોડે અને દિલોજાનીથી પ્રમુખપદ સ્વીકાર્યું. આ શેઠની ટુંકી જીવન રેખા અમે આ પહેલાં આપી છે તે પરથી તેમની શ્રીમંતાઇ, ઉદારતા, અને હૃદયની દયા માલૂમ પડશે.

હિંદના જૂદા જૂદા ભાગોમાં આમંત્રણ પત્રિકા મોકલતાં તેને માન આપી કોમ-પ્રેમી સદ્ ગૃહસ્થો અને આગેવાનો એકઠા થયા અને બેઠકના ત્રણ દિવસ નામે ૩૦ મી, ૩૧ મી ડિસેંબર ૧૯૧૭ અને ૧ લી જાનેવારી ૧૯૧૮ માંના પહેલા દિવસે સન્માનકારિણી સભાના પ્રમુખ તથા પરિષદ્‌ના પ્રમુખના ભાષણો થયા.

### प्रथम दिवस ता. ३०–१२–१७

સન્માનકારિણી સભા ( રીસેપ્શન કમિટી ) ના પ્રમુખ શ્રીયુત રામચંદ જેઠાભાઇએ પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું.

नेत्रानंदकरि भवोदधितरी श्रेयस्तरोर्मंजरी ।
श्रीमद्धर्ममहानरेंद्रनगरिव्यापल्लताधूमरि ॥
हर्षोत्कर्षशुभप्रभावलहरि रागद्विषांजित्वरी ।
मूर्तिः श्रीजिनपुंगवस्य भवतु वः श्रेयस्करी देहीनां ॥

**માન્યવર સદ્‌ગૃહસ્થો તથા સુશીલ બહેનો !**

શ્રીપરમ કૃપાળુ પરમાત્મા શ્રી મહાવીર તીર્થંકર ભગવાનનાં વંદનીય ચરણકમલોમાં પંચાઙ્ગ પ્રણામ કરી, શ્રીમાન્ શાસનશિરોમણી પ્રાતઃ સ્મરણીય શ્રીસુધર્મા સ્વામીને વિનીત-ભાવે વંદન કરી, શ્રીમાન અરિહંતસ્વામિએ પણ પૂજ્ય ગણી પ્રાર્થેલા તીર્થરૂપ શ્રી સકલ સંઘને સપ્રેમ આંતરભાવપૂર્વક નમસ્કાર કરી, અત્રવિરાજીત સર્વ સહધર્મી ભાઇઓને, શ્રી

કલકત્તાનિવાસી જૈનશ્વેતાંમ્બર સકલ સંઘની આજ્ઞાનુસાર, તેમના આંતરિક આવકાર સવિનય સાદર કરતાં આરંભમાંજ વિદિત કરવાની મારી પ્રથમ ફરજ છે કે, તે શ્રીસંઘતરફથી આ રીતે આપ સજ્જનોને માટે આપવામાં આવતા આવકારને માટે હું તેઓ તરફથી નીમાયલો હોવાથી તેમનો અત્યંત આભારી છું, એટલુંજ નહિં પણ મારા પૂર્વોક્ત સદ્ભાગ્યે પ્રાપ્ત થયેલા આ શુભાવસરથી આપ સર્વ સહધર્મીઓનાં દર્શનના લાભે કૃતાર્થ થયેલો માનું છું.

મને પોતાને વિશેષ જાણીતી મારી અપૂર્ણતા, તથા મારા ઘણાએક બાંધવોની મારા કરતાં વિશેષ યોગ્યતા એ બંને તરફ લક્ષ આપતાં મને પોતાને જ એમ સ્પષ્ટ દ્રશ્યમાન થાય છે કે, જે મહત્વપૂર્ણ કાર્ય મને સોંપાયું છે તેનો અતોલભાર જો બીજા યોગ્ય માન્યવર ગૃહસ્થપર મુકવામાં આવતે તો મારૂં ધારવું છે કે વિશેષ ઠીક થતે, તેમ છતાં શ્રીસંઘની આજ્ઞા, સર્વથા વંદનીય અને શિરોમાન્ય ગણી સંઘ તરફથી સોંપેલા કાર્યને માટે ઉદ્યત થવાની મારી ફરજ છે.

આપણા આ પ્રાય: પ્રતિવાર્ષિક કૉન્ફરન્સના અનેકાનેક લાભ પૈકી પ્રથમ મહત્વનો લાભ, દેશ દેશાંતરોથી અનેક પ્રકારની અગવડો તથા શ્રમ વેઠી, દ્રવ્યાદિનો ભોગ આપી, સહર્ષે આટલે અંતરે પધારવાની કૃપા કરનાર સમસ્ત આર્ય દેશના પૂજનીય શ્રી સંઘના દર્શનનો છે, કે જેને શ્રી તીર્થંકર પરમાત્માએ પણ મહાપવિત્ર કહેલો છે વળી તે લાભનું વિશેષ મહત્વ તો એ છે કે ખુદ ભગવાને પણ તે કલ્યાણકારી સંઘોને " નમો તીથ્થસ્સ " કહી સર્વોત્તમ ગણ્યા છે. આ મહાન શ્રીસંઘો આપણા સદ્ભાગ્યના યોગે પોતાના પ્રતિનિધિઓ દ્વારા દર્શન આપવા આપણા શહેરમાં પધાર્યા છે, એટલુંજ નહિ, પણ આપણા ઉપર અધિક ઉપકાર રૂપે આપણા સર્વ પ્રકારના અભ્યુદયના મહત્પ્રશ્નોની વિવેચના કરવાની પણ તસ્દી સ્વીકારી છે, તે જોતાં આપણા ઉપરની તેમની કૃપા તરફ કાર્યવાહકો જેટલી કૃતજ્ઞતા દર્શાવે તેટલી ઓછી છે.

આપને સુવિદીત છે કે જે પ્રદેશમાં પરમાત્માની કૃપાથી આપનું આગમન થયું છે, તે પ્રદેશ પણ ધર્મ માહાત્મ્યની બાબતમાં ઓછો અગત્યનો નથી. આ દેશ તરફ આપણામાં તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના જન્મ કલ્યાણક આદિ સર્વે કલ્યાણક થયા છે. વળી આ શહેરના ઘણાજ નિકટ સાનિધ્યવાળા પવિત્ર ધામ શ્રી સમેત શિખરજી આપણા પરમ વંદનીય ચતુર્વિંશ તીર્થંકરો પૈકી વીશ મહાપ્રભુની નિર્વાણભુમી છે. એટલુંજ નહિ પણ શ્રીચમ્પાપુરી, શ્રી પાવાપુરી આદિ પંચ તીર્થ પણ નિકટમાં છે. આપણા મહાન પૂજ્ય લબ્ધીના ભંડાર શ્રીગૌતમ સ્વામી પણ આજ દેશ તરફ જન્મ્યા હતા, તેઓની દીક્ષા ભૂમી તેમજ નિર્વાણ ભૂમી પણ આ બંગાલ દેશ તરફજ હસ્તી ધરાવે છે. આપણા જૈન ધર્મના સર્વોત્તમ પ્રસારક માનનીય શ્રીમાન્ શ્રેણિક નરેશ્વર જેવા મહા પ્રતાપી રાજ્ય કર્તાઓની નાના પ્રકારની ધર્મોદ્ધારક લીલાઓનું કેન્દ્રસ્થાન આ પ્રદેશ ગણાય છે. આવાં શહેરમાં આવેલું રાય બદ્રીદાસજી મુકીમ બહાદુરનું બંધાવેલું મહા રમણીય ને સ્વર્ગના દેશસરો સાથે વાદ કરનારૂં શ્રીશીતલનાથજીનું પ્રસાદ પણ અત્રે પધારેલા ગૃહસ્થોનું મન કંઇ ઓછું આકર્ષતું નથી. એજ પ્રમાણે રાજ્યકીય અને વ્યાપારી દ્દષ્ટિએ પણ કલકત્તા કાંઇક વિશેષ મહત્વનું સદ્ભાગ્ય ધરાવે છે. સમસ્ત ભારતવર્ષમાં આ શહેર પ્રથમ પંક્તિનું

હોવા ઉપરાંત તેના વ્યાપારી સંબન્ધો પણ લગભગ આખી દુનિયા સાથે નિકટ થયેલા છે. એટલુંજ નહિ, પરન્તુ પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયેલા પ્રાકૃતિક સૌન્દર્યના પરિણામે તેની શોભામાં અધિકાંશે વૃદ્ધિ થાય છે. વિશેષમાં બંગાલ દેશની સર્વ પ્રકારની સાંસારીક ધાર્મિક રાજકીય વ્યાપારી એ વિગેરે અનેક પ્રગતિઓનું કલકત્તા મધ્યસ્થલ હોવાથી તેની મહત્તા અને પ્રતિષ્ટા અન્ય શહેરો કરતાં કોઇ રીતે ઉતરતી નહીં જ કહી શકાય. આ પ્રમાણે સર્વ રીતે મહિમાપૂર્ણ સ્થલમાં આપ સર્વ મહત્પુરુષોના પવિત્ર દર્શનોનો લાભ એ અમારે મન તો સુવર્ણ-સુગન્ધના અલૌકિક સંયોગ રૂપે અત્યન્ત આનંદવર્ધક છે.

આવી રીતે સર્વ આનન્દોત્સવ અને મનોલ્લાસના આ શુભાવસરમાં હર્ષની ઉર્મિઓમાં ઉછરતાં અન્તઃકરણોના અભ્યંતરથી સ્ફુરાયમાન થતા આવકાર, સ્વાભાવિક રીતે જ પ્રદર્શનની દૃષ્ટિએ કાંઇક અપૂર્ણ જણાશે, તેમ છતાં હું આપ સર્વને એટલું તો નિશ્ચય પૂર્વક કહેવાનું સાહસ કરીશ કે અમારો આ સત્કાર ગમે તેવો હોય, તો પણ અમારા આંતરિક પ્રેમથી પૂર્ણ હોવાથી આપના કૃપામય અનુગ્રહ માટે અપાત્ર છતાં પણ પાત્ર માનવાની આપની મહેરબાનીની અમને પુરેપુરી પ્રતીતિ છે.

બંધુઓ! હવે આપણે જે કરવાનું છે તે વિષયોનું અવલોકન પ્રારમ્ભે કહીશું. આપણા જૈનધર્મની ભૂતપૂર્વ પ્રભા અને પ્રતિષ્ઠા સમસ્ત આર્યાવર્ત ઉપરાંત એશીયા, યુરોપ વિગેરે પૃથ્વીના મહાન ખણ્ડોમાં સર્વત્ર જાણીતી હતી. ધર્મ સિદ્ધાંતોને જાણનાર મહાન આચાર્યો મહાત્માઓ તથા પંડિતો સ્થલે સ્થલે વિહાર કરી સદુપદેશદ્વારા જૈન ધર્મની વિજય-પતાકા સારી રીતે વિસ્ફુરિત રાખતા હતા, એટલું જ નહિ, પરન્તુ મહા પરાક્રમી રાજરાજેશ્વરો પણ અત્યન્ત યત્નશીલ થઇ આ ધર્મ પાલતા, ટુંકમાં કહેતાં એક સમય એવો હતો કે જ્યારે જૈનધર્મ સિદ્ધાંતનો સર્વમાન્ય મહિમા દેશ દેશાંતરમાં જાજ્વલમાન હતો, તથા અન્યધર્મીઓ પણ તે સિદ્ધાંત તરફ માનની ભાવનાથી મમતા ધરાવતા. રોમ, ગ્રીસ, ઇંગ્લાંડ, ફ્રાન્સ એ વિગેરે દેશોના તત્કાલીન વિદ્વાનોએ આપણા ધર્મની પ્રશંસા કરેલી હોવાનાં દૃષ્ટાંત આજે પણ તેઓના ગ્રંથો દ્વારા આપણે જાણી શકીએ છીએ.

પરંતુ ઉદયનો સૂર્ય, ઉપર પ્રમાણે પૂર્ણાશે પ્રકાશ્યા પછી, તેના અસ્તનો સમય પણ, કાલના પ્રભાવે થવા લાગ્યો. નાના પ્રકારના વિગ્રહ, દુરાગ્રહ, મતમતાંતર એ વિગેરે કારણોને લઇ, જૈન માર્ગાનુસારી પ્રજા, સંખ્યા અને મહિમાના સંબંધમાં કાંઇક ગૌણતાની અવસ્થામાં આવી પડી, સાથે સાથે ધર્મ શિક્ષણની શિથિલતા, કર્મનિષ્ઠપણા તરફ દુર્લક્ષ, સામાજિક દુરાવસ્થા, રાજ્યાશ્રયનો અભાવ, અન્ય ધર્મોના વિરોધ એ વિગેરે અનેક અણધાર્યા અને ભયંકર વિઘ્નોને લીધે આપણો ધર્મ નષ્ટપ્રાય થવા લાગ્યો. આપણા ધર્મગ્રંથો, અભ્યાસકો તથા આધ્યાપકોને અભાવે, દુર્લભ થઇ જવા લાગ્યા; પ્રભાવક આચાર્યો વિગેરેની ખામી જણાવા લાગી અને ધર્મવૃત્તિઓ મંદ અને નિર્બલ થવા માંડી.

આજ એકાદ સૈકાથી તે દુઃખમય સ્થિતિનું પરિવર્તન થઇ, ધર્મનો પુનરોદય થતો નિહાલવાને જૈનસમાજ ભાગ્યશાલી થાય છે, એ પરમાત્માની પૂર્ણત્તમ કૃપાનું શુભ ચિન્હ છે. આપણા સૌભાગ્યે અંધકાર ભરેલું વાદલ સ્હેજ સ્હેજ વેરાતુ જાય છે, આપણી દૃષ્ટિ સન્મુખ વિશેષ અને વિશેષ તે વેરાતા વાદલમાંથી પ્રભા જોવાનું સદ્ભાગ્ય આપણને, દિનપર દિન, અધિકાધિક પ્રમાણમાં પ્રાપ્ત થતું દીસે છે.

આ આનંદમય પરિસ્થિતિને માટે આપણા વર્તમાન રાજ્યકર્તાઓના આપણે અનેકાંશે આભારી છીએ. જોકે જે રાજ્યાશ્રય દ્વારા આપણા ધર્મનું પ્રાચીન કાલમાં જે અપૂર્વ સમર્થન થતું હતું તે રાજ્યાશ્રયનો આ કાલમાં અભાવ છે, તો પણ ધર્મસ્વાતંત્ર્યના રક્ષણ નીચે આપણને ભૂતકાલમાં નડેલાં અનેક વિઘ્નોમાંથી આપણો બચાવ થયો છે. બલ્કે આપણને એવી અનેક સાધન-સંપત્તિઓ પ્રાપ્ત થઇ છે કે જેનો આપણે યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરી, આપણી સમાજના ઉદ્ધારાર્થે, તથા આપણા ધર્મના પુનઃ પ્રસાર માટે યત્નશીલ થઇએ તો જે પ્રતિભા આજ અત્યંત દુર્બલ અવસ્થામાં જોઇએ છીએ, તેજ, થોડાં વર્ષોમાં તેની પૂર્વપ્રભાએ પહોંચી, તેથી પણ વિશેષ ઝલહલતી તેજોમય દશાને પ્રાપ્ત કરવા સમર્થ થઈશું. જે પ્રમાણે રાજ્યાશ્રયના સંબંધમાં આપણે નિર્વિઘ્ન થયા છીએ તેજ પ્રમાણે અન્ય દિશાઓમાં પણ આપણને વિશેષ સાનુકૂલતા પ્રાપ્ત થઇ છે. દેશવિદેશ પર્યટનના જલમાર્ગ અને ભૂમાર્ગ અધિકાંશે અનુગમ્ય થવા સાથે વ્યાપાર રોજગારની વિસ્તૃતતાને અંગે જૈન બાંધવોનાં પરસ્પર મિલન દર્શન પણ સહજસાધ્ય થયાં છે, જે બીના પરસ્પરની પરિચયવૃદ્ધિ માટે ઓછી લાભદાયક નથી. ભૂતકાલમાં વખતો વખત સંઘ-પર્યટનોને કષ્ટરુપ થયેલા દુરાચારીઓના વાસ પણ બ્રીટીશ છત્ર નીચે ઘણે અંશે, નષ્ટ પ્રાયઃ થયા છે. ધર્મ વિષયક ઇષ્ટ શિક્ષણપ્રણાલીનું અવલંબન કરવામાં આડે આવતી મુશ્કેલીઓ દુર થઇ છે. અંશે અંશે સમગ્ર સમાજ મંડલોમાં ધર્મ સિદ્ધાંતોનાં યથાર્થ સ્વરૂપો જાણવા સમજવાની અભિલાષા દિનપરદિન તીવ્રતર થતી જાય છે. આપણો મહિલા સમાજ પણ પોતાના ભૂતપૂર્વ ગૌરવ તરફ મમતા અને દૃઢનિષ્ઠા પ્રદર્શિત કરતો જાય છે. ધાર્મિક રહેણી, કરણી, એ વિગેરેમાં સુસંસ્કાર પ્રાપ્ત થવા માંડયા છે. વાસ્તવિક રીતે જોતાં આપણને ધર્મપ્રચાર અને તેની અભિવૃદ્ધિ માટે જે જે અનુકૂલતાની જરુર છે, તે અધિક નહિ તો યોગ્ય અંશે પણ પ્રાપ્ત થવાનો અવસર આવી લાગ્યો છે. એવા આ ઇષ્ટ જમાનામાં આપણી જૈન સમાજના ઉત્કર્ષ માટે ભરાતાં સંમેલનો, ઘણાંજ અભિનંદનીય અને કલ્યાણકારક છે.

ઉપર પ્રમાણે, જૈન ધર્મની મહત્તા, તેનો પ્રાચીન મહિમા, વર્તમાન સમયની તેની મન્દ અવસ્થા, તેના પુનરોદ્ધારને અનુકુલ સંયોગો, તેના અત્યુત્તમ સિદ્ધાંતો સમજવા જાણવાની વર્તમાન જૈન પ્રજાની ઉત્કંઠા, એ વિગેરેનું સૂક્ષ્મ દિગ્દર્શન કર્યા પછી, પ્રથમતઃ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, આ સર્વવિધ સાનુકુલતાનો લાભ કેવી રીતે અને કેવા ઉપાયો દ્વારા લેવો. અને એજ મહત્પ્રશ્નનો નિર્ણય કરવો, એ સર્વ સંઘ-સમારંભોનું પ્રથમ લક્ષ્ય હોવું જોઇએ. આપણા સદ્‌ભાગ્યે આજના આપણા મહા સંમેલનમાં એવા એવા પ્રતાપશાલી, બુદ્ધિમન્ત અને અનુભવી અગ્રેસરો પધાર્યા છે કે જેઓ પોતાને સોંપાયલા કર્તવ્યમાં અત્યંત કુશલ અને સમદર્શી હોવાથી, તેઓ પૂર્વોક્ત મહત્પ્રશ્નનો સમાધાનકારક નિર્ણય જરૂર લાવશે, એટલે અત્રે તદ્‌વિષયક વિશેષ કથન અનાવશ્યક છે.

પરન્તુ એક જૈની તરીકે મારી શી શી અભિલાષાઓ છે, મારી ધર્મભગિનિઓ તથા ધર્મબાન્ધવો કેવી ઉચ્ચત્તમ અવસ્થાએ પહોંચેલા જોઇ હું રાજી થાઉં અને મારા જૈન ધર્મના પ્રચાર માટે કઇ કઇ પ્રગતિઓ સ્ફુરાયમાન થતી જોઇ મારૂં મન હરખાય, એ જણાવવામાં હું આપ સાહેબોને સમય લઉં તો તે નિરર્થક ગયેલો ન ગણવાની કૃપા કરશો.

મારી મનોવાંચ્છનાઓ આપના મનન-વિચારને માટે રજુ કરતા પહેલાં, આપણી જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિની આલોચના અસ્થાને નહિ ગણાય એમ માની હું કહેવાની રજા લઇશ કે આજનો જમાનો એવો વિચિત્ર છે કે, આગમ્ર કહ્યા પ્રમાણે જેટલે અંશે તે અનુકુલ છે, તેટલે જ અંશે તેની પ્રતિકૂલતા પણ ઓછી નથી. આપણા પોતાના ઇષ્ટ મંતવ્ય પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા જે પ્રમાણમાં લાભદાયક છે, તેટલા જ પ્રમાણમાં નુકશાનકારક પણ છે. સાધન સંપત્તિઓ જેટલે અંશે ધર્મ પ્રચારાર્થે લાભદાયક છે તેટલેજ અંશે ભયકારક પણ છે, સહજસાધ્ય પર્યટન માર્ગનો આશ્રય લઇ જૈન નરવીર વીરચંદ રાઘવજી ગાંધી, જેવા મહાત્માઓએ જૈન ધર્મની વિજયપતાકા અમેરિકા જેવા દુર દેશાવરોમાં પ્રવર્તાવી છે, એ જેટલે અંશે આપણને અભિમાન લેવા લાયક છે, તેટલે જ અંશે કાળજી રાખવા જેવી બીના એ છે કે વિદેશ-વિહારી બાંધવો ધાર્મિક રહેણી, કહેણીથી પરીપકવ થયા વિના પ્રદેશ પર્યટન કરશે તો પોતાની પરિપક્વતાના અભાવે પોતાનું ખોવા વિશેષ ભય રહેશે.

આ પ્રકારના વિપરીત જમાનામાં આપણી વર્તમાન અવસ્થા કેવી છે તેનો સ્હેજ વિચાર કરતાં જણાશે કે મને પોતાને સાથે ગણતાં આપણાં ઘણાંએક ભાઇ બ્હેનો જૈન ધર્માભિમાની હોવાનું મમત્વ રાખતાં હોવા છતાં " જૈન ધર્માવલંબી અર્થાત જૈન " એટલે કોણ એ ભાગ્યેજ સમજતાં હશે. આપણાં ધર્મ શાસ્ત્રોમાં વર્ણવ્યા પ્રમાણેનું શુદ્ધ વર્તન તો મહાદુષ્કર છે, પણ તે તરફ પૂર્ણ જિજ્ઞાસાના અભાવે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. આમ કહેવામાં હું કોઇની યોગ્યતાની ટીકા કરવાની ઇચ્છા રાખું છું, એમ આપ માનશો નહિ. મારી આપ સર્વેને એજ પ્રાર્થના છે કે પૂર્વોક્ત કસોટી લક્ષમાં રાખી સર્વેએ પોતપોતા માટે નિશ્ચય કરી લેવાનો છે કે જે ધર્મને માટે આપણે આગ્રહપૂર્વક મમતા ધરાવીએ છીએ તે ધરાવવા જેટલી યોગ્યતા આપણામાં છે કે નહિ, અને નથી તો શું શું અપૂર્ણ છે, એ વાત એક વખત અંતઃકરણમાં દઢ થયા પછી, આપણા સંખ્યાબંધ મહત્વના પ્રશ્નો આપોઆપ નિર્ણિત થશે, એટલુંજ નહિ, પણ સમાજોન્નતિ ધર્મવૃદ્ધિ આદિ ઇષ્ટ અભિલાષાઓ પણ સહજ-સાધ્ય થશે. શ્રદ્ધા, નિર્મોહ, નિરૂદ્વેગ, સમદષ્ટિ, એકાગ્રતા, વાત્સલ્ય, પ્રભાવના, નય, સમ્યકચારિત્ર, મૈત્રીભાવ, ઈત્યાદિ અનેક પ્રકારના નાનાવિધ સદ્ગુણોથી પૂર્ણ વ્યક્તિબોધજ જૈનનું ભૂષણ છે. બાંધવો ! ઉપરોક્ત અલ્પરેખા આપણને કેટલી બધી મહત્વતા આપે છે, એ જો આપણે આપણા અંતઃકરણમાં ઘટાવી શકીએ તો આપણું જીવન ઉચ્ચતમ કોટીનું થઇ આપણા સમાજની વૃદ્ધિ પણ સત્વર જોવાને ભાગ્યશાળી થઇશું.

સામાજીક પરીસ્થિતિ તરફ લક્ષ આપતાં, પણ આપણી નિરાશા ઓછી નથી. સમાજોન્નતિનાં પ્રાથમિક મૂળતત્વોથી પણ હજી આપણે ઘણે અંશે પછાત છીએ એમ કહેવામાં ખોટું નહિ ગણાય. આપણી વ્યવહારિક રીતભાત, રીતરીવાજ, રહેણી કરણી, આચાર વિચાર, સંસાર વ્યવહાર, એ વિગેરેની બાબતમાં પણ સૂક્ષ્માવલોકન કરવું ઉપયોગી થશે એમ માની હું જણાવીશ કે ઉપરોક્ત સર્વ દિશાઓમાં ઘણાએક સુધારા, વ્યવસ્થા, અને પ્રવૃત્તિ થવાની જરૂર ઓછી નથી. આપણા પૃથક્ પૃથક્ વિભાગોમાં, ભિન્ન ભિન્ન પ્રાંતોમાં, અને જુદી જુદી જ્ઞાતિઓમાં હજી ઘણાએક રીતરિવાજો, આચાર વિચાર એ વિગેરે

પરસ્પરથી ઘણે અંશે વિભક્ત જેવા છે. તે સર્વમાં સમયાનુસાર અને કુશલતા પૂર્વક, એવા સુધારા વધારા થતા રહેવા જોઇએ કે દિનપ્રતિદિન તે સમદષ્ટ અને પ્રેમવર્ધક થતાં જાય, કે જેને પરિણામે કાલે કરીને સમસ્ત વિભાગો એકજ મહાસમાજના એક સરખા અંશો દેદીપ્યમાન થાય. આ સુધારા વધારાની બાબતમાં આપણે લક્ષમાં રાખવું જરૂરતું છે કે આપણામાંના કેટલાએક વિભાગો, કેટલીએક બાબતોમાં અંતિમ મર્યાદાથી પણ આગળ વધી ગયા છે, જ્યારે કેટલાએક અતિશય પાછળ પડી ગયેલા છે. સંઘ–સમારંભનું એ કર્તવ્ય છે કે એ પ્રમાણે આગળ પાછળ વિખરાઇ ગયેલાં અંગો માટે પૃથક્ પૃથક્ વિષયોની સમદષ્ટિ પૂર્વક યોગ્ય મર્યાદા બાંધી તે મર્યાદાને કેંદ્ર લક્ષ્ય ગણી તેની આસપાસ સર્વ અંગોએ આવી મળવા માટે, યોગ્ય પ્રમાણમાં આવશ્યક પ્રગતિઓને પ્રવૃત્ત કરવી.

સમાજ સંગઠન માટે સમાજ બાંધવોની આર્થિક સ્થિતિ અને આજીવિકા પ્રાપ્તિ માટેનાં યોગ્ય સાધનો, એ પણ વિચારણીય વિષયો છે; જે સમાજમાં સમાજ શિરોમણી શ્રીમંત ગૃહસ્થોના વૈભવ સંપત્તિના લાભ, સમાજના અન્યતર સભાસદોને યથાયોગ્ય અંશે પ્રાપ્ત ન થાય, તે સમાજમાં સમભાવ, સહાનુભૂતિ અને બંધુપ્રેમની વૃદ્ધિ થવી દુર્ગમ્ય છે. આપણાં મહાજનો, સંઘો, એ વિગેરેના ઇતિહાસો આપણને શિખવે છે કે ધર્મબાંધવ અને સમાજબાંધવ કદાચ આપણાથી ઉતરતી પંક્તિમાં હોય, તો પણ તેને, એવા નિકટ પ્રેમ અને સહાનુભૂતિદ્વારા પોતાના તરફ આકર્ષવો, કે જેથી તેની ઉતરતી પંક્તિ હોવાના અંગેની ક્લેશ–જનક સ્મૃતિને ભૂલી જઇ સમાન ભાવની હર્ષોર્મિથી આનંદિત થાય, એટલુંજ નહિ, પણ ભેદભાવથી ઉત્પન્ન થતી ઇર્ષ્યા વિગેરેથી નિર્મુક્ત થઇ, સમાજ સેવાના મહત્કાર્યમાં, તનથી ધનથી યા મનથી સેવા બજાવવાને એક સરખી ઉલટ રાખી તત્પર થાય. વાસ્તવિક રીતે કહેતાં આપણા સમાજ સંગઠન માટે સર્વ પ્રકારની ઇષ્ટ પ્રવૃત્તિઓ જાગ્રત કરી પ્રચલિત કરવામાં, આપણા માનનીય અગ્રેસરોની કર્તવ્યનિષ્ઠા ઉપરજ આધાર રહેલો હોય છે, અને તે તરફ જે કાંઇ કરવાની જરૂર છે, તે હવે વધુ વખત મુલતવી રાખવા જતાં સામાજીક બંધનો અને મમતા દિનપર દિન નબળાં અને નિષ્ફળ થતાં જશે, એ આપણે સર્વ જૈન ભાઇ બ્હેનોએ અવશ્ય લક્ષમાં રાખવું જોઇએ છે.

એક જૈન વ્યક્તિ અને સમાજ ક્યારે ઇષ્ટ સ્થિતિએ પહોંચેલ ગણાય તે સૂક્ષ્મરૂપે આપ સાહેબોને વિદિત કર્યા પછી, મારી વાંચ્છનાઓ વિષયવાર રજુ કરતાં તેમને હું સરલતા માટે છ મુખ્ય વિભાગમાં વ્હેંચી નાખીશ, અને તે એ કે (૧) ધર્મ અને ધર્મજ્ઞાન, (૨) શરીર–સંપત્તિ અને તેની સાધના, (૩) વ્યવહાર અને તેની યથાર્થતા, (૪) જીવન–વિગ્રહ અને તેની સફળતા. (૫) દૈવી સંપત્તિ અને તેની સુગમતા, (૬) સમાજસેવા.

ઉપર જણાવેલા પ્રથમ વિભાગ 'ધર્મ અને જ્ઞાન'ની બાબત અત્યંત મહત્વની અને અતિ ગહન છે એ આપ સર્વેને સુવિદીત છે, છતાં દીલગીરી સાથે એ પણ કહ્યા વિના ચાલતું નથી કે, આપણું તે વિષયનું વર્તમાન જ્ઞાન કેવળ નજીવા જેવું છે. જે ધર્મજ્ઞાનના પ્રતાપે પ્રાચીન સમયમાં અનેકાનેક મહાત્માઓ જીવન–વિગ્રહમાં યશસ્વી થઇ, નિર્વાણ પદના અધિકારી થતા, તે ધર્મજ્ઞાનનો અંશ પણ ધરાવનારા સમર્થ વિદ્વાનો આ જમાનામાં માત્ર ગણ્યા ગાંઠયા અને જવલ્લેજ જોવામાં આવે છે. જે ધર્મજ્ઞાનની પ્રાપ્તિદ્વારા પરમ પૂજ્ય મહાત્માઓ તીર્થંકર પદને પામ્યા તે ધર્મજ્ઞાનનો અલ્પાંશ પણ

જાણનારા, આ કાળને વિષે, વીરલાજ નીકળશે. આવી સ્થિતિ આવી પડવાનાં કારણોનો દોષ ફકત અધોગત કાળ પર મુકી બેસી રહેવાનું નથી. આપણા મુનીશ્વરો, આપણા સમર્થ વિદ્વાનો, ટુંકમાં આપણા સહધર્મી ભાઇઓ કયાં કયાં, કેવી કેવી અવસ્થામાં પડેલા છે તે જાણવાની, તેમને જરૂરની સગવડો અને સ્હાયતા કરી આપવાની, આપણી પવિત્ર ફરજો તરપ આપણે દુર્લક્ષ કરીએ છીએ.

આ સર્વ આપણા ધર્મજ્ઞાન તરફના અભાવનું પરિણામ છે. આપણને સ્થળે સ્થળે એવી સંસ્થાઓની જરૂર છે કે જેમના એકનિષ્ઠ પ્રયત્નોદ્વારા આપણા સહધર્મિઓની ધર્મજીજ્ઞાસા પ્રબળપણે જાગ્રત અને ઉત્તેજીત રહે. પ્રત્યેક ગામ યા શહેરમાં એક યા વધુ ધર્મોપદેશકોની યોજના કરી આપણી બાળપ્રજાને ધર્મની કેળવણી ઇષ્ટ પ્રમાણમાં અપાવવાની પ્રવૃત્તિઓ આરંભવી જોઇએ. પુખ્તવયી ભાઇ બ્હેનો પણ ધર્મજ્ઞાનનો લાભ અનુકુળતાપૂર્વક મેળવી શકે તે માટે બોધ્યશાળા સ્થાપવી જોઇએ. તદુપરાંત વિદ્વાન સાધુ પુરૂષો તથા વિદુષી બ્હેનો સ્થળે સ્થળે કૌટુમ્બીક સંમેલનો ભરી ઉપદેશ પ્રચાર કરે એવી યોજનાઓની પણ ઓછી જરૂર નથી.

તે ઉપરાંત સાર્વજનિક વિદ્યાપ્રચારક સંસ્થાઓમાં પણ એવી ગોઠવણો કરાવવી જોઇએ કે જેથી ત્યાં અધ્યયન કરતા જૈન યુવકો આપણા સિદ્ધાંત ગ્રંથોનું ઇષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી શકે. તેમને તે કાર્યમાં પ્રોત્સાહન રૂપે ઇનામો, સ્કોલરશીપો પદકો એ વિગેરેની યોજના કરી, જેટલે અંશે સાધી શકાય તેટલે અંશે આપણા યુવકોનું લક્ષ ધર્મગ્રંથોના અધ્યયન તરફ ખેંચવું જરૂરનું છે.

પ્રાચીન ગ્રંથોનાં સંશોધન તથા પ્રચારાર્થે પણ મહા ભગીરથ પ્રયત્નો થવાની જરૂર ઓછી નથી. આપણે પરંપરાથી જાણીએ છીએ કે "વનસ્પતિમાં જીવ છે." "વાણીમાં પણ પુદ્ગલ છે" આ પ્રકારના આપણા વડીલોપાર્જીત જ્ઞાનને ધર્માભિમાનીઓ વળગી રહેલા હોવા છતાં, આગલા જમાનાના જડવાદના બળે, આપણને 'તે મિથ્યા કલ્પનાઓ હોવાનું કહેવામાં આવતું, અને પ્રમાણ-ગ્રંથોના અભાવે આપણે તે અપવાદનો પ્રતિકાર કરી શકતા નહિ, આપણા સદ્‌ભાગ્યે એ જડવાદીઓનાં પોતાનાંજ રસાયનશાસ્ત્રો આપણી મદદે આવ્યાં, અને આજે એજ શાસ્ત્રોના સમર્થ વિદ્વાનો ડાક્ટર સર જે. સી. બોઝ અને ડા. એડીસન, એ વિગેરેએ ઉપરોકત "મિથ્યા કલ્પનાઓ" ને શાસ્ત્ર અને અનુભવ સિદ્ધ પૂર્ણ સત્ય ઠરાવ્યાં છે. અનેક ગુઢ સિદ્ધાંત-રત્નો આપણાં પ્રાચીન જૈન સાહિત્યમાં એક કે બે નહિ પણ સેંકડોની સંખ્યામાં છે. પણ અફસોસ! આપણે તે તરફ જરાપણ લક્ષ આપતા નથી. કીડાને ભોગ પડતા અમૂલ્ય ગ્રંથો સેંકડોની સંખ્યામાં વિનાશ ભાવને પ્રાપ્ત થયા છે. બાકી રહેલું હજુ પણ ઘણું છે ને તેની રક્ષા થવી ઘણી અગત્યની છે.

સજ્જનો! સમાજ વિચારણા માટેનો બીજો મહત્વનો વિષય "શરીર-સંપત્તિ અને તેની સાધના"નો છે. આપણી સમાજના શ્રેય અર્થે મૂલતત્વોના સંશોધનથી આપણને સમજાશે કે શરીર સંપત્તિ એ આપણાં લક્ષ્યોમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આપણી સર્વ પ્રકારની ધર્મક્રિયાઓમાં શરીર સહાયકારી છે; વ્રત ઉપવાસ ઇત્યાદિ ચિત્તવૃત્તિના નિરોધની ક્રિયાઓની સફળતા માટે તેની ખાસ જરૂર પડે છે. ક્ષમા, શાંતિ, ઉપરતિ એ વિગેરે અનેક સદ્‌ગુણોના ધારણ માટે, તેમજ નાના પ્રકારની અંગત તથા સામાજીક પ્રગતિઓમાં ઉત્સાહ-

પૂર્ણ ભાગ લેવા માટે, પળે પળે સર્વોત્તમ શરીર-સંપત્તિની જરૂર ઓછી નથી. આ સંપત્તિની ખરી કદર આપણે કેટલી ઓછી કરીએ છીએ તે આપણી યુવક અને બાળ પ્રજાની દિનપરે દિન મંદ પડતી શક્તિઓથી સ્પષ્ટ દશ્યમાન થાય છે; આ સર્વનું કારણ આજના જમાનાની રહેણી તથા કુરિવાજો છે. આપણી શરીર સંપત્તિની દુર્બળતા, બાળ વિવાહ, વૃદ્ધ વયે લગ્ન, શરીર પુષ્ટિના યોગ્ય સાધનની ખામી, નાની ને અસ્વચ્છ જગ્યામાં રહેવાનાં સંકટ એ વિગેરે છે. હજી પણ પોતાના યોગ્ય પ્રયત્નદ્વારા શરીર સંપત્તિની દુર્બળતા કેવી રીતે અટકે તે પર લક્ષ આપવાની ખાસ આવશ્યકતા છે, એટલુંજ નહિ પણ તેના અપૂર્વ લાભ અન્યને સમજાવી તે મેળવવા તરફ તેમને દોરવાની જરૂર છે. સમાજ સંઘોનું પણ એ કર્તવ્ય છે કે તે તરફ સામાજીક પ્રગતિઓ અને પ્રોત્સાહની વૃદ્ધિ કરવી. શરીરની સારી તન્દુરસ્ત અવસ્થા સિવાય, કોઇ પણ કાર્યમાં યશસ્વી થવાની આશા રાખવી વ્યર્થ છે, એટલે તે દિશામાં યથાસાધ્ય પ્રયત્ન શરૂ કરવાની આપણી ખાસ જરૂર છે. આ સ્થળે એટલુંજ લક્ષમાં રાખવાનું છે કે આપણાં ધર્મશાસ્ત્રોમાં, શરીર સંપત્તિ જે જે કાર્યો માટે આવશ્યક ગણાવી છે, તે સામાન્ય કાર્યો માટે નથી. અર્થાત્ તે ખાનપાનાદિના શોખ અને ભોગ-વૈભવોના વિલાસ માટેની નથી, પણ તે દ્વારા વ્રતાદિથી નાના પ્રકારની ઇંદ્રિયોનો નિરોધ કરી આત્માનું શ્રેય કરવાનું છે. આપણી શરીર સંપત્તિનાં સાધનો, ઉત્તમોત્તમ પૌષ્ટિક ખાદ્ય પદાર્થદ્વારા નહિ, પણ સાદા અને નિયમિત આહાર વ્યવહારથી પ્રાપ્ત કરવાનાં છે.

સજ્જનો! બીજા વિષય પર આવતાં, વ્યવહારમાં પણ શુદ્ધતા રાખવી એ સર્વોત્તમ છે. તેમાં ખામી રહી તો સર્વે કાર્યમાં વિઘ્નો આવી નડશે એ ચોક્કસ છે. શુદ્ધ વ્યવહાર શાથી પ્રાપ્ત થાય એ જાણવાની જીજ્ઞાસુને સારી વ્યવહારકુશળતા મેળવવા માટે આપણા શાસ્ત્રોમાં આપેલી શિક્ષા દાખલા અને દલીલો પર લક્ષ આપવા કહીશું. નાના પ્રકારના અનિવાર્ય વ્યવહારોનો વિરોધ ન થાય, જીવન-નિર્વાહમાં ઉપાધિ ન આવે, આત્મોન્નતિમાં મન વચન અને કર્મની નિર્લેપનામાં જરાએ બાધ ન આવે, એવી રીતના વ્યવહારનેજ શુદ્ધ અપ્રતિબંધક વ્યવહાર ગણવો જોઇએ. આપણાં ઘણાંએક ભાઇ બ્હેનો આ વિષયમાં એવા અનુમાન ઉપર દોરાય છે કે ઉપરોક્ત વ્યવહાર ફક્ત સાધુઓથીજ સાધી શકાય તેમ છે. પરન્તુ વસ્તુત: તેમ નથી. એ વ્યવહાર સામાન્ય જૈન સમાજને માટે છે, સાધુ પુરૂષોનો વ્યવહાર તો એથી પણ ઉચ્ચતર પ્રકારનો છે, જે વિષય પર આ પ્રસંગે વધુ કહેવાની જરૂર દેખાતી નથી. વળી કૌટુમ્બિક વ્યવહાર પણ પરસ્પરને સહાયક, મમતા પૂર્ણ અને વાત્સલ્ય પ્રેરિત હોવો જોઇએ. પોતાના ભ્રાતૃભગિનીઓમાં એકમેક તરફ પ્રેમ, પૂજ્ય વડીલો તરફ વિનીતભાવ, દયાવૃત્તિ, સહનશીલતા, એ કૌટુમ્બિક વ્યવહારમાં આવશ્યક સદ્ગુણો છે. કલેશ, ઇર્ષા, દ્વેષ, એ વિગેરે મનુષ્ય માત્રને ત્યાંજ છે. પરંતુ જૈન બંધુને તો તે અવસ્ય વર્જવા યોગ્ય છે. પરસ્પરમાં બંધુપ્રેમ, આદરસત્કાર, વાણી માધુર્ય, નિષ્કલંક પ્રતિષ્ઠા એ સર્વ સમાજ સેવામાં મહત્વની યોગ્યતા પ્રાપ્ત કરાવે છે. રાજકીય વ્યવહારો પણ તેટલાજ સ્વચ્છ, પવિત્ર અને ઉચ્ચ અભિલાષાવાળા હોવા ઉપરાંત યોગ્ય પ્રમાણમાં સ્વાર્થ રહિત હોય તો પ્રતિષ્ઠામાં અધિક અંશે વધારો કરે છે. આ પ્રમાણે જૈની તરીકે જૈનને શોભે તેવો સર્વ રીતનો વ્યવહાર આપણા સમાજમાં સંતોષકારક પ્રમાણમાં

પ્રવર્તાયલો જીવોને કયો જૈન બાંધવ હર્ષમગ્ન નહિ થાય? વસ્તુતઃ ઉપર કહ્યા મુજબનો વ્યવહાર આપણે સર્વેએ આદરવો જોઇએ એટલુંજ નહિ, પરન્તુ સમાજની ઉન્નતિ માટે તથા ધર્મની પુષ્ટિ માટે આપણા સ્વધર્મી ભાઇઓ બ્હેનો કયાં કયાં વિઘ્નોને લઇ તેઓ શુદ્ધ વ્યવહાર સાચવી શકતાં નથી, તેની યોગ્ય તજવીજ કરી, તેમને આશ્રય આપવાના ઉદ્દેશથી એવી પારમાર્થિક સંસ્થાઓ તથા શાળાઓ અસ્તિત્વમાં લાવવી કે જેના આશ્રયદ્વારા તેમની ઇષ્ટાભિલાષાઓ પૂર્ણ થાય. ધર્મશાસ્ત્ર તથા ઉચ્ચ કેળવણીની પ્રાપ્તિના સાધનો પૂર્ણ થતાં જડ પ્રકૃતિનો નાશ થઇ સહેજ સ્વભાવે ધારેલાં કામો, અલ્પ મહેનતે ફલીભૂત થશે.

આજીવિકા પ્રાપ્તિનાં સરલ અને સાર્વજનિક સાધનો અને સંસ્થાઓ, જૈન બાંધવોના લાભાર્થે સત્વર અસ્તિત્વમાં આવવાની ઘણી જરૂર છે. પ્રાચીન ઇતિહાસ અને દંતકથાઓ આપણને સ્પષ્ટ રીતે બોધે છે કે આપણા તત્કાલીન પૂર્વજો આ વિષયમાં સંપૂર્ણ જાગ્રત અને પ્રાસંગને અનુસરતો ભોગ આપવાને સર્વ કાળ તત્પર રહેતા. પોતાના ધર્મબાંધવોની આર્થિક ઉચ્ચ નીચ સ્થિતિની તેઓ કાળજી પૂર્વક તપાસ રાખતા; એટલું જ નહિ, પણ નિષ્કલંક આજીવિકા પ્રાપ્ત કરવામાં વ્યથિત બાંધને મદદ કરવા દયાર્દ્રતા અને ઉદારતા સાથે ઉત્સુક રહેતા. આજે આપણામાં તે ભાવના લગભગ નષ્ટપ્રાય થઇ છે. આપણા જ બંધુઓને વિપત્તિમાં પડેલા જોતાં છતાં પણ જરાએ અસર ન થાય એટલે અંશે, આપણાં અંતઃકરણે નિષ્ઠુરતા પ્રાપ્ત કરી છે. આપણે સર્વેએ "જૈન" નામનો આગ્રહ ધરાવતા પહેલાં અંતઃકરણમાં એ નિશ્ચયપૂર્વક ઠસાવવું જોઇએ કે ખરો જૈન એજ, કે જે પરદુઃખે દાઝે અને પારકાના સુખમાં જ આનન્દ માને. પોતાના સુખ, પોતાની વૃદ્ધિ અને પોતાની અભિલાષાઓ માટે તો કીડીથી કુંજર પર્યંત સર્વ પ્રાણી માત્ર યત્નશીલ હોય છે, પરંતુ સ્વામીભક્તિપણું ત્યારે જ આપણું સાચું કહેવાય કે જ્યારે તેમને પરહિત સાધવાની યથાશક્તિ સહાય કરીએ, વનસ્પતિમાંના જીવોની દયા ખાનાર આપણે જૈન માર્ગીઓ, પોતાના ધર્મ બાંધવો અને ભગિનીઓના દુઃખો તરફ લક્ષ નહીં આપીએ તો તેઓની અને તે સાથે ધર્મની ઉન્નતિમાં ખામીનો દોષ આપણી ઉપર જ છે. આપણું શ્રેય આપણે જ કરવાનું છે.

આજીવિકા પ્રાપ્તિનો પ્રશ્ન દિન પર દિન કેટલો બધો ગંભીર અને મુશ્કેલી ભર્યો થતો જાય છે તે આપણને સારી રીતે જાણીતું છે; છતાં તે દિશામાં આપણા બાંધવને સહાય કરવા તરફ પુરતું લક્ષ અપાતું નથી તે નિર્વિવાદ છે. આપણાં કેટલાં સહધર્મી ભાઇ બહેનો અન્ન વસ્ત્ર વિના તરફડે છે? તેઓના રક્ષણના અભાવે જૈન પ્રજામાં ઘટાડો વધતો જાય છે. ઉપદેશકો તેમજ સમાજ હિતનાં યોગ્ય સાધનોના અભાવે તે છિન્ન ભિન્ન થતો જાય છે. આપણા બન્ધુઓને મદદ આપવાથી અન્ય દર્શનિઓ સાથે મળી જતાં અટકશે અને તેઓ સારી લાઇનમાં આવતાં, દેરાસરો વિગેરેની સારી સંભાલ કરી શકશે. આવી આવી ઉપયોગી બાબતો ઉપર જ્યાં સુધી આપણે લક્ષ ન આપીએ ત્યાં સુધી સમાજ વૃદ્ધિની આશા નિરર્થક છે. વાસ્તવિક રીતે કહેતાં પ્રત્યેક શહેરમાં અને ગામમાં એવી એક એક સંસ્થાની આવશ્યકતા છે, કે જેનું કર્ત્તવ્ય લાચાર બાંધવોને યથાયોગ્ય સહાયતા આપી તેમનો જીવનવિગ્રહ સરલ કરી આપે.

સમાજની ધર્મબુદ્ધિમાં અત્યન્ત સહાયક તત્વજ્ઞાની વક્તા છે. હાલના ઉતરતા કાલમાં પ્રભાવિક આચાર્યના અભાવે ને ઉપદેશકોની ખામીથી દેશ વિદેશમાં વસ્તા સહધર્મી ભાઇઓને ધર્મથી ભ્રષ્ટ થતા અટકાવવામાં ને જૈન પ્રજામાં વધારો કરવામાં સમર્થ જૈન તત્વજ્ઞાનીઓની સંખ્યા વધારવાની આવશ્યકતા છે. તે દિશામાં આપણું કર્ત્તવ્ય ઓછું મહત્વનું નથી.

બંધુઓ ! સમાજ સેવાના પ્રશ્નનું મહત્વ આગળ કહ્યું તેમ ઘણુંજ વિશાલ હોવા ઉપરાંત, તેની જરૂરીયાત પણ ઓછી નથી. આપણે આગલ જોયું તે પ્રમાણે વ્યક્તિની ઉન્નતિ અને સમાજની ઉન્નતિ માટે સર્વ દિશાઓમાં ગંભીર પ્રયત્નો થવાની જરૂરીયાત પણ તેટલી મોટી છે. તેજ પ્રમાણે તેને અંગે કર્મચારીઓની સંખ્યા પણ ઘણી જ મોટી હોવાની જરૂર છે, અને આ કર્મચારીઓ તે સ્વાર્થ પ્રેમી નામધારી દોડધામીઆઓ નહીં, પરન્તુ એકનિષ્ઠા અને નિઃસ્વાર્થ પ્રેમવાલી કર્ત્તવ્યપરાયણતાથી પ્રેરાયલા, કોઇ પણ પ્રકારના વિઘ્નોના ભયથી ન ડરતાં, શાંત ચિત્તે અને ઉત્કંઠાથી સમાજસેવા તથા ધર્મ સેવા માટે તત્પર થયેલા, સમાજના પરમ ભક્ત એવા સેવકો હોવા જોઇએ. આવા પરોપકારી નરવીરો આપણા જૈન સમાજમાં ગણ્યા ગાંઠયા છે. આપણી જૈન સમાજનો વિસ્તાર જોતાં તેને અંગે કરવાના મહાન પૂર્ણ કર્મોની સંખ્યા જોતાં અને જે દૂર દેશાવરોમાં કાર્યો કરવાનાં છે તે લક્ષમાં લેતાં આપણને સ્પષ્ટ જણાય છે કે જૈન કાર્યવાહકોની સંખ્યા વર્ષમાં એક બે દિવસ એકત્ર થઇ સંગીન કાર્ય કર્યા વિના વિખરાઇ જાય તો તેથી સમાજ તથા ધર્મ સેવાની ફરજ સિદ્ધ થયેલી ગણાય કે નહીં તેનો નિર્ણય આપ જ કરી લેશો. કહેવાનું ખરૂં તાત્પર્ય એ જ છે કે કર્મક્ષેત્ર ઘણું વિશાલ હોવાથી જ્યાં જ્યાં આ ક્ષણે એક એક વ્યક્તિ કામ કરે છે ત્યાં ત્યાં અલ્પ સમયમાં એક એકને બદલે એક એક સો બલ્કે વધુ બાંધવો સ્વયંસેવકો રૂપે કામ કરવામાં રોકાશે ત્યારે જ આ ઉદ્ધારના મહાભારત કાર્યનો કાંઇક ભાગ સિદ્ધ અને ફલીભૂત થયેલો જોવાને આપણે ભાગ્યશાલી થઇશું. નહીંતર લાભની આશાઓ પણ સંકુચિત પ્રમાણમાં જ રહેવાની.

ઉપર પ્રમાણે લગભગ સર્વ દિશાઓમાં આપણું અને આપણી સમાજનું શું શું કર્ત્તવ્ય છે, શાની શાની જરૂર છે અને જરૂરીયાતનું મહત્વ કેટલું છે તે અલ્પરૂપે જણાવ્યા બાદ આપણી કૉન્ફરન્સે તે તે દિશાઓમાં કરેલા પ્રયત્નો અને તેના પરિણામોની સંખ્યાની સમ્રુતિ કરશું.

આપ સાહેબોને મ્હેં આરંભમાંજ કહ્યું છે કે આપણો ઉદય થવા માંડયો છે. નહીતર આવી સમાજોનું એકત્રપણું કરી સમાજ હિતના માટે યોજનાઓ પર લક્ષ કદાપિ અપાતે નહીં. આપણી કૉન્ફરન્સનો આજ અગીઆરમો ઉત્સવ છે એજ દર્શાવી આપે છે કે આપણી જૈન શ્વેતામ્બરી સમાજના દક્ષ અને વિવેકી અગ્રેસરો સમાજોન્નતિના કાર્યમાં કટિબદ્ધ થઇ ચુકયા છે અને આપણા સદ્ભાગ્યે તેમના પ્રશંસનીય પ્રયત્નો અને કૉન્ફ્રન્સની અગત્યતા વર્ષોવર્ષ વિશેષને વિશેષ દેખાતી જાય છે, ને તેને પરીણામે જ આજે આપણે અત્રે એકઠા થઇ આપણી અંતરની ઉર્મીઓ પ્રગટ કરવા શક્તિમાન થયા છીએ. ગયાં દશ સંમેલનોમાં થયેલાં વ્યાખ્યાનો સંભાષણો અને વિવેચનો દ્વારા આપણા પ્રાચીન ગૌરવનું આપણને જ્ઞાન થયું છે, અને દિન પ્રતિદિન અધિકાધિક પ્રમાણમાં સમાજ ભક્તો

ઉલટ ભર્યો ભાગ લેવા આગલ પડવા લાગ્યા છે, તે તેનું શુભ ચિન્હ છે. એ દશ વર્ષમાં થયેલા કાર્યોની સંખ્યા પણ ગણીએ તો ઓછી નથી, ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણના પ્રચારને ઉત્તેજન મલ્યું છે. સ્ત્રી કેળવણી કન્યા કેળવણી સાહિત્યોદ્ધાર, સાહિત્ય પ્રચાર એ વિગેરે અનેક સમાજોદ્ધારક વિષયો ઉપર અસરકારક વ્યાખ્યાનો થઇ આપણી ધાર્મિક સંસ્થાઓ જીર્ણોદ્ધારો વીગેરે કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. સમાજની નીતિ રીતિની સુધારણા તરફ વિશેષ લક્ષ અપાવા લાગ્યું છે. ટુંકમાં કહેતાં આપણી સમાજને લગતા સર્વ પ્રશ્નો ઉપર યથાયોગ્ય મનન આ કોન્ફરન્સે કરેલ છે. આ સર્વ પ્રોત્સાહક શુભ ચિન્હો માટે આપણે તે તે કોન્ફરન્સોના અગ્રેસર કાર્યવાહકો તથા હિતચિન્તકોના અત્યંત આભારી છીએ, અને પ્રભુ પાસે વિનીતભાવે વંદન કરીએ છીએ કે તેઓમાં જાગૃત થયેલો કાર્યોત્સાહ દિન પ્રતિદિન વૃદ્ધિંગત થઇ તેના અનેકાનેક લાભો આપણને અધિકાધિક પ્રમાણમાં પ્રાપ્ત થાઓ. જે સમર્થ દાનવીર શ્રીમંતોની નામાવલી આપણને પ્રાતઃસ્મરણીય થઇ છે તે નામાવલીમાં રોજને રોજ નવાં નામો ઉમેરાતા જાય. આ આનંદમય ને ઉલ્લાસક પ્રારંભમાં પણ જણાવ્યા વિના ચાલે તેમ નથી કે જે કાંઇ થયું છે અને થાય છે તે સર્વ રીતે સંતોષકારક ન કહેવાય.

સામાજીક પ્રશ્નોની વિવેચના વર્ષમાં એકાદ વખત થઇ બંધ પડે તેથી ઝાઝો અર્થ સરે નહીં એ દેખીતું છે. ફક્ત એક વર્ષનો ખોરાક પૂરો થવા માટે મેઘવૃષ્ટિ પણ ચાર માસ જેટલી લાંબી હોય છે તો આપણા આ કાયમના સામાજીક જીવન નિર્વાહને માટે માત્ર બે ત્રણ દીવસની વચનામૃતવૃષ્ટિથી કેમ ચાલે? બાંધવો તથા ભગિનીઓ! આપ સર્વેને મારી એજ પ્રાર્થના છે કે આપણી સમાજશુદ્ધિનું કાર્ય જેટલે અંશે આપણા અગ્રેસરોનું છે તેટલેજ અંશે આપણું પણ છે એમ દૃઢ માનવું. અગ્રેસરોએ દર્શાવેલા માર્ગે કાર્ય કરી તેમના શ્રમને આપણા પ્રદેશોમાં ફલીભૂત કરવાની જવાબદારી આપણા ઉપર ઓછી નથી. મારૂં એવું દૃઢ મંતવ્ય છે કે અત્ર વિરાજીત દેશ વિદેશી સ્વધર્મી ભાઇઓ આપણા પ્રસ્તુત સમારંભની કાર્યવાહીનાં શુભ ફલ કૃપા કરી પોતાનાં અન્યત્રવાસી સંબંધીઓને પહોંચાડે અને તેમને પણ પોતાની માફક આગામી સમારંભોમાં ભાગ લેવાંને સમજાવે તો થોડાંજ વર્ષોમાં આપણા પ્રતિનિધિઓની સંખ્યા એટલી બધી વધી જશે કે કોઈ પણ એક સ્થળે કોન્ફરંસ ભરવી અશક્ય ગણાઇ પ્રત્યેક જિલ્લામાં બલ્કે પ્રત્યેક શહેરમાં અને તે પણ એકવાર નહીં પણ અનેકવાર ભરવી પડશે. અને વિશેષ પ્રતિભા તો ત્યારે આવશે કે જ્યારે તે સર્વે કોન્ફરંસોમાં એકજ દીવસે એકજ સમયે અને એકજ મહાત્માના વચનામૃતની વૃષ્ટિ સર્વ ભાષાઓમાં ભિન્ન ભિન્ન મુખ દ્વારા સેંકડો યા હજારો તો શું બલ્કે લાખો જૈન ભાતૃ-ભગિનીઓ ઉપર વર્ષશે. પ્રભુની પૂર્ણ કૃપાના આવા અત્યંત આનંદોત્સવના શુભ દિવસે કયા જૈન બંધુના ચક્ષુમાંથી હર્ષાશ્રુ નહિ પડે?

બહેનો તથા ભાઇઓ! મેં આપનો ઘણોજ સમય લીધો છે તેથી આપને પણ કંટાળો ઉપજ્યો હોય તો તેમાં પણ નવાઇ નથી અને તેને માટે ક્ષમાની પ્રાર્થના સાથે મારૂં વિવેચન પૂર્ણ કરતાં, ફરી એકવાર હું આપ સર્વને આગ્રહ કરૂં છું કે આપણા સમાજોત્કર્ષ માટે વિશેષ યત્નશીલ થાઓ એટલુંજ નહીં પરંતુ પોતાના આવાં બંધુઓને પણ તેમાં સહાયભૂત થવા પ્રેરણા કરો અને માનવ જીવનનું સાર્થક કરી શ્રેયસ્કર

પુન્ય સમ્પાદન કરો કે જે દ્વારા અધિકાધિક ઉચ્ચકોટિને પ્રાપ્ત થઇ પોતાની ઇષ્ટસિદ્ધિના અનુપમ લાભ ભોગવવાને સમ્પૂર્ણ ભાગ્યશાળી થાઓ. છેવટમાં આપ સજ્જનોએ સમાજના–ધર્મના શ્રેય અર્થે અત્રે પધારવા તસ્દી લઇ જે માન અત્રેના સંઘને આપ્યું છે તે માટે ઉપકાર માની ફરી પ્રેમપૂર્વક આવકાર આપી, કોનફરંસનું કામ નિયમસર ચાલે તે માટે વ્યવહારિક રીતિએ ચુંટાયલા પ્રમુખ સાહેબની રીતિસર ચુંટણી કરવા સૂચના કરી વિષયાંતર કહેવાયું હોય તેની ક્ષમા ચાહી, બેસી જવા રજા લઉં છું.

## હીંદુ યુનિવર્સીટી માટે થયેલું ફંડ.

શેઠ ખેતસી ખીઅસી રૂ. ૧૨૫૦૦ શેઠ હુલાસચંદજી નીહાલચંદજી સીંધી રૂ. 5% war Loan for general fund 2500 5% war loan to be evated as fund by the medune of which one gold medal to be awarded annually to the first boy of the Hindu University in Jain religious examination. ૩ ઇંદરચંદજી પુરણચંદજી રૂ. ૫૧૦૧, રાજા બિજયસિંહજી દુધેડીયા ૫૦૦૧, કુમારસીંહજી નાહાર રૂ. ૫૦૦૦, બાબુ રાયકુમારસિંહજી ૫૦૦૦, સુખરાજરાય ૩૧૦૦, સૌ બાઇ વીરબાઇ શેઠ ખેતસી ખીઅસીના પત્ની ૨૫૦૧, શેઠ રામચંદ જેઠાભાઈ ૨૫૦૦, માણેકજી જેઠાભાઇ ૧૦૦૦૧, શુગનચંદજી રૂપચંદજી ૧૦૦૧, જમનાદાસ મુરારજી ૧૦૦૧, નાગજીભાઇ ગણુપત ૧૦૦૧, વેલજી શીવજી ૧૦૦૧, પ્રેમચંદ રતનજી ૧૦૦૧, રતનજી જીવણદાસ ૧૦૦૧, આણંદજી પરસોતમ ૧૦૦૧, ઇંદરચંદજી રણજીતસિંહજી દુધેડીઆ ૧૦૦૧, મોતીલાલ મુળજી ૧૦૦૦, સમીર મલજી સુરાણા ૧૦૦૦, પાસુભાઇ પરબત ૭૫૨, કેશવજી એન્ડ કંપની ૭૫૨, મુલજી લખમસી ૭૫૨, કાનજી રતનસી ૭૫૨, તેજુભાઇ કાયા ૭૫૧, મુલજી ધારસી ૭૫૧, ઉમસી રાયસી ૭૫૧, હીરાલાલ અમૃતલાલ ૭૫૧, હીરજી નેનશી ૭૫૧, અમરચંદજી બોથરા બાલુચરવાળા ૫૫૧, પુંજાલાલજી બનારસીદાસજી ૫૦૧, લખમીચંદજી એ. સીપાની ૫૦૧, વાડીલાલ મોતીલાલ શાહ ૫૦૧, કાલીદાસ જશરાજ મ્હેતા ૫૦૧, ટોકરસી મુલજી ૫૦૧, અમુલખ દેવચંદ ૫૦૧, મનસુખભાઇ દોલતચંદ ૫૦૧, કરમચંદ ડોસાભાઇ ૫૦૧, બાબુ ચુનીલાલજી હીરાલાલજી મુનાલાલજી શ્રીમાલ ૫૦૧, શીરવસુખજી પુરણચંદજી ૫૦૧, રાવતમલજી ભેરૂદાસજી કોઠારી ૫૦૧, દેવકરણ ગોકલદાસ ૫૦૧, ગણેશદાસ ખેમચંદ ૫૦૧, ઘેલાભાઇ ગનસી ૫૦૧, પ્રેમજી નાગરદાસ ૫૦૧, ટોકરસી કાનજી ૫૦૧, લખમસી ખેતસી ૫૦૧, ખેઅસી મુધા ૫૦૧, લાલજી ઠાકરસી ૫૦૧, શેઠ હીરજી કાનજી ૫૦૧, માધવજી ધારસી ૫૦૧, મનસુખલાલ રવજી ૫૦૧, ફેરતસીંહજી જાલમસિંહજી ૫૦૧, મુનીલાલ ચુનીલાલ ૫૦૦, શરૂપચંદ પુનમચંદજી કોઠારી ૫૦૦, રવજી રાઘવજી ૨૫૧, પુનસી દેવજી ૨૫૧, ધનજી કાનજી હા. ધનજી ખમજી ૨૫૧, લાલજી રામજી ૨૫૧, વીરચંદ કૃષ્ણાજી ૨૫૧, જગસી ખીમજી ૨૫૧, લાલજી હરસીંગ ૨૫૧, વલભજી હીરજી ૨૫૧, ધારસી નાનજી ૨૫૧, જેઠાભાઈ મુલજી ૨૫૧, દામજી

દેવસી ૨૫૧, દેવજી ખીઅસી નાગડા ૨૫૧, દેવજી રામસી ૨૫૧, સોમચંદ ધારસી ૨૫૧, શેઠ કલ્યાણચંદ શોભાગચંદ ૨૫૧, મોહનલાલ હેમચંદ ૨૫૧, મુનાલાલજી ફતેહચંદજી ૨૫૧, કુંદલમલજી કપુરચંદજી ૨૫૧, ઇન્દરજી સુંદરજી ૨૫૧, નાગજી ખીમજી ૨૫૧, બાબુ ચુનીલાલજી નાહર ૨૫૧, લાલજી ડુંગરસી ૨૦૧, હીરાલાલજી અમીચંદજી ૨૦૧, મોહનલાલ મગનભાઇ ઝવેરી ૨૦૧, માણેકચંદજી ભાયમલજી મેહમવાલા ૨૦૧, મણીલાલ સુરજમલની કુંપની ૨૦૦, ભાણજી મુલજી ૧૫૨, ઇંદુજી ભીખાજી ૧૫૧, ચાપશી પરબત ૧૫૧, પ્રાણજીવનદાસ પુરશોત્તમદાસ રાયબંદરવાળા ૧૦૧, દોશી અંદરજી લાલજી ૧૦૧, વીરચંદ નાનચંદ ૧૦૧, લખમીચંદ શામજી ૧૦૧, તુલજી રામજી ૧૦૧, શેઠ અંબાલાલ ધરમચંદ ૧૦૧, હકમચંદ ધારસી ૧૦૧, નગીનદાસ પુનમચંદ નાણાવટી ૧૦૧, લલ્લુભાઇ કરમચંદ દલાલ ૧૦૧, મનસી લખમસી ૧૦૧, કેશવજી મુલજી ૧૦૧, પોપટલાલ ઠાકરસી ૧૦૧, હરગોવીંદ ડાહ્યાભાઇ ૧૦૧, માણેકચંદજી ચુનીલાલજી ૧૦૧, ભગવાનદાસજી હીરાલાલજી ૧૦૧, શેઠ કસ્તુરચંદજી હીરાલાલજી ૧૦૧, ફુલચંદ મુલચંદ પારેખ ૫૧, વીરાજી માણેકચંદજી મદ્રાસવાલા ૫૧, ભગાજી ચીમનીરામજી, ૫૧, ભેરૂજી છોગાલાલજી ૫૧, હેમચંદ સોમચંદ ૫૧, દામજી માવજી ૫૧, વીરજી ગંગાજર ૫૧, કાલુમલ લાલમલ ૫૧, ફાલુમલ પાલામલ ૫૧, શેઠ કીશનચંદજી કોચર ૫૧, નારણજી ડુંગરસીની વિધવા બાઇ જેઠીબાઇ ૫૧, જીવરાજ કચરા ૫૧, ધનજી ગોવીંદજી ચાલીસગામવાલા ૨૫, જેઠાભાઇ આણંદજી ૨૫, લાલજીમલ પ્રતાપચંદ ૨૫, વસનજી મુલજી ૨૫, દેવજી મુલજી શાહ ૨૫, કેશાજી કસ્તુરચંદજી ૨૫.

**શેઠ ખેતસી ખીઅસી** અગીયારમી જૈન શ્વેતાંબર કોન્ફરંસના પ્રમુખે કરેલી **સખાવતો.**

બનારસ યુનિવર્સિટી રૂ. ૧૫૦૦૦, કલકત્તામાં જૈન ધર્મશાળા નવી કરવા માટે રૂ. ૨૫૦૦૦, એજ્યુકેશન બોર્ડ ખાતે રૂ. ૩૦૦૧, સંયુક્ત જૈન બોર્ડીંગ રૂ. ૩૦૦૧, લીંબડી કોનફરંસ નિભાવ ફંડ રૂ. ૨૦૦૧, જૈન બોર્ડીંગ રૂ. ૩૦૦૧ જૈન લીટ્રેચર સોસાઇટી રૂ. ૧૦૦૧, પુના ભંડારકર ઈન્સ્ટીટયુટમાં જૈન સાહિત્ય સંશોધન માટે રૂ. ૧૦૦૧, કલકત્તા ગુજરાતી સ્કુલ રૂ. ૧૦૦૧, કલકત્તા પાંજરાપોળ રૂ. ૧૦૦૧, કલકત્તા જૈન કલબ રૂ. ૧૦૦૧, નાગપુર નિવાસી જૈન ભાઇઓએ કરેલી સ્કુલમાં રૂ. ૫૦૧ કલકત્તા ગુર્જર મંડળ રૂ. ૫૦૧.

( આ પછી સભાપતિ તરીકે શેઠ ખેતશીભાઇ તેમની ચુંટણી થયા પછીનું વ્યાખ્યાન તેમના મુનિમ સાહેબે હિંદીમાં વાંચી સંભળાવ્યું હતું, અને તે અમો અક્ષરશઃ અત્ર આપીએ છીએ. આ વ્યાખ્યાન એટલું બધું ભાવવાહી અને ચિંતનીય છે કે અમો દરેક વાચક જૈનને તે વાંચી વિચારવાની અને આદરવાની ભલામણ કરીએ છીએ. )

# सभापति शेठ खेतशीभाइ का व्याख्यान.

ॐ

यद्भक्तेः फलमर्हदादिपदवीं मुख्यं कृषेः शस्यवत् ।
चक्रित्वं त्रिदशेंद्रतादितृणवत् प्रासंगिकं गीयते ॥
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः
संघः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम् ॥

श्री वीरशासनरसी साधर्मी भाइयो, तथा वीर शासनसे सहानुभूति रखनेवाले गृहस्थो,

पहिले कभी नहीं देखे गये ऐसे संयोगो और वस्तु–स्थितियोंके बीचमें होनेवाले जैन कॉन्फरन्सके इस ग्यारहवें सम्मेलनके सभापतिके महत्वपूर्ण कार्यको बजानेके लिए श्रीसंघने मुझे जो आज्ञा की है उसे मैं सादर–यद्यपि जवाबदारीके विचारसे डरता हुआ–शिरोधार्य करता हूँ; और आपको धन्यवाद देनेके साथ, मंगलाचरणके संस्कृत पद्यमें श्रीसंघकी प्रार्थना की गई है, उसीको कुछ परिवर्तित शब्दोंमें फिरसे करता हूँ कि–"बलवान इन्द्र भी जिसकी प्रशंसा करता है ऐसी शक्ति जैनसमाजमें उत्पन्न करनेवाले कार्यमें आप मुझे सहायता देवें; जिससे कि जैनसमाज 'दैविक अंशी पुरुषसमूह' के नामसे जैसे पहिले पहिचाना जाता था वैसे ही फिरसे पहिचाना जाने लगे और उस अपना गतगौरव पुनः प्राप्त करनेका सौभाग्य मिले।"

भाइयो, वर्तमान संयोगोंको मैं खास संयोग बताता हूं इसका कारण है। सोलह वर्ष पहिले फलौधीमें इस कॉन्फरन्सका प्रथम सम्मेलन हुआ था, उसके बाद बम्बई, बडौदा, पाटन, अहमदाबाद और भावनगरमें इसके सम्मेलन हुए। प्रत्येक सम्मेलनमें जैन समाजको उत्साह उत्तरोत्तर बढ़ता हुआ दिखाई दिया; यद्यपि उस समय भी आन्तरिक स्थितिका सुधार करनेकी तरफ पूरा लक्ष्य नहीं दिया गया था; और इसके बाद जब पूना, मुलतान और सुजानगढ़में इसके सम्मेलन हुए, उस समय अन्तःस्थितिसुधार तो दूर रहा मगर उत्साह भी बहुत ही कम दिखाई दिया था। स्वयं कॉन्फरन्स कार्यालय कह चुका था, कि सुजानगढ़के

सम्मेलन पश्चात तो कॉन्फरन्स भयंकर रोगमें ग्रस्त हो गई थी। सौभाग्यवश बम्बईके सुशिक्षित लोगोंको उस कठिन समयमें सुमति सूझी। परिणाम यह हुआ कि कॉन्फरन्सका दसवाँ अधिवेशन बम्बईमें हुआ और दृढ बंधारण (Constitution) किया गया। इस प्रकार कॉन्फरन्सकी प्रगतिके इतिहासमें एक नये अध्यायका प्रारम्भ हुआ। तथापि इन सोलह वर्षोंमें एक बुद्धिशाली, ऐक्यप्रेमी और समृद्धिवान जनसमूह जितना उन्नति कर सकता है उतनी हम न कर सकें, यह बात साफ दिलसे हमें मानना चाहिए और उन्नतिके बाधक जितने भी तत्व हैं उनकी खोज करके विवेकपूर्वक उन्हें दूर करनेका प्रयत्न करना चाहिए। मेरी मान्यतानुसार तीन मुख्य बातें हमारी उन्नतिका काँटा बन रही हैं। (१) जातियों, सङ्घो और मुनियोंके झगड़ोंको हमने अपनी ऐहिक उन्नतिके हस्तक्षेप करने दिया, और उनको रोकनेका और लक्ष नहीं दिया। (२) 'लक्ष्मी और विद्या इन दोनोंके संयोग बिना किसी महान कार्यको होना असम्भव है' इस व्यवहारिक सिद्धान्तको हम काममें न ला सके। (३) अपनी मर्यादित शक्तिको हमने बहुत कामोंमें तितर-बितर कर दी; जिससे एक भी काम पूरा नहीं हुआ और इस सिद्धान्तको कि, 'थोड़े पर तात्कालिक आवश्यकीय कार्योंमें अपनी सारी सम्मिलित शक्तिका उपयोग करनेसे सब काम सिद्ध हो जाते हैं' हम व्यवहारमें न ला सके। इन मुख्य रुकावटोंके कारण सङ्घ-शक्ति बढ़ानेके लिये जिन मुख्य साधनोंको प्राप्त करनेकी आवश्यकता थी उनके लिये हम एक चींटीकी चालसे प्रयत्न करनेके अतिरिक्त विशेष कुछ भी न कर सके। विद्यावृद्धिके लिये 'एज्युकेशन बॉर्ड' की जो सुन्दर योजना हुई थी उस सर्वोत्तम उपयोगी व आवश्यकीय कार्यको भी अब तक पूरता बल नहीं मिला। जहाँ पारसी और लुहाणा आदि जातियाँ प्रति वर्ष हजारों ही नहीं बल्कि लाखों रुपये विद्याप्रचारके लिये व्यय कर सकती हैं, वहीं हमारी जाति—जो कि उक्त जातियोंसे विशेष संख्या और साधनवाली है—कॉन्फरन्सको सर्वोपरि और समाजके लिए अत्यंत लाभदायक, विद्याप्रचारकी जो इच्छा है उसके लिये कुछ भी न कर सकी—और ऐसे समयमें भी न कर सकी जब कि लड़ाईके कारण बहुतोंकी आमदनी असाधारण बढ़ी हुई है। तब यही कहना पड़ता है कि हमें बड़ी निष्फलता हुई है। मेरे माननीय बंधु गुलाबचन्दजी ढड्ढाने गतवर्षमें कॉन्फरन्सकी जो रिपोर्ट पढ़ी थी उससे मालूम होता है, कि विक्रम सम्वत् १९६० से १९७१ तक-ग्यारह वर्षके लंबे कालमें-विद्याके लिये केवल तीस हजार रुपये व्यय किये

गये हैं। क्या इससे सिद्ध नहीं होता? कि हम रोगी हैं, और हम एक भयानक स्थितिमेंसे गुजर रहे हैं!

परन्तु संसारमें युद्धने नवीन जोश उत्पन्न किया है; बहुरङ्गी भारतीय प्रजाने जो चिरकालसे आलस्य, फूट और लापरवाहीकी बेड़ियोंसे बंधी हुई थी—अब बेड़ियोंको तोड़ स्वराज्य प्राप्तिका जबरदस्त युद्ध प्रारम्भ किया है। कलकत्ता आज प्रवृत्ति और शक्तिकी आग बरसा रहा है; इसकी वांछनीय छूत यदि जैनी भाइयोंको भी लग जाय तो इसमें कुछ आश्चर्यकी बात नहीं है। कलकत्तेके जैन भाइयोंने, कॉन्फरंसकी मंद स्थितिका और देशकी उग्र प्रवृत्तिका विचार तथा मुकाबिला करके कॉन्फरंसको जो आमंत्रण दिया है यह बहुत ही उत्तम काम किया है। मुझे विश्वास है कि अपने देशके अमूल्य रत्नतुल्य प्रजाके नेता अपने विचारोंकी जो प्रखर आन्दोलन धारा इस भूमिपर बहा रहे हैं उसमें आप अवश्य स्नान करेंगे ओर जिस भारतप्रजाका पुनरुत्थान करनेके लिए ये महापुरुष प्रयत्न कर रहे हैं उस प्रजाके एक उपयोगी अंगको—जैनसमाजको—उन्नत बनानेके लिए आप भी धनबल, जनबल, ऐक्यबल ओर विद्याबल इकट्ठा करेंगे। भारतके उद्धारके आन्दोलनका वातावरण यहाँसे उत्पन्न होकर समस्त देशमें प्रसारित होता है इसमें कोई आश्चर्यकी बात नहीं है। यह वही भूमि है, कि जिसने भूतकालमें कई तीर्थंकर और तत्वज्ञानी पैदा किये थे—जिनकी तेजपूर्ण किरणोंने केवल भारतवर्षको ही नहीं बल्के सारे संसारको चकचोंधा दिया था उसी भूमि पर उत्साहपूर्ण संयोगोंमें आज एक होकर क्या हम अपने इतिहासमें एक नवीन और गौरवशाली अध्यायका प्रारंभ करनेके लिए कोशिश नहीं करेंगे? इस प्रश्नका उत्तर मैं या कोइ अन्य एक व्यक्ति नहीं दे सकता। इसका उत्तर जैनसमाजके समस्त व्यक्ति या श्रीसंघ देगा। मैंने मंगलाचरणमें भी श्रीसंघको ही दुःख हरनेवाला और पवित्र बनानेवाला देव मानकर प्रार्थना की है; क्योंकि संघबल—एकत्रित बल—ही प्रत्येक समाजकी मुक्तिका मूलमंत्र और शासनरक्षक देव है।

गृहस्थो, मैं एक व्यापारी हूँ; और आप जानते हैं कि व्यापारीके तीन खास लक्षण होते हैं। (१) चारों ओरकी स्थितियोंका और अनुकूल तथा प्रतिकूल बहते हुए वायुका गंभीरतासे विचार करना। (२) कल्पनाओं और सिद्धान्तोंकी अपेक्षा काममें आनेवाली हकीकतों (facts) और आँकड़ो (Figures) पर विशेष

ध्यान देना; और (३) आकस्मिक लाभसे फूल न जाना और आकस्मिक हानिसे घबरा न जाना बल्के साहस और धैर्यके साथ आगे बढ़नेके लिए प्रयत्न करते रहना। और मेरा तो ऐसा विश्वास है कि किसी भी जाति, समाज या देशकी अभिवृद्धिके लिए उक्त तीन बातोंके सिवा अन्य कोई भी बात विशेष अच्छी और सरलतासे व्यवहारमें आनेवाली नहीं है। व्यापारमें कविता या कल्पनाकी कूद फाँद काम नहीं देता और न देवोंकी की हुई प्रार्थनासे ही कुछ लाभ होता है। इसमें तो शुष्क तथ्यों ( Dry facts ) और गिनतिओं ( Figures ) पर पूरा ध्यान देकर प्रकाशमान भविष्यकी आशामें अश्रान्त परिश्रम करना ही फलप्रद होता है। और इसी लिए, मेरे प्राणप्रिय साधर्मी भाइयो, यदि मैं मीठी मीठी बातों, हवाई कल्पनाओं और क्षण २ में उत्पन्न होनेवाली और नष्ट होनेवाली विचारतरंगोसे आपको प्रसन्न न कर सकूँ और रूखी हकीकतों व घबरा देनेवाले आँकड़ोके रस्ते ले जाऊँ तो मुझे एक व्यापारी समझकर क्षमा करना।

जिस तरह जैनसमाज अब तक अपनी कुछ उन्नति नहीं कर सका इसी तरह जैन 'कॉन्फरंस' भी आगे न बढ़ सकी, इसका मुख्य कारण मुझे तो 'जीवित श्रद्धा' ( Living faith ) का अभाव प्रतीत होता है। मैं इस समय क्रियाकांडके ऊपर हमारी जो श्रद्धा है उसके विषयमें नहीं कहता हूँ। मगर मैं उस श्रद्धाकी तरफ आपका लक्ष खींचना चाहता हूँ जिसमें मनुष्य यह विश्वास रखता है, कि मैं उन्नतिशील, प्रति दिन आगे बढ़नेवाला और अपने आवरित अनन्त ज्ञान और शक्तिको प्रकाशमें लानेकी योग्यता रखनेवाला आत्मा हूँ। इसी श्रद्धाको मैं 'जीवित श्रद्धा' कहता हूँ। अपने शरीर, गृहसंसार, व्यापार, राजकीय प्रवृत्ति, संघ, गुरु आदिके संबंधमें जब कभी कुछ विचारनेका अवसर आवे तब यह श्रद्धा हमारे हृदयमें जागृत रहनी चाहिए। जिस गृहसंसारसे, जिस व्यापारसे, जिस सम्मेलनसे, जिस सुधारसे, जिस गुरुसे, जिस क्रियाकाडसे और जिस राजकीय आन्दोलनसे हम अपने और अपने आसपासके आत्माओंको थोड़ेसे भी विकसित नहीं कर सकते हैं, वह गृहसंसार, वह व्यापार, वह सम्मेलन, वह सुधार, वह गुरु, वह क्रियाकांड, और वह राजकीय आंदोलन मेरी सम्मतिमें तो बिलकुल फिजूल है, त्याज्य है, जड़वाद है। उसका आडंबर चाहे कितना ही मोहकहो और ऊपरसे उसमें चाहे कितना ही लाभ दिखाई देता हो, परंतु वस्तुतः तो वह हानिकर ही है। हमारी सारी प्रवृत्तियाँ-क्या व्यक्तिगत और क्या सामाजिक–इसी जीवित श्रद्धाके

आधार पर होनी चाहिए। जब यह भावना हमारे हृदयोंमें प्रवेश करेगी और अपनी चैतन्यज्योतिका प्रकाश फैलाने लगेगी—मैं कह सकता हूँ—तब हमारे व्यापारी लोग सोनाचाँदीके ढेर लगा कर प्रसन्न होनेके लिए नहीं बल्के अपने और समाजके—देशके—आत्माको विकसित करनेके लिए व्यापार करने लगेंगे; विद्याध्ययन करनेवाले पढ लिखकर बड़ी बड़ी पदवियाँ पानेके लिए या मान तमगे प्राप्त करनेके लिए या भड़कदार भाषण देकर अपना रौब दिखानेके लिए नहीं, प्रत्युत अपनी आत्मशक्तिका विकास कर विकसित शक्तिको समाजकी उन्नति करनेके लिए और उसको अकंटक मार्गपर चलानेके लिए ही विद्याध्ययन करने लगेंगे; और अपने साधु मुनिराज एक गच्छसे दूसरा गच्छ अच्छा है, एक साधुसे दूसरा साधु बढ़िया है, एसा दिखाव करनेके लिए नहीं परन्तु 'भिन्न २ आत्माओंकी अनंत शक्तियोंका एकीकरण करनेके लिए त्यागी आश्रम मददगार है' एसा समझकर एकीकृत शक्तियोंसे समाजको ऊपर ले जानेके लिए ही साधु बनेंगे। यदि एसे जोश और ऐसी 'जीवित श्रद्धा' का आप मूल्य समझने लग जायँगे तो कॉन्फरंसकी और उसके द्वारा होनेवाला सामाजिक उन्नति सहजहीमें हो जायगी; क्योंकि इस श्रद्धा और जोशके कारण वानप्रस्थाश्रमका समाजमें पुनरुद्धार होगा; और अमुक उम्र तक द्रव्य प्राप्तकर विशेष धन कमानेका लोभ न कर सफलताप्राप्त निवृत्त व्यापारी, डाक्टर, वकील, बेरिस्टर और सरकारी नौकरीसे छूटे हुए पेन्शनप्राप्त अधिकारी लोग, अपने दीर्घकालके जीवनकलहमें जो अनुभव और वसीला उन्होने प्राप्त किया है उसे पूर्णतया समाजसेवाके कार्यमें अर्पण करनेको तैयार होंगे। किसी भी तरहके सेवाके कार्यको टिका रखने और उसे आगे बढ़ानेके लिए ऐसे अनुभवियोंके कार्य करनेका खास आवश्यक्ता है, उनके किये विना किसी कार्यका चलना असंभव प्रतीत होता है। गहरे रहस्योंका पता लगानेके लिए, कठिन समश्या उपास्थित होनेके समय कोई सुगम मार्ग खोज निकालनेके लिए, नवयुवकोंके हृदयोंमें उत्साहकी प्रेरणा करनेके लिए, धनाढयोंपर प्रभाव डालनेके लिए, और सरकारमें जातिय बातोंका पेश करनेके लिए ऐसे 'अर्द्ध—साधु 'ओंका—जो प्राइवेट जीवनसे निवृत्त होकर समाजसेवाके लिए अपना जीवन अर्पण करनेका

' व्रत ' लेकर बैठेहुए हैं—सलाह और सहायताकी आवश्यकता है। इसके विना न कोई समाज आजतक आगे बढ़ा है और न बढ़नेकी आशा ही है। इतिहास-प्रसिद्ध प्राचीन स्पार्टनोंका वैभव उनके वृद्ध सलाहकारों और स्वयंसेवकोंके आधार पर था। युवक वर्ग उन वृद्धोंकी सलाह और आज्ञाको अपने सिरपर चढ़ानेमें अपना गौरव समझता था।

अपने माननीय स्वयंसेवक स्वर्गवासी सेठ प्रेमचंद रायचंद, सेठ केशवजी नायक, सेठ लालभाई दलपतभाई आदिकी सेवाको हम कभी नहीं भूल सकते। उनके नाम आज भी अँधेरी रात्रिमें तारोंकी तरह चमक रहे हैं। स्वर्गस्थ राय बहादुर बाबू बद्रीदासजी साहिबने कि जिनके स्वर्गवास होनेकी बात प्रगट करते मुझे दुःख होता है, जातिकी सेवा करके अपना नाम अमर किया है। इन सब महानुभावोंकी जगहको पूरी करनेके लिए, अब हमें महात्मा गांधी और माननीय गोखलेके समान वानप्रस्थों–अर्द्धसाधुओं (Missionaries)—की आवश्यकता है।

## व्यवस्थापक कार्यकर्ता ' स्वयंसेवक ' आगे आवें !

तब यदि कॉन्फरंसके कार्यको सफल करना हो और जातिको उन्नत बनाना हो तो मैंने अभी कहा ऐसे कार्यकर्ताओंको आगे आना चाहिये। लोग उन्हें अपने सच्चे ' नेता ' समझेंगे; मगर उन्हें तो अपने आपको ' समाजसेवक ' ही समझना चाहिए। बारा महीने या दो बरस बाद एकत्रित होनेसे, या भाषणोंसे, या हजार-दो हजार रुपये एकत्रित करलेनेसे समाजका हित साधना कठीन मालूम होता है। सारे दूसरे कार्योंका और गृहसंसारके जंजालका परित्याग कर समाज-सेवाको ही अपना रोजगार—कार्य—बनानेवाले स्वयंसेवकोंको आगे आना चाहिए और उन्हें एक बड़े वेतनवाले सुशिक्षित सेक्रेटरीकी सहायतासे सारे दिन कॉन्फरंसका ही कार्य करते रहना चाहिए। (१) समाजकी सेवा यह अपनी ही सेवा है, एसी श्रद्धाके साथ समाजसेवाकी चाह होना ' सेवकों ' अथवा नेताओंका पहिला गुण है। (२) अपने समाजकी स्थितिकी और अपने आसपासके लोगोंकी स्थितिकी तुलना कर सके, एसा गंभीर–खुला हृदय होना, नेताका दूसरा गुण है। (३) समाजपर प्रभाव डाल सके एसी स्थिति (Social status) और इच्छाशक्ति (Will-power) का होना नेताका तीसरा गुण है; और (४) समाजहितके लिए अपने सब लाभोंको—और आवश्यकता पड़े तो अपनी लोकप्रियताको भी—बलि देनेके लिए तैयार रहना, यह नेताकी चौथी योग्यता है।

ऐसे कार्यकर्ता ज्यादा नहीं केवल आधा डजन ही यदि हमें मिल जायँगे तो मुझे विश्वास है कि सिर्फ दस बरसके अंदर ही हम जैनजगतको उन्नतिकी सर्वोत्कृष्ट चोटीपर बैठा हुआ देख सकेंगे। क्योंकि सौभाग्यवश धनकी हमारे यहाँ कमी नहीं; दया भी अन्य जातियोंकी अपेक्षा हमारी जातिमें विशेष है; सामान्य बुद्धि-में भी हम किसी जातिसे कम नहीं हैं। हमारे अंदर सिर्फ एसे स्वयंसेवकोंकी कमी हैं, जो प्रत्येकके विश्वासपात्र बनकर प्रत्येककी शक्तिका केंद्रस्थान 'कॉन्फरंस' को बनानेका पद्धत्तिके अनुसार परिश्रम कर सकें और हजारों बिखरे हुए मोतियोंको पिरोकर हार बनानेके लिए अपने आपको धागा बना सकें।

## कार्य कहाँसे प्रारंभ होना चाहिये ?

बंधुओ, जब हम बातें करने बैठते हैं तब एक भी उपयोगी बात नहीं छोड़ते। बालविवाह, वृद्धविवाह, कन्याविक्रय, अनमेल विवाह, फिजूल खर्ची, वैश्या-नृत्य, इत्यादि २ हानिकारक रीतियोंके विषयमें हम प्रत्येक संमेलनमें और प्रत्येक मीटिंगमें चिल्लाते हैं; अथवा इस स्थितिको सुधारनेके लिए ईश्वरसे प्रार्थना करते हैं; परन्तु रोना चिल्लाना या प्रार्थना कर दूसरोंसे सहायताकी आशा रखना ये दोनों ही निर्बलताके चिन्ह हैं। वीरभक्तो ! यदि हम अपने ही दुःख काटनेमें समर्थ न होंगे तो फिर दूसरोंके दुःख कैसे काट सकेंगे ? हमें अपना सौभाग्य समझना चाहिए कि कई त्रुटियाँ जो हमको बहुत ही बड़ी मालूम हो रही हैं– बिल्कुल ही साधारण हैं, और अल्प परिश्रममें ही हम उनको पूरा कर सकते हैं। केवल एकही प्रयाससे बुद्धि के विकास मात्रसे–अज्ञानजन्य सारी आपत्तियाँ स्वयमेव दूर हो सकती हैं। बुद्धिविकासके लिए विद्या–प्रचार ही एक राजमार्ग है; मगर हम सच्चे दिलसे कभी इस मार्गपर चलनेको तत्पर नहीं हुए। इस बीसवीं शताब्दिमें जब कि युरोप, अमेरिका आदि देश बिमानोंके ऊपर चढ़कर आगे बढ़ रहे हैं और भारतकी भी कई जातियाँ घोड़ा गाड़ीमें सवार होकर बड़ी तेजीके साथ आगे चली जा रही हैं, तब हम पुराने जमानेके खटारेमें ही पड़े हुए हैं, और खटारेमें पड़कर भी इतने बेसुध हैं कि खटारा आगे बढ़ रहा है या पीछे हट रहा है इसकी हमें कुछ भी खबर नहीं है। जब हमारे हजार भाइयोंमेंसे केवल ४२५ ही लिख पढ़ सकते हैं और अंग्रेजी शिक्षा तो प्रति सहस्र २० ही पाते हैं तब ब्रह्मसमाजी मनुष्योंमें प्रति सहस्र ७३९ लिख पढ सकते हैं और ५८२ अंग्रेजी जानते हैं। सबसे पहिले इस तिरस्कार करने योग्य अज्ञानदशाको दूर करनेके

लिए हमारा लक्ष जाना चाहिए। प्राथमिक पाठशालाएँ, स्कूल या कालेज दूसरी जातियोंसे अलग होकर स्थापन करना मुझे अनावश्यक जान पड़ता हैं। भारतीय अन्य प्रजाके साथ ही मिलकर हमें सार्वजनिक प्राथमिक शालाएँ और स्कूल जगह २ पर स्थापन करना चाहिए। इसके अतिरिक्त हमें अपना खास फंड खोल, उसमें लाखों रुपये जमाकर जैनियोंके साधनहीन लड़कोंको स्कालर्शिप देना चाहिए और उनके विद्यार्थी एक साथ रहकर विद्याभ्यास कर सकें ऐसे विद्यार्थी-गृह अथवा बोर्डिंगहाउस स्थापन करने चाहिये। इस समय जितने बोर्डिंग हाउस चल रहे हैं, उन सभीमें तीनों संप्रदायोंके विद्यार्थियोंको रखनेका प्रबंध हो जाना चाहिए। इसी तरह सब बोर्डिगोंकी सुव्यवस्था करनेके लिए एक सुशिक्षित अनुभवी इन्स्पेक्टर भी नियत करना चाहिए। इस सारी व्यवस्थाके लिए लाखोंका फंड करना हमारा प्रथम कर्तव्य है। आज व्यापार करनेमें भी अंग्रेजी ज्ञानकी आवश्यकता हो गई है, मुसाफिरीमें भी इस भाषाके ज्ञानका होना अत्यंत आवश्यकीय हो गया है, विकालत, नौकरी और राजकीय प्रवृत्तिमें तो इस ज्ञानके विना किसी कामका होना सर्वथा असंभव है। फिर युद्धने जो परिस्थितियाँ उत्पन्न की हैं, उनसे भारतवर्षका सारे संसारके साथ विशेष संबंध होगया है, ओर आगे इससे भी अधिक होगा। इस स्थितिमें मातृभाषाके साथ ही साथ अंग्रेजी भाषाका ज्ञान प्राप्त करना भी लगभग सबके लिये जरूरी है। और इसके अलावा व्यापारिक ज्ञान प्राप्त करनेका प्रश्न फिर जुदा है। व्यापारकी स्पर्द्धा प्रति दिन बढ़ती जा रही है, जीवनकलह तीव्रतर होता जा रहा है। युद्धने युरोपको जो व्यापारिक हानि पहुँचाई है उसके फायदा उठाकर जापान सारा व्यापार अपने हाथमें लेनेके लिए प्रयत्न करने लग रहा है; ओर भारत—जिसके यहां सारे प्राकृतिक साधन मौजूद हैं—हाथ पर हाथ रखके बेठा है यदि हम सरकारी मददके अभावकी चिल्लाहट करके ही बैठे रहेंगे तो ऐसा अच्छा सुनहरी अवसर हाथसे खो देंगे, कि जिसका मिलना फिर कष्ट-साध्य हो जायगा। इस लिए इस समय जैन जातिको और अन्य दूसरी जातियोंको भी जाति—भेदों, धर्मपंथों ओर लोकरिवाजोंके झगड़ोंको अलग रखकर अपनेसे बने इतने प्रयत्नके साथ लाखों, करोड़ों रुपये एकत्रित कर व्यापार—वृद्धिके कार्यमें अविलंब लग जाना चाहिए। प्रोफेसर बोसकी महान् योजना सचमुच ही देशको आशीर्वाद रूप होगी; टाटाका लोहेका कारखाना और बैंकका

साहस भी इसी तरहसे देशके लिए उपकारी होगा। अब प्रत्येक जातिको चाहिए कि वह अपनी संतानको आवश्यकतानुसार अंग्रेजी सिखाकर कारखानोंमें काम सीखनेके लिए भेजे, अथवा व्यापारमें होशियार बनावे। ऐसा करनेके लिए हरेक कोमको लाखों रुपये खर्च करनेके लिए तत्पर होना चाहिए। पश्चिम देशके जडवादका असर हमारे नव युवक शिक्षितोंपर होना जा रहा है, वे जैन-धर्म और जातिसे प्रायः लापरवाह होते जा रहे हैं और मुझे भय है कि यदि हम उनको सहायता देने और धर्मका वास्तविक रहस्य समझानेके लिए प्रयत्न नहीं करेंगे तो वे हमसे सर्वथा भिन्न हो जायँगे। उनको हमारे धर्म या समाजके प्रति उसी समय प्रेम, आदर और ममत्व होगा, जब कि हम उन्हें अज्ञान और दारिद्र्य दशासे निकालनेको लिए अपना हाथ बढ़ायगे और अपने कृत्योंद्वारा उन्हें विश्वास दिला देंगे कि हम प्रत्येक स्थितिमें तुम्हारी सहायता करनेके लिए तैयार हैं। यदि हम अपनीं तांनमें मस्त रहकर उनको भूल जायँगे तो स्वभावतः वे भी हमें भूल जायँगे। शिक्षित लोग धार्मिक या सामाजिक कार्योंसे अलग रहते हैं इसका दोष श्रीमंतोंके सिर ही लगाया जा सकता है; क्योंकि उन्होंने अपनी जातिके गरीब परन्तु विद्यारसिक युवकोंको प्रेमपूर्वक अपने पास बुलाकर, उनका विद्या-प्राप्तिका मार्ग सरल नहीं बनाया और उन्हें भीख माँगकर, कष्ट उठाकर, काम चलानेके लिए विवश किया। क्या जैन व्यापारी, वकील, डाक्टर और बड़ी बड़ी तनख्वाह पानेवाले नोकर लोग एक एक दो दो जैन विद्यार्थियोंका पालन नहीं कर सकते? और यदि ऐसा हो सके तो प्रतिवर्ष एक हजार विद्यार्थियोंको उच्च शिक्षा दिया जाना क्या कोई कठिन कार्य है? इस समय मुझे 'जैन विद्योत्तेजक फंड' के जन्मदाता एक मुनिजीके चित्तकी उदारता याद आती है, और साथ ही इस बातका स्मरण आते ही कि झगडे और लापरवाहीने उसे बाल्यकालमें ही नष्ट कर दिया, दुःख भी होता है। सौभाग्यवश दुसरा एक ऐसा ही प्रयत्न बहुत बड़े पायेपर इस समय भी प्रारंभ हुआ है; और उससे बहुत कुछ आशा की जाती है। एक कहावत है कि 'छोटे ग्राससे बहुत खाया जाता है'। इसके अनुसार यदि प्रत्येक सशक्त जैन उक्त प्रयत्नमें स्कालर्शिपकी सहायता दे, तो प्रत्येक प्रान्तके और प्रत्येक फिरकेके जैन विद्यार्थीके विद्याभ्यासका मार्ग बहुत ही सरल हो जाय।

## विद्याप्रचारके लिये अन्य सरल मार्ग।

धनाढयोंकी सहायताके अतिरिक्त विद्याप्रचारके लिए साधारण जनसभाजकी सामान्य परंतु सहानुभूतिसूचक सहायता प्राप्त करनेका प्रयत्न करना भी आवश्यकीय है। और इसके लिए कॉन्फरंसने 'सुकृतभंडार फंड' के नामसे चार आना प्रति व्यक्ति ( per head ) इकट्ठे कर उसकी आधी रकम शिक्षाप्रचारके कार्यमें खर्च करनेका जो नियम किया है वह बहुत ही उत्तम और दूरदर्शिताका है। यह बात ठीक है कि अबतक हम लोग इस मार्गसे बिल्कुल ही तुच्छ रकम एकत्रित कर सके हैं; परन्तु यदि हमारे मुनि महाराज इस विषयमें उपदेश देनेकी कृपा करें और दूसरी ओरसे गाँवोंके और शहरोंके नवयुवक अपने २ ग्रामों और शहरोंसे 'सुकृत भंडार फंड' की रकम एकत्रित करनेका केवल एक ही महीनेतक प्रयास करें तो प्रतिवर्ष हजारों रुपये इस फंडको मिल सकते हैं। साधुवर्गमें और जवानोंमें केवल उत्साह बढ़ानेकी आवश्यकता है और इसके लिए नियमित पत्रव्यवहार व प्रवासके द्वारा शुभ वातावरण फैला सकें ऐसे कार्यदक्ष असिटें सेक्रेटरीकी अनिवार्य आवश्यकता है। 'सुकृतभंडार फंड' के इस विद्याप्रचारके पवित्र ध्येयकी सिद्धिके लिए दूसरे भी कई व्यावहारिक मार्ग मौजूद हैं। शारदापूजन, महावीरजयंती तथा संवत्सरी—ये तीन प्रसंग ऐसे हैं कि इन पर गरीबसे गरीब जैन भी कुछ न कुछ दान करनेके लिए स्वभावतः ही प्रेरित होता है। इस दानकी इच्छाको विशेष प्रबल करना और उसे एक ही दिशाकी ओर फिरा देना केवल इतना ही काम हमारे करनेके लिए बाकी रहता हैं। विद्याप्रचारके कार्यमें दान देना ही वास्तविक शारदापूजन है और ज्ञानके सागर महावीर पिताके जन्मका और मोक्षका आनन्दोत्सव करनेका भी यही एक सर्वोत्तम मार्ग है. यह बात यदि हम पेम्फलेटोंके द्वारा, समाचारपत्रोंके द्वारा, साधु महात्माओंके उपदेशो द्वारा, और कॉन्फरन्सके उपदेशकों द्वारा अपने भाइयोंके हृदयोंमें अच्छी तरहसे ठँसा सके तो छोटी छोटी रकमोंसे भी हम हजारों रुपये विद्याप्रचारके लिए इकट्ठे कर सकते हैं।

विद्याप्रचार और कॉन्फरन्सकी सफलताके लिए शिक्षितोंके सम्मिलित होनेकी आवश्यकता।

परन्तु बहुतसा काम शिक्षित लोगोंको अपने जिम्मे कर लेना चाहिए। सेठोंने और साधुओंने आजतक समाज और धर्मको टिका रक्खा है; उन्होंने अपने

ढंगसे समाज और धर्मके लिए जो कुछ बन सका वो किया है। शिक्षित लोग चिल्ला रहे हैं कि देशकालमें परिवर्तन हो गया हैं अतः अब नवीन पद्धतिसे कार्य करना चाहिए, मगर वे पुकार करके ही क्यों बैठ जाते हैं ? कॅान्फरंस ' यह नाम नवीन देशकालके अनुसार वर्ताव करनेके हिमायतियोंने ही तो रक्खा है। मगर उन्हें यह स्वीकार करना पड़ेगा कि उन्होंने कॉन्फरंसके द्वारा समाजको लाभ पहुँचानेवाला कोई भी कार्य–जिसके लिए कि गर्व किया जा सके–अब तक नहीं किया है । कॉन्फरंसके एक सम्मेलनसे दूसरे सम्मेलन तक बीचके समयमें समाचारपत्रोंमें लेख लिखनेका, छुट्टियोंके दिनोमें प्रवास कर भाषणोंके द्वारा लोकमत अपनी ओर करनेका, और अपनेसे हो सके उतना परिश्रम करके ' केलवणी या शिक्षा फंड ' के लिए द्रव्य एकत्रित करदेनेका काम शिक्षितोंको अपने शिर ले लेना चाहिए। ' जैन एज्युकेशन बोर्ड ' के साथ पत्रव्यवहार कर उस संस्थाके संचालकोंकी कठिनाइयोंसे परिचित होना चाहिए; उन्हें कठिनाइयोंसे मुक्त होनेका मार्ग दिखाना चाहिए और बन सके तो कठिनाइयाँ दूर करनेके लिए स्वयमेव भी कोशिश करना चाहिए । अपनी शक्तिके अनुसार इस खातेमें रकम देकर भी दूसरोंके दिलोंमें यह बात ठँसाना चाहिए कि एक शिक्षित मनुष्य कितनी सेवा कर सकता है और वह अपने देशके लिए, समाजके लिए, धर्मके लिए कितना उपयोगी बन सकता है ।

## अपनी संख्याका भयंकर ह्रास ।

अब मैं एक एसे विषयपर कुछ विचार प्रदर्शित करूंगा जो कि बहुत ही खेदजनक और अत्याज्य है । बरसोंसे हम उन्नति उन्नतिकी पुकार करते आ रहे हैं; परन्तु इन पुकारोंसे कुछ लाभ नहीं हुआ । हमारी संख्या बढ़नेके बजाय घटती जा रही है: परन्तु हम उस ओर कुछ भी ध्यान नहीं देते । सन १८९१ इसवीमें भारतके सब जैनोंकी संख्या १४,१६,६३८ थी। सन १९०१ में–अपनी कान्फरंसके जन्मके लगभग–वह १३,३४,१४० तक आगई थी, और उस जमानेमें–जब कि तीनों संप्रदायोंकी कॉन्फरंसें पूरी तंदुरस्त थी–संख्याका बढ़ना तो दूर रहा मगर जितनी वह पहिले थी उतनी भी नहीं रही; बल्के सन १९११ में घटकर १२,४८,१८२ रह गई । अभिप्राय यह है कि जिन दस वर्षोंको हम उदयकाल मानते हैं, उनमें तो लगभग एक लाख आदमी हममेंसे कम हो गये हैं। इतना नहीं बल्के पहिलेकी अपेक्षा अब घटतीका प्रमाण भी विशेष हो गया है ।

बौद्धोंमें, ईसाइयोंमें, सिक्खोंमें, मुसलमानोंमें और पारसियोंमें संख्या बढ़ती गई है और जब विशाल हिन्दूजातिमें १/१० टका जितनी कमी हो गई है तब हमारेमें साढ़े छः टका जितनी घटती हुई है। इससे समझमें आयगा कि बहुत ही भयंकर संयोगोंके बीचमें होकर हम गुजर रहे हैं। पारसी, सिक्ख या हिन्दू यदि जागृत होनेमें और सुधार करनेमें प्रमाद करेंगे तो उन्हें इतना भय नहीं है। जितना कि हमें है। इसलिए हमें अपने बढ़ते हुए विनाशका मूल कारण निर्भीकतासे निष्पक्ष होकर प्रकट करना चाहिए। जलवायु, शरीर-संगठन आदि बातोंमें जितनी सुविधा-असुविधा अन्य भारतीय प्रजाको है उतनी ही हमें भी है; अन्य जातियोंकी अपेक्षा हम विशेष गरीब भी नहीं हैं। तब फिर अन्य भारतीय जातियोंकी अपेक्षा हमारी संख्या ज्यादा प्रमाणमें कम हुई, इसका कारण क्या है ? मेरी ऐसी धारणा है कि हमारे वर्तमान सामाजिक व्यवहारोंमें ही इस रोगका मूल कारण है। रोटी बेटी व्यवहारमें हम बहुत संकुचित बुद्धिवाले हो गये हैं, इससे अयोग्य विवाहों और विधवाओं तथा विधुरोंकी संख्या बहुत बढ गई है। मृत्युसंख्यामें भी इससे वृद्धि होती जाती है। हजारों युवतियों और युवकोंकी उत्पादक शक्ति इसलिए कुछ काम नहीं करती कि उन्हें विवश होकर अविवाहित रहना पड़ता है। इस तरह हमारी रूढियोंने मृत्यु संख्याके प्रमाणमें वृद्धि कर जन्मकी संभवताको कम की है; और अन्योंको अपनेमें शामिल कर संख्या बढानेकी बुद्धिमत्ताको तो हमने गिरवी ही रख दिया है। अन्य धर्मावलंबियोंको शामिल करनेकी बात तो दूर रही, परन्तु जैनधर्म पालनेवाले लोगोंके साथ भी, प्रान्तभेद, जातिभेद और धर्मभेदके कारण हम विवाहसम्बन्ध नहीं करते हैं। विशेष क्या कहुँ, एकही धर्म और एकही जातिके होते हुए भी हमें एक साथमें बैठकर खानेसे पतित हो जानेका भय रहता है। आप लोग कहते हैं कि हमारा सुधार हुआ है, हम बुद्धिमान हुए हैं; परंतु मुझे तो डर है कि कहीं सुधरनेके बजाय हम बिगड़ते तो नहीं जा रहे हैं ! हमारे विद्वान महात्मा श्री आत्मारामजी महाराजने लिखा है कि, " अपने पूर्वज हिन्दुओंके बनाये हुए जातिभेदकी परवाह नहीं करते थे; वे धर्मके आधारपर ही समाज रचते थे और संख्याबल और ऐक्यबलकी वृद्धि करते थे; श्री महावीर प्रभुके ७० वर्ष बाद अपने महान गुरु श्रीरत्नप्रभसूरिने ब्राह्मण, क्षत्रिय, वैश्य और सुतार आदिके १८००० अट्ठारह हजार घरोंको जैन बनाकर उनमें परस्पर रोटी बेटीका व्यवहार जारी किया था और इस तरहसे जैनसमाजकी रचना की थी; इसी

प्रकार श्रीहरिभद्रसूरिने, लोहाचार्यने और जिनसेनाचार्यने भी राजपूत सुतार आदिको जैनधर्मकी शिक्षा दे उनका परस्पर रोटीबेटी व्यवहार करवाया था"। आगे चलकर यही महाराज कहते हैं:—"जैनशास्त्रोंमें तो केवल उसी बातकी मनाई की गई है, कि जिसके करनेसे धर्ममें किसी प्रकारका दूषण लगे। बाकी तो लोगोंने अपनी अपनी रूढियाँ मान ली हैं। आज भी यदि कोई सारी जातियोंको एक करे तो कुछ हानि नहीं है।" मध्यकालीन हिन्दू धर्मगुरुओंने जिन जाति-उपजाति आदिकी बेड़ियोंके द्वारा हिन्दूसमाजको निकम्मा बना दिया था, हमारे उदारचेता और दूरदर्शी आचार्योंने उन्ही बेड़ियोंको धार्मिक एकताकी छेनीसे काट दिया था। मगर खेद है कि वेही बेडियाँ हमने अपने आप फिर अपने पैरोंमें डाल ली हैं और हम जाति—उपजातियोंके दास बनकर दुखी हो गये है। इससे हमारी दशा कितनी भयंकर होगई है, उसका चित्र मैं आपके सामने रखता हूँ। सन १९११ ईसवीमें जैनसमाजकी ६,४३, ५५३ कुल पुरुषसंख्या थी, उस मेंसे ३,१७,११७ कँवारे थे; और ६,०४,६२६ स्त्रीसंख्या थीं जिनमेंसे ९, ८१, ७०५ कुमारी थीं। इनमेंसे बालकों और वृद्धोंकी—यानी उन लोगोंकी जो संतान उत्पन्न करनेके अयोग्य हैं—संख्या कम कर दी जाय तो २० से ४५ वर्षके आयुकी बीचके २,३३,०३५ पुरुषोंमेंसे ५९,९१२ कँवारे पुरुष थे और १५ से ४० वर्षके बीचकी आयुवाली २,५३,८५४ स्त्रियोंमेंसे ५,९२८ कुमारी लड़कियां थीं। वड़ी आयुकी इतनी कन्याएँ कुमारी रही इसका कारण सिर्फ एक है। और वह यह है कि अल्प संख्यावाली जातियोंके होनेसे उन्हें वर नहीं मिलसके थे। ५५ जैनजातियां तो ऐसी हैं कि जिनको केवल अपनी सौ या सौसे भी कम संख्या-वाली जातिमें ही रोटीबेटीव्यवहार करना पडता है। ऐसी हालतमें यदि जैनियोंकी संख्या प्रतिदिन घटती जाय तो इसमें आश्चर्य करनेकी कौनसी बात है?

ऊपर जो अंक दिये गये है उनसे मालूम होता है कि ब्याही जाने योग्य उमरकी ५९,२८ स्त्रियोंके अविवाहित रहनेसे जैनियोंको संख्यामें जो अभिवृद्धि होती वह नहीं हुई। इसके अतिरिक्त दूसरी तरहसे जो हानि हो रही है वह तो अलगही है। छोटी छोटी जातियोंसे कन्याविक्रय, वृद्धिविवाह, अनमेल बिवाह होते है और उनका परिणाम विधवाओंकी संख्यावृद्धि है। यह सुनकर आपको बहुत हीं आश्चर्य और दुःखहोगा, कि सन १९११ ईसवीमें छः लाख स्त्रियोंमेंसे डेढ लाख स्त्रियां विधवायें थी। अभिप्राय यह है, कि पचीस प्रतिशतक विधवाए

थी। भारतकी अन्य जातियोंकी अपेक्षा जैनियोंकी बिधवाओंकी औसत संख्या बहुत ज्यादा है। इतनी विधवाओंके विलापके सामने कौनसी जाति जी सकती है? ज्यादा खेद तो इस बातका है कि २० से ४० वर्षकी आयुकी दो लाख स्त्रियोंमेंसे लगभग पचास हजार स्त्रियां बिधवाए थीं, जो वृद्धबिवाह और जातियोंके संकुचित क्षेत्रोंका ही परिणाम है। इन अंकोपर हम पडदा नहीं डाल सकते। यह अपने दुर्भाग्यकी बात है, कि इस प्रश्नपर समाजने शान्तिके साथ विचार करनेके लिये आज तक कष्ट नहीं उठाया है। अन्य जातियोंकी अपेक्षा इस विषयमें सबसे ज्यादा खराब स्थिति हमारी जातिकी है, इसलिये हमको इस विषयमें सबसे ज्यादा निर्भीकतासे और दुरदर्शितासे काम करनेकी आवश्यकता है। मार्ग सीधा है; परन्तु रूढीके पंजेसे जो हमको धर्मका भेष रचकर डराती है, छूटना कठिन है। बिवाहको भिन्न भिन्न रीतियों और सहभोजन आदि बातें मात्र सामाजिक विषय है, धार्मिक विषय नहीं, इसलिये धर्मनाशका ‘हाऊ’ बतानेवालीके साथ शान्तिपूर्वक दलीले करनेके और सामाजको विनाशके मुखमें जानेसे बचानेके मार्ग साफ कर देने चाहिये। मालूम होता है कि स्वामीवत्सल भोजनके अर्थको आज हमारे भाई भूल गये है। कितने ही ग्रामोमें—जिनको कि हम बेसुधरे हुए बताते है आजभी जैनधर्म पालनेवाले बनिये, पाटीदार, भावसार आदि भिन्न २ जातिके लोग एक साथ बैठ कर भोजन करते है। मगर अपने आपको सुधारे हुये बतानेवालोंने स्वामी—वात्सल्यके स्थानमें, छूत छातकी प्रतिष्टा की है। यह है अपने सुधारका चिन्ह! क्या यह हमारा कर्तव्य नहीं है, कि हम कल्पित भेदों तथा शास्त्रविरूद्ध वहमों और रुढियोंका परित्याग कर समाजको नष्ट होनेसे बचावें? जितना भी हो सके उतना जल्दी हमें इस कामको करना चाहिए। साधर्मी भ्राताओ! मैं आपसे आग्रह पूर्वक निवेदन करता हुं कि आप इस प्रश्नपर गंभीरतासे विचार करे, सभाचार पत्रो व भाषणोंद्वारा इसका ऊहापोह करे, और इसके लिये किसी आचरणीय मार्गका अवलम्बन करे।

## एकताके व्यावहारिक मार्ग।

बन्धुओ! यह तो निर्विवाद है कि आजकी राजकीय स्थितिमें हम एकताके बिना कदापि जीवित नहीं रह सकेगे। रोटी बेटी व्यवहारके काँटेको धीरे धीरे नहीं मगर शीघ्रताके साथ निकालकर फेंक देनेकी कोशिश किये बिना और अनुत्पादक व्यक्तियोंकी भयंकर संख्यामे कमी किए बिना जैन समाजको टिका रख-

नेका काम कठिन ही नहीं मगर मुझे तो असंभव मालूम होता है। यह भी ध्यानमें रखना चाहिये कि अपने भिन्न २ गच्छोंमें भी जबतक हम मतसहिष्णु नहीं होंगे तबतक हमारा जीवन टिका न रहेगा। मान्यताओं, रुढियों और क्रियाभेदोंको आगे करके हमारे बीचमें वैमनस्य फैलानेवालोंको—चाहे वे गृहस्थो होंया त्यागी—हमें मजबुत हाथोंसे पकडकर दबा देना चाहिए। तमाम लोगोंके साथ—केवल उन लोगोंके सिवाय जो जैनसमाजकी एकतामें बाधक है—मत सहिष्णुता रखना चाहिए, प्रेमका बर्ताव करना चाहिए। धर्मके नामसे जो हमारे अस्तित्वमें ही कुठाराघात करते है उन्हे हमें कभी उत्तेजन नहीं देना चाहिए और न कोइ ऐसा कार्यही करना चाहिए कि जिसमें उनको उत्तेजना मिले। इस कार्यके लिए एक उदार विचारका साप्ताहिक अथवा दैनिक पत्र निकालना चाहिए और वह नाममात्रके मूल्यमें प्रत्येक जैनके पास पहुंचे ऐसा प्रबंध होना चाहिए। मेरा विश्वास है, कि इस प्रत्येक जैनसभा और मंडलमें ऐसा नियम होना चाहिए कि जिससे प्रत्येक प्रांत और प्रत्येक सम्प्रदाय या गच्छका जैन उसमें सम्मिलित हो सके। कान्फरन्सने मंदिरो और संस्थाओंकी देखरेखके लिए इन्स्पेक्टर नियत किये है, यह बहुत ही उत्तम है। इन्स्पेक्टरोंको किसी संस्थाकी कोइ भी बात बिना देखे न छोडना चाहिए, और यदि किसी बातमें कोइ त्रुटि हो तो उस त्रुटिको छिपानेका प्रयत्न नहीं करना चाहिए। इसी तरह किसी सार्वजनिक संस्थाका कार्य किसी एकही व्यक्तिके या किसी एकही ग्रामके या किसी एकही गच्छके लोगोके हाथमे ज्यादा समय तक नहीं रखना चाहिए। इसमें प्रतिनिधित्वका प्रचार होना बहुत ज्यादा उपयोगी है। इससे प्रत्येकको कार्य करनेका उत्साह बढेगा और प्रतिस्पर्द्धाके कारण 'पहिलेवालेसे मैं काम अच्छा करु" इस विचारसे लोग कार्य बहुत उत्साह और उत्तमतासें करेंगे, जिससे संस्थाए बहुत दृढ बनेगी। यह समय धार्मिक झगडे करनेका नहीं है। मै इस ओर खास तरहसे आपका लक्ष खींचना चाहता हूं। शिखरजी, मगसीजी आदि तीर्थोंके झगडे जिन देवके भक्तोंमें होते है, एकही पिताके पुत्र—बाइ भाइ—आपसमें एक दुसरेके विरुद्ध लडनेको खडे होते है, यह बहुत ही हानिकर है; हमारे सार्वजनिक बलको, आर्थिक बलको और धार्मिक विचारोंको नष्ट करनेवाला है। अतः जिस तरहसे हो सके उसी तरह इस झगडेको नष्ट करनेका प्रयत्न करना चाहिए। अपनी जाति व्यापार और बुद्धिके लिए प्रसिद्ध है, तो क्या हम अपने इन आपसी झगडोको मिटानेके लिये

अपनी बुद्धिका उपयोग नहीं कर सकते ? कुछ बुद्धिमान सज्जनोंने इन झगडोंका अन्त करनेके लिये बहुत बडा प्रयत्न प्रारंभ किया है; परन्तु उनके प्रयत्नमें उस समयतक सफलता होना आरम्भ है जबतक कि दोनों सम्प्रदायोंकी मुख्य संस्थाए ( जैसे 'श्वेतांबर जैन कान्फरन्स' और दिगंबरोंकी 'भारतवर्षीय दिगंबर जैन महासभा' ) बीचमें पडकर एकता करनेका प्रयत्न नहीं करे। दोनों पक्षोंमेंसे एक भी पक्ष यह बात तो कभी कहनेको तैयार नहीं होगा कि जिनदेवकी पूजा करनेके अधिकारी केवल दिगंबर ही है अथवा केवल श्वेतांबर ही है। में तो यह कहुंगा कि जैनकुलमें उत्पन्न होनेवालोंकी ही नहीं बल्कि संसारभरके मनुष्योंको जोकि जैनधर्मसे सहानुभूति रखते है।

गृहस्थो अब मैं आपका विशेष समय लेना नहीं चाहता। वर्तमानमें जिन दो बातोंकी तमाम संसारको बहुत ज्यादा जरूरत है उन्हीं दो बातोंपर मैंने बहुत ज्यादा जोर दिया है, यानी ( १ ) ऐक्यबल, और ( २ ) विद्याबलके विषयमें ही कह कर मैंने अपने भाषणको पूरा किया है। मैं जानता हूं कि कान्फरन्सके सभापतिको शास्त्रोद्धार जीव–दया, साधु सुधार, जीर्णोद्धार आदि बातोपर भी भी बोलना चाहिये, ऐसी एक रूढी चली आई है, परन्तु मैं उस रूढीका आदर न कर सका इसका कारण यह है कि मैं 'उपयोगिता' के सिद्धान्तका श्रद्धालु और तात्कालिक आवश्यक्ताओं पर ही लक्ष देनेवाला मनुष्य हूं। यदि इसमें किसीको मेरी भूल मालूम हो तो मैं उनसे क्षमा माँगता हूं।

## जैन समाज और हिन्दू युनिवर्सिटी।

हिन्दुओंने शिक्षा प्रचारके क्षेत्रमें 'हिन्दू युनिवर्सिटी' स्थापनका जो महान और प्रशंसनीय कार्य किया है उसके लिये मैं हिन्दु भाइयोंको धन्यवाद देताहुं, और देश कालकी अवश्यकताके अनुसार जो यह कार्य प्रारम्भ हुआ है उसकी मैं सम्पूर्णतया विजय चाहता हुं। साथ ही समयानुकूल यह सूचित करना भी अपना कर्तव्य समझता हूं कि, अन्य हिन्दू जातियोंकी तरह जैनभाइयोंको भी चाहिये कि वे इस संस्थाको अपनी समझें और उसे पूर्णतया मदद देवें। हिन्दु युनिवर्सिटीको भी चाहिये कि वह हृदयबल और बुद्धिबलके चमत्कारिक खजाने तुल्य जैनसात्यके अभ्यासके लिये प्रत्येक सुविधा सच्चे दिलसे कर देवे।

## उपसंहार.

गृहस्थो, अन्तमें, आपने मुझे प्रमुख पद दिया इसके लिये और शान्ति तथा धीरजके साथ बहुत समय तक आप मेरी बातें सुनते रहे इसके लिये मैं अन्तःक्-रणपूर्वक आपको धन्यवाद देता हूं और विनती करता हूं कि जिस जीवित श्रद्धाका उल्लेख मैं अपने भाषणके प्रारम्भमें कर चुका हुं वह जीवित श्रद्धा अपने दिलमें रखकर, कान्फरन्समें उपस्थित होनेवाले प्रश्नोंका शुद्धचित्त ओर बुद्धिके साथ निराकरण करें, और इस बातको ध्यानमें रखते हूए कि–'अपना उद्धार अपने ही हाथ है' आवश्यकीय कार्यों और सुधारोंको अविलंब करना प्रारम्भ करदें। इस प्रवृत्तिसे शासननायक देव भी प्रसन्न होकर हमारे हृदयमें विशेष शक्तिकी प्रेरणा कर हमें निजपरका कल्याण करनेके योग्य बनायँगे।

[ त्यारपछी सब्जेक्टस कमिटी (विषयनिर्णायक सभा) ना सभ्यो कोन्फरन्सना बंधारणना नियम अनुसार चुंटी काढवामां आव्या हता. तदनंतर जैन एज्युकेशन बॉर्डनी जनरल सभा एकठी मळी हती तेमां सं. १९७२ अने १९७३ नो बॉर्डनो रीपोर्ट तेना एक सेक्रेटरी रा. मोहनलाल दलीचंद देशाइए वांची संभळाव्यो हतो. ते रीपोर्ट आमां मूकवामां आव्यो छे. ]

## द्वितीय दिवस. (ता. ३१-१२-१७).

### (१) (प्रमुखके तरफसे) राजभक्ति।

यह श्री जैन श्वेताम्बर कान्फ्रेन्स भारत सम्राट श्री पञ्चम ज्यॉर्ज और श्री महारानी भारतेश्वरी मेरीकी दीर्घायुके लिये प्रार्थना करती है और श्री ब्रीटीश ताजमें पूर्ण श्रद्धा और राजभक्ति प्रकाश करती हैं। और युरोपमें जो वर्त्तमान महासमर प्रबल हानि पहुंचा रहा है उसकी शीघ्र शान्ति हो ऐसी इच्छा प्रकट करती है।

### (२) (प्रमुखके तरफसे) भारतसचिव स्वागत।

भारत सचिव मान्यवर राइट आनरेबल मि० मोंटेग्यू जो भारत शासनसुधा-रके लिये भारतमें पधारे हैं, उनका यह कान्फ्रेन्स सादर स्वागत करती है और उसके द्वारा हिन्दकी आशा पूर्ण सफल हो उसके लीए प्रार्थना करती है।

(३) ( प्रमुखके तरफसे ) शोक प्रकाश।

यह कान्फ्रेन्स जैन समाजके एक झलकते हुए अमूल्य रत्न सर्व सम्मानित श्री द्वितीय जैन कान्फ्रेन्सके प्रमुख कलकत्ता निवासी राय बद्रीदास मुकीम बहादुर की मृत्युपर हार्दिक शोक और उनके समस्त कुटुम्ब परिवारके प्रति अपनी सहानुभूति प्रकाश करती है।

## (४) हिन्दू युनिवर्सिटी और जैन कौम.

बनारसमें हिन्दू युनिवर्सिटीमें जैन विद्यार्थियोंकी अच्छी संख्या होनेकी आशा की जाती है और यह कान्फ्रेन्स वहांके कार्य्यवाहकोंसे आग्रहपूर्वक निवेदन करती है कि जब हिन्दू युनिवर्सिटीका अभ्यासक्रम नियत करनेका प्रबन्ध होवे उस समय हिन्दू धर्मका पठनक्रमके साथ जैन धर्मग्रन्थोंको भी उचित स्थान देवें और इस कार्य्यके लिये फण्ड वगैरहकी योजना और स्कौलरशिप आदिके लिये जो जैन कौमके मेम्बरान मुकर्रर हुए हैं उनको पूरी पूरी सहायता देनेके लिये यह कान्फ्रेन्स जैन श्रीमंतोंसे सूचना करता है।

दरखास्त—रा. रा. मकनजी जे. म्हेता बारिष्टर मुंबई।

अनुमोदक—राजा सत्यानन्द प्रसाद सिंह. बनारस।

वि० ,,—बाबू राज कुमार सिंहजी. कलकत्ता।

[ आ वखते हिंदु युनिवर्सिटीमां जैन विद्यार्थीओ माटे तेमज जैन धर्म शिक्षण माटे जोइता फंडनी अपील थतां घणी सारी रकमो भराइ हतीं के जेनी विगतवार टीप आमां छेवटे आपवामां आवी छे. पछीथी ते संबंधी कमिटी नीमवामां आवी हती.]

आ कमीटिना सेक्रेटरी तरीके कलकत्ताना बाबुसाहेब राजकुमारसिंहजी ने निमवामां आव्या छे. तेओ ए फंडमां भरायेल रकमो वसुल करीने ते रकम हाल बेंगाल बेंकमां राखवानो निर्णय करेल छे.

## कमीटिना मेम्बरोना नामो.

| | |
|---|---|
| शेठ हीरजी खेतसी | शेठ कुंवरजी आणंदजी |
| ,, लालभाई कल्याणभाई | ,, बालचंद हीराचंद |
| रा. रा. गुलाबचंदजी ढड्ढा M. A. | बाबु दलेलसिंहजी |
| महाराज बहादुरसिंहजी | बाबु राज कुमार सिंहजी सेक्रेटरी. |
| राजा विजेसिंहजी | ,, पुरणचंदजी नाहर M. A. B. L. |

बाबु राय कुमार सिंहजी
,, निहालचंदजी
शेठ नागजीभाई गणपत
,, रामचंद जेठाभाई
,, जेवंतमलजी रामपुरीया.
,, बहादुरसिंहजी सिंघी.
राजा सत्यानंद प्रसाद सिंह
रा. रा. मकनजी जे. म्हेता बारीस्टर.
,, मोतीचंद गिरधरलाल कापडिआ. सोलीसीटर
,, मोहनलाल दलीचंद देसाई. वकील.

## ( ५ ) धार्मिक शिक्षा।

यह कान्फ्रेन्स अपने समाजमें धर्मशिक्षा के लिये विशेष अभाव अनुभव करती है और धर्मकी पुष्टि और विस्तारके लिये धर्मशिक्षाकी आवश्यकता समझती है। कान्फ्रेन्स नीचे लिखे उपायोंको कार्यमें परिणत करनेका समस्त श्वेताम्बर जैनियोंसे विनम्र निवेदन करती है।

( १ ) प्रत्येक ग्राम और नगरमें धर्मशिक्षाके लिये पाठशालाए पुस्तकालय आदि स्थापित और उसके कार्यनिर्वाहकी सुव्यवस्था होनी चाहिये।

( २ ) धार्मिक शिक्षाके लिये प्राकृत या संस्कृत ग्रन्थोंका सरल भाषामें अर्थ सहित प्रकाश करनेका प्रबन्ध होना चाहिये।

( ३ ) धार्मिक शिक्षाके लिये सुयोग्य शिक्षक और शिक्षियित्रीकी विशेष आवश्यकता है इस कारण जैन युवकोंको और स्त्रियोंको उच्च संस्कृत और प्राकृत शिक्षा देनेका प्रबन्ध होना चाहिये।

दरखास्त—शेठ अमरचंद घेलाभाई भावनगर।
अनुमोदक—पण्डित हंसराजजी अमृतसर।
विः अनुमोदक—रा. रा. हीराचन्द लीलाधर झवेरी जामनगर।
,, ,, — ,, अमृतलाल भावजी शाह. कलकत्ता।

## ( ६ ) प्राकृत भाषाका उद्धार।

अपने शास्त्रोंकी भाषा प्रायः मागधी होनेके कारण उसकी शिक्षाकी आवश्यकता है और उसकी रक्षा करनेकी भी खास जरुरत है।

( १ ) प्राकृत भाषाका सरल अभ्यासके लिये जो कोष तैयार करानेका विचार किया गया है उसको कार्यमें परिणत करनेके लिए वह कोष जल्दी प्रकाशित करानेकी यह कान्फ्रेन्स सब जैनी भाइयोंका लक्ष्य आकर्षण करती है।

( २ ) प्राकृत भाषाका सरल व्याकरण शीघ्रता पूर्वक तैयार करनेकी जरु-

रत है और इस विषयमें अधिक प्रयास करनेकी आवश्यकता समझती है ।

( ३ ) जैनियोंकी पाठशाना और विद्याशालाओंमें प्राकृत भाषाका खास शिक्षण देनेके लिये प्रबन्ध करनेकी यह कान्फ्रेन्स उनके कार्यवाहकोंसे सूचना करती है ।

( ४ ) हिन्दुस्थानकी जुदी जुदी यूनिवर्सिटियोंमें प्राकृत भाषा दूसरी भाषाके समान जैन विद्यार्थी भी ले सके इसका जैन विद्वान और संस्थाओंसे यह कान्फ्रेन्स उद्योग करनेका अनुरोध करती है ओर कलकत्ता यूनिवर्सिटीने प्राकृत भाषाको अपने पठनक्रममें दाखिल करके उपकार किया है उसके वास्ते यह कानफ्रेन्स उपगार मानती है और दूसरी यूनिवर्सिटीओंको भी उसका अनुकरण करनेका अनुरोध करती है और इस प्रस्तावकी नकल जाहिर पत्रोंमें छपवा दी जाय और उसकी एक नकल कलकत्ता यूनिवर्सिटीके और दूसरी यूनिवर्सिटीओंके संचालकोंके पास भेज दी जाय ।

दरखास्त—पण्डित हरगोविन्ददास कलकत्ता ।

अनुमोदक—रा. रा, मनसुखलाल रवजीभाई मुंबई ।

वि: ,,—पण्डित वृजलालजी बनारस ।

## (७) जैन साहित्य प्रचार ।

१ । जैन सिद्धान्त प्रसिद्ध करने तथा जैन साहित्यका प्रचार करनेके लिये जो अपने पूज्य मुनिराज श्री तथा पुस्तक प्रकाशक संस्था और विद्वान लोग प्रयत्न कर रहे हैं, उसके लिये यह कान्फ्रेन्स हार्दिक सन्तोष प्रकाश करती है और उनकी सेवामें आग्रह पूर्वक प्रार्थना करती है कि " सस्ता साहित्य " बढ़ानेके लिये ऐसी व्यवस्था की जाय कि जिसमें जैन साहित्यका और भी विशेष प्रचार हो ।

२ । जैनियोंका प्रसिद्ध और अत्युत्तम प्राचीन साहित्य जिन जिन भण्डारोंमें बन्द करके रक्खा हुआ है उनमेंसे निकलवाकर जिसमें उस साहित्यका लाभ मानव समाज उठा सके ऐसी शीघ्र चेष्टा करनी चाहिये, उन ग्रन्थोंके नष्ट हो जानेके पहिले ही यह कान्फ्रेन्स समयानुकूल प्रार्थना करती है और आशा रखती है कि वह शीघ्र हो छपवा कर प्रकाशित कर दिया जाय । पाटण, जैसलमेर, खम्भात, अहमदाबाद और लींबड़ी वगैरह स्थानोंके भण्डारोंके कार्यवाहकोंका ध्यान इस विषय पर खास करके आकर्षित किया जाता है । प्राचीन जैन साहि-

त्यके प्रचार के लिये श्रीमान गायकवाड़ महाराजने जो प्रयास किया है और कर रहे है उसके लिये यह कान्फ्रेन्स गायकवाड़ सरकारको अन्तःकरणसे धन्यवाद देती है।

३। बम्बई युनिवर्सिटीमें जैन साहित्यके लिये खास स्कोलरशिप स्व० शेठ अमरचन्द तलकचन्दके तरफसे देना निश्चित हुआ है, उसी प्रकार दूसरी युनिवर्सिटीओंमें भी स्कोलरशीप देनेके लिये जैन श्रीमतोंसे आग्रह करती है।

दरखास्त—शेठ कुंवरजी आणन्दजी भावनगर।

अनुमोदक—शेठ लक्ष्मीचन्दजी घीआ प्रतापगढ़।

वि: ,,—बाबु अचलसिंहजी दिल्ली।

,, ,,—शेठ वीरजी गंगाजर मुंबई।

## (८) प्रमुखके तरफसे ) शिलालेखोंका उद्धार।

शिलालेखोंके संग्रह करनेकी यह कान्फरन्स अत्यन्त आवश्यकता समझती है; क्योंकि उनसे जैन धर्म के इतिहासको मालूम करनेमें बहुत मदद मिलती है; इस उद्देश्यको कार्य्यमें लानेके लिये निम्न लिखित कमीटी नियुक्त की जाती है।

रा० रा० दोलतचन्द पुरुषोत्तम बरोडिया, बी० ए०।

"सि० डी० दलाल, एम० ए०।"

रा० रा० केशवलाल प्रेमचन्द मोदी, बी० ए० एल० एल० बी० वकील

रा० रा० मोहनलाल दलीचन्द देसाई, बी० ए० एल० एल०बी० वकील।

बाबू उमरावसिंह टांक, बी० ए० एल० एल० बी० वकील चीफ कोर्ट।

शेठ डाह्याभाई प्रेमचन्द मोदी।

बाबू साहेब पूरणचन्द्रजी नाहर एम० ए० बी० एल० वकील।

इस कार्य्यमें प्रत्येक जैनिओंकी सहायता देनी चाहिये और जहां जहां भण्डार और शिलालेख हों उनकी यादी दिलानी चाहिये, नोंध लेनेवाले पुरुषकी रुकावट नहीं करनेके लिये यह कान्फरन्स आग्रह करती है।

## (९) स्त्री शिक्षा.

जैन समाजमें सर्वत्र स्त्री शिक्षा प्रचारके लिये यह कान्फ्रेन्स नीचे लिखे उपायोंका ध्यानमें लेनेका आवश्यकता स्वीकार करती है।

१। प्रत्येक जैन अपनी पुत्रीको कमसे कम प्राथमिक शिक्षा अवश्य दें।

२। जिनसे हो सके वो अपनी पुत्रीको माध्यमिक और उच्च शिक्षण दें और वह शिक्षण पुत्री बेफिकरीसे ले सके इस वास्ते उसकी विवाह छोटी उमरमें न करें।

३। जिन स्थानोंमें जैनोंकी अच्छी संस्था है और वहां सार्वजनिक कन्याशाला न होय तो उस स्थानके जैन महाशयोंको उचित है कि अपनी कन्याशाला स्थापन करनेका बन्दोबस्त करें।

४। बड़ी उमरकी श्राविकाओंको दोंपहरको फुरसतके समय व्यवहारोपयोगी सामान्य ज्ञान देनेके लिये स्थान २ पर ऐसे खास वर्ग खोलनेकी जरूरत है कि जिन खास वर्गोंमें आरोग्य विद्याके मल तत्व बीमारोंकी शुश्रुषा और तात्कालिक इलाज और भरतकाम वगैरहकी शिक्षा दी जाय।

५। जैन कन्याशाला और श्राविका शालाओंके लिजे स्त्री शिक्षकोंको तैयार करनेके लिये यह वात खास जरूरतकी है कि श्राविका ओर खास कर विधवाओंकों फीमेल टेनिंग कौलिजोमें अधिक प्रमाणमें दाखिल कराके शिक्षा कराना और ऐसी अभ्यास करती हुई स्त्रियोंको जिस जिस प्रकारकी आवश्यकतायें हो वह स्कौलरशिप वगैरह से सहायता दी जाय।

दरखास्त—राजा विजय सिंहजी बहादुर आजीमगंज।
अनुमोदक—रा. रा. वीरजी राजपाल मास्तर. मुंबई।
विः ,, — ,, नगीनदास पु नाणावटी।
,, ,, — ,, देवचन्द दामजी कुंडलाकर. भावनगर।
,, ,, — ,, धरमशी रामजी टोलीआ. कलकत्ता।

## (१०) सहधर्म्मियोंको आश्रय।

अशक्त, निरुद्यमी; दुर्दशाग्रस्त भाइयों तथा आश्रयहीन विधवाओं और बालकोंकी स्थितिमें सुधार करनेके लिये चेष्टायें की जाय और जिससे वे अपने २ निर्वाह अच्छी तरहसे कर सके उसका बन्दोबस्त किया जाय। बालाश्रम, विद्याश्रम आदि संस्थाओंको स्थापन करने तथा उन्हें हर तरहसे मदद देनेके लिये जैन श्रीमन्तोंसे यह कान्फरन्स आग्रह करती है।

दरखास्त—रा. रा. मणीलाल खुशालचन्द. पालणपुर।
अनुमोदक—बाबु दयालचन्दजी. आग्रा।
विः ,, —,, पुनमचन्दजी सावनसुखा. कलकत्ता।

## (११) ( प्रमुखके तरफसे) संप ( एकता).

समग्र ज्ञाति, और संघ समुदाय और समस्त जैन कोममेंसे कुसंपको हटाकर सर्वत्र संपका प्रचार होनेकी आवश्यकता यह कान्फरन्स स्वीकार करती है और आपस आपसके कुसंपोको त्याग कर गच्छ कदाग्रह छोड़के ऐक्यता करनेका प्रत्येक ग्राम व शहरोंके संघको आग्रहपूर्वक यह कान्फरन्स भलामन करती है।

अपनी २ ज्ञातिके झगड़ोको और तीर्थोंके झगड़ोंको निकाल लवाद मार्फत करानेका यह कान्फरन्स पसन्द करती है। क्योंकि इससे लाखो रुपयोंकी बरबादी बचती है।

# तृतीय दिवस ता. १-१-१८

## प्रस्ताव.

### ( १२ ) प्रमुखके तरफसे जैन पर्व्व ).

कलकत्तामें जैनियोंकी संख्या अधिक है और व्यापारमेंभी पंक्ति उंची है इस लिये यह कान्फरेन्स बंगाल सरकारसे विनम्र प्रार्थना करती है कि वह जैनियोंके एक प्रसिद्ध पर्व कार्त्तिक शुक्ल पूर्णिमा को आम तहवार ( पबलिक हालिडे) नियत कर उस एक दिनको प्रतिवर्ष छुट्टियोंकी तालिकामें सामिल करें क्योंकि उस दिन यहां जैनियोंका एक विशाल धार्मिक महोत्सव याने श्रीजिनेश्वरदेवकी सवारी बड़े आड़म्बरसे निकलती है और उसमें आम लोग सम्मिलित होते है। इसकी एक नकल गवर्णमेन्ट बंगालको भेजी जाय।

महावीर जयंति ( चैत्र शुक्ल १३ ) और भाद्र शुक्ल चतुर्थी और पञ्चमी जिसको अपने सम्वत्सरी कहते हैं उसको सारे हिंदमें पब्लिक गेझेटेड हालिडे नियत करना चाहिये। इसकी नकले स्थानिक गवर्णमेण्ट और गवर्णमेण्ट आफ इण्डियाको भेजी जाय।

## (१३) श्री जैन श्वेताम्बर एज्युकेशन बोर्ड।

श्री जैन श्वेताम्बर एज्युकेशन बोर्डने शिक्षा प्रचारके लिये आज तक जो कुछ प्रयास किया है उससे यह कान्फ्रेंन्स संतोष प्रकाश करती है और उसको निम्न लिखित कार्य करनेकी आवश्यकता बतलाती है।

( क ) जिन जिन स्थानोंमें जैनियोके धार्मिक और व्यवहारिक शिक्षा देनेके लिये पाठशाला अथवा विद्यालय वर्त्तमान है उन सबकी परिदर्शना और जहां कोई

त्रुटि हो तो सुधार करें और जहां ऐसी पाठशाला या विद्यालयका अभाव हो वहां पर शीघ्र ऐसी शिक्षाका उचित प्रबन्ध करें।

( ख ) जैन क्रमवार वांचनमाला ( टेक्सट बुक ) तैयार करें और प्रत्येक पाठशाला या विद्यालयोंमें एक ही प्रणालीसे शिक्षा दी जाय और वार्षिक परीक्षा भी एक ही साथ ली जाय इसका प्रबन्ध करें और परीक्षाके पश्चात् उत्तीर्ण छात्रोंको प्रमाणपत्र ( सर्टिफिकेट ) और पारितोषिक आदिकी व्यवस्था करें।

(ग) जीवविचार, नवतत्त्व, दंडक, क्षेत्रसमास, संग्रहणी, कर्म्मग्रन्थ और प्रतिक्रमणादि विषयों पर सरल भाषामें अर्थ सहित पुस्तकें शोधकर प्रकाशित करनेका जो प्रबन्ध चल रहा है उसका कार्य शीघ्रताके साथ सम्पूर्ण करावें।

(घ) विद्यार्थियोंके लिये छात्र वृत्ति ( स्कालरसिप ) तथा पुस्तकोंकी सहायता जैन बोर्डिंगमें उनको मुफ्त ( फ्री ) रखनेका प्रबन्ध करें।

(ङ) तीर्थस्थानोंके पहोंच ( रसिद ) बूकमें और और खाताओंके साथ श्री जैन कान्फ्रेन्स केलवणी फण्डकी कालम दाखिल करनेके लिये श्री तारंगाजी तीर्थके ट्रष्टी महाशयगणने स्वीकार किया हैं इसके लिये यह कान्फ्रेन्स उनको धन्यवाद देती हैं और दूसरे दूसरे तीर्थके ट्रष्टियों या कार्यवाहकोंके साथ इसी प्रकार प्रबन्ध करनेके लिये बोर्डको सूचित करती है।

शिक्षादिकी उन्नति करनेके लिये कइएक लोकल सब कमीटियां स्थापन कराने चाहिए। यह सब-कमीटियां स्थानिय शिक्षा व समाज उन्नति कारक कार्य्योंका बंदोबस्त करेगी और स्थानिक चंदा वगैरह इसका खर्च निर्वाह करेगी। एव प्रत्येक वर्ष Conference का Education Board के मारफत कान्फरन्समें हिसाब पेस करेगी, Conference का Education Board अगर किसी खरच संबन्धि विषयमें अनुरोध करे तो सब कमिटियां उसे करनेमें बाध्य रहेगी। लोकल सब कमिटियां की नियमावली व स्थानादि Education Board निर्धारित करेगो।

जो भ्राता ( भाई ) रु० ५ दर वर्ष चंदाका देगी वह इस ऐज्युकेशन बोर्डका मेम्बर गिना जायगा और जो आदमि इकट्ठा रु० १००, देगा वह इस बोर्डका लाईफ मेम्बर हो सकता है। सब मेम्बरोंको ऐज्युकेशन बोर्डमें वोट देनेका अधिकार है और जनरल बोर्डके मिलने तक बोर्डके कार्य्य करनेकी २५ मेम्बरोंकी एक मेनिजिंग कमिटी करनेकी सत्ता बम्बईके मेम्बरोंको दिया जाता है। यह

कमेटी बोर्डका कार्य्य कान्फरन्स के आगामी अधिवेशन तक करेगी।

लाईफ मेम्बर मेनेजिंग कमेटीके एक्स ओफिसिओं मेम्बर गिना जावेंगे।

दरखास्त—वकील मोहनलाल दलीचंद देसाई। B. A. L L. B

अनुमोदक—बाबू महाराज सिंह बहादुर।

## (१४) जैनियोंकी संख्यामें वृद्धि करनेकी जरूरत।

१। जिन लोगोंने अपना असली धर्म्म छोड़कर अन्यधर्म्म स्वीकार लिया हो उनकी पुनः जैन धर्म्ममें सम्मिलित करनेका प्रयत्न करका चाहिये।

२। जैन धर्म्ममें रुचि रखनेवाले ऊंचे वर्णके आर्योको अपने जैन धर्म्ममें दाखिल करनेके लिये प्रयास करना चाहिये।

३। जिन जिन विषयोंसे शारीरिक आरोग्यता अच्छी रहती है उन विषयोंका ज्ञान अपने जैन कौममे फैलानेका प्रयत्न करना चाहिये।

४। बहुत वस्तीवाले बडे शहरोंमें गरीब और मध्यमवर्गके जैन के लिये खास सस्ते भाड़ेकी चालीयां इमारते बनवानेकी जैन श्रीमन्तोंसे निवेदन करती है।

५। जैनियोंमें मृत्युका प्रमाण अधिक होनेके कारण उसको रोकनेके उपाय सोधनेकी कमेटी सुजानगढ़ कान्फरन्समें की गई थी जिसकी रिपोर्ट १० वीं कान्फेन्सकी रिपोर्टमें छपी है, उसके उपर जैन समाजका ध्यान आकर्षित किया जाता है और उसके अनुसार भारतके दूसरे भागोंके लिये भी वैसी ही रिपोर्ट तैयार करनेको यह कान्फेन्स उक्त कमेटीसे आग्रह करती है।

दरखास्त—शेठ लल्लुभाई करमचन्द मुंबई।

अनुमोदक—शेठ नागजीभाई गणपत कलकत्ता।

## (१५) सामान्य और व्यापारिक शिक्षा.

१। अपनी जैन कौममें एक भीं अशिक्षित जैन नहीं रहने पावे, इसके लिये खास प्रयत्न करनेकी नीचे लिखी योजनाके उपर ये कान्फरन्स समस्त जैन बन्धुओंका ध्यान आकर्षण करती है।

२। प्रत्येक ग्राम और नगरके मुखिया जैन अपने स्थानिक जैन विद्यार्थियोंकों शिक्षण प्राप्त करनेके अनुकुल साधन, पुस्तक वगैरहका शीघ्र बन्दोबस्त करनेका प्रयत्न करें।

३। ऐसे दृष्टान्त देखनेमें आते है कि योग्य विद्यार्थियोंको आधारके अभावसे बीचमेही शिक्षणक्रम छोड़ देना पड़ता है। ऐसे विद्यार्थियोंको आवश्यक

आधार दिलाकर उनका अभ्यास आगे वढ़ानेके योग्य व्यवस्था करनेवाली संस्थाओंकी यह कान्फरन्स खास जरूरत समझती है.

४। उपस्थित समयानुकूल अपनी जैन कौमका उच्च व्यापारिक दर्जा बनाये रखनेके लिये अपने धर्ममें हाति न पहुँचे ऐसे उपायोंको ओर यह कान्फरन्स प्रत्येक जैनोंका ध्यान आकर्षित करती है।

५। समस्त जैनियोंका यह खास फर्ज है कि जो जो उचित रोजगार अपने हायमें है उनको पाश्चात्य व्यापार शैलिका अनुकरण करके दिन प्रतिदिन बढ़ानेकी चेष्टा करें और जैन युवकों को शिक्षा देनेके अभिप्रायसे उनको अपने व्यापारमें शामिल करके होशियार करें।

६। हुनर और कलामें आगे बढ़े हुए पाश्चात्य देशका अनुकरण करके देशमें शिल्पकी प्रगति करनेके लिये नये नये उद्योग, कारखानाने और हुनरके स्कुल खोलकर उनमें जहां तक हो सके अधिक प्रमाणमें जैन युवकोंको दाखिल करें जिसमें वे लाभ उठा शके ऐसा कान्फरन्स खास जरूरत समझती है।

दरखास्त–रा. रा. हीराचन्द लीलाधर झवेरी जामनगर।

अनुमोदक–बाबु दयालचन्दजी जोहरी. आग्रा।

विशेष अनुमोदन–रा. रा. जीवराज देवजी मोता मुंबई।

## ( १६ ) श्री सुकृत भंडार फंड.

यह कान्फरन्स दृढता और आग्रहके साथ अपील करती है कि प्रत्येक वर्ष हर एक श्रावक और श्राविकाओं को कमसे कम चार आने श्री सुकृत भंडारमें देना चाहिये क्योंकि इस फंडके उपर कान्फरन्सकी जिन्दगी और कान्फरन्सके आरम्भ किये हुए कार्य निर्भर है।

(२) जिन जिन स्थानोंके संघोने यह फंड इकट्ठा कर कानफ्रेन्स आफिसमें भेजनेकां परिश्रम उठाया है उन सबोंका यह कानफ्रेन्स उपकार मानती है।

(३) अपने अपने गांवोंसे सं० १९७४ का श्री सुकृत भण्डार फण्ड इकट्ठा करके जितना शीघ्र हो सके कान्फ्रेन्सकी हेड आफिस बम्मई में भेजनेकी विनती यह कान्फ्रेन्स प्रत्येक ऐसे ग्रामों और शहरोंके संघोसे करती है और जिन शहरोंमें इस फण्डका प्रारम्भ अभीतक नहीं हुआ हो वहां शीघ्र प्रयास करनेके लिये वह कानफ्रेन्स वहांके अग्रेसर भाइयोंसे सूचना करती है।

दरखास्त–शेठ लालभाई कल्याणभाई. वडोदरा।

अनुमोदक–रा. रा. मूलचन्द आशाराम वेराटी अमदावाद ।
विशेष अनुमोदन–पण्डित हंसराजजी ।

## ( १७ ) जीव दया ।

" अहिंसा परमोधर्म्मः यतो धर्म्मस्ततोजयः । "

अपने लोगोंका यही सर्वोपयोगी प्रथम सिद्धान्त है, इसलिये यह कान्फरन्स आजके इस अधिवेशनमें समस्त समुपस्थित दयाल सज्जनोंसे इसी सिद्धान्तको अधिक मजबूती से यथेष्टरूपमें फैलानेकी आन्तरिक प्रार्थना करती है और इसके संप्रसारके लिये नीचे लिखे उपाय निवेदन करती है ।

१ । समस्त जीवोंकी रक्षा करने और उनके हिंसा रोकनेका योग्य प्रयत्न करना ।

२ । पिंजरापोलमें, पिंजरापोलोंके कार्यवाहकोंकी बेदरकारी सें जो मूंगे प्राणियोंको दुःख सहन करना पड़ता है, उसके मिटानेका बन्दोबस्त करना ।

३ । मनुष्यकी खुराक और धर्मके नामसे होता हुवा पशुबध और फैशन वगैरहके लिये जूदीं जूदी रीतिसे जो निरपराधी और मूंगे प्राणियोंके उपर कसाईपना गुजरता है उसके उनको बचानेका प्रयत्न करना ।

४ । जानवरोंके शारीरिक अवयवोंसे निर्मित चीजें कचकड़ेके पदार्थ और पंख लोमचर्म वगैरहको छोड़कर उनके बदलेमें निर्दोष वस्तुओंको काममे लाना चाहिये ।

५ । खास कलकत्तेमें आम और बंगाल पंजाब इत्यादि प्रान्तोंके शहेरोंमें आम रास्तोंपर कसायोंकी दुकानोंमें खुले हुए वध किये हुये जानवरोंका कलेवर लटकते रहते हैं इससे खास कर जैनियोंके चित्तको अत्यन्त क्लेश होता है और आम लोगोंकी तन्दुरस्ती को हानि पहुंचती है इस लिये वो दुकाने आम रस्तोंसे हटा देनेको यह कान्फरन्स बंगालके गवर्नर साहब और दूसरे प्रांतोंके उपरी अधिकारिओं तथा शहेरोंको म्युनिसिपालीटीके चेयरमेंनोंसे निवेदन करती है ।

इस कार्यके सम्बन्धमें धुलियाकी श्री प्राणीरक्षक संस्था ने जो दरखास्त की है उनको यह कान्फरन्स सम्मत है और अन्य मंडलो जो कार्य कररहा है उसको यह कान्फरन्स धन्यवाद देती है ।

इस प्रस्तावकी नकलें जूदे जूदे शहेरोंकी म्युनिसिपालीटीका चेयरमेन और

बंगालका श्रीमान गवर्नर साहब और दूसरे प्रांतोंका उपरी अधिकारियोंको भेज दी जाय ।

दरखास्त–रा. रा. हाथीभाई कल्याणजी.

अनुमोदक–मी० बी० एन० मैशरी.

वि:–मी० शामजी लाडण.

## (१८) हानिकारक रिवाज ।

अपनी जातिमें आजकल रिवाजे जैसे कन्या विक्रय बाल विवाह, वृद्ध विवाह, वेश्यानाच, मृत्युके पीछे अधिक शोक करना, मिथ्यापर्वोंका मानना, एक स्त्रीकी मौजूदगीमें दूसरी शादी करना, आतशबाजी छोड़ना आदि जो कुरीतियां प्रचलित हैं उन सबको सर्वथा छोड़नेके लिये यह कान्फ्रेन्स उपदेश करती है ।

जो जो ज्ञाती और कोमोने हानीकारक रीवाजों बंध करनेके लीए ठरावो पसार कीया है और अमलमें रखा है उसकी यह कान्फ्रन्स धन्यवाद देती है तथा उस सम्बन्धीका रिपोर्ट कान्फरन्स आफिस को भेजा जाय ऐसी उनलोगोंसे निवेदन करती है ।

दरखास्त–बाबु राय कुमार सिंह. भागलपुर ।

अनुमोदक–बाबु माणेकचन्द शेठ कलकत्ता ।

(१६) (प्रमुखकी तरफसे)

## श्रीधार्मिक हिसाब तपासनी खाता ।

हरएक धार्मिक खातोंका हिसाब साफ और अच्छी अवस्थामें रहनेसे आमदनीकी वृद्धि हो जाती है इस लिये हिसाब तैयार करना और उसकी रिपोर्ट प्रति वर्ष प्रगट करनेको यह कान्फ्रेन्स आवश्यकता समझती है । और कान्फ्रेन्सकी तरफसे नियत हुए हिसाब परीक्षकोंको हिसाब बतलानेके लिये कार्यवाहकोंसे खास आग्रह करती है । इस काममें मदद पहुँचानेके लिए हरएक साधर्मी भाइयोंका ध्यान खींचती है । जिस तरह हो यह ठहराव सर्वत्र अमलमें आवे और धर्मादा द्रव्यकी रक्षा और इस उद्देश्यकी सफलता होनेके वास्ते जहां श्री संघके नामसे जो धार्मिक संख्या है उन सर्वोका हिसाब प्रकाश करनेके लिये यह कान्फ्रेन्स वो संघके कार्यवाहकोंसे हिसाब प्रकट करनेका आग्रह करती है । जिस धार्मिक खातोंके कार्य वाहकोंने इस तरह हिसाब बतलाया है और प्रकट किया है

उनको यह कान्फ्रेन्स धन्यवाद देती है ।

## (२०) जीर्ण मंदिरोद्धार.

"पूना कान्फ्रेन्समें तीर्थ रक्षक कमेटीके मुकरर करनेके लिये ठहराव कीया था जिसको यह कान्फ्रेन्स स्वीकार करती है और कार्य शिघ्रतासे करनेके लिये आग्रह करती है."

### कमेटीका मेम्बरोंके नाम. (वधारनेकी सत्ता साथ).

१ शेट कस्तुरभाई मणीभाई
२ ,, कीकाभाई प्रेमचंद रायचंद
३ ,, देवकरणभाई मुलजी
४ ,, नगीनभाई मंछुभाई
५ ,, नेमचंद माणेकचंद कपुरचंद
६ ,, कल्याणचंद शोभागचंद
७ ,, भीमाजी मोतीजी
८ ,, पनाजी भीमाजी
९ ,, रवजी सोजपाल
१० ,, मोतीलाल मुलजी
११ ,, लालजी भारमल
१२ ,, भोगीलाल वीरचंद दीपचंद जे.पी.
१३ शेठ लखमशी हीरजी मैशरी
१४ ,, मोहनलाल मगनभाई
१५ ,, खेतसी खियसी
१६ ,, सर नसनजी त्रीकमजी
१७ शेठ मणीभाई दलपतभाई
१८ ,, जीवणचंद धरमचंद
१९ ,, वीरचंद कृष्णाजी
२० ,, लालभाई कल्याणभाई
२१ ,, कुंवरजी आणंदजी
२२ बाबु साहेब रायकुमार सिंहजी
२३ शेठ लक्ष्मिचंदजी घीया
२४ शेठ चीमनलाल कुबेरदास
२५ महाराज बहादुरसिंहजी
२६ राजा विजयसिंहजी
२७ बाबु धन्नुलालजी सचेती
२८ ,, बहादुरसिंगजी सिंघी
२९ ,, दलेलसिंहजी जोहरी

## (२१) (प्रमुखके तरफसे) कान्फ्रेन्स बंधारण ।

दसवीं कान्फ्रेन्समें जो बंधारणका ठहराव हुआ था वही कायम रक्खा जाय और जो दूसरी कालम "कार्य विस्तार" की है उनमें निम्न लिखित द्वारा बढ़ा दिया जावे ।

जातिके सङ्घके महाजनोंके और पञ्चके तकरारी और विवादग्रस्त प्रश्नोंमें यह कान्फ्रेन्स कोइ भी हाथ नहीं धरेगी ।

स्टेन्डींग कमीटिके मेम्बरोंके सुकृत भंडार फंड अवश्य देना चाहिए.

## નહીં ચૂંટું.

નહીં ચૂંટું નહીં ચૂંટું, પુલોને ના, નહીં ચૂંટું;
સુવેલીને નહીં લૂંટું, ફુલોને ના નહીં ચૂંટું.
સલૂણાં એ સુંવાળાં એ, સુવાસી છે સુખાળાં એ;
નહીં એને કદી ચૂંટું, નહીં વેલી વૃથા લૂંટું.
મધુરાં એ મનોહારી, ખુબી એની અહો! ન્યારી;
કહો ઘા કેમ કરૂં કારી! દ્રવે શું ના હૃદય ભારી?
હસંતાં એ ઉલ્લાસે જે, રમંતાં તે વિલાસે જે;
કહો તેને ચૂંટું કેમ?, સરે એથી કંઇ નેમ?
અડાડું ના વળી હાથ, રખે પ્હીશે હૃદય સાથ!
નહીં નાકે જરી સૂંધું, સુગંધીને નહીં લૂંટું.
રહી આઘો મધુ પીતો, નજર માંડી રહું જોતો;
ગાણું એમાં ખરૂં સુખ, જશે ભાંગી બધી ભૂખ.
મૃદુ ભાવો નહીં મૂકું, નહીં એથી જરી ચૂકું;
ફુલોને હા, નહીં ચૂંટું, સુવેલીને નહીં લૂંટું.

જ. પુ. જોશીપરા. M. A.

મધુબિન્દુ પૃ. ૩૭-૩૮.

---

## પંડિત અર્જુનલાલ શેઠી અને જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

જૈન તેમજ જૈનેતરમાં પંડિત અર્જુનલાલ શેઠીનું નામ સુવિદિત છે. છેલ્લાં ત્રણ વર્ષથી તે જયપુર રાજ્યની તુરંગમાં સડતા હતા અને થોડાએક સમય થયાં તેમને સરકારને સ્વાધીન કરવામાં આવ્યા છે. તેમને કોઈ પણ જાતની તપાસ ચલાવ્યા વગરજ કેદમાં પૂરવામાં આવેલ છે. તે દિગંબર જૈન છે, અને મૂર્તિ પૂજા કર્યા વિના અન્ન નહિ લેવાનો તેમને નિયમ છે. તુરંગની અનેક હાડમારીઓ વચ્ચે પણ નિત્ય નિયમ પ્રમાણે તેમને જયપૂર રાજ્ય તરફથી પૂજા કરવાની સગવડ કરી આપવામાં આવી હતી એટલું તેમને આશ્વાસન હતું. પણ સરકારને સ્વાધીન થયા. પછી આ આશ્વાસન છીનવી લેવામાં આવ્યું છે અને તેના અંગે કેટલાક દિવસોથી તેમણે અન્ન લેવું છોડી દીધું છે, અને આ પ્રકારના ભૂખમરાને લીધે દિન પ્રતિદિન ક્ષીણ થતા જાય છે આવા સમાચાર સાંભળવામાં આવ્યા છે. પંડિત અર્જુનલાલ શેઠીનો શો ગુન્હો છે તે કોઈ જાણતું નથી. તેની યોગ્ય તપાસ ચલાવવા માટે અનેક દિશાઓમાંથી સરકારને ઉપરાઉપરી અરજીઓ થયેલી છે પણ સરકાર આ બાબતમાં ન સમજી શકાય એવું મૌનવ્રત ધારી બેઠેલ છે. પંડિત અર્જુનલાલ જૈન કોમના માનનીય ગૃહસ્થ છે. આવા ગૃહસ્થને ધર્મપાલન ખાતર આટલા બધા દિવસો સુધી અનશન સ્વીકારવું પડે અને એમ છતાં પણ સરકાર આ બાબતની યોગ્ય સગવડ કરી

આપવાનું જરા પણ ધ્યાનમાં ન લે તે સરકારની અવકૃપાની પરાકાષ્ટાજ ગણાય. આ વૃતાન્ત સાંભળી માત્ર જૈનોનાં જ નહિ પણ જૈનેતરોનાં મન પણ અતિ ઉદ્વિગ્ન થયાં છે અને તેના પરિણામે આ વખતની ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસની ત્રીજા દિવસની બેઠકના આરંભમાંજ તેની પ્રમુખ માનનીય મીસીસ એની બીસેન્ટે હિન્દી સરકારને એકદમ વચ્ચે પડવા અને શ્રીયુત અર્જુનલાલને ઉગારવાની વિનંતિ કરવાને લગતો ઠરાવ રજુ કર્યો છે. કૉંગ્રેસ પછી બીજેજ દિવસે અગિયારમી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ કલકત્તામાં ભરવામાં આવી હતી, તેના આખા કાર્યક્રમમાં પંડિત અર્જુનલાલ શેઠીને લગતો એક પણ ઠરાવ જોવામાં આવતો નથી તે અતિ આશ્ચર્યજનક તેમજ અત્યન્ત ખેદજનક છે. જેના દુઃખની બુમ કૉંગ્રેસ સુધી પહોંચી તે શ્વેતાંબર કૉન્ફરન્સ સુધી પહોંચી ન શકી, જેની રાવ કૉંગ્રેસે ખાધી તેનો પક્ષ લેવા પુરતી ઉદારતા તથા હિંમત જૈન કૉન્ફરન્સ બતાવી ન શકી, જેની દુઃખ દારૂણુ કથાથી હિન્દુ મુસલમાનનાં હૃદયો દ્રવ્યાં તેની દુઃખ દારૂણ કથા પ્રાણી માત્ર પ્રત્યે દયા ધરાવનાર શ્વેતાંબર બંધુઓનાં અંતઃકરણને પીગળાવી ન શકી—આ કાળનું જ વૈચિત્ર્ય ગણાય??

આ ઉપરાંત બીજી ખેદજનક બીના એ છે કે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના અધ્યક્ષ શ્રીમાન્ ખેતશી ખીઅશીનું જે વિદ્વત્તાભર્યું ભાષણ મુંબઈ સમાચાર જૈન વિગેરે દૈનિક અા-પ્તાહિક પત્રોમાં પ્રગટ થયું હતું, તેમાં પંડિત અર્જુનલાલ શેઠી વિષે સદ્ભાવ સૂચક નિવેદન કરવામાં આવ્યું હતું જ્યારે તેજ મહાશયનું કલકત્તામાં જે ભાષણ વંચાયું તથા વ્હેંચાણું તેમાં તે નિવેદન આખે આખું ગુમ થયલું જોવામાં આવે છે. એ પણ એક આશ્ચર્યકારક ઘટના છે.

આ ફેરફાર કલકત્તા ગયા પછી કરવામાં આવ્યો હોય તેમ જણાય છે. આમ ફેરફાર કરનાર કરાવનારને આમાં વધારે ડહાપણ તથા દીર્ઘદૃષ્ટિ લાગી હશે. પણ અમને તો આ બાબતમાં ભીરૂતા તથા ટુંકી દૃષ્ટિનુંજ પરિણામ હોય એમ જણાય છે.

શ્વેતાંબર બંધુઓને કદાચ એમ થયું હશે કે "અર્જુનલાલ શેઠી દિગંબર હોવાથી તેનો પ્રશ્ન આપણે નકામો શું કામ હાથમાં લેવો?" તે દિગંબર હો કે ગમે તે હો પણ જૈન છે, મહાવીરનો ભક્ત છે, મહાવીરની પૂજાને તલસે છે. આટલું પણ હૃદય વિશાળ ન થાય, અને મહાવીરનું શાસન સ્વીકારનાર બંધુ પ્રતિ સહાનુભૂતિ દર્શાવી ન શકાય તો તો પછી ઉન્નતિ કે ધર્મ વિસ્તારની આશા રાખવી વ્યર્થ છે.

આ પ્રશ્ન માત્ર શ્વેતાંબર કે દિગંબર જૈનનો નથી પણ સમગ્ર મૂર્તિપૂજક જૈનોનો છે. આટલા બધા દિવસના ઉપવાસ થાય છતાં પણ પૂજાદિ નિત્ય કર્મની સગવડ કરી આપવામાં ન આવે એ સમગ્ર મૂર્તિપૂજક જૈન વર્ગને મોટું અપમાન છે. મૂર્તિપૂજા ખાતર અનશન સ્વીકારનાર વીરનર પ્રતિ અતિશય માન તથા સહાનુભૂતિ પ્રગટવાં જોઇએ, તેના બદલે શ્વેતાંબર બંધુઓ કૉન્ફરન્સ જેવા મહત્ પ્રસંગે તેનું સ્મરણ સરખું ન કરે તે ખરેખર શોચનીય છે.

આ સમયની કૉન્ફરન્સે અર્જુનલાલ શેઠીની કરૂણાજનક સ્થિતિ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હત તો કૉન્ફરન્સનું જૈનત્વ—દયા—મમત્વ—સિદ્ધ થાત એટલુંજ નહિ પણ બહુ ડહાપણ તથા દીર્ઘદર્શિતા ભર્યું કામ ગણાત. શ્વેતાંબર અને દિગંબરો એવા વિચિત્ર સંયોગો વચ્ચે વસે છે કે એક પિતાના પુત્રો હોવા છતાં તેઓ ઘડિ લડે છે, અને ઘડિ ભેગા થવાનો

પ્રયત્ન કરે છે. દિગંબર શ્વેતાંબરના ભાવી સંયોગીકરણમાંજ ભાવી જૈનનો વિકાસ છે પણ વર્તમાન સમયે તો કુસંપનું સામ્રાજ્ય પ્રવર્તે છે. આ અનિષ્ટ સ્થિતિ દૂર કરવાની તથા ઉભય વર્ગને ઇષ્ટ મૈત્રી સાધવાની આ અનુપમ ઘડિ આવી હતી તે શ્વેતાંબર બંધુઓએ ગુમાવી છે એ શોકજન્ય છે. જેવી રીતે કલકત્તા કૉંગ્રેસના નાયકોએ બહુ દીર્ઘદૃષ્ટિ વાપરીને મહમદઅલ્લી અને શૌકતઅલ્લીના પ્રશ્નને પુરા જોષથી ઉપાડી લઇને હીંદુ મુસલમાનને એકત્ર કરવાના મહાભારત પ્રયાસમાં સફળતા મેળવી છે તેવી રીતે જૈન આગેવાનો અર્જુનલાલ શેઠીના પ્રશ્નને એવાજ જુસ્સાથી ઉપાડી લઇને દિગંબર શ્વેતાંબર વચ્ચેના અન્તરને અગોચર કરી શકયા હત. કાળનો આદેશ છે કે સર્વેએ ભેદભાવ ભુલી એકત્ર થવું, અને સમૂહબળ એકઠું કરી સ્વપર ઉન્નતિના સાધક થવું. પણ આ કાળનો આ આદેશ જૈન શ્વેતાંબર બંધુઓના કર્ણદ્વાર સુધી હજુ સુધી પહોંચ્યો જણાતો નથી તે ખરેખર નિરાશાજનક છે.

શ્વેતાંબર ભાઇઓએ "આવા સરકારના શકમંદ પુરૂષનો પ્રશ્ન લઇને વિના કારણ કયાં ઉપાધિ વ્હોરીએ?" આવી ભીતિથી ઉપરોક્ત પ્રશ્ન હાથ ધરવો ઉચિત નહિ ધાર્યો હોય. રખેને આપણી પ્રવૃત્તિને રાજકીય રંગ ચોંટી ન જાય એવો ભય આવી સામુદાયિક પ્રવૃત્તિના ચાલકોમાં જોવામાં આવે છે. પણ આની પણ હદ હોવી જોઇએ, ઘરે ધાડ આવે તો પણ ડરના માર્યા બેસી રહીએ અને બોલીએ નહિ તો કેમ ચાલે? શ્રીયુત અર્જુનલાલનો દોષ પુરવાર થયો હોય અને તો પણ કોઈ તેનો પક્ષ કરે તો દોષપાત્ર ગણાય પણ જેની દોષમયતા સર્વને મન સંશયાસ્પદ છે તેવો જૈન બંધુ આવી રીતે પીડાય અને તોપણ જૈનો મૂકભાવ ધારણ કરી રહે તે ખરેખર જૈનોને શરમાવે તેવું છે.

જે નાયકોને અર્જુનલાલ શેઠીના પ્રશ્નને હાથમાં લેવામાં પોતાને કે પોતાના સંમેલનને રાજકીય વાતાવરણનો ચેપ લાગી જવાની ભીતિ લાગી હોય તેઓને તેજ સંમેલનમાં મૂર્તિમન્ત સત્યાગ્રહ સ્વરૂપ મહાત્મા ગાંધીને અને મૂર્તિમન્ત રાષ્ટ્રિયત્વ સ્વરૂપ લોકમાન્ય તિલકને તેમજ સ્વદેશ સેવા જેના અંગે અંગમાં વ્યાપી રહેલ છે તેવા કર્મયોગી પંડિત મદનમોહન માલવિયાને હાજર રહેવાનું તેમજ ભાષણ આપવાનું આમંત્રણ કરવામાં કેમ કરતાં હિંમત આવી હશે! એ સમજી શકાતું નથી. વસ્તુતઃ સમય પરિવર્તન એવું થઇ ગયું છે કે આવી ભીતિને હવે જરા પણ અવકાશ રહેવો ન જોઇએ. આજે જૈન ગૃહસ્થનો સવાલ છે, આવતી કાલે કોઈ સાધુનો સવાલ આવીને ઉભો રહેશે, પરમ દિવસ કોઈ તીર્થની બાબતમાં આ જાતની ધમાલ ઉભી થશે. આવું થશે તો પણ શું જૈન બંધુઓ મુંગા થઇને માત્ર રાજ્યભક્તિનાં ગાણાં ગાયાં કરશે? કહેવાનો આશય એટલો જ છે કે સમય પરત્વે જે ધર્મ આવીને ઉભો રહે તે નિડરપણે બજાવવા તત્પર રહેવું જોઇએ. અહિંઆ ધર્મનો ઉચ્છેદ થયો જોઇને અન્તર બળે છે. અને આટલું લખવાની પ્રેરણા થઇ છે. આશા છે કે ભવિષ્યમાં આવા પ્રસંગોએ શ્વેતાંબર જૈનો આવી ભૂલ નહિ કરે અને સંપ વૃદ્ધિના આવાં નિમિત્તોનો અગમચેતી વાપરી પૂર્ણ ઉત્સાહથી આદર કરશે.

તા. ૯—૧—૧૮.
મુંબઇ. } પરમાનંદ કુંવરજી કાપડીઆ B. A, LL. B.

× × × [ આ લખાયા પછી શ્રીયુત શેઠીને સરકારે પ્રભુ પૂજાનાં સાધન પૂરાં પાડ્યાં છે અને તે વસન્તદેવીના વાઇસરૉય સાથેના સમાગમ અને તે સંબંધે થયેલ વાત–ચીતના પરિણામે. તંત્રી. ]

## आमंत्रण.

આવો આવો વિલસિયે એક હો !
પ્રભુ પરિવાર !
હિન્દુ ! આનન્દે ભરિયેઃ
બૌદ્ધ જન ! દયા પ્રસરિયેઃ
પ્રભુતાના લઇયે લ્હાવ અનેક હો !
પ્રભુ પરિવાર !
જૈન ! જીવ સેવા ધરિયેઃ
જરથોસ્તી ! તેજ ઝિલવિયેઃ
સુરતાના લઇયે લ્હાવ અનેક હો !
પ્રભુ પરિવાર !
ક્રિશ્ચન ! નેહે ઝુલવિયેઃ
મુસ્લિમ ! ઈમાની રચિયેઃ
જનતાના લઇયે લ્હાવ અનેક હો !
પ્રભુ પરિવાર !

મધુ બિન્દુ પૃ. ૧૭-૧૮. —લલિત.

# Shvetambaris and Digambaris re Parasnath Hill.

## I

India has been passing through a period of transition. She is on thethreshold of a revolution. Her claims have been heard. Her legitimate demands are being considered. The days of doing things in old and worn-out ways are past and gone and the day for our combined action is come. If we fail to discharge our united duties which we owe to the country, to the nation, we shall have not only to fall back, but pay dearly for it, by not being able to keep pace with marches of our sister communities. All this requires concerted action on our

part along certain lines which will help a good deal to the up-building of the Indian nation; but how can we expect the desired action when we are divided amongst ourselves? Apart from other questions bearing upon social amelioration and adjustments in perfect accordance with requirements of the changed conditions of life and living, it has become highly imperative that the two brother communities, the Shwetambaris and the Digambaris, should become once more united and cooperate with each other to work out the future destiny of their mother land. But can this be possible unless the wrongs are righted? We all know how the litigation regarding the management and control over our places of pilgrimage has been eating into the vitals of our community. History and tradition are both in favour of the Shwetambaris to show the righteousness of the cause the Shwetambaris are up-holding. A searching enquiry into the records of the Musalman Rulers of India in the past, sifting analysis of the grey pages, which bear hall-marks of the Jain culture, will prove it beyond all doubt that the Jain Temples and Dharamasalas lying on Paresnath Hills, Rajgir Hills &c. and in the like important places of pilgrimages, all owe their origin and existence to the efforts of the Shwetambari community and that all these have, on that account, been under the management ;and control of the Shwetambaris. It is true that so far the fundamental principles of the Jain metaphysics and ethics are concerned, both the communities agree with each other. But there is no denying the fact that both the communities are at variance with each other, in their respective method, manner and forms of worship. Not only this, the symbolic representation of the Tirthankars, which the Shwetambaris and Digambaris worship, vary a good deal in their outline, and ornamentation so much so that one who is pretty little acquainted with the differences which exist in the mode and method of worship of these two communities, can easily distinguish the Shwetambari from Digambari symbols. The Digambari images are nude, the eyes are half closed like those buried in meditation. But the Shwetambari images with eyes wide open, bear

Langota Akar and appear as clothed. The Shwetambaris adorn their sacred images and charans while the Digambaris do not do as such. Then again apart from the question bearing directly upon the symbolic figures themselves, there is also a good deal of difference in the method of worshipping these sacred representations of the Tirthankars between the two great sects. And these differences mark out the Shwetambaris from the Digambaris and I say that instead of entering into the antiquity respecting the priority and posterity in the order of time. There are other sufficiently strong facts to prove, to which of the two sects the Temples and Dharamsalas in dispute really belong. For if any one cares to take pains in the inspection of these Temples &c, and the mode of worship prevailing at these places, the prominent place and position given to the symbolic representations of the Tirthankars, will be at one with me when I say that because of the fact of the Shwetambari images occupying high and prominent place in these Temples, the Shwetambari style of worship being mainly predominant there, we cannot but conclude that these Temples not only owe their origin to the Shwetambaris but their management and control too, had, all along the time, been in the hands of the Shwetambaris. It is true that the Digambari images are also to be found there and they too have the privilege of worshipping these images there, in their own traditional ways. But from the study of the position in space given to those Digambari images there, the comparatively insignificant way in which the worship of these images is carried on in these places, cannot but convince an impartial mind that it is due to the religious generosity and tolerence of the Shwetambars that these images happened to be located and worshipped there. Parallel cases of such things are also not wanting in the religious history of our brethren, the Hindus. In the Hindu places of pilgrimage the sacred images of other gods and godesses than that of the principal one, are not found wanting in the Hindu Temples. But this does not go to alter the sectarian character of those Temples and religious

places. Besides the inscriptions, both on the pedestals of the images, foot prints &c. of the Tirthankars and tablets ( *Prashastis,* ) memorating the erection and repairs of these Temples and Dharamsalas, all bear unmistakable testimony to the fact that all these rightly belong to the Shwetambari community. These inscriptions and tablets find additional support from *Firmans* and *Sanads* of the Mogul Rulers of India, embodying in them the Imperial declarations of the by-gone days, stating out rights and privileges which the Shwetambars could only enjoy to the exclusion of any other. It is true that some people had the audacity to question the authenticity of these historic records but I am glad to mention that none of these curious questioners, had any moral courage to prove the spurious character of these invaluable records as alleged. Licensed slanderers are always found in every clime to be gifted with fertile tongues to turn in any direction to cloud or hide the truth, little knowing that they will have to disappear like cobwebs before the scorching rays of the sun rising in the meridian.

Now in the face of these overwhelming evidence, I ask who has been the aggressor who has been undermining the soul of the whole Jain community and eating into the vitals of our well-being ? Can not any compromise, any amicable settlement be arrived at and bid good-bye to the courts of Law in matters religious especially. If it is possible, it is high time after so many conferences of both the Sects that it should be attempted at once. Let a committee be created out of the responsible followers of both the sects and powers be delegated by them to the members constituting the committee to meet and discuss out the best solution possible without violating any one's traditional rights and control and chalk out as well our lines of action that will not only settle once for all the vital issues involved but will make a double conquest at each step it will take, in case any reasonable compromise be found impossible in as much as it is out of question to give up one's traditional rights over a thing simply for the obduracy of another. We have to look forward to the possibility and nothing

should be done or transacted for which we might be charged with effeminacy and shortsightedness by our future generations.

**Justice.**

II

Dear Brother Desai, Indore 12—ii—18

× × × × × ×

As to Sikharji it is a shame that the Jainas are eager to make a non-Jaina owner of our Hill. I ask you and throgh you, my brother Makanji J. Mehta & other enlightened friends what will be the result of estoppel on our rights *for ever*, if we accept even a lease in perpetuity from Raja of Palganj? Our progeny can never claim the hill *as their* own. The lessees may be troubled or even turned out on some pretext or other. You know my personal feelings. I am an *universal* Jaina; my brotherhood extends to birds & beasts and to English; Jainas or TRUTH is my brother, in whatever disguise he comes to me. I think both Svetambaras & Digambaras should be firmly united *at once* that the patta must be by Raja as lessee to look after Jaina Hill & to get an annual sum or lump sum for his time and trouble. On no other term we should accept any *patta* &c. As to the extent & character of the rights of Svetambaras & Digambaras *inter se*, let them settle peacefully; if not, let them fight for 50 years, but *they and none else* should *own* the Hill. As to the *modus operandi* the leaders can put their heads to gother and one can soon be found; But *now* or never. we must be perfectly determined that we (Jainas) are the *owners* of the Hill, and none else is. Any flaw or delay in this resolution means speedy spiritual strangulation. If necessary you can print and publish this in all languages as a last warning to my lamentably decaying brethren both Swetambaras and Digambaras who are misled by selfish men and narrow passions.

In the name of Lord Vira,

Yours affectionately.

**J. L. JAINI.**

# आवुं कदी बोलशो नहि.

હું હમેશા માંદોજ રહું છું.
મને બહુ થાક-શ્રમ લાગે છે, કંટાળો આવે છે.
અમુક ચીજ કે કાર્ય અતિશય ખરાબ છે.
વખત બહુજ બારીક આવ્યો છે.
જીંદગી અતિશય ટુંકી છે.
આજનો આખો દિવસ બહુ અંધકારવાળો ઝાંખો છે.
મને બહુ ઉદ્વેગ થાય છે. ખિન્ન હૃદયવાળો છું
આજની હવા ઘણી ખરાબ છે.
આ કાર્ય-અમુક કાર્ય ઘણું જ આકરૂં-કઠીણ છે.
મને માઠું થવાની-અનિષ્ટ થવાની બહુ બીક લાગે છે.
આ બનાવ ઘણો જ ખરાબ-દીલગીરી ઉપજાવે તેવો છે.
મારૂં નશીબ ઘણું ખરાબ અને ઘાતકી છે.
મારૂં ભવિષ્ય અંધકારમય-પ્રકાશ રહિત ભયાનક લાગે છે.
મારી કોઈ પણ દરકાર રાખતું નથી.
મારી યાદશક્તિ-સ્મૃતિનો હમેશાં નાશ થતો જાય છે.
મારૂં મરણ બહુ નજીક આવ્યું છે. ટુંકા વખતમાં જ મારૂં મૃત્યુ થશે તેમ મને લાગે છે.
મારો સૂર્ય જલદી અસ્ત થવા આવ્યો છે.
હું બહુ પોચો-બીકણ-સહજમાં તપી જાઉં તેવો છું.
મને ફત્તેહ મેળવવા યોગ્ય સમય જ મળતો નથી.
મારો વખત-મારા દહાડા બહુ ખરાબ પસાર થાય છે.
અમુક બાબત-અમુક કાર્ય ઘણા ભયાનક, ત્રાસ ઉપજાવે તેવાં છે.
આજે ઘણી સખત ટાઢ અગર ઘણી સખત ગરમી છે.
હું કંગાલ-દરીદ્રી-બળરહિત થતો જઉં છું એમ લાગે છે.
હું આ અગર તે કાંઇ પણ સહન કરી શકતો નથી.
આજની મારી રાત ઘણી ખરાબ પસાર થઇ છે.
મારૂં અંતઃકરણ-છાતી આજે ભરાઈ ગઇ હોય એમ લાગે છે.
અમુક બાબતનાં વિચારો તો મારાથી સહન થઇ શકે તેમ છેજ નહિ.
હું હમેશાં નબળો થતો જાઉં છું.
આવી સ્થિતિમાં જીવન ગાળવું તે ઘણું ખરાબ છે.-ન બની શકે તેવું છે.
મને વારંવાર ઉપાધિઓ-વિઘ્નો નડયાં કરેછે.
જે કોઇ પણ કાર્ય મને સોંપવામાં આવે છે તે પસંદ જ પડતું નથી.
જે કાંઈ કાર્ય મારે કરવાનું હોય છે તે મને ગમતું જ નથી.
અમુક વખત પછીજ અમુક કાર્ય મારાથી થશે. હાલ થઇ શકશે જ નહિ.

અમુક બીજા માણસોની અસરથી હું દોરવાઇ જાઉં છું.

હું માંદો છું, અને સર્વ બાબતનો મને સદંતર કંટાળો આવે છે.

અમુક બાબત તો હવે મારાથી કરી શકે તેમ છેજ નહિ.

આ કે બીજી અમુક વસ્તુ તો મને પચશે જ નહિ.

અમુક રીવાજ-બાબત-રૂઢીના અમે ગુલામ થઈ ગયા છીએ.

અમુક રીવાજ-રૂઢીમાં અમારાથી ફેરફાર થઈ શકશે જ નહિ.

હું હવે વૃદ્ધ-વીર્ય-શક્તિ રહિત થઈ ગયો છું. અને અમુક કાર્ય કરતાં મને બહુ શ્રમ લાગી જાય છે.

મને લાગે છે કે અમુક કાર્ય તો મારે મુકી જ દેવું પડશે. મારાથી તે થઈ શકશે જ નહિ.

હું કોઈનો જરાપણ વિશ્વાસ રાખી શકતો જ નથી.

હું જે ઇચ્છું તે કાર્ય તો મારાથી થઈ શકશે જ નહિ.

આખી દુનિયા તદન ખરાબ થતી જાય છે. નીચી પાયરીએજ ઉતરતી જાયછે.

હવે મારે માટે જરાપણ અજમાયશ કરવાનો તો વખતજ રહ્યો નથી.

અમુક બાબત તો મને હમેશાં હેરાનજ કર્યા કરે છે. શ્રમજ આપ્યાં કરે છે.

અમુક ખોરાક તો મને અનુકુળ આવવાનો જ નથી.

હું બહુજ નબળો અને પોચો છું.

મારા કમનશીબ-દરિદ્રાવસ્થા-દુઃખી સ્થિતિ માટે અમુક માણસો જ જવાબદાર-ઠપકાને પાત્ર છે.

મારી ફત્તેહ અમુક બીજા માણસોએ અટકાવી છે તે માણસો આડા પડવાથી મને મળતી ફત્તેહ અટકી છે.

પ્રત્યેક નાની-સૂક્ષ્મ-બીનઉપયોગી બાબત માટે પણ હું આટલી બધી કાળજી રાખું છું.

લોકો-અમુક માણસો મારો ખોટો લાભ લઈ જાય છે.

અમુક કાર્યતો એવાં જ થયાં કરે છે કે જે હમેશાં મને ખોટે રસ્તે જ દોરવી જાય છે. મને ખોટાં જ લાગે છે.

મારૂં શરીર ઘણું નબળું-શક્તિ વગરનું છે, અને મનના હુકમને તે તાબે થઈ શકતું નથી.

જીંદગીની અમુક સારી બાબતો તો મારે માટે સરજાણી જ નથી. તે મને અનુકુળ આવતી જ નથી.

દરેક માણસ મારી પાસેથી સારી સારી ચીજો લઈ લેવાનો જ પ્રયત્ન કરે છે.

તમે જ્યાં જ્યાં કાર્ય કરો છો, જ્યારે જ્યારે પ્રવૃત્તિમાં જોડાઓ છો ત્યાં અને ત્યારે કદી સત્યતો સાચવી શકતા જ નથી.

હવા-પાણિના ફેરફારની મારા ઉપર અસર થયા વિના રહેતી જ નથી.

મારી સાથે જે ગેરવર્તણુક ચલાવે તેની સાથે માયાળુપણે હું વર્તી શકતો જ નથી. મારાથી તેના તરફ માયાળુ થઇ શકાશે જ નહિ.

મારે અમુક ચીજ તો કદી જોઇશે જ નહિ, કે અમુક ચીજ વગર તો મારે

કદી ચાલશે જ નહિ.

અમુક બાબતો આ પ્રમાણે ગોઠવાશે નહિ, અથવા અમુક વસ્તુઓ મને મળશે નહિ ત્યાં સુધી હું સુખી થઇ શકીશ જ નહિ.

મારા કાર્યની આસપાસ–મારી ફત્તેહની આસપાસ ઘણા ખરાબ સંયોગો વીંટાયેલા રહેલા જ છે.

આખી દુનિયામાં દુઃખ–ઉપાધિ–મુશીબત—ખેદ–ઉદ્વેગ સંતાપ જ રહેલાં છે.

મારે મારા માર્ગશોધનમાં હમેશાં મુશીબતો નડયાં જ કરે છે. મને વારંવાર કાર્ય કરતો અટકાવવામાં જ આવે છે.

અમુક ખરાબ સંયોગો ઉત્પન્ન થાય એટલે હું તરત નાસીપાસ જ થઈ જાઉં છું. ગભરાઈ જ જાઉં છું.

અત્યારે તો બધા સંયોગે મને અનુકુળ છે, પણ હમેશાં તેવા સંયોગો રહેશે કે કેમ તેની મને ભીતિ રહ્યા કરે છે.

* * * * * *

આ ઉપરનાં બધાં વાક્યો એક અંગ્રેજી માસિક ઉપરથી લેવામાં આવ્યાં છે. આવા આવા વિચારો કરવાથી મન બહુ નબળું પડી જાય છે. મનમાં જેવી ભાવના રાખીએ તેવી જ સિદ્ધિ થાય છે. **यादृशी भावना तादृशी सिद्धिः** તે વાત બહુજ જાણીતી પ્રસિદ્ધ છે. મન ઉપર આવાં નિષેધક પદ્ધતિના વિચારો બહુ ખરાબ અસર કરે છે; માટે આવા વિરોધી વિચારો કદી પણ સેવવા નહિ; આવા વિચારો–નિષેધક શૈલીની ભાવના મગજમાંથી સદા સર્વદા દૂરજ રાખવી. હમેશાં વિચારો પ્રતિપાદક શૈલીનાંજ કરવાં. અમુક કાર્ય તો બનશે જ. હું તે કાર્ય જરૂર કરીશ જ–ગમે તેવી સ્થિતિમાં–સંયોગોમાં હું તે કાર્ય પાર પાડીશ જ તેવા વિચારો હમેશાં સેવવાં તે જરૂરનાં છે. સત્યમાર્ગે દોરનાર છે–વિજય પ્રાપ્ત કરાવનાર છે–સીધે રસ્તે લઇ જનાર છે.

શબ્દોમાં પણ બે પ્રકાર હોય છે. કેટલાંક શબ્દો બહુ અસર કરનારાં–વજનદાર હોય છે–ઉત્સાહની વૃદ્ધિ કરનારાં હોય છે, ત્યારે કેટલાંક શબ્દો નકામાં, નિરૂત્સાહી કરનારાં હોય છે. નિષેધક શૈલીનાં મગજને નબળા પાડનારાં નિરૂત્સાહનાં ઘણાં વાક્યો હોય છે; અને તેમાંથી કેટલાંક તો ઉપર દર્શાવવામાં આવ્યાં છે. આ બધાં વાક્યો એક વખત માત્ર વાંચી જવા જેવાંજ નથી. તેમાંથી ઘણાં વાક્યો તો શરીરની ખોટી નબળાઈ લાગે તેવે વખતે અગર માનસિક નબળાઈને વખતે આપણાથી આખો દિવસ વપરાયાંજ કરે છે. આવાં વાક્યો–આવી વિચારણાની અસર મગજ ઉપર બહુ થાય છે. 'અમુક કાર્ય સારાથી થશેજ નહિ' તેવો વિચાર મગજમાં આવ્યા પછી તે કાર્યમાં ફત્તેહ મળવી મુશ્કેલ છે–તે કાર્યની સંપૂર્ણતાજ થવી મુશ્કેલ છે. 'મને અમુક ખોરાક પચશેજ નહિ, અમુક સ્થળના હવા પાણિ અનુકુળ આવશેજ નહિ' તેવો વિચાર મનમાં ઉદ્દભવ્યા પછી તેવો ખોરાક લેનાર અગર તેવે સ્થળે જનારને તે અનુકુળ આવતાજ નથી. આવાં આવાં વિચારો માનસિક સમૃદ્ધિને ઓછી કરનાર છે. માનસિક વિશાળતા અટકાવનાર છે–મનને કાર્ય કરવામાં અડચણ કરનાર છે; નકામી ઉપાધિ વધારનાર છે. ખરાબ વાતાવરણ ફેલાવનાર છે. દરેક કાર્યની સફળતાનો આધાર મન ઉપરજ છે. વિચારની મન ઉપર બહુ અસર થાય છે. તેથી

આવાં ઉપર જણાવેલાં નિષેધક શૈલીના, મનને નબળુ કરી નાંખે તેવા વિચારો કદિ સેવવાં નહિ. તેવાં વાક્યો ઉચ્ચારવાં નહિ. ઉત્સાહિત.—ઉત્તેજિત કરે તેવાં વાક્યો બોલનારને અને તેની આસપાસ રહેનારને પણ બહુ ફાયદો કરે છે. હમેશાં પ્રતિપાદક શૈલીનાંજ વિચારો સેવવાં; નઠારવાચી વાક્યોને સર્વદા દૂરજ રાખવાં તે જરૂરનું છે. કાર્યસિદ્ધિ માટે અગત્યનું છે. પર્યુષણ પર્વવખતે બહાર પડેલ આ અંકમાં.—પર્યુષણમાંજ પવિત્ર દિવસોમાં ભાવી ઉન્નતિ—માનસિક વિશાલતા માટેનાં પ્રતિપાદક શૈલીમાટેનાં આ વિચારો વાંચક વર્ગને બહુ ઉપયોગી—જરૂરનાં—ભવિષ્યમાં શુભફલદાયી હોવાથી તે ઉચ્ચારવાની, તેવું વાતાવરણ સર્વત્ર ફેલાવવાની સુચના કરી આ લેખ સંપૂર્ણ કરવામાં આવે છે.

**ભાવનગર.** **કાપડીયા. નેમચંદ ગિરધરલાલ.**

# જૈન સમાજ અને હૃદયની ઉદરતાની જરૂર.

## લેખક—શા. ચિમન.

[ આ લેખ મહાવીર જૈનવિદ્યાલયના એક કૅલેજ—વિદ્યાર્થીએ લખેલો છે. તે જણાવે છે કે: " ગુજરાતીમાં લેખ લખવાનો પ્રથમજ પ્રસંગ છે! તેમજ ક્ષાયોપશમિક જ્ઞાન હમેશાં અપૂર્ણ હોવાથી ત્થા મનુષ્યના હૃદય નદીઓની માફક જુદાજુદા રૂપમાં રહેતાં હોવાથી વિચારોની ભિન્નતા પણ હોય અને તેને લઈને લેખમાં દર્શાવેલા ઉદ્દગારો અનેક આત્માને મન માનતા ન થઇ પડે; તેમજ તેમાં સ્ખલના પણ હોય તેવો સંભવ છે. "—લેખના સંબંધે અમને લાગે છે કે કેટલાક વિચારો અપક્વ છે છતાં વિદ્યાર્થી વર્ગની વિચારનાડી કેવા પ્રકારની છે તેનો થોડો ઘણો ખ્યાલ આપવા આ લેખને સ્થાન આપવું ઉચિત ધાર્યું છે. **તંત્રી.**

**પ્રવેશ.** પ્રિયવાંચકો! આ વીસમી સદીમાં ચારે તરફ નજર ફેંકતા સમાજ, સમાજ અને સમાજના ઉદ્દગારોના આઘોષો સંભળાય છે—ઉદ્દઘોષણા પણ સંભળાય છે આ રીતે ચારે દિશામાંથી સમાજ શબ્દનોજ ફુંફવાટો ઉડયા કરે છે પણ સમાજ શબ્દનો અર્થ સમજવા સાધનની તાણ છે! તેને માટે પણ બહુજ ઓછોપ્રયત્ન કરવામાં આવે છે તો ક્યાંથી સમાજનો અર્થ અને તેની મહત્વતા ભરેલી ભાવનાઓ સમજાવી? જ્યાં દેશના ઇતિહાસનું સંપૂર્ણ જ્ઞાન નહોય, અમુક સમાજના ઇતિહાસનું પણ જ્યાં સંપૂર્ણજ્ઞાન ન હોય તો પછી તેને માટે સત્વ ક્યાંથી લાવવું? જ્યાં સુધી આપણા સાહિત્યનો સંપૂર્ણ પ્રકાશ થવા ન પામે, તેનું રહસ્ય બહાર ન આવે ત્યાં સુધી દરેક દિશામાં આપણી પ્રવૃત્તિ જોઈએ તેટલી આગળ નહીજ વધી શકે. ત્યારે શું કરવું? જે કંઇ જ્ઞાન જુદાજુદા સંજોગોદ્વારા, ઉપદેશદ્વારા પ્રાપ્ત થયું છે તે દ્વારા હું તે સમાજને મારા નમ્ર હેતુઓ જણાવીશ.

**સમાજ શબ્દની અંદરની પરિવર્તના એટલે કાળની શબ્દ ઉપર અસર.** સમાજ એટલો વિશાળ શબ્દ છે કે તેની અંદર જુદાજુદા દેશોના જુદીજુદી જાતોના અને જુદાજુદા રંગના લોકોનો સમાવેશ થાય છે. અને આમ હોવાથી સમાજને " વિશ્વ મનુષ્યોનો સમૂહ " કહીએ તો ખોટું નહીજ કહેવાય! પ્રથમ તો એકજ સમાજ ગણાતો; તે સમાજના પ્રથમ દિશાવાર ભાગ થયા; અને પ્રાશ્ચાત્ય તથા પૂર્વદેશીય તેવા

બેસમાજ થયા. પાછળથી આ બે ભાગમાંથી પાછા દેશવાર જુદાજુદા ભાગ થયા. આરીતે અંગ્રેજ પ્રજા, જર્મન પ્રજા, આરબ પ્રજા, હિંદુપ્રજા, આફ્રીકાની પ્રજા વિગેરે પ્રજાઓ થઇ! એટલે સમાજ શબ્દનું પ્રજાના રૂપમાં પરિવર્તન થયું. જુદીજુદી પ્રજા હોવા છતાં પણ લોકોમાં આ વખતમાં તથા જુના વખતમાં આત્મભાવના તથા આત્મબળ હતું તેટલુંજ રહેલું હતું. પણ આગળ જતાં જેમજેમ જુદા જુદા ધર્મો થતા ગયા તેમ તેમ ધર્મવાર સમાજ બંધાતા ગયા. આ જૈન સમાજ, બૌદ્ધસમાજ, હિંદુસમાજ એમ સંકુચિત રૂપમાં પ્રથમનો સમાજ શબ્દ બદલાયો; આટલેથીજ વાત અટકી નહી પણ ધાર્મિક સમાજો હતા તેના પણ જુદાજુદા જ્ઞાતિવાર પેટા ભાગ થયા. આ પ્રમાણે પ્રથમના સમાજ શબ્દનું અતિ સંકુચિત રૂપ થઇ પડયું! જ્ઞાતિવાર ભાગ પડયા પહેલાં ફીરકાવાર પણ ભેદ થયા હતા. શ્વેતાંબર, દીગંબર તથા સ્થાનકવાસી ફીરકાઓ થયા, તેમાંથી જ્ઞાતિઓનો ઉદ્દ્ભવ થયો. આપણે તો જૈન સમાજને વિષે જરા લંબાણથી લખવું જરૂરનું છે. હું જન્મથીજ જૈન ગણાતા એવા આખા જૈન સમાજને લઇને કાંઇક વિસ્તારથી લખીશ.

## જૈન સમાજના બે ભાગ.

જૈન સમાજ તરફ દષ્ટિ તરફ ફેંકતા આપણે સમાજ શું છે? સમાજ કોની બનેલી છે? તેમાં મુખ્ય કયા કયા ભાગો છે? તેનો તુરતજ ખ્યાલ કરવો જોઈએ. સમાજ દરેક વ્યક્તિની બનેલી છે, સમાજ અતિવિશાળ સમૂહ છે અને તેના જૈન દષ્ટિએ મુખ્ય બે ભેદ પાડી શકાય. **ગૃહસ્થ સમાજ તથા સાધુ સમાજ.** આ બે સમાજનું જુદાજુદા રૂપમાં વિસ્તારથી કાંઈક વિશેષ દિગ્દર્શન કરાવીશું.

## સાધુ સમાજ. નવા તથા જુના સમાજનું ટુંક ચિત્ર.

પ્રથમ સાધુ સમાજનું જુનું તથા નવું રૂપ જોઇએ! જુના વખતની પ્રવૃતિ તથા પ્રયાસો કેવા રૂપમાં થતા હતા તે જોઇએ. પ્રથમતો જે સાધુઓ માત્ર જ્ઞાન મેળવીને આધ્યાત્મિક સુખનોજ પ્રયત્ન કરતા તેઓતો માત્ર અરણ્યમાંજ વાસ કરતા; માત્ર આહાર વિગેરે માટેજ વસ્તીમાં આવતા. બાકીનો કાળ પોતાના આવાસમાં રહી જ્ઞાનનું ચિન્તન કરતા, તેમાંજ આનંદ લેતા અને આ રીતે આત્મહિત કરતા. બીજો વર્ગ જોકે સાંસારિક સર્વ પ્રવૃતિઓથી દૂર રહેતો તોપણ તેઓ જ્ઞાન મેળવવામાં અને તે જ્ઞાનનું બીજા જીવો પાસે નિરૂપણ કરવા ચુકતા નહી. જ્ઞાનના નિરૂપણદ્વારા તેઓ સાધુ સમાજને (માત્ર ઉપદેશકો તૈયાર કરવાને) તેમજ ગૃહસ્થ સમાજને (સારા યુક્તિ પૂર્વક દષ્ટાંતોદ્વારા તેમની ફરજો દર્શાવી) અત્યંત ઉપયોગી થતાં. મતલબ કે તેઓ પોતાના તેમજ બીજા સમાજને પણ ઉપયોગી થઇ પડતા **સમાજને ઉપદેશ આપતા અને તે વખતે તેમનામાંથી જે ઉપદેશકો તેઓ ઉત્પન્ન કરતા (જે ઉત્સાહથી પોતાનું કર્તવ્ય બજાવવામાં તત્પર રહેતા) તેઓને પોતાના જેવા બનાવતા પહેલા તેના જ્ઞાનનો, તેની વયનો તેના શારિરીક બળનો, તેના આત્મિક બળનો અને તેની ઉચ્ચ ભાવનાનો સંપૂર્ણ વિચાર કરતા.** અને આમ હોવાથી જ નવા ઉપદેશકો વા સાધુઓ પોતાની ફરજ ઉચ્ચ રીતે બજાવતા. પણ કાળમાં પરિવર્તન થયું! એટલે કે આત્મબળ, હૃદયભાવના તથા જ્ઞાન ક્ષીણ થતાં ગયાં અને તે પરિવર્તનો એવી સ્થિતિમાં આવી પહોંચ્યા છે કે જ્યારે સમાજમાં એવી જાતનો કુસંપ તથા કલહપ્રીયતાં પેઠેલ છે કે જે દુર કરી શકાય તેમ દેખાં

તું નથી! **આ બધા પરિવર્તનો જુના નથી પણ માત્ર એક કે બે દશકાના જ છે!** અને તેથી જો સાધુઓ પોતાની ફરજ વિચારી આ પરિવર્તનોને દૂર કરવા પ્રયત્નો કરવા માંડે તો તેમાં તત્કાળ ફેરફાર થવાનો પણ સંભવ છે. **આત્મભોગ તથા આત્મબળ અને ઉચ્ચભાવનાની ખાસ જરૂરછે અને તે વગર આ સમાજની ઉન્નતિ અશક્ય જ છે!** કુસંપ એવી સ્થિતિએ પહોંચેલો છે કે જ્યારે અમુક સાધુ કોઇ સમાજના હિતનું કાર્ય શરૂ કરે તો તેને (પછી તે સારૂં કામ પોતાના સમાજને ઉપયોગી હોય કે ગૃહસ્થ સમાજને ઉપયોગી હોય તો પણ) તે પ્રયત્નને તોડી પાડવો અથવા તેના યત્નો બરબાદ થાય તેમ કરવા યુક્તિ પ્રયુક્તિઓ કરવી તેમાંજ તેનો દ્વેષી બંધુ પોતાનું માન, ઉન્નતિ અને ફરજ સમજશે? **આવાસમાજોપયોગી કાર્યમાં કુસંપની જગ્યાએ હરીફાઈ શરૂ થાય તો બહુજ સારૂં કામ થાય!** આ એમ નથી જણાવતું કે સર્વ સાધુ સમાજ અત્યારનો આવો છે પણ થોડા એવા હોય તેને લઇને બધાને તે સ્હેવું પડે છે. સાધુ સમાજ આ રીતે પોતાની જ ઉન્નતિ કરી શકવા અશક્ત હોય તો શ્રાવકોની ઉન્નતિ શી રીતે કરી શકવાના હતા? કોઈ કહેશે કે કાળ બદલાયો છે, પણ ભાઇ! કાલ બદલાય છે તે સંસારી પ્રાણીઓ માટે! દુનીયાના વ્યવહારી પ્રાણી માટે) નહી કે જેને જગતનો ત્યાગ કર્યો છે તેને માટે! મમતાનો જેણે ત્યાગ કર્યો તેને કાળનું પરિવર્તન કાંઇ અસર કરતું નથી જ! આમ હોવાથી જ જો જુના માર્ગ પકડવામાં આવે તો સમાજનો સડો ઘણા અંશે દુર થઈ શકે; એટલે કે આધ્યાત્મિક હિતની ઇચ્છા વાળાએ અરણ્યમાં રહેવું અને સમાજોપયોગી કાર્ય કરનાર (અનુકંપાને લઇને) ને માટે તો તેને પોતાની ફરજ કાળના પરિવર્તન પ્રમાણે શ્રાવકોને ઉપદેશ આપીને તેમાં રહી પોતાનો ધર્મ બજાવવાનો છે!

## ગૃહસ્થ સમાજ. નવું તથા જુનું ચિત્ર.

હવે ગૃહસ્થ સમાજપર આવીએ! એક વખત એવો હતો કે જ્યારે ગૃહસ્થ સમાજમાં એક એવી જાતની સમતા (સમાનપણું) હતી કે જે વખતે ગમે તેવો માણસ ગમે તેવો અપરાધ કરે તો તેના તરફ અનુકંપા દર્શાવાતી અને તે દયા એવી જાતની હતી કે તે માણસને શું પ્રાયશ્ચિત આપવાથી, વા કયા ઉપાયોથી તેને સમાજથી દૂર નહી કરવો (સમાજનો વેરી અને વિઘ્ન કર્તા નહી બનાવવો) એટલે સમાજ બળ ઓછું નહી કરવું તે માટે સંપૂર્ણ વિચાર થતો! તેને ઉચ્ચ સ્થિતિમાં કેવી રીતે લઇ જવો તેનો સંપૂર્ણ વિચાર કરવામાં તે સમાજ પોતાનો ધર્મ સમજતી! અત્યારના જૈનો એવા પ્રયત્નો કરી રહ્યા છે કે દર્શાવતાં પણ સંકોચ થાય છે; પણ ફરજ બજાવવાની શરૂઆત કરી એટલે પુરી કરવી તે ધર્મ સમજીશ; અને તેથી આ ધર્મને અનુસરી હું નમ્રતા પૂર્વક જણાવીશ કે જે જૈનો પૂર્વે ડાહ્યા અને ડાહી માના દીકરા ગણાતા તેઓ એવી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે કે જેથી કલહ તથા દ્વેષરૂપ ફળ ઉત્પન થયાં છે! આ સમાજનું અત્યારનું ચિત્ર છે! કેટલીકવાર એમ પણ બને છે કે મૂનીરાજોના કલહમાં કેટલાક શ્રાવકો "હોળીનું નાળીએર" થઇ પડે છે અને કેટલીકવાર તો તેઓ પોતે જ તેમને કલહમાર્ગમાં દોરે છે; ક્યાં અધ્યાત્મિક સુખનો માર્ગ અને ક્યાં અધોગતિનો આ ઉત્તમ રસ્તો! આમ હોવાથી કાંતો એ સમાજ પોતે કલહ ન કરે અથવા તો એક બીજા પોતાના સમાજના કલહો સુધી બીજા કલહમાં ભાગ ન લે, તો કાંઇક સ્હેલાઇથી સમાજનો અભ્યુદય થઈ શકે. આ વસ્તુ સ્થિતિની

કાંઈક ઝાંખી કરાવવા માટે લવાદ મારફતે ચારૂપ કેસના મળેલા ફેંસલા પછીની બન્ને સમાજની પ્રવૃતિઓ પુરતું અજવાળું નાખે છે! તે આના લેખો અને સાધુ સમાજમાંની કેટલીક વ્યક્તિઓના લેખો પણ તે બાબતપર પુરતો પ્રકાશ કરશે.

**સાધુ તથા ગૃહસ્થ સમાજનાં નવાં ચિત્રો અને તેનાં પારણામો. સુધારાઓની અગત્ય.**—આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે તો તેનાં પરિણામો શાં આવવાં જોઇએ અને આવેલાં છે તે જરા જુઓ! પ્રથમ તો રાજ્યની કોઈ પણ ધારાસભામાં કોઈ ઝાંખી વ્યક્તિ વા લોકમત સિવાય કાંઇપણ જૈનોનું તત્વ નથી! બીજું રાજકીય પ્રશ્નોની બાબતો માટે જે હિંદી રાષ્ટ્રિય સભા મળે છે તેમાં કોઇપણ વ્યક્તિ બોલનાર "Orafor" તરીકે ન મળે; આ વસ્તુસ્થિતિ ન હોત તો તો કયારનો પેલો વીરનર જે જયપૂર નરેશના રાજ્યમાં કોઇપણ પ્રકારના ન્યાય સિવાય અંધારામાં પડયો છે તે વીરરત્ન અર્જુનલાલશેઠીની બાબત હિંદી રાષ્ટ્રિય સભામાં જો કોઇ જૈનોનો નેતા રસપૂર્વક ભાગ લેતો હોત તો ત્યાં હાથ ધરી તે જરૂર તે વીરરત્નને થોડાજ વખતમાં બહાર કઢાવી શકાત? આ રીતે હિંદ પણ પોતાની ફરજ જાગ્રુત અને બજાવત પણ ખરી! ત્રીજું જૈનોના કરતાં પણ નાની સમાજોના કેટલાક ત્હેવારો સરકાર તરફથી પળાય છે તે ત્હેવારો આપણી કોમ મોટી હોવા છતાં પળાતા નથી! આતો એક નવું આશ્ચર્ય? પણ તેમાં કોઈ જાતની નવાઇ નથી. આ એક ઐક્યબળ, હૃદયબળ અને ભાવનાનો સવાલ છે અને તેથી આ સર્વ બાબતો તેની ખોટ દર્શાવે છે. કેળવણીની બાબતમાં તથા સમાજ સુધારણાની બાબતમાં વિચાર કરવાનો વખત કલહ કરવાના ટાઇમમાં પસાર થઇ જાય છે! આથી પણ અધિક કુસંપના પરિણામો છે. તેનું સંપૂર્ણ દિગ્ દર્શન કરવું તેમાં એક પુસ્તકનું લખાણ રોકી શકું! આ સર્વ વાતો ગૃહસ્થ સમાજને લગતી છે અને તેથી તે દ્દષ્ટિથીજ હવેનું લખાણ થાય છે. **સમાજનો ઉદ્ધાર ક્યારે હોઇ શકે કે જ્યારે સમાજ નેતાઓ પોતે કહે તે પ્રમાણેજ કરી બતાવે ત્યારે!** હમણાં કયા કયા સુધારાઓની અગત્ય છે તે સવિસ્તર જણાવીશ. કેળવણી, આપણા અખુટ સાહિત્યને પ્રકટ કરાવવાના પ્રયત્ન, સામાજીક તથા રાજકીય સ્થિતિમાં, સુધારા બાળલગ્ન તથા વૃદ્ધ વિવાહની અટકાયત, વિધવાની કઢંગી સ્થિતિ દૂર કરવાની અને આશ્રમોની જરૂર, શહેરોની અંદર સસ્તા ભાડાની ચાલની જરૂર અને ધનાઢયના પૈસાનો દુર્વ્યય અટકાવવાનો પ્રયત્ન; આ સર્વ સમાજ સુધારામાં ગણી શકાય. મેં પ્રથમ સમાજ સુધારણાની રીત બતાવી હવે સુધારા કેવી રીતે અમલમાં મુકવા તે રસ્તો દર્શાવી અત્યારના તથા ભવિષ્યના નેતાઓની એકબીજા પ્રત્યેની ફરજ દર્શાવી આ લેખ સંપૂર્ણ કરીશ.

**સાધુ સમાજના સુધારાની અગત્ય. જ્ઞાન અને તેનો ઉપયોગ. સામાજીક તથા રાજકીય પ્રસંગો અને સાધુઓ**—સાધુ સમાજને શી રીતે સુધારી શકાય તે પ્રથમ લઇએ! તેઓને જ્ઞાન મેળવવાની સગવડ કરી આપવામાં આવે; નિરસજ આહાર વ્હોરાવવામાં આવે અને તેમને પોતાના જ્ઞાનમાંજ મસ્ત થવા દેવામાં આવે તો તે રીતે તેઓ પોતાના આત્માનું કલ્યાણ કરી શકે! પણ કાળ તથા ક્ષેત્રની પરિસ્થિતિ જોતાં ઉપરનું આત્માનું હિત કરતા પણ વિશેષ ફરજ તેમના પર આવે છે. જ્ઞાન પ્રાપ્ત કરવું અને જ્ઞાનદ્વારા ઉપદેશ આપવો તે પ્રથમની ફરજ. બીજી ફરજ, નહિ કે તેઓએ ધનિક લોકો તરફ નજર કરવાની. પણ આત્મબળ તથા ઉચ્ચ ભાવનાવાળા અત્યારના તથા ભવિષ્યના સમાજ નેતાઓ-

ના સંસર્ગમાં આવવું; આ રીતે વિચારોની આપલે કરવાથી તથા છુટછાટ (compromise) મુકવાથી એકબીજાના મતને સરખા થઈ તે મત ફેલાય અને તે સુધારા માટેજ પ્રયત્ન કરવામાં આવે તે પણ તેમનીજ ફરજ છે. ત્રીજી ફરજ સાધુઓને પોતાના ગુરૂની વા પોતાની નામના સીધી કે આડકતરી રીતે કરવાની જરૂર નથી પણ સમાજ સુધારણામાં તેમની મદદની ખાસ જરૂર છે! તેઓ જો પોતાની ફરજ સમજે, સમજી તેને અમલમાં મુકે તો જે જૈન સમાજ અત્યારના કાયર રૂપમાં દેખાય છે તે એક વીરરૂપમાં ફેરવાઈ જાય. ચોથું શ્રાવકો પાસે સાધુઓએ આડકતરી રીતે નકામા પૈસા ખરચાવવા ન જોઇએ; અત્યારના દેશની અંદર ગરીબી વધતી જાય છે તેવા વખતમાં જીર્ણોદ્ધાર (કે જેની અંદર ઓછા ખર્ચે વિશેષ પુણ્ય ઉપાર્જન થાય) તે મુકીને નવા દહેરાસરો બંધાવા પ્રયત્ન કરવો તે સારૂં તો નહીજ કહી શકાય. આ રીતે લગ્ન ખર્ચ, ન્યાતવરા બાબતમાં પણ લોકોને ખર્ચ ઓછો કરવા ઉપદેશો આપવા, સસ્તા ભાડાની ગરીબોને માટે ચાલો બંધાવવી, જ્ઞાનદાન માટે, પુસ્તકોદ્ધાર માટે, વિધવાશ્રમો માટે કે એવા બીજા કોઈ શુભ કાર્યોમાં પૈસાનો વ્યય કરવો—તે વ્યય નહી પણ તે પૈસા વ્યાજ સહિત આપણને પાછા મળે છે? માટે આવા પ્રયત્નોમાં પોતાની પ્રવૃત્તિ વધારવી. વગેરે ઉપદેશ જુના દૃષ્ટાંતો સાથે નવા અને આધુનિક સમાજ ચિત્રોને અનુસરી જરૂર જેટલો આપવો. નવી શૈલીથી વ્યાખ્યાન આપવાની ખાસ જરૂર છે. નવી શૈલીજ નવ યુવાનોને ધર્મ તરફ તથા સમાજ તરફ દોરવશે. આટલું લખીને એક ખાસ અતિ ઉપયોગી પણ વિવાદગ્રસ્ત વિષયપર આવીશ. સાધુઓએ **સામાજીક તથા રાજકીય વિષયોમાં ખાસ** ભાગ લેવાની જરૂર છે. સામાજીક વિષયોપર ધ્યાન આપી આપણા સમાજને કેવા ફેરફારોની જરૂર છે તે શોધી કાઢી, ગૃહસ્થ સમાજના નેતાઓનું તે તરફ ધ્યાન ખેંચી અને તેમને અમલમાં મુકવા અને તેના લાભાલાભ પણ સ્પષ્ટિકરણ સાથે રજુ કરવા. રાજકીય સ્થિતિ જોતાં અને કાળની પરિસ્થિતિ જોતાં રાજકીય જ્ઞાન પણ તેઓને માટે જરૂરનું છે અને આ જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. રાષ્ટ્રિય સભામાં જે સવાલો ચર્ચાય તે તે સવાલોને આપણા સામાજીક સવાલો સાથે શું સબંધ છે તે વિચારી તે સઘળા સવાલો આપણી પરિષદો જે પ્રતિવર્ષ ભરાય છે તેમાં ચર્ચાવા જોઇએ. પરિષદમાં આ સવાલો બધા છુટથી સાંભળી શકે અને તેપર વિચાર પણ કરી શકે! આ જ્ઞાન ફેલાવવું અને આવા જ્ઞાનયુક્ત યુવકો ઉત્પન્ન કરવાની સાધુઓની ખાસ ફરજ છે. સાધુઓ આ પોતાનો ધર્મ સ્વીકારી નાયકોને પણ તે બાબતોનો સંપૂર્ણ અભ્યાસ આગ્રહ પૂર્વક કરાવે તો સમાજ પોતાનું કર્તવ્ય સંપૂર્ણ બજાવી શકે. સાધુઓને સંસાર સાથે સંબંધ નથી તે વાત આડે આવે છે પણ સમાજની વચ્ચે વસનાર સાધુઓ માટે તો સમાજ તેમની પાસે કામ કરાવવા—માંગવા બંધાએલીજ છે. ધર્મને નામે રાજકીય પ્રવૃત્તિની જરૂર શી છે તે કહેવું તે ધર્મ કે જે આત્મબળ તથા ભાવના આપે છે તેનો ઉપયોગ તજી નિર્માલ્યતા દર્શાવવી તેજ છે. પ્રથમ તિર્થંકર શ્રીમાન્ ઋષભદેવ ભગવાને પ્રથમ તો લોકોને રાંધતાં શીખવ્યું, જુદી જુદી જાતના કારીગરોના વર્ગો ઉત્પન્ન કર્યા વિગેરે શું પ્રવૃતિઓ નહોતી? કોઇ એમ કહેશે કે ગૃહસ્થાવાસમાં તેઓએ તેમ કર્યું હતું પણ જો તેવા અવધિજ્ઞાન યુક્ત તથા ભાવ સાધુને આમ કરવાનો જો ધર્મ હોય તો અવધિજ્ઞાન રહિત અને દ્રવ્ય સાધુનો આ એક ધર્મ ન કહી શકાય? ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે કે શ્રીમાન્ હીરવિજય

સુરીશ્વરજી તથા હેમચંદ્રાચાર્યજી વિગેરે સાધુઓ પણ રાજકીય પ્રવૃતિમાં ભાગ લેતા હતા; જો આ બધું ખરૂં માનવાનાં કારણો મોજુદ છે તો શા માટે સાધુ સમાજ આધુનિક સમયમાં પોતે રાજકીય પરિષદોનો વિચાર ન કરી શકે? આ સબંધમાં સાધુઓ સંપૂર્ણ વિચાર કરી. વિચાર દૃઢ કરી, અને તરતજ તે વિચારને અમલમાં મુકે; અમલમાં પોતે મુકે એટલુંજ નહી પણ ગૃહસ્થોને પણ તે માર્ગે દોરવે અને આ રીતે સમાજની આગળ પ્રવૃતિ કરીને પછી પોતે ભલે આત્મજ્ઞાનમાં મસ્ત રહ્યા કરે! જૈનોમાં ધર્મને નામે જે નિર્બળતા પેઠી છે તેને દુર કરાવીને તેઓ આત્માનંદમાં મચ્યા કરે તો કોઈ પ્રકારનો અમેને એટલે કે સમાજને વાંધો નથી. આટલો અમારો સ્વાર્થ છે; અને સ્વાર્થી હૃદય અનુકંપાની યાચના કરાવે છે અને નહી કે દયાની ? દયા માગવી તે એક કૃપણુતા છે! અનુકંપાને લઇનેજ તિર્થંકરો પોતે તીર્થ પ્રવર્તાવતા હતા. પણ અનુકંપાની યાચના કરવી અને તે યાચનાને સ્વીકારવી તે બન્ને સમાજની ફરજ છે. આ પ્રમાણે અનુકંપા દાન કરીને જો તેઓ આત્માના આનંદમાં મસ્ત રહેશે તો અમોને કોઈ પ્રકારની તેમના પર પણ ઇર્ષ્યા નહી આવે! જ્યારે **સમાજોન્નતિ તથા દેશોન્નતિના દર્શનના કારણભૂત વ્યક્તિઓમાં જ્યારે અમે અમારા સાધુઓને જોઇશું ત્યારે અમોને તેમને માટે તથા અમારા સમાજ માટે અભિમાન લેવાનું કારણ મળશે. અને સર્વ જે પરિવર્તનો સમાજમાં** થશે તે રાજકીય પરિવર્ત્તનોમાં પરિપૂર્ણ સહાયભૂત થઈ પડે અને જ્યારે દેશોન્નતિ થાય ત્યારે તે પરિવર્ત્તનના કાર્યમાં તેમના પ્રયત્નો હતા અને તે પ્રયત્નને ટેકો આપનાર આપણો સમાજ હતો તે જોઇને અમોને હર્ષ તો થાયજ.

(અપૂર્ણ).

---

# डॉ॰ बोझनी जीव मीमांसा.

સર જગદીશચંદ્ર બોઝ સબળ દૃષ્ટા છે. ઋષિઓ પૂર્વ સમયમાં જેમ જીવનના સંકેત ઉકેલી આપતા અને નવાં દર્શન લોક સમક્ષ રજુ કરતા તે પ્રણાલિકા મુજબ ડૉક્ટર જગદીશચંદ્ર બોઝે દુનીઆને "**જીવ**" ની "**ચેતન**" ની મિમાંસા પઢાવવાનું કામ ઉપાડયું છે. એ ઋષિની મિમાંસા પઢવા સારૂં આખી પૃથ્વીના વિદ્વાન માણસો એ ઋષિને નમન કરી રહ્યા છે. ડૉ. બોઝે શોધી કાઢયું છે કે **અર્વાચીન વિજ્ઞાન જેને "જીવ" કે "ચેતન" કહે છે તે તત્ત્વ દુનીઆની વસ્તુ માત્રમાં વસેલું છે. કેવળ કહેવાતા સજીવ પદાર્થોમાં જીવ છે અને કહેવાતા જડ પદાર્થોમાં જીવ નથી એ માન્યતા ડૉ. બોઝની શોધથી ઉડી** ગઇ છે.

**બધા પદાર્થોમાં "જીવ" છે એ કેવી રીતે સિદ્ધ થયું છે?**

"જીવ" ની સર્વ વ્યાપકતા સિદ્ધ કરતાં પહેલાં "જીવ" ના સામાન્ય લક્ષણનો નિર્ણય કરવામાં આવ્યો છે. એ લક્ષણો જ્યાં જ્યાં હાજર હોય ત્યાં ત્યાં "જીવ" હોવો જોઇએ એમ પછીથી માની શકાય. આપણા દેશમાં બ્રહ્મ, જીવ, અને માયા—એ ત્રિપુટીની જે લુખી ચર્ચા હાલમાં થાય છે તેને અને ડૉ. બોઝની શોધને કશો સંબંધ નથી. એ ચર્ચામાં રસ લેનારા જો ડૉ. બોઝની શોધથી ગર્વિષ્ટ બનવા ઇચ્છતા હોય તો તેમણે મહે-

રખાની કરીને ડૉક્ટર બોઝની શોધનું રહસ્ય સમજવા જેટલું અર્વાચીન વિજ્ઞાનનું પઠન કરવાની જરૂર તસ્તી લેવી......જ્યાં "જીવ" છે ત્યાં પ્રોત્સાહક, નિરૂત્સાહક, માદક, કે વિનાશક ધક્કાની અસર થયા વિના રહેતી નથી; જ્યાં "જીવ" છે ત્યાં થાક લાગે છે અને વિશ્રાંતિની જરૂર જણાય છે. સામાન્ય રીતે "જીવ" નાં આ લક્ષણો માનીને ડૉક્ટર બોઝે દુનીઆને બતાવ્યું છે કે "જીવ" તો સર્વ વ્યાપાક છે.

શાકભાજીમાંથી નીકળતી ઇયળને જરા સળી અડકાડીએ છીએ કે તરત જ તે સંકોચાય છે; તમારી ચામડીને કોઈ સ્પર્શ કરે છે કે તરત જ તે સંકોચાય છે, આંખ પર પ્રકાશનો ધક્કો લાગે છે કે તરતજ જ કીકી સાંકડી બની જાય છે, લાજાળુના પાંદડાંને અડકીએ છીએ કે તરતજ પાંદડાં સંકોચાય છે; એ બધા પ્રોત્સાહક ધક્કાનો "જીવ" ઉત્તર આપે છે એના દૃષ્ટાંત છે. જુલાબ લીધો હોય છે ત્યારે અંગ શિથિલ બને છે; ખુબ વાંચ્યા પછી આંખે અંધારાં આવે છે, શિયાળામાં કડકડતી ટાઢમાં ખુલ્લે શરીરે થોડી વાર ઉભા પછી શરીરે ટાઢ પડતી નથી—એ બધા નિરૂત્સાહક ધક્કાનો "જીવ" કેવો ઉત્તર આપે છે તેના દ્રષ્ટાંત છે. ભાંગ પીધા પછી દારૂ પીધા પછી, કે ગાંજો ફુંક્યા પછી અને બીજા માદક ધક્કા પછી શરીરમાં રક્તવહન પર અને જ્ઞાનતંતુ પર અમુક અસર થાય છે તેની પ્રતીતિ ઇંદ્રિયોની શક્તિ માપવાના યંત્રોથી જ થઈ શકે છે. ઝેરથી જંતુઓ મરી જાય છે એ વિનાશક ધક્કાનું દૃષ્ટાંત છે.

ડૉક્ટર બોઝે પહેલાં અમુક પ્રકારના પ્રોત્સાહક, નિરૂત્સાહક, માદક અને વિનાશક ધક્કા જીવતા પ્રાણીને આપ્યા અને તેની અસર જે થઇ તેની નોંધ ચિત્રોથી લીધી. સ્પર્શના ધક્કાથી ચામડીનો સંકોચ વિકાસ થાય તે સંકોચ વિકાસ મોજાં રૂપે કાગળ પર ઉતારી શકાય. ચામડીપર યુક્તિથી લેખણ મૂકી લેખણના મુખ પાસે કાગળ મૂક્યો હોય તો આવાં મોજાં થઈ શકે. પછીથી તે જ પ્રકારના ધક્કા વનસ્પતિ પર આપ્યા અને તેને લીધે થયેલાં ક્ષોભના નકશા પણ લેવાંમાં આવ્યા. આવા નકશા લેવામાં વીજળીના પ્રવાહનો બહુ ઉપયોગ કરવો પડ્યો હતો. તે વાત વિસ્તારથી સમજાવી શકાય તેમ નથી. આ વનસ્પતિના ઉત્તરનાં ચિત્રો પણ જાળવી રાખ્યાં. ત્યાર પછી ધાતુ જેવા જડ પદાર્થોને પણ તેવા જ પ્રકારના પ્રોત્સાહક, નિરૂત્સાહક, માદક, અને વિનાશક ધક્કા આપવામાં આવ્યા. તે ધાતુ તરફથી આ ધક્કાનો ઉત્તર મળ્યો. એ ઉત્તરોને પણ મોજાં રૂપે કાગળ પર ઉતારવામાં આવ્યા. પછી ત્રણે જાતના ચિત્રોને સરખાવવામાં આવ્યાં તો સ્પષ્ટ જણાયું કે ત્રણે જાતના મોજાં સ્વભાવે એક સરખાજ હતા. માત્ર લંબાઇમાં કે પહોળાઇમાં ફેર હતો ખરો. એ પરથી ડૉક્ટર બોઝે સિદ્ધ કર્યું છે કે પ્રાણી, વનસ્પતિ, અને ધાતુ જેવા જડ પદાર્થોમાં એક સામાન્ય તત્ત્વ છે અને તે તત્ત્વ એ જ "જીવ."

ત્યાર પછી પ્રાણીને, વનસ્પતિને, અને ધાતુને ઝેરનો ધક્કો આપી ડૉક્ટર બોઝે સાબીત કર્યું છે કે બધા પર ઝેરની અસર સરખી થાય છે. તે ઉપરાંત એ ત્રણે પ્રકારની સૃષ્ટિના પદાર્થોને અમુક પ્રસંગે શ્રમ લાગે છે અને આરામની જરૂર પડે છે, તે પણ ડૉક્ટર બોઝે પોતાના પ્રયોગથી સિદ્ધ કર્યું છે. જ્યારે પદાર્થોને શ્રમ લાગ્યો હોય છે ત્યારે ધક્કાનો ઉત્તર બહુ જ ઓછા બળથી મળે છે એવું પ્રયોગ પરથી જણાયું છે. ( કેળવણી. )

## શ્રી મુંબઈ માંગરોળ જૈન સભાની કન્યા શિક્ષણ શાળાનો ધાર્મિક અભ્યાસક્રમ.

### બાળ વર્ગ અને બાળ પોથી.

**મુખપાઠ**–નવકાર મંત્ર, પંચિંદય, ખમાસમણ.

**વાર્તા**–અસત્ય, સંપ, જાતમહેનત, ચોરી, અહિંસા અને ભાવનાઓ.

### ધોરણ ૧ લું.

**મુખપાઠ**–ઇચ્છકારથી કલ્લાણ કંદંની સ્તુતિ સુધી.

**અર્થ**–નવકારથી સામાઇયિ વય જુત્તો સુધી.

**વાર્તા**–વક્રભાવ, ખોટા ડોળ. લોભ, કજીઆ ઉઠાવવા, કુસંગ અને ભાવનાઓ.

### ધોરણ ૨ જું.

**મુખપાઠ**–સંસાર દાવાની સ્તુતિથી વંદિત્તા સુધી.

**અર્થ**–જગ ચિંતામણી ચૈત્યવંદનથી અઢાર પાપ સ્થાનક સુધી.

**વાર્તા**–વિશ્વાસઘાત, જાતમહેનય, નિર્દયપણું, નિંદાત્માક, આત્મનિષ્ઠા બીકણપણું, ગર્વ, બડાઇ, અન્યાય કરવો અને ભાવનાઓ.

### ધોરણ ૩ જું.

**મુખપાઠ**–અભુઠ્ઠીઓથી સકલાર્હંત પૂરૂં.

**અર્થ**–વંદિત્તાથી બે પ્રતિક્રમણ પૂરાં.

**વાર્તા**–પંચતંત્રનું બીજુ તંત્ર પૂરૂં. ભાવનાઓ,–ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ–દરેક બે બે

### ધોરણ ૪ થું.

**મુખપાઠ**–અજિતશાંતિથી પંચ પ્રતિક્રમણ પૂરાં, જીવ વિચારની ૨૫ ગાથાના બોલ ને બે પ્રતિક્રમણની વિધિ.

**અર્થ**–સકલાર્હંત, સ્નાતસ્યાની સ્તુતિ અને સંતિકર.

**વાર્તા**–બાળવાર્તા અને સુબોધક નીતિ કથામાંથી પસંદ કરેલી દશ વાર્તાઓ. ચૈત્ય વંદન, સ્તવન, સઝ્ઝાય, સ્તુતિ–દરેક ત્રણ ત્રણ.

**નોટ**—આ અભ્યાસક્રમ બીજી શાળાને માર્ગદર્શક થઇ પડશે. આ ટૂંકો છે પણ વિસ્તારથી હવે આપીશું. શાળાના ઉપયોગ માટે અત્ર મૂક્યો છે.

## શીલાલેખો માટે પ્રયાસ.

ઉપયોગી પત્રવ્યવહાર.

તા. ૨૪–૧–૧૮

આપનો નં. ૪૧૩ નો મુંબઇ તા. ૧૮–૧–૧૯૧૮ નો કૃપાપત્ર મળ્યો તેમાંનું લખાણ આભાર સહ સ્વીકારવાની હું મારી ફરજ સમજુ છું.

શીલા લેખો એકઠા કરવાના કામમાં આજદિન સુધીમાં મારા જાત અનુભવમાં મને નીચે મુજબ હરકતો નડી છે.

૧ કાયમ તેજ કાર્ય કરનારી પગારદાર માણસોવાળી એક ઓફીસની ખાગી

૧ દેવાશ્રયો વીગેરે જ્યાં શીલાલેખો મોજુદ છે તેના મુનીમો, નોકરો તથા વહી-વટદારોની શીલાલેખો ઉતારવાના કામમાં અગર ફોટો લેવાના કામમાં નાખુશી તથા અનેક તરેહની નંખાતી અડચણો.

૧ શીલાલેખો લેનાર ગ્રહસ્થોની શીલાલેખો લેવાના જ્ઞાનની ખામી

૧ શીલાલેખો લેવાના સાધન ખરીદવા માટે પૈસા આપનાર કાયમી સંસ્થાનો અભાવ

૧ શીલાલેખો લીધા બાદ તે છપાવી પ્રગટ કરનાર સંસ્થાઓનો અભાવ.

શીલાલેખો સંગ્રહ કરવાનો મને તેમજ મારા બીજા ઘણા ધર્મબંધુઓને શોખ છે આ કાર્ય હું છેલ્લા દશ વરસથી કરૂ છુ. તેમાં મેં આશરે ૧૦૦૦ લેખો ભેગા કર્યા છે. તેમાંના ઘણા ધાતુ તથા પાષાણની પ્રતિમાન ઉપરના છે. મારી સાધારણ સ્થીતિ હોવાથી આ લેખો છપાવવાતું ખરચ કરવાની મારી શકતી નથી. અને તેથી વ્યવસ્થીત સુરક્ષિત નહી રેહેવાથી થોડા નાશ પણ પામ્યા છે. આ કાર્ય હું દર વર્ષે જાત્રાએ ૧ાા માસ જઉં છુ ત્યાં મુનિરાજોની મદદથી કરૂં છું. પણ અમારા પ્રયાસનો લાભ હું જૈન સમાજને સાધનની અપૂર્ણતાને લીધે આપી શકયો નથી અને બાહ્ય મદદ વીના આપવાતું મારાથી બની શકે તેમ પણ નથી.

જે પુસ્તક પ્રસિદ્ધ કરનારી સંસ્થાઓ છે તે વ્યાપારી બુદ્ધિ વાપરી નફાની લાલચે કામ કરે છે તથા તેમાં લાગવગવાળા ફાવી જાય છે. તેમાં લાભાલાભનો વીચાર નથી તેમ વસ્તુની કીંમત નથી. અજ્ઞાન કાર્યવાહકોના હાથે તે સંસ્થાઓ ચાલે છે ને મીથ્યા-ભિમાની ખોટી મોટાઈ મેળવવા માટે ઉપર ટપકે કામ થાય છે. અજ્ઞાન ભાવિક ભદ્રિક જૈન બાઇ ભાઇઓના પૈસા ઘણે ભાગે નિરર્થક ખરચાયે જાય છે.

વરસના બાર માસમાં મને પાંચ માસ ફુરસદ છે અને મારા ખરચે હું મુસાફરી કરી મારી જીંદગી પર્યંત આ કાર્ય કરવા હું રાજી છું પણ ઉપરની ખામીઓને અંગે કાંઈ બની શકતુ નથી. આવી કમીટીઓ દરેક કોન્ફરન્સ નીમેછે પણ મારી સમજ પ્રમાણે કોઇપણ વાર કોઈપણ સ્થળે આ કમીટી એકઠી થઈ કાર્ય નિયમિત શરૂ થયું હોય તેવુ મારા જાણવામાં નથી;

કમિટિઓ નીમવાથી કે ઠરાવો કરવાથી કાર્ય થતું નથી. કાર્ય શરૂ કરી પૈસા તથા સાધનો કાર્ય કરનારને પુરા પાડવાથી તથા તે કાર્ય કરનારની મેહેનત જગજાહેર કરવાથી કાર્ય સિદ્ધ થાય છે. વાતો તે વાતોજ રેહેવાની.

મારી પ્લેન એવી છે કે જે કમીટી નીમાઈ છે તે આખી એક સ્થળે એકઠી થઇ કયા ધોરણે બાર માસ કામ ચાલે તે નકી કરે, હીદુસ્થાનમાંના તમામ જૈન લેખો લેવામાં, સં-ગ્રહ કરવામાં તથા છપાવી પ્રગટ કરવામાં કુલ શું ખરચ થશે તે નકી કરે, તે લેવામાં કે-ટલા કાયમી નોકરો જોઇશે, કેટલા વરસ લાગશે, નોકરોનો પગાર, રેલ ભાડું, સ્ટેશનરી, ફોટોગ્રાફી, ઝીન્કોપ્લેટીંગ વીગેરેનુ શું ખરચ થશે વીગેરે તમામ નકી કરે. પછી જે ખરચ નકી થાય તે રકમ એકઠી કરે, બાદ નોકરો નીમી કામ આરંભે તો મારા ધારવા તથા મારી ગણત્રી મુજબ તમામ જૈન લેખો લઇ પ્રસિદ્ધિમાં લાવવામાં ૧૦ વર્ષ લાગે. રૂ. ૧૦૦૦૦૦ ) નુ ખરચ થાય અને એક મહત્વનુ કાર્ય પુરૂ થાય. સાધુ મહારાજની મદદની આ કાર્યમાં ખાસ જરૂર છે અને દરેક યથાશકતી મદદ આપે છે પણ એકલા સાધુ મ-હારાજનું આ કાર્ય નથી.

આબુજીના ૩૦૦ ના આશરે લેખો મેં એક માસ ખોટી થઈ મુનિમહારાજ તથા બીજા ભાઈઓની મદદથી લીધા છે પણ તે છપાવનાર ન મળવાથી અથડાય છે. છેવટે તે લેખો ઇતિહાસપ્રેમી શ્રી કાંતિવિજયજી મહારાજા સાહેબના સુપ્રસિદ્ધ શીષ્ય મુનિ શ્રી જિનવિજયજીને મેં સોંપ્યા છે, તે છપાય છે એમ તેઓશ્રી લખે છે. હાલ તેઓશ્રી ક્યાં વિચરે છે તથા લેખો પ્રસિદ્ધ થયા કે નહી તેની પણ મને ખબર નથી.

આવી હકીકતથી હું કાંઇપણ ઉપયોગી થઈ શકું એમ મારૂં માનવુ નથી તેથી કમીટી પણ નકામી છે ને મારૂ તેમાં મેમ્બરમાં હોવું પણ વૃથા છે. કમીટીના એક શીવાય કોઇ મેમ્બર સાહેબને હું ઓળખતો નથી તો સાથે મળી કામ કરવાની તો વાતજ શી ? મને દીલગીરી એટલીજ છે કે જૈનોના લાખો રૂપિઆ ઉપયોગી કાર્યમાં ન ખરચતા કોન્ફરન્સો અને કમિટિઓ પાછળ, રેલભાડા, ટપાલ, તાર, સ્ટેશનરી પાછળ ખરચાઇ નીષ્ફળ જાય છે. કાળ કાળનુ કામ કરે છે. મનુષ્ય ડહાપણુ નકામુ છે. ભાવિ પ્રબલ છે અને જ્ઞાનીનુ વચન વ્યર્થ થવાનુ નથી અને તે મુજબજ થાય છે એમ અનુભવિએ છીએ.

ક્ષમાપના ચાહું છુ. ડાહ્યાભાઇ પ્રેમચંદ.

## ૨ ઉત્તર.

રા. વકીલ ડાહ્યાભાઇ પ્રેમચંદ.

ધંધુકા ( જીલા અમદાવાદ )

સુજ્ઞમહાશય. તા. ૧—૨—૧૮.

આપનો તા. ૨૪ મી જાનેવારીનો પત્ર સ્ટેન્ડિંગ કમિટી પાસ ભરવામાં આવ્યો હતો. આપની ભલામણ અને ઇચ્છાઓ યોગ્ય છે એમ દરેકે સ્વીકારેલ છે પરંતુ કેટલીક બાબતો-નો ખુલાસો કરવો ઈચ્છે તેથી તે માટે પત્ર લખવા અને શિલાલેખ સંબંધમાં ગત કોન્ફ-રન્સમાં નિમાયેલ કમિટીનું કામ વ્યવસ્થિત ચાલે તેમ પ્રબંધ કરવાનો ઠરાવ તેમાં થયેલ છે તેની રૂએ આ પત્ર લખવામાં આવે છે.

અત્યાર સુધીમાં જે કાર્ય થયું છે તે એ છે કે પહેલાં કોન્ફરન્સના એક અધિવેશન-માં કમિટી નીમાઈ હતી. ખરી રીતે શિલાલેખનો સંગ્રહ કરવાની વ્યવસ્થા આણંદજી કલ્યાણજીની પેઢીએ ધાર્યું હત તો તે ઘણી સારી કરી શકત અને હજુ પણ ઘણી સારી કરી શકે તેમજ તેમને સગવડતા પણ ઘણી, સાધન પણ પૂરાં, પણ તેવું તેમના તરફથી નથી થયું એટલે કોન્ફરન્સે કમિટી નીમવારૂપ ઠરાવ કર્યો. પછી તે સંબંધી થોડી ઊહાપોહ થઇ અને એવું ઠરાવવામાં આવ્યું કે કમિટીના મેમ્બરો તેનો સંગ્રહ કરવા વિનતી કરવી, ને જે સંગ્રહ થાય તે મંગાવી તે પ્રકટ કરવાનું આ કોન્ફરન્સ ઓફિસે કરવું આમ થયા પછી એ પ્રયાસો તે પ્રત્યે થવાનું જાણમાં આવ્યું. ૧ મુનિશ્રી જિન વિજયજી તરફથી અને ૨ કલકત્તાવાળા બાબુ પુરણચંદજી M, A. B. L. ( એક વખતના પ્રમુખ સિતા-બચંદજી નહારના પુત્ર dian ૪૮ ઇંડિયન મિરર સ્ટ્રીટ કલકત્તા તરફથી તેમાં મુનિશ્રીએ પોતા તરફથી જે પ્રયાસ ચાલ્યો તેનાં advanced proof મોકલાવી કોન્ફરન્સ ઓફિસ ઉફે જનાર્થે કંઇ કરી શકે છે કે નહિ તેનો જવાબ માગ્યો. ત્યારે કોન્ફરન્સની એડવાઇઝરી બોર્ડમાં તે સવાલ મૂકતાં તેની ઘણું કરી બસો નકલ લેવાનું ઠરાવ્યું તે સંગ્રહ હજુસુધી સમગ્ર આ-

કારમાં બહાર પડયો નથી. બહાર પડશે કોન્ફરન્સ પોતાનો ઠરાવ પાળશે. આપની પાસે જે શિલા લેખો હતા અને આપે જે મોકલાવ્યા એવું જણાવો છો તે રમણીકભાઈ પાસેથી મને મળ્યા હતા તે મેં મુનીશ્રીને સોંપેલા અને તેઓએ તે સર્વ પોતાના ઉક્ત પુસ્તકમાં આપ્યા છે અને તે પ્રકટ થયેલા આપ તે પુસ્તક બહાર પડયે જોશો. બાબુ પુરણચંદજી સાથે પત્ર વ્યવહાર કરતાં તથા મળતાં એવી ઇચ્છા તેમણે જણાવી છે તે એ જે છપાવે છે તે હિંદના સર્વ એકી સાથે છપાવવા માગે છે અને એવો કોઇ પણ લેખ ન હોવો જોઇએ કે જે પોતાના સંગ્રહમાંથી મળી ન આવે પછી તેના વોલ્યુમો ગમે તેટલા થાય તેની ફિકર નહિ તે માટે સર્વ ખર્ચ પોતે ખર્ચે છે. તેમને પ્રાચીન વસ્તુઓ માટે ખાસ શોખ છે અને કલકત્તામાં ખાસ એક બંગલામાં મ્યુઝિયમ રાખેલ છે કે જે જોવા ઘણા અમલદાર, ગવર્નર તથા લોક આવે છે અને જોઇ વખાણ કરે છે. તેમની પાસે એપિગ્રાફિકા ઈંડિકા કર્નાટિકા વગેરે પુસ્તકો છે એટલું જ નહિ પણ પોતે કરેલો શિલાલેખનો સંગ્રહ છે.

મુનિ શ્રી હવે આ એક વૉલ્યુમ બહાર પાડી બંધ કરનાર છે એમ તેમનો વિચાર સમજાયો છે, પછી બને તે ખરૂં. તેમની પાસે પણ ઘણા લેખો ( ધાતુ પ્રતિમા પરના ) તેઓ બંધ રાખશે તો તે સર્વ બાબુ પુરણચંદને સોંપી શકાય. પણ તે બાબુનું કામ ઘણું ધીમું ચાલે છે કારણ કે અનેક કાર્યમાં નિયુક્ત તે રહે છે. તેમનો છપાયેલ સંગ્રહ પણ જિનવિજયજી મહારાજને અલબત advaned proofs ના ફૉર્મ્સમાં આપેલ છે અને મુનિ શ્રી પોતાનો સંગ્રહ તે બાબુને મોકલવાના છે.

શ્રીમાન્ બુદ્ધિસાગર સૂરિએ સંગ્રહીત જૈનધાતુ પ્રતિમા લેખ સંગ્રહ અધ્યાત્મ પ્રસારક મંડળે છપાવેલ છે તેમાં સંખ્યા બારસો ઉપર છે અને તે પ્રગટ થયેલ પુસ્તક મેઘજી હીરજી બુકસેલર, પાયધુની, મુંબઇને ત્યાં મળે છે.

હવે જે સંગ્રહ આપની પાસે હોય તે પ્રકટ કરવા માગતા હો તો અધ્યાત્મ પ્રસારક મંડળ તરફથી યા કૉન્ફરન્સ ઑફિસ તરફથી પ્રકટ કરાવવાનો બંદોબસ્ત થઇ શકે તેમ છે. તો આપને હરકત ન હોય તો તે મોકલાવશો તો તેના સંબંધમાં યોગ્ય વ્યવસ્થા થઇ શકશે. મોકલવાનુ ખર્ચ કૉન્ફરન્સ ઓફિસપરજ કરશો.

હજુ અનેક શિલાલેખો છે કે જે અંધારામાં રહેલ છે અને તેમાં ખાસ કરી મારવાડ રજપુતાના માલવામાંથી તે અસંખ્ય મળી આવશે. ઇંદોરના માણેકચંદજી યતિએ ઘણો સંગ્રહ કરેલ છે એમ કહેવામાં આવે છે. તેમના તરફથી કોઇ પ્રકટ થયેલ નથી અગર તે સંગ્રહનું તે યતિવર્ય શું કરવા માગે છે એ પૂછા કરતાં પણ જણાયું નથી. હવે તો દરેક સાધુ–વિદ્વાન્ સાધુ તથા શ્રાવકો પોતાના એક ગ્રામથી બીજા ગામ જવાનું થતાં આ બાબત પર લક્ષ રાખે તો સરલતાથી, બિન ખર્ચે આ કાર્ય થઈ શકે. અને આ સર્વ કોન્ફરન્સ ઓફિસમાં મોકલવામાં આવે તો ઓફિસ એક માણસ આબરૂદાર રાખી તેને ગોઠવવા કરવાની વ્યવસ્થા કરી શકે. આવું કાર્ય જ્યાં સુધી એકઠું ન થાય ત્યાં સુધી આબરૂદાર માણસનું ખર્ચ માથે પડે.

આપને શોખ હોવાથી તેમજ આ બાબતમાં ખાસ રસ લેતા હોવાથી આપને એક સભ્ય તરીકે કમિટીમાં નીમવામાં આવેલ છે. આ વખત કમિટીના માણસો જુદે જુદે સ્થલે રહેતા હોવાથી એક સાથે એકત્ર એક સ્થલે ન મળી શકે પણ પત્ર વ્યવહારથી જ

કામ થઇ શકે અને તે પણ આવું થઇ શકે. આ બાબતમાં મુંબાઇમાંના મેમ્બર મી. મોહનલાલ દલીચંદ દેસાઈ વકીલ છે તે સાથે પત્ર વ્યવહાર કરશો તો તેની વ્યવસ્થા આ કોન્ફરન્સ ઓફિસ માર્ફતે બીજા સભ્યો સાથે પત્ર વ્યવહાર કરી થઇ શકશે. આ બધી હકીકત તેમણેજ પુરી પાડી છે.

આપ આ બાબતમાં કઈ બાજુના સ્થળો સંબંધી કામ કરી શકશો, અત્યારસુધી કરેલા કામ ઉપરાંત કેટલું કામ કરવાનું બાકી છે, તે બાકીકામ કરવા માટે આપને શીશી સગવડ જોઇએ છે? જોઇતા શિલ્પીને યોગ્ય સાધન જેવાકે સ્ટેશનરી, ફોટોગ્રાફીક, વગેરેનું ખર્ચ કરવા માટે કેટલા રૂપીઆ જોઈશે તે વગેરે એસ્ટીમેટ કરી લખી જણાવો તો કમિટી તેપર અનુકૂળ લક્ષ આપશે જ. જેટલું બને તેટલું તો કરવુંજ ઘટે છે. શિલા લેખનું કાર્ય ઘણું મહત્વનું અને જૈન ઈતિહાસ અને ધર્મપર ઘણું પ્રકાશ ફેંકી શકે તેમ હોવાથી તે માટે જેટલું બને તેટલું કોન્ફરન્સ તેમજ પ્રેમી વ્યક્તિઓ અને સંસ્થાઓએ કરવું ઘટે છે. આપને વાંધો નામના કમિટીમાં રહેવા સામે છે એમ બતાવો છે તે યોગ્ય છે પણ આપણે કામ કરવાનું છે. કામ કેમ કરવું તે પદ્ધતિ નક્કી કરીએ તો કામ થઇ શકે આપ નીમાયેલી કમિટીના સેક્રેટરી થઇ શકો તો તેમ અને નહિ તો આમ દેશાઇને કહી શકે તે સેક્રેટરી નીમાય તો તે સર્વ પત્ર વ્યવહાર કરી શકે આપનો જવાબ અને સુચના આવ્યા પછી તે શબંધી ઠરાવ કરવા માટે સર્વ કમિટી પાસ મૂકવામાં આવશે.

સાંભળ્યા પ્રમાણે શ્રી ધર્મવિજયજી વિદ્યાવિજયજી મુનિએ પણ સંગ્રહ કર્યો છે. એ સર્વે સૌ સૌના નામ સંગ્રહકાર તરીકે રાખી છપાવાય તો બધાની સંમતિ મળી શકશે.

આપે જણાવેલા વિચાર માટે આભાર માની.

લી. શુભેચ્છક.

**ઑ. રેસિડેન્ટ જનરલ સેક્રેટરી.**

**૩. પ્રત્યુત્તર.**

**મુ. ધંધુકા, જીલ્લે અમદાવાદ, રાણપુર**
થઇને, ભાવનગર સ્ટેટ રેલ્વે.
તા. ૨-૩-૧૯૧૮

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના માનવંત રેસીડંટ જનરલ સેક્રેટરી સાહેબની સેવામાં

લી. શ્રાવક વકીલ ડાહ્યાભાઇ પ્રેમચંદના સવિનય જય જીનેંદ્ર વાંચશો. આપશ્રીનો તા. ૧-૨-૧૮ ની મીતિનો જૈન શિલા લેખો સંબંધીનો પત્ર મળ્યો તે બાબત આપનો આભારી છું. મારા શરિરની પ્રતિકૂલતાને લીધે જવાબ મોડો લખાયો છે તે માફ કરશો.

અઢી વર્ષના સખત અને લાંબા મંદવાડને લીધે નીમાએલી કમીટીના સેક્રેટરી તરીકેનું કામ હું કરી શકુ તેમ નથી. તે કામ વકીલ સાહેબ મોહનલાલભાઈ સારી રીતે કરી શકશે. તેઓશ્રીનો રૂબરૂમાં મને કદી પરિચય થયો નથી પણ તેઓના કાર્યજ તેઓશ્રીની લાયકાત, સજ્જનપણું તથા સુશ્રાવકતા બતાવી આપે છે.

રા. રા. રમણિકલાલે આપશ્રીને જે સંગ્રહ મોકલેલો છે તે ઉપરાંત મારી પાસે જે સંગ્રહ હતો તે મેં જુદે જુદે વખતે શ્રીજીનવિજયજી મહારાજશ્રીને મોકલેલો છે. હું જે જે

લેખ સંગ્રહ કરયું તે તથા હવે પછી કરીશ તે તેઓશ્રીને મોકલીશ. આપના લેખ સંગ્રહમાં મુનિ મહારાજશ્રી અમરવિજયજી તથા જેમના શિષ્ય વર્ગનો પૂરતો પ્રયાસ હતો. આપ તે લેખોના પુસ્તકો ખરીદો તો એક નકલ ભેટ તરીકે તેઓશ્રીને મોકલશો. તેઓશ્રી ગયા ચોમાસામાં ડીસા ટાઉનમાં સ્થીત હતા.

આપશ્રીના હુકમ મુજબ અને મારા નિયમ મુજબ મારી જાત્રામાં હું જ્યાં જ્યાં જાઉં છું તે દેરાસરના દરશન ઉપરાંત લેખો તથા દેરાની હકીકતની નોંધ જરૂરજ લઉંછું અને તે મુજબ શક્તિ અનુસાર જીંદગી પર્યંત કર્યો જવાનોજ. પણ ઘણે ઠેકાણે આ કાર્યમાં કાર્યવાહકો, ગોઠીઓ તથા બીજા નોકરો તરફથી ઘણીજ હરકતો નંખાય છે અને આ કાર્ય તરફ શકની નજરથી જોવામાં આવે છે તેથી મારી ઇચ્છા મુજબ સંપૂર્ણ કાર્ય થઈ શકતું પણ તેમાં મારા પાપ કર્મનોજ ઉદય હું માનુંછું.

શ્રી દેવગુરૂના તથા આપશ્રી જેવા સાધર્મીભાઇઓની કૃપાથી મારા કાર્ય પુરતા સાધનો મારા પંદરના ખર્ચથી હું મેળવી શકું તેમ છું તેથી તેમાં મને મદદની આવશ્યકતા નથી.

આપે સૂચવેલા નામ તથા સંગ્રહ કર્તાઓ ઉપરાંત લેખોનો ખરો સંગ્રહ તો કાશીવાળા ધર્મવિજયજી મહારાજશ્રી પાસે છે. જ્યાં જ્યાં હું ગયો અને જઉંછું ત્યાં ત્યાં મને તે ગામ લોકો તરફથી કહેવામાં આવે છેકે ઉક્ત મહારાજના શીષ્યો લેખો ઉતારી ગયા છે. તેઓશ્રી સાથે પત્રવ્યવહાર કરી તેઓશ્રીનો સંગ્રહ પ્રસિદ્ધ કરવા યોગ્ય છે.

મારૂં સમજવું એવું છે કે છૂટક છૂટક અનિયમિત કામથી મહાન કાર્ય થઈ શકવાનું નથી અને બધાની શુભેચ્છાઓ તે ઇચ્છાઓજ રેહેવાની. જ્યાં સુધી કોઇ પણ સંસ્થામાં લેખ સંગ્રહ ખાતું ઓનરરી તથા પગારદાર કામ કરનાર વાળું કાયમી અને વ્યવસ્થિત ન હોય ત્યાં સુધી ધારેલું કામ તો થઇ શકવાનુંજ નથી. લેખો એકઠા થયા પછી પગારદાર નોકર રાખી કામ કરવું તે સિદ્ધાંતજ પ્રતિકુલ છે. લેખો સંગ્રહ કરનાર તે કામના જાણકાર પગારદાર માણસ રાખી તેને પુરતા સાધન આપી પ્રથમ ક્રમસર વ્યવસ્થિત રીતે લેખો આખાં હિંદુસ્થાનના એકઠા કરાવવા જોઇએ. આ કાર્યમાં દર વરસે રૂ. ૩૬૦૦) જોઇએ અને તે કામ દસ વર્ષે પુરૂં થાય. પછી તે સંગ્રહ ગોઠવી છપાવતા તેટલાજ વર્ષ અને તેટલોજ ખર્ચ થાય. આ પ્રમાણે વ્યવસ્થા થાય તોજ કાર્ય થવાનો સંભવ છે. કાર્યવાહકે સરકારી આરચીઓલોજી ખાતાના સુપરીન્ટેન્ડન્ટના સતત્ સમાગમમાં રેહેવું જોઇએ અને લેખો ઉતારવાની પદ્ધતિનો બાર માસ પ્રથમથીજ ખાતાના ખરચે અભ્યાસ કરવો જોઇએ. પછી કાર્ય આરંભવાથી થોડા ખરચે થોડા વખતમાં કાર્ય થઈ શકશે. આવો માણસ અરજ કરવાથી આર્ચીઓલોજીકલ સુપરીન્ટેન્ડન્ટ ખુશીથી યોગ્ય પગારે મેળવી આપશે. આ ગ્રહસ્થ સાથે ફોટોગ્રાફી, પેઇન્ટીંગ, ડ્રોઈંગ, ડ્રાફ્ટીંગ અને બીજા તે લગતા જ્ઞાન ધરાવનાર એક માણસ, ૧ રસોઇઓ અને એક નોકર એટલા ૩ માણસો ખાસ જોઇએ, તે સ્ટાફે વરસમાં ૭ માસ ફરી લેખો વીગેરે એકઠા કરવા અને પાંચ માસ ચોમાસામાં કોઈ વીદ્વાન મુનિરાજનું ચોમાસુ હોય ત્યાં અગર મુંબઈ ઓફીસમાં રહી એકઠો કરેલો સંગ્રહ ક્રમશઃ ગોઠવવાનું કામ કરવું તેમાં સરકારી આરચીઓલોજીના સુપરીન્ટેન્ડન્ટની સહાય લેવી જોઇએ.

આ જમાનામાં ઓનરરી કામ લેવાના દહાડા વહી ગયા છે. જીંદગીના વ્યવહારની મારામારી વધવાથી હાલ કે કામ કરનાર પગારદાર માણસ શીવાય ખરૂં અને ધારેલું કામ

થઈ શકતું નથી. સૈ સૌના કામમાં મશગુલ છે. પગાર પણ સારો અને કામની મેહેનત તથા મહત્વના પ્રમાણેનો જોઇએ તોજ ઉત્તમ કામ થાય. તે માણસોને નિવાહની ચીંતા ન જોઈએ. એક વેપાર તરીકે આ કામ કરાવવું જોઇએ.

આ કાર્ય તરફ ભાવનગરના શેઠ રતનજી વીરજીના સુપુત્ર શેઠ પ્રેમચંદ રતનજીનો અતિ પ્રેમ છે. તેઓ દ્રવ્યવાન, શ્રદ્ધાળુ, વિદ્વાન તથા ઉદાર ચિત્તવાળા છે. તેથી આ કાર્યમાં તેઓશ્રીને ખાતરી કરી આપવામાં આવે તો દ્રવ્યની સારી સહાય આપે તેમ છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું આ ખાસ કામ છે તે આપની વાત હું માન્ય કરૂં છું પણ તેમાં આ અતિ ઉપયોગી કામ તરફ નજર પણ ફેંકે તેવો સુશીક્ષીત સજ્જન નથી. મદદ કરવી તો રહી પણ અડચણો ન નાંખે તો સારી વાત. શત્રુંજય ઉપર જે થોડા જુજ લેખો હયાત છે તે મારે છપાવવા હતા તેથી મેં બધા સંગ્રહિત કર્યા. પછી મને વીચાર થયો કે પેઢીમાં ડુંગરના બંને શીખરોના દેરાસરોનો સ્કેઇલ નકશો છે તેનો ફોટો ઉતારી તે સંગ્રહના મુખ પૃષ્ટ ઉપર મુકવો. અરજ કરતાં મને ફોટો લેવાની મનઇ થઇ ને નાસીપાસીથી મારૂં કામ મેં છોડી દીધું.

આબુના દેરાસરોના સ્કેઇલ માપના નકશા તૈયાર છે તેની નકલ ખરચના રૂ. ૨૦) આપવા માંડયા છતાં તે મને આપવામાં ન આવ્યો. રાણકપરજી તથા તારંગાજીનું પણ તેમજ બન્યું. આપ જોશો કે આમાં ઉત્સાહ શું થાય? જે વખત જાય છે તે અમુલ્ય જાય છે પણ લાચારીથી બેસી રેહેવું પડે છે.

જો આણંદજી કલ્યાણની પેઢી લેખોની તથા પ્રાચિનતાની મહત્વતા સમજતી હોત તો હજારો લેખોનો નાશ દેરાં સમરાવવાની ધૂનમાં તે થવા દેત નહી. જે લેખો આ સાલ જોઇએ છીએ તે આવતી સાલ દેખાતા નથી. બસ તે નાશજ થયેલા જણાય છે. કાંતો તે ઉપર રંગ, ચુનો કે આરસ જડાઇ ગયેલા માલમ પડે છે. લી. સંઘનો શેવક,

**ડાહ્યાભાઈ પ્રેમચંદ સહી દા. પોતાના.**

---

[ ર૧. ડાહ્યાભાઈ

શિલા લેખમાં અપૂર્વ રસ લઇ જબરા કાર્ય કરનાર છે. તેમના અનુભવ પરથી ઘણું શીખવાનું છે. શેઠ આણંદજી કલ્યાણજી આ સંબંધે કરી શકી નથી, કરનારાને સહાય આપતી નથી એ સ્થિતિ સત્વર દૂર થાઓ એમ અમે ઇચ્છીએ છીએ. તંત્રી. ]

# તંત્રીની નોંધ.

**શ્વેત ભિક્ષુઓ એટલે શું?—**

એક સંસ્કૃત શ્લોક મળી આવ્યો છે તેમાં તપસ્વીઓમાં શ્વેત ભિક્ષુ જેવો કોઇ ધૂર્ત્ત નહિ એટલે કે સર્વ તપસ્વીઓમાં ધૂર્ત્તમાં ધૂર્ત્ત હોય તો તે શ્વેત ભિક્ષુ છે એવું જણાવેલું છે. આ શ્લોકનો રચનાર કોઈ બ્રાહ્મણ જાતિનો હોવો જોઇએ એવું સ્પષ્ટ જણાય છે, છતાં તે જે બાબત શ્વેત ભિક્ષુને લાગુ પાડવા માંગે છે તે શ્વેત ભિક્ષુકો તરીકે કોને સૂચવે છે? શું તેનો અર્થ શ્વેતાંબર સાધુ યા ધોળાં લૂગડાં પહેરનાર હાલના જતિ થાય છે, યા બૌદ્ધ ભિક્ષુ-સાધુ થાય છે એ સમજાતું નથી તો કોઇપણ ખુલાસો કરશે કે? તે શ્લોક નીચે પ્રમાણે છે.

**नराणां नापितो धूर्त्तः पक्षिणां चैव वायसः ।**
**दंष्ट्रिणां च शृगालस्तु श्वेतभिक्षुस्तपस्विनां ॥**

એટલે કે પુરૂષોમાં નાવી-હજામ, પક્ષિઓમાં કાગડો, દાઢાળા પ્રાણીઓમાં શિયાળ અને તપસ્વીમાં શ્વેતભિક્ષુ ધૂર્ત્ત જાણવા.

આ શ્લોક બ્રાહ્મણકૃત છે એતો નિર્વિવાદ છે, કારણ કે તે એક બ્રાહ્મણકૃત પુસ્તકમાંથી અમોને મળ્યો છે; તો પણ એ રચવાનું શું પ્રયોજન છે? એવી સ્થિતિ ઉદ્દ્ભવી હતી કે જે આ શ્લોક રચવામાં નિમિત્તભૂત થઇ હતી? અગર તેમ ન હોય તો શું તે દ્વેષ પ્રેરિતજ છે?—આ સંબંધમાં આપણા મુનિઓ કે જેને ખાસ કરીને લાગતું વળગતું છે. તે પૈકી વિદ્વાનો ખુલાસો અવશ્ય કરશે.

**૨. એક મુનિનાં પરાક્રમ**—અમોને ખબર મળ્યા પ્રમાણે અમે જણાવીએ છીએ કે એક મુનિ કે જેના ચારિત્ર સંબંધી અમે બોલવાનું હાલ તુરત પસંદ કરતા નથી તેણે કેટલીક જૈન બાઇઓ,—વિધવા વગેરેને અમુક સવાલ પત્ર કાઢી તેના જવાબ આપવાની માગણી કરી છે તે સવાલ પત્ર નીચે પ્રમાણે છે?

(૧) તમારા જીવનની રમત શું છે? (૨) તમારા જીવનનો આરામ કઇ વસ્તુમાં માનો છો? (૩) તમારા જીવનનું કર્ત્તવ્ય શું? (૪) તમારા જીવનની વ્યાખ્યા શું? (૫) જીવનને નિર્માલ્ય ગણોછો કે અનિર્માલ્ય? (૬) તમારા જીવનને પ્રશંસાની ચાહના નથી કે છે? (૭) તમારા જીવનનું બલ કેટલું છે તે અજમાવવા તમને કોઈ પ્રસંગ સાંપડયો છે? (૮) આશાવાદીઓને જીવનની ઉપાસના માટે કઈ વસ્તુ સામગ્રીની જરૂર છે? (૯) તમારા જીવન ઇષ્ટને વિરાજમાન કરવા માટે કોઇ હૃદય મન્દિર બનાવ્યું છે? શું તેમના નામ આપશો? (૧૧) તમારા જીવન ઇષ્ટદેવની પુજા કરવા વાલાઓને તમારા તરફથી શું વરસાસન અપાય છે? (૧૨) તમારા જીવન ઇષ્ટની પ્રતિષ્ઠા થયાને કેટલો સમય થયો? (૧૩) તમારા જીવન ઇષ્ટનો મૂળ મંત્ર શું છે? (૧૪) તમારા જીવન ઇષ્ટિનો અંતિમ મારગ કીયો?—આ ચૌદ પ્રશ્ન કર્યા, તેર કેમ નહિ અથવા પંદર કેમ નહિ? ચૌદ પ્રશ્ન કરવાનું કારણ શું? દરેક પ્રશ્નમાં જીવન શબ્દ છે તે, પ્રશ્ન કર્ત્તા શા માટે વાપરે છે તે કાંઇ અનુમાન કરી શકો છો?"—

આ રીતે સવાલો અનેક બાઇઓને પૂછ્યા હશે અને તેના જવાબો પણ તે મુનિ મહારાજશ્રીએ મેળવ્યા હશે. તો અમે તે મુનિને પૂછીશું કે આવેલા જવાબો તે પ્રકટ કરે. વિશેષમાં અમારે જે ખાસ પૂછવાનું છે તે એજ કે ૧—આ સવાલો **બાઇઓને** પૂછવામાં તમારી શી મતલબ છે? ૨ તમે પ્રશ્ન કર્ત્તા છો તો તમેજ કહેશો કે ચોદ પ્રશ્ન કેમ કર્યા—પંદર કે તેર કેમ નહિ? અને તે દરેકમાં જીવન શબ્દ શા માટે વાપર્યો છે? આ સંબંધમાં તે મુનિ જાહેરમાં અગર અમોને ખાનગીમાં ખુલાસા રૂપે લખી જણાવશે તો વધારે યોગ્ય થશે, નહિ તો પછી અમને તેના સંબંધમાં વિશેષ ઉંડા ઉતરી જે બિના ખાત્રીદાયક પ્રમાણ પૂર્વક મળશે તે જાહેરમાં મૂકવાની ફરજ પડશે.

## હિન્દુ યુનિવર્સીટી માટેના ફંડની વ્યવસ્થા.

જયજિનેંદ્ર સાથ લખવાનું કે કલકત્તામાં ભરાયેલી ૧૧ મી કૉન્ફરન્સ વખતે કાશી હિંદુ યુનિવર્સીટી માટે આશરે ફંડ રૂ. ૮૬૦૦૦ થયું હતું. આ ફંડ રૂપીયા એક લાખ થવાની આવશ્યકતા છે. નીચેના ગૃહસ્થોની એક કમીટિ નિમવામાં આવેલ છે તેમાં કમીટિના સેક્રેટરી તરીકે કલકત્તાના બાબુસાહેબ રાજકુમારસિંહજીને નિમવામાં આવ્યા છે. તેઓ એ ફંડમાં ભરાયેલ રકમો વસુલ કરીને તે રકમ હાલ બેંગાલ બેંકમાં રાખવાનો નિર્ણય કરેલ છે.

શેઠ હીરજી ખેતસી, શેઠ લાલભાઇ કલ્યાણભાઈ, રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા M. A. મહારાજ બહાદુરસિંહજી, રાજા વિજયસિંહજી, બાબુ રાયકુમારસિંહજી, બાબુ નિહાલચંદજી શેઠ નાગજીભાઈ ગણપત, શેઠ રામચંદ જેઠાભાઇ, શેઠ જેવંતમલજી રામપુરીયા, શેઠ કુંવરજી આણંદજી, શેઠ બાલચંદ હીરાચંદ, બાબુ દલેલસિંહજી, બાબુ રાજકુમારસિંહજી **સેક્રેટરી**

બાબુ પુરણચંદજી નાહર, M. A. B. L. બાબુ બહાદુરસિંહજી સિંધી. રાજા સત્યાનંદ પ્રસાદ સિંહ, રા. રા. મકનજી જે. મ્હેતા બારીસ્ટર. રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડિઆ. સોલીસીટર. રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ. B. A. LL. B.

# रजपुताना–मारवाडमां कॉन्फरन्सनी अगत्य.

લેખિકા–શ્રીમતી મંગલા બ્હેન મોતીલાલ ફકીરચંદ.

જૈન કૉન્ફરંસની શરૂઆત જાણીતા ફલોધી પારસનાથના તીર્થમાં થઈ હતી અને તે સ્થાન રજપુતાનામાં આવેલું ગણાય; તેમજ જોધપુર પાસેના ગામ સુજાનગઢમાં પણ એક બેઠક થઇ હતી તે માત્ર નામની જ ગણાય તેમ છે. આમ બે સ્થળે થયેલ બેઠકનું કામકાજ આખા રજપુતાના અને મારવાડ મેવાડમાં જાણીતું થયું નથી તેથી જે અજ્ઞાનતા, અસલી વહેમો, અને ખરાબ રીતરીવાજો ત્યાં જોવામાં આવે છે તેમાં જરા પણ ફેરફાર થયો નથી અને સુધારાનું નામ પણ દેખાતું નથી.

ત્યાં અગાઉ જૈનો મહા બહાદુર પરાક્રમી અને દિવાન મંત્રીઓ થઈ ગયા છે તેનાં નામ નિશાનની શોધ થઈ નથી. હમણાંની ત્યાંની આપણી જૈન પ્રજા અજ્ઞાનતાનાં અંધકારમાં ગોથાં ખાઈ રહી છે, તેને પ્રકાશની જરૂર છે. તેને નિદ્રામાં સુવા ન દેતાં જાગૃત કરવાની અગત્યતા છે.

પુરૂષોમાં કેળવણીનો પ્રચાર એટલો બધો મંદ છે કે અજ્ઞાનથી ત્યાંની પ્રજા ખાવું પીવું સારાં સારાં કપડાં દાગીના પહેરવા અને મોજશોખમાં વખત વીતાડવાનું સમજે છે. એક બે સ્ત્રીઓને રાખી નાચ તમાસા કરાવવા જેવું જોવામાં આવે છે. મનુષ્ય જન્મની ઉત્તમતા સારાં કાર્યો કરવામાં છે ત્યાં જીંદગીની સફલતા ઉપર મુજબના ઉદ્દેશમાં મનાય એ દશા દીલગીરી ઉપજાવે તેવી નથી?

રાજપુતાના, મારવાડ બાજુ કોન્ફરન્સની અસર થઈ હોય એમ મારી જાણમાં નથી. કદાચ થઇ હોય તો પણ, ત્યાં કૉન્ફરન્સ ભરવાની અગત્યતા છે.

બીજી બાજુ સ્ત્રીઓની અવદશાની તો વાત જ શું પૂછવી? છોકરીઓનો જન્મ જો એ દેશમાં થાય તો એમજ સમજવું કે પૂર્ણ પાપ કરીને જ તેણે ત્યાં જન્મ લીધો હશે; ત્યાં સ્ત્રીઓને માટે તો જન્મ કેદ જેવી સખત સજા છે. માત્ર દશ કે બાર વરસની કન્યા થાય કે તેને જીંદગી સુધી કેદ કરવામાં આવે છે. બાળપણના વખતમાં પણ તેને સંગીન જ્ઞાન આપવામાં આવતું નથી.

એ પ્રદેશોમાં એટલો બધો મહલાજો ને ,શરમ હોય છે કે વહુથી, સાસુ નંણદ કે વડીલ સાથે કે ઘરના નોકરો સાથે પણ અમુક વરસ સુધી બોલાય નહિ માત્ર અમુક નોકરો સાથે જ તેને બોલવાની રજા હોય છે. આવી રીતે નોકરો સાથે કામ લેવાથી કેટલીક વખત કુટુંબમાં કલેશનો સડો પેસે છે અને નોકરો સાથે વાત કરવાથી અને માત્ર તેનાજ સહવાસથી તેના જેવી હલકી બુદ્ધી શીખે છે. તેઓને આખો દીવસ ઘુંઘટ કાઢી ફરવું પડે છે તેથી તેમના મ્હોં ઉપરના અવયવોને કુદરતની આપેલી મજાની હવા પણ ખાવા મળતી નથી, તેઓનાં રહેવાનાં સ્થાન પણ, એવી રીતે બાંધવામાં આવેલાં હોય છે કે બારીને બદલે ત્યાં માત્ર ભીંતમાં કોતરેલાં નાનાં, નાનાં, જાળીયાં હોય છે, બાહાર જાય તોપણ, ગાડીને ચાદર બાંધેલી હોય છે, એટલે બ્હાર અને ઘર બધું જ સરખું. આવા પરદાના રીવાજથી અને બીનકેળવણીને લઇને તેઓને સારાં સારાં પુસ્તકો વાંચવાનાં મળતાં નથી. નવીન નવીન સ્ત્રી પુરૂષોના સહવાસનું જ્ઞાન મળતું નથી. માત્ર ઘરના કામ

કાજમાં અને બચ્ચાં અને ઘરના અમુક મનુષ્યો સાથે કેદખાનામાં પોતાનું આયુષ્ય સમાપ્ત કરે છે.

તેઓને એવી ઢબમાં કેળવવામાં આવે છે, કે તેઓમાં જાણે ચૈતન્ય નથી. મગજમાં કેળવણીના પડઘાનો મુદ્દલ અવાજ હોય નહિ ત્યાં પોતાના જીવનનો સાર માત્ર કપડા, દાગીના, ખાવું, પીવું, એટલામાંજ સમજાય.

તેઓનાં કપડાં એવી જાતનાં હોય છે કે તેને જોઇએ તેટલા સાફ સુફ રાખી શકાતા નથી. તેના કપડા શોભીતા પણ હોતા નથી.

વિસમિ સદીના જુવાનીયાને સુધરેલી ઢબના કપડા, દાગીના, વધારે પસંદ હોય છે. પોતાની સ્ત્રી પોતાની સાથે હરે ફરે તેવું જોઇએ છે, અને પોતાના સઘળાં વિષયમાં અને વાતમાં ભેળી મળી આણંદ લે તેવું જોઇએ છે, જ્યારે તેઓને ઘરમાં બ્હેન, મા, કે સ્ત્રી જોડે આવી જાતનો આણંદ મળતો નથી કારણ કે સ્ત્રીઓ બીનકેળવણીને લીધે ઘરની કે છોકરા બચ્ચાની વાત સીવાય અન્ય વાત કરી શકતી નથી. એટલે, પુરૂષો બહારની બે ચાર સ્ત્રીઓ રાખી, પાપનાં પોટલાં બાંધી હઝારો રૂપીયાનુ પાણી કરે છે, અને ગરીબ બીચારી સ્ત્રીઓ આંસુ સારી ખુણામાં બેસી રહે છે.

આ સ્ત્રી પુરૂષ વચ્ચેના પ્રેમને શું આપણે દંપતી પ્રેમ કે ઇશ્વિરી પ્રેમ કહી શકશું?

ત્યાં પૈસાવાળા શ્રીમન્ત લોકો બાહારની બે ચાર સ્ત્રીઓ રાખવામાં આણંદ ને મોટાઇ સમજે છે અને આવી જાતની ખોટી મોટાઈમાં પોતાની પ્રતિષ્ઠા માની પાપ કર્મના ભાગીદાર બની લાખ્ખોની દોલતનો ક્ષય કરે છે.

આ બધા સરવાળાનુ મૂળ સ્ત્રી કેળવણીની ખામી જ છે એમ આપણે કહી શકીશુ.

સ્ત્રી કેળવાયલી હશે, સ્ત્રીઓ સારા સંસ્કાર પામેલી હશે તો જ ભવિષ્યની પ્રજાના ઉદયની આશા રાખી શકાય, કારણ કે છોકરો કે છોકરી પ્રથમ પાંચ વરસ સુધી તો માતાના જ સહવાસમાં રહે છે. એટલે માતાના ગુણ દોષનું બાળક જલદી અવલોકન કરે છે, માતાના ગર્ભમાંથી પણ તેને ઘણા સંસ્કાર મળે છે, આ ઉપરથી આપણે જાણી શકીશું કે માતાની કેળવણી ઉપરજ ભવિષ્યની પ્રજાના ઉદય અને આશાનું બિન્દુ રહેલું છે.

ત્યાંની સ્ત્રીઓને, બચ્ચાને કેવી ઢબની કેળવણી આપવી બાળકોની તંદોરોસ્તી કેમ સાચ્ચવવી, તેનામાં કેવી જાત, સંસ્કાર પાડવા તેવી જાતનો મુદ્દલ ખ્યાલ હોતો નથી.

જ્યાં સુધી સ્ત્રીઓને યોગ્ય કેળવણી આપવામાં નહિ આવે ત્યાં સુધી ત્યાંની પ્રજાનો ઉદય અશક્ય છે. ત્યાંની આપણી જૈન સ્ત્રીઓને માટે કેળવણીના દ્વાર ઉઘાડવાની ખાસ મોટી જરૂર છે. અને ત્યાંના પુરૂષોની નિદ્રામાં પડેલી બુદ્ધી જાગૃત કરવી જોઇએ.

આ બાબતમાં સ્ત્રીઓનો મુદ્દલ દોષ નથી. પણ ત્યાંના પુરૂષ વર્ગનો દોષ છે. કારણ કે આ વાત જ્યાં સુધી પુરૂષો મનમાં નહિ લે ત્યાં સુધી સ્ત્રીઓને માટે કેળવણીના દ્વાર નહિ ઉઘડે. માટે પુરૂષ વર્ગના હૃદયમાં કેળવણીની જાગૃતિ કરવાની અગત્ય છે.

ત્યાં પ્રજા જો એમ માનતી હોય કે સ્ત્રીઓને ભણાવવાથી કે પરદો ઓછો કરવાથી બગડે છે તો તેમ માનવામાં તેવો ગંભીર ભુલ કરે છે. સ્ત્રીઓ કે પુરૂષો કેળવણીથી બગડતા નથી. પણ ખરાબ સંગત કે ખરાબ સંસ્કારથી બગડે છે. કેળવણીને માત્ર આપણે અજ્ઞાનતાથી દોષ દઇએ છીએ.

ઘુંઘટ કે શરમથીજ સ્ત્રીઓની પવિત્રતા જળવાય રહે છે, એમ નથી, પણ સંગત અને સંસ્કાર પર તેનો મુખ્ય આધાર રહેલો છે. સંગત અને સંસ્કાર મનુષ્યો માટે નીતિ રીતી શીખવાની એક શાળા છે.

મારાથી કદાચ અયોગ્ય લખાયું હોય તો હું વાંચકો પાસે ક્ષમા યાચી, આટલેથીજ વીરમીશ.

# जैन इतिहास,

ॐ

## શિલા લેખોનો સાર.

કાલક્રમવાર

### (૧) શ્રી અર્બુદાચલ (આબુ)

વિ૦ સં૦ સાર.

૧૦૮૮ વિમળશાહે શ્રી આદિનાથજીનું મંદિર બંધાવ્યું અંજન શલાકા.

૧૨૪૫ ઉપલાં મંદિરમાં બીજી પ્રતિમાઓ ભરાવી.

૧૨૮૭ તેજપાળે શ્રી નેમિનાથજીનાં ચૈત્યમાં પ્રતિષ્ઠા કરાવી અંજન શલાકા.

૧૨૮૮ તેજપાળે ઉપલા મંદિરમાં આરસ આદિ નંખાવ્યા.

૧૨૯૦ તેજપાળે ઉપલાં મંદિરમાં જોડે બીજાં મંદિર બંધાવ્યાં.

૧૨૯૩ ઉપલાં મંદિરમાં તેજપાળે પ્રતિમાઓ ભરાવી.

૧૨૯૭ તેજપાળે ઉપલાં મંદિરો સાથે નવું મંદિર ઉમેર્યું.

૧૩૫૦ ઉપલાં મંદિરો અર્થે નિર્વાહ ખર્ચની ગોઠવણ કર વગેરે.

૧૩૬૦ શ્રી નેમિનાથજીનાં મંદિરને ભેટ.

૧૩૯૯ શ્રી આદિનાથજી (વિમલશાહે બંધાવેલ સં. ૧૦૮૮) ના મંદિરનો જીર્ણોદ્ધાર.

૧૪૯૪ હાલ જીર્ણપ્રાય એક જીનમંદિરનું બંધાવવું.

૧૪૯૭ શ્રી આદિનાથજીના મંદિરને ભેટ.

૧૫૦૯ શ્રી આદિનાથ તથા નેમિનાથજીનાં મંદિરોને ભેટ.

૧૫૧૮<br>૧૫૨૫<br>૧૫૨૯<br>૧૫૬૬ } ઉપલાં મંદિરોમાં બીજી વધારે પ્રતિમાઓ ભરાવવી.

વિ૦ સં. સાર.

### (૨) શ્રી શત્રુંજય.

૧૨૯૦ વસ્તુપાળ તેજપાળે મંદિરો બંધાવ્યાં.

૧૫૮૭ ચિત્રકૂટ (ચિતોડ) ના **કર્મરાજે** (કરમાશાહે) શ્રી પુંડરિક સ્વામીના ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો.

ઓશવાળોએ બીજી પ્રતિમાઓ ભરાવી.

૧૫૮૮ શ્રી આદિનાથજીનાં મંદિરનો ઉદ્ધાર.

૧૬૨૦ બીજી પ્રતિમાઓ ભરાવી,

" **અકબર બાદશાહે શત્રુંજય જૈનોને આપ્યો.**

૧૬૪૦ તેજ:પાલ કરિને કોઈ કર્મકારે (કારિગરે) પ્રતિમા ભરાવી.

૧૬૪૬ ઉપરોક્ત તેજપાલે તીર્થયાત્રા કરી.

૧૬૫૦ **ઉપરોક્ત તેજ:પાલે શ્રી આદીશ્વરનાં ચૈત્યને સમરાવ્યું** (ઉદ્ધાર કર્યો) **તપગચ્છીય શ્રી વિમલહર્ષે** યાત્રા કરી.

૧૬૫૨ તપગચ્છીય શ્રી વિજયસેન સૂરિએ શ્રી હીરવિજયજીના પાદુકાની પ્રતિષ્ઠા કરી.

૧૬૭૫ ચતુર્મુખ ચૈત્ય (ચોમુખજીની ટુંક) માં સવાસોમજી નામના કારીગરે શ્રી આદિનાથજીની ચાર પ્રતિમા ભરાવી.

બીજી પ્રતિમાઓનું ભરાવવું.

અંચલગચ્છના ઉપયોગ અર્થે પદ્મક (પદ્મસિંહ) નામના શ્રાવકે મંદિર બંધાવ્યું.

બીજું નાનું ચૈત્ય બંધાવ્યું.

| વિ૦ સં. | સાર. |
|---|---|
| ૧૬૭૬ | પ્રતિમા પધરાવવી. |
| ૧૬૮૨ | શ્રી પુંડરિક સ્વામીનાં પાદુકાની પ્રતિષ્ઠા. |
| ૧૬૮૩ | શ્રી ચંદ્ર પ્રભુજીનાં ચૈત્યનું બંધાવવું તથા પ્રતિષ્ઠા-અંજન શલાકા. |
| ૧૬૮૪, ૧૬૮૬, ૧૬૯૬ | જીન પ્રતિમાઓ ભરાવવી. |
| ૧૭૧૦ | જીનમંદિર તથા દેહરી બંધાવવી અંજન શલાકા. |
| ૧૭૮૩ | શ્રી સિદ્ધ ચક્રની પ્રતિષ્ઠાઃ અંજન શલાકા. |
| ૧૭૮૮ | પ્રતિમા પધરાવવી. |
| ૧૭૯૧ | રતનશી ( રત્નસિંહ ) મંત્રીએ પ્રતિમા ભરાવવી. |
| ૧૭૯૪ | જીનમંદિરને સમરાવવુ. |
| ૧૮૧૦ | પ્રતિમા ભરાવવી અંજન શલાકા. |
| ૧૮૧૪-૧૫ | મંદિર બંધાવવું તથા પ્રતિષ્ઠા. |
| ૧૮૨૨, ૧૮૪૩, ૧૮૬૦ | પ્રતિમાઓ ભરાવવી. |
| ૧૮૬૦ | મંદિર તથા પ્રતિષ્ઠા. |
| ૧૮૬૧ | પ્રતિમા ભરાવવી. |
| ૧૮૬૭ | હાથી પોળમાં નવાં મંદિરો બંધાવવાનો પ્રતિષેધ. |
| ૧૮૭૫ | કોઇ નાના ચૈત્યનું બંધાવવું. |
| ૧૮૮૫ | શ્રી ચંદ્ર પ્રભુજીના ચૈત્યનું બંધાવવું. |
| ૧૮૯૬ | પ્રતિમા ભરાવવી; શ્રી પાર્શ્વનાથજીના ચૈત્યનું બંધાવવું; આભૂષણોની બક્ષીસ; શ્રી ચંદ્ર પ્રભુજીનાં ચૈત્યનું બંધાવવું. |

| વિ૦ સં. | ૧૨. |
|---|---|
| ૧૮૮૭ | શ્રી કુંથુનાથજીના ચૈત્યનું બંધાવવું. |
| ૧૮૮૮ | પ્રતિમા પધરાવવી. |
| ૧૮૮૯ | અંજન શલાકા-આભૂષણ આપવાં. |
| ૧૮૯૧ | પ્રતિમા ભરાવવી. |
| ૧૮૯૨ | અંજન શલાકા. |
| ૧૮૯૩ | મંદિર બંધાવવું; અંજનશલાકા, પ્રતિષ્ઠા. |
| ૧૮૯૭ | પ્રતિમા ભરાવવી. |
| ૧૯૦૦ | મંદિર બંધાવવું. |
| ૧૯૦૩ | પ્રતિમા પધરાવવી. |
| ૧૯૦૫ | કોઇ ઓશવાળ કુટુંબે મંદિર બંધાવવું; પ્રતિષ્ઠા કરવી; અંજન શલાકા. |
| ૧૯૦૮ | મંદિર તથા પ્રતિષ્ઠા. |
| ૧૯૧૦ | મંદિર બંધાવવું. |
| ૧૯૧૧, ૧૯૧૩, ૧૯૧૪ | પ્રતિમાઓ ભરાવવી. |
| ૧૯૧૬ | ચૈત્ય તથા પ્રતિષ્ઠા. |
| ૧૯૨૧ | અંજન શલાકા. |
| ૧૯૨૨, ૧૯૨૪, ૧૯૨૮, ૧૯૩૦, ૧૯૩૯, ૧૯૪૩ | પ્રતિમાઓ ભરાવવી. |

( ચાલુ. )

મોરબી. ૧૬/૨ મનઃસુખલાલ વિ૦ કસ્તુરચંદ મહેતા.

[ આ પ્રમાણે દરેક તીર્થના સંબંધમાં કાલ ક્રમવાર સાલ સહિત પણ વિગતવાર ટિપ્પણ થાય તો ઇતિહાસપર સારો પ્રકાશ પડે. આ ટીપ ઘણી ટુંકી છે છતાં રેખારૂપે હોઈ અત્ર મૂકી છે. આશા છે કે વિદ્વાનો આવી ટીપો કરી આ પત્રમાં પ્રકટ થવા મોકલતા રહેશે. તંત્રી. ]

# જૈનોની સંખ્યા વૃદ્ધિ.

૧ જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવાના ઠરાવની અંદર પહેલી બાબત એ છે કે જે લોકો **અસલ જૈન ધર્મ પાળતા હતા**પણ હાલમાં બીજા ધર્મ ( જેમકે ) વૈષ્ણવ વિ. વિ. પાળેછે તેવા-બીજાઓની સાથે ભળી ગયા હોય તેમને **જૈન ધર્મમાં દાખલ કરવા** પ્રયત્ન કરવોઅને તે કામ તે ગામની નજીકના શહેરના **જૈન** આગેવાનોએ હાથમાં લઇને મદદ કરવી જોઇએ. કારણકે કેટલાક ગામમાં **જૈન** ભાઈઓની **સંખ્યા** ઓછી હોવાથી તેઓ ધીમે ધીમે બીજા ધર્મવાળા સાથે ભળ્યા સિવાય તેમનું ચાલતું નથી. પણ જો નજીકના શહેર તથા ગામોવાળા **જૈનો** સાથે તેઓનો સારો સંબંધ હોય તથા તેમની તેમને સહાય હોયતો તેઓ પોતાનો ધર્મ કદી ત્યજી શકે નહિ. અને તેવા ગામોમાં મુનિ મહારાજોનું પણ ગમન ચાલુ થવું જોઈએ કે જેથી તેમની શ્રદ્ધા પણ ધર્મમાં કાયમ અને અડગ રહે.

૨ **બીજા ધર્મવાળા** ઉંચી જ્ઞાતિના હીંદુઓ કે જેઓ જૈનધર્મ ઉપર પ્રીતિ રાખતા હોય અને **જૈન** થવાની ઇચ્છા રાખતા હોય તેઓને-**જૈન ધર્મી બનાવવા** અને વિશેષમાં વ્યવહારના કામની અંદર તેમની સાથે દરેક સંબંધ રાખવો કારણકે જ્યાં સુધી તેઓની સાથે કન્યા લેવડ દેવડનો તથા જમણનો વ્યવહાર થાય નહિ ત્યાં સુધી જો કે તેઓએ **જૈન**ધર્મ સ્વીકાર્યો હોય તો પણ તેઓની સંસાર વ્યવહારમાં સ્થિતિ ' અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ ' થવા સંભવ છે, કારણ કે જે જ્ઞાતિ અથવા ન્યાતમાંથી તેઓ આવ્યા હોય તેઓ તેમને તરછોડે અથવા તેમની સાથે વ્યવહાર રાખે નહિ અને **જૈનો** તેમની સાથે સંબંધ જોડે નહિ તો તો તેમની શી દશા થાય ? બીજા ધર્મવાળાઓ જેઓ **જૈન** થાય તેમની સાથે સંબંધ રાખવાનો સારો બંધોબસ્ત થવા યોગ્ય છે—

૩ આપણા **જૈન** ભાઇઓમાં તનદુરસ્તી કેમ જાળવવી તથા સાધારણ રોગો કયા કયા કારણોથી થાય છે, અને તેને કેમ અટકાવવા અથવા અકસ્માત વખતે શું શું ઉપાયો ગોજવા તથા માંદાની સ્ત્રીઓએ કેવી રીતે માવજત કરવી તેવી અનેક ઉપયોગી બાબતો (વિષયો, ઉપર ભાષણો અપાવવાં જોઈએ, નિબંધો છપાવી સારી રીતે જૈન સમાજમાં વંચાવવાં જોઈએ અને બને તો નાના પુસ્તકના આકારમાં બાહાર પાડવા જોઈએ કે જેથી કરીને જ્ઞાનનો ફેલાવો થાય અને કોમની તનદુરસ્તી સુધારવામાં મદદ થઇ પડે. તેમાં વિશેષે કરીને રોગોની સારવાર ઉપર ધ્યાન આપવા ઉપરાંત તે રોગો કેવી રીતે ઉત્પન્ન થાય છે અને શું શું ઉપાયો યોજવાથી તેનો અટકાવ થઈ શકે તે ઉપર કોઈ રીતે ઓછું ધ્યાન આપવું જોઇતું નથી. બલ્કે એના ઉપર વિશેષ લક્ષ ખેંચાવું જોઈએ. વળી સ્ત્રીઓને માટે માંદાની માવજત ( Nursing ) શીખવા ખાસ વર્ગો ખોલવા જોઇએ કે જ્યાં તેઓ સાંદાની સારવાર કરવાનું કામ શીખી શકે અને અકસ્માત વખતે શું શું ઉપાયો યોજવા તે પણ ( જેવા અકસ્માત કે દાઝવું તથા કાચ તથા ચપ્પુથી ઘાયલ થવું. )

૪ સુજાનગઢમાં ભરાયલી કૉન્ફરન્સ વખતે નીમેલી કમીટીનાં રીપોર્ટ ઉપર ફરી ખાસ ધ્યાન ખેંચીએ છીએ. અને તેમાં જણાવેલ **જૈનો**ના ભારે મરણ ( વિશેષ ) પ્રમાણ તરફ, તથા સ્ત્રીઓ તથા પુરૂષોની તનદુરસ્તી તરફ હજુ સુધી **જૈન** કોમે કંઇપણ પગલાં ભરેલાં નથી તે તરફ **જૈન** શ્રીમંતોનું ખાસ લક્ષ ખેંચી નીચે પ્રમાણે થોડા ઉપાયો યોજવા સુચના કરીએ છીએ.

### ૧ સુવાવડ ખાતાની જરૂર.

મુંબઇ જેવા શહેરમાં રહેતા દરેક ગ્રહસ્થને હવે આ બાબત ખાતરી થયા વગર રહી નથી.

**૨. જૈન વિધવાઓને સુવાવડનું કામ તથા નર્સીંગનું કામ તથા શીક્ષક કામ** ઉપાડી લેવા માટે ખાસ સ્કૉલરશીપો આપવી જોઈએ કે જેથી તેઓ તે કાયમનો પાકટ અનુભવ મેળવે તે દરમીઆન પોતાનું ગુજરા . નીતિથી અને સ્વતંત્રપણે ચલાવી શકે અને તે કામમાં કાબેલ થયા પછી તેનો કંઇક લાભ જૈન કોમને આપી શકે.

**૩ જૈન હોસ્પીટાલ તથા ફ્રી ડીસ્પેન્સરીઝ.** જૈન જેવી મોટી અને આગેવાન કોમ માટે એક સારી હોસ્પીતાલની ખાસ જરૂર છે. જ્યારે પારસી જેવી એક લાખથી ઓછી વસ્તી વાળી કોમમાં સારી સારી મોટી હોસ્પીતાલો છે ત્યારે જૈન કોમ કે જેની વસ્તી બાર લાખથી ઓછી નથી અને જેનું મરણ પ્રમાણ વિશેષ તથા તનદુરસ્તી પણ નબળી છે તેવી કોમ માટે સારી મોટી હોસ્પીતાલની જરૂર છે જ એ માટે બે મત હોઈ શકેજ નહિ તેમ ઠેકાણે ઠેકાણે દવાખાનાના સાધનોની પણ જરૂર છે કે જ્યાં ગરીબ તથા મધ્યમ વર્ગને સગવડથી અને મફત અથવા ઓછા ખર્ચે યોગ્ય સલાહ તથા દવા મળી શકે.

**૪ જૈન સેનેટોરીયમ,** ની પણ સારી સારી હવા વાળી જગાએ જરૂર છે કે જ્યાં લાંબા વખતના રોગોથી પીડાતા દરદીઓને તેમના કુટુંબ સાથે રહેવાની દરેક સગવડ બની શકે અને પોતાની તંદુરસ્તી પાછી મેળવી શકે.

**૫ કસરત શાળાઓ**-તથા **કલબો. જીમખાના** કે જ્યાં દરરોજ કસરત કરવાનાં દરેક સાધન મળી શકે અને જેથી આપણી કોમ કે જે વેપારી કોમ છે તેને તબીયત સાચવવા ઘણી મોટી જરૂર પુરી પાડે.

**૬ વૃદ્ધવિવાહ** અટકાવવા તરફ પણ કોમે લક્ષ આપવા જરૂરનું છે કે જેથી કરીને નાની ઉમરની ઉછરતી છોકરીઓનો તેઓના માબાપના પૈસાના લોભથી ખાતર ભોગ આપવામાં આવે છે તે અટકે.

**૭ બાળ લગ્ન** થવાં ન જોઈએ કે જેથી નાની કુમળી વયનાં છોકરાઓના શરીરને નુકસાન થઈ હમેશને માટે તંદુરસ્તી ગુમાવાય છે અને શરીરના બાંધા ઘણાજ નબળા રહે છે. તે બંધ થાય કે જેથી તેઓ તેમની ભવિષ્યની ઓલાદ જલદી રોગના ભોગ થતી અટકે.

**૮ સસ્તા ભાડાની ચાલીઓ** વિષે હાલમાં મોટા શહેરોમાં રહેતી મોંઘવારીના પ્રસંગમાં અને જગા માટે ભોગવાતી હાડમારીના વખતમાં વિશેષ લંબાણ કહેવાની કંઇ જરૂર નથી. કારણ કે આ બાબત પણ ખુલાસાથી ૧૬ ની સાલમાં છપાયલા રીપોર્ટની અંદર દાખલા દલીલ સાથે અને જૈન કોમ કેવા લત્તાઓમાં અને કેવી રીતે એકેક ખંડની ઓરડીઓમાં રહે છે તે ઘણાજ વિસ્તારથી વર્ણવેલ છે. તો રીપોર્ટ વાંચવા ખાસ ભલામણ છે. અને હવે આ ચાલીઓના સંબંધમાં કાંઇપણ શુભ પગલાં ભરાવાં જોઈએ આ એક મોટી અગત્યનો પ્રશ્ન છે અને આવી ચાલીઓમાં પૈસા રોકાવાથી ચારથી છટકા વ્યાજ ઉપજાવનારને સારી સદ્ધર જામીનગીરીમાં પોતાના પેસા રોકવાની સાથે પોતાની કોમ ઉપર પણ મોટો ઉપકાર કરવાનો લાભ મળશે. વળી એવાં એવાં મોટાં ફંડો પણ છે કે જેના પૈસા આવી જામીનગીરીમાં સારી રીતે રોકી શકાય અને કોમને લાભ થાય. આ બાબતમાં ઉપર જણાવેલ વિચારો ટુંકામાં રજુ કરવામાં આવ્યા છે તેની ઉપર સારી રીતે મનન કરી પોતાથી બનતી એક અથવા વધારે બાબત ઉપર કંઇ પણ પગલાં ભરવા પ્રવૃત્તિ થશે તો આ લેખ લખવાનો આશય કંઇક અંશે સફળ થશે.

**મોતીબજાર** } **નાનચંદ કસ્તુરચંદ મોદી.**
મુંબઇ. એલ. એમ. એન્ડ. એસ.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

પુ. ૧૪ અંક ૪-૫-૬ ] વીરાત્ ૨૪૪૪ સં. ૧૯૭૪ [ એપ્રીલ. મે. જુન. ૧૯૧૮

## कॉन्फरन्स मिशन.

### १ श्रीसुकृत भंडार फंड.

(તા. ૧૫-૧૧-૧૭ થી તા. ૨૩-૧-૧૮, સંવત ૧૯૭૪ ના કારતક સુદ ૧ થી પોસ સુદ ૧૨ બુધ સુધી). વસુલ આવ્યા રૂ. ૯૨૯-૯-૦.

(૧) **આગેવાનોએ** પોતાની મેળે મોકલાવ્યાઃ—

**કરાંચી**—શેઠ કાળા ગલા ૫૧॥।, **છોટી સાદરી**—રા. ચંદનમલ નગોરી ૧૬॥ (અવજલપુર ૧, સીતામઉ ૮॥ છોટીસાદરી ૭।) **રંગુન**—શેઠ મણીલાલ ૭૯॥, **નાગોર**—શેઠ સિદ્ધકરણજી ૧૦, **વેરાવળ**—તપાસંઘ સમસ્ત હ. શેઠ ખુશાલભાઇ કરમચંદ ૧૩૦, **શોલાપુર**—શેઠ કલ્યાણભાઇ છગનભાઈ ૭॥, **ખાખરા**—શેઠ માનસંગ ટોકરશી ૧. કુલ રૂ. ૨૯૬-૯-૦

(૨) **ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉ. ગુજરાત.

તાજપુર ૩, આજોલ ૧૧, પીલવાઈ ૧૦, ઓરાણુ ૧૧।, લાકરોડા ૨, લોદરા ૫, પુંધરા ૨।, સલાલ ૬॥, નુગોર ૨॥, બોદલા ૪।, પાંચોટ ૧૩, સામેત્રા ૫॥, દેલોલી ૫॥, ગમનપરા ૦।, છઠી-આરડા ૧૭॥, મગુના ૫, મહુડી ૧૦, સાંથળ ૧૧. કુલ રૂ. ૧૩૩-૦-૦

(૩) **ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—કલકત્તા.

કલકત્તા ખાતે અગ્યારમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની બેઠક વખતે વૉલંટીઅરો વગેરે સાથે મળી ***પાંચ રૂપીઆવાળી** અને **એક રૂપીઆવાળી** રસીદ બુકોથી વસુલ કરેલા રૂ. ૪૪૪), તે સિવાય કલકત્તાવાસી તરફથી વસુલ કરેલા રૂ. ૫૬). કુલ રૂ. ૫૦૦-૦-૦

એકંદર કુલ રૂપીઆ ૯૨૯-૯-૦

---

***પાંચ રૂપીઆવાળી** રસીટના નંબર ૧ થી ૩, ૨૧ થી ૨૫, ૮૧, ૧૨૧ થી ૧૩૦, ૧૪૧ થી ૧૪૩, ૩૮૧ થી ૪૦૦, ૪૦૧, ૪૨૧ થી ૪૨૮, ૪૪૧ થી ૪૪૨.

**એક રૂપીઆવાળી** રસીટ નં. ૪૦૧ થી ૪૩૪, ૪૪૧ થી ૪૫૭, ૪૬૧ થી ૪૬૩, ૪૮૧ થી ૪૮૨, ૫૦૧ થી ૫૦૫, ૫૨૧ થી ૫૨૪, ૫૪૧ થી ૫૪૫, ૫૬૧ થી ૫૬૮, ૫૮૧ થી ૫૯૧, ૬૦૧ થી ૬૧૪, ૬૨૧, ૬૪૧ થી ૬૫૩, ૬૬૧ થી ૬૬૩, ૬૮૧ થી ૬૮૪, ૭૦૧ થી ૭૦૨, ૭૬૧ થી ૭૬૩, ૭૮૧, ૭૯૭, ૮૦૦ થી ૮૦૭ ૮૨૧ થી ૮૨૯, ૮૪૧ થી ૮૪૬, ૮૮૧, ૯૪૧ થી ૯૪૨, ૯૬૧ થી ૯૬૭.

## ૨ શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

(તપાસનાર શેઠ ચુનીલાલ નહાલચંદ, ઑ. ઓડીટર શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ).

**(૧) પાલણપુર ઇલાકાના (ઢંઢાર દેશના) સીસરણા ગામ મધ્યે શ્રી સુપાર્શ્વનાથજી મહારાજના દેરાસરના** વહીવટને લગતો રિપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા દોશી કાળુ મગન તથા શા પરસોતમ હાથીના હસ્તકનો સંવત ૧૯૬૭ થી સં. ૧૯૭૩ ના અસાડ વદ ૧ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે.

**(૨) પાલણપુર ઇલાકાના (ઢંઢાર દેશના) મોરીયા ગામ મધ્યે શ્રી અજીતનાથજી મહારાજના દેરાસરના** વહીવટને લગતો રિપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા. લલ્લુચંદ તલકચંદના હસ્તકનાં સંવત ૧૯૬૪ થી સં. ૧૯૭૩ ના શ્રાવણ સુદ ૧ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે.

**(૩) પાલણપુર ઇલાકાના (ઢંઢાર દેશના) ધનાળી ગામમાં શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરના** વહીવટને લગતો રિપોર્ટઃ—

સદરહુ સંસ્થાના સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા. ચુનીલાલ લલ્લુ તથા શા. ખુબચંદ વીરચંદ તથા પારેખ પુનમચંદ લીલાચંદના હસ્તકનો સંવત ૧૯૬૮ ના ભાદરવા સુદ ૪ થી સંવત ૧૯૭૩ ના અશાડ વદ ૧ સુધીનો વહીવટ સારી રીતે ચલાવે છે.

સદરહુ સંસ્થાના મહાજનમાં કુસંપ હોવાથી તેમજ સદરહુ સંસ્થાંમાં કાંઇ નાણાં નહીં હોવાથી દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી તૈયાર થઇ ગએલું હોવા છતાં પ્રતિષ્ઠા કરી ભગવાનને ગાદીએ બિરાજમાન કરી શકતા નહોતા, વળી કેટલાએક ગામવાળા જેઓ પાસે લેણું હતું તે કાંઇ વસુલ આપતા નહોતા. તેથી અમારી તપાસણી દરમિયાન જુના તથા નવો હિસાબો કરી વાળી લગભગ રૂ. ૭૦૦) વસુલ કરાવી આપ્યા અને આશરે રૂ. ૪૨૫ ના હિસાબો ચોખ્ખા કરી બાકીઓ કઢાવી આપી છે તેમજ કેટલીએક તકરારોના લીધે બે ગૃહસ્થોને ત્યાંના મહાજન બહાર મૂકેલા તેમની સમજુતી કરાવી મહાજનમાં લેવરાવી પ્રતિષ્ટા માટે એક ગૃહસ્થ પાસેથી રૂ. ૪૦૦) આપવાનું નક્કી કરી આપી સારા મૂહુર્તે પ્રતિષ્ટા ભગવાનને ગાદીએ બેસારવાનું ઠરાવી આપ્યું છે.

**(૪) પાલણપુર ઇલાકાના ગઢ તાલુકાના (ઢંઢાર દેશ) ના ગામ સુદાસણા મધ્યે આવેલા શ્રી વાસુપુજ્ય મહારાજના** દેરાસરના વહીવટ ને લગતો રિપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા દોશી ગોદડલાલ જુમખરામ હસ્તકનો સં. ૧૯૭૨ ના અસાડ સુદ ૧ થી સંવત ૧૯૭૩ ના શ્રાવણ સુદ ૧ નો વહીવટ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે.

ઉપર જણાવેલા ૪ ગામોના મોટા ભાગના જૈનો સરલ સ્વભાવના હોવા છતાં અજ્ઞાનતાને લીધે દેવ દ્રવ્યના લેપમાં ફસે છે પણ જો આ તરફના ભાગમાં સાધુ મુનિરાજાઓનું આવાગમન વધારે થાય તો લોકો જૈન શૈલીના અનુભવી થઈ દેવ દ્રવ્યના લેપમાં પડે નહી.

સદરહુ ગામના જૈનો દેરાસરનાં નાણાં મહાજનને તેમ જૈનોને અંગ ઉધાર ધીરે છે તે જૈન શૈલીથી ઉલટું છે એટલુંજ નહીં પણ વખતના વહેવા સાથે દેણદારોની સ્થિતિ નબળી થઈ જાય છે ત્યારે દેણદારો સંઘમાં લાગવગ વાળા હોવાથી સંઘવાળાને ઉંધું ચતું સમજાવી પોતાના લાગતાવળગતાને પોતાના પક્ષમાં લઇ સંઘમાં અનેક પ્રકારની તકરારો ઉભી કરી નાણાં વસુલ આપતા નથી અને પોતાની આબ ઉઘાડી પડી જવાના ભયને લીધે આ સંસ્થાના માણસોને હિસાબ દેખાડવતાં અચકાય છે માટે તે બદલ સંઘવાળાઓને સમજુતી આપી નાણાં ધીરવાનું બંધ કરાવ્યું છે.

મજકુર ચારે ગામોના જૈનો સાધારણ સ્થિતિના હોવા છતાં પૂજનને લગતો દરેક ખર્ચ પોતાની ગીરેથી કરે છે ને એટલે સુધી કે ગોઠીનો પગાર તથા દીવો બાળવાના ઘીનો ખર્ચ પણ પોતાની ગીરેથી આપે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

**(૫) પાલણપુર ઇલાકાના ( ઢંઢાર દેશ ) ના ગામ વણસોલા મધ્યે શ્રી શેખફણા પાર્શ્વનાથ મહારાજના દેરાસરના** વહીવટને લગતો રીપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા દોશી ગોદડ ખેમચંદના હસ્તકનો સંવત ૧૯૭૧ ની સાલથી સંવત ૧૯૭૩ ના આસો વદ ૧૧ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો છે તે જોતાં નામું રીતસર રાખી વહીવટ ચલાવે છે. સદરહુ ગામમાં જૈનોની વસ્તી માત્ર ૬ ઘર હોવા છતાં પોતાની જાતે મંદિરમાં પૂજન કરે છે તેમજ પૂજનને લગતો સર્વ ખર્ચ પોતાની ગીરેથી આપે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

**(૬) પાલણપુરના ઇલાકાના ( ઢંઢાર દેશ ) ગામ ધોલા તથા સકલાણા મધ્યે આવેલા શ્રી ડોહલા. પાર્શ્વનાથ મહારાજના દેરાસરના વહીવટને લગતો રિપોટઃ—**

સદરહુ સંસ્થાના શ્રી સંઘતરફથી વહીવટ કર્ત્તા શાકલચંદ દલીચંદ હસ્તકનો સં-૧૯૭૧ થી સં-૧૯૭૩ ના આસો વદ ૭ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે પૂજનને લગતો ગોઠીનો પગાર વિગેરે કાંઇપણ ખર્ચ દેરાસરના પૈસાથી ન કરતાં પોતાના ગીરેથી કરે છે. તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે.

સદરહુ સંસ્થાના રૂ, ૪૦૦ ) ના આશરે પાલણપુર નીવાસી શા. લવજી મલુકચંદને ત્યાં ચાર આનાના વ્યાજે જમા કરાવેલા તે નાણાં ઘની રીતે ઉઘરાણી કરવા છતાં આપતા નથી માટે પાલણપુરના સંઘે જેમ બને તેમ તાકીદે વચમાં પડી તે નાણાં વસુલ અપાવી જૈનોને દેવ દ્રવ્યમાં બુડતા બચાવવા જોઇએ.

**(૭) પાલણપુર તાલુકાના ( ઢંઢાર દેશ ) ગામ પરખડી મધ્યે આવેલા શ્રી નેમનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રિપોટઃ—**

સદરહુ સંસ્થાના તરફથી વહીવટ કર્ત્તા શા ભાઇચંદ તારાચંદના હસ્તકનો સં૦૧૯૭૧ ના ભાદરવા વદ ૧ થી સંવત ૧૯૭૩ ના આસો વદ ૭ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે અને પૂજનને લગતો ગોઠીનો પગાર વિગેરે કાંઇપણ ખર્ચ દેરાસરના પૈસાથી નહીં કરતાં તેમની ગીરેથી કરે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

સદરહુ સંસ્કારનો હિસાબ તપાસતાં રૂ. ૧૩૨ના ભોજક કારીગર તથા નોકરોના બક્ષીસના આપેલા છે પરંતુ ભોજક કારીગર તથા નોકરને તેમની મેહેનતના પ્રમાણમાં બક્ષીસો આપવામાં કાંઇ વાંધો નથી પણ તેવા લોકોને રીતથી ઉલટી રીતે વધારે રકમોની બક્ષીસો આપવાથી એક રીતનો દાખલો બેશી જઇ દરેક સ્થળે આવી સંસ્થાઓનો દાખલો આપી તે લોકો તે પ્રમાણે પૈસા કઢાવવાની તજવીજ કરે છે તેથી બીજા ગામડાઓવાળાને પણ તે પ્રમાણે લાચારીએથી પૈસા આપવાની ફરજ પડે છે. તેવો ખોટો દાખલો નહી બેસે માટે આગેવાન ગામવાળાએ તે બદલ વિચાર પૂર્વક વર્તવાની ખાસ જરૂર છે.

ઉપર જણાવેલા સાતે ખાતાં તપાસી જે જે ખામીઓ દેખાડી તેને લગતું સુચનાપત્ર દરેક વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

( શ્રીમાન્ ચુનીલાલભાઇ તપાસવાનું જે કાર્ય કરે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તેમણે ઘણાં ખાતાંઓ તપાસ્યાં છે અને તેમાં અનેક ગુણ અવગુણ દોષ ખામીનો અનુભવ લીધો છે તો તે સંબંધી વિગતવાર લેખ લખી મોકલાવી પોતાના અનુભવનો પરિચય કરાવશે તો અમો આભારી થઇશું. તંત્રી. )

# 'વાર્ત્તા વિનોદ.'

૧

લલિતા—પદ્માવતી બ્હેન આજે ક્યાં ગયાં હતા?

પદ્માવતી—બ્હેન આજે હું સાર્વજનિક સ્ત્રીઓના મેળાવડામાં ગઈ હતી.

લલિતા—બૈરાંઓ ત્યાં એકઠાં મળી શું કરતા હશે! કેટલાંક નવરાં કામ વિનાનાં હશે તે આવતાં હશે, અને કેટલાંક ગૃહકાર્ય કરવું ન ગમે એટલે નીકળ્યા ફરવા એવા બધાં ત્યાં ભેગાં થતાં હશે તેમાં તમારે શું કરવા જવું જોઇએ?

પદ્માવતી—ત્યારે તો તમે મને પણ તેવીજ માનો છો ને?

લલિતા—ના ના વડિલ બ્હેન! તમોને તેવા કહેવાય? તમો તો ઘણા ઉદ્યમી છો, વળી ખંતીલા સ્વભાવના છો, ક્ષણવાર પણ નિરર્થક જવા દેતાં નથી, વ્હેલાં સવારમાં ઉઠોછો, મોડાં સુવોછો, અને ઉનાળા જેવા મોટા દિવસમાં પણ જરા બપોરે ઉંઘતાએ નથી. જ્યારે જ્યારે હું જોઉંછું ત્યારે કંઇને કંઈ કાર્ય કરતાંજ હોછો, મોટાં કુટુંબવાળાં છો પણ ઘરનું દરેક કામ હાથે જ કરોછો, તેમાંથી પરવારોછો. ત્યારે ભરવું ગુંથવું અથવા શીવવું વળી કંઈ નવું કાર્ય પણ શોધી કાઢોછો. જેમાંથી અમને પણ શીખવાનું મળે છે, અને આનંદ થાય છે. મારાં જેવાંનું તો તમો શાન્તિ સ્થાનછો ઘેરથી બળ્યાં જળ્યાં આવીએ ત્યારે તમારાં બે વચનો સાંભળીને શાન્ત થઇએ છીએ. વળી તમો તો પરોપકારમાં પણ વખત ગાળોછો સામા માણસને દુઃખી જોઈ અનેક પ્રયત્નવડે તેને દુઃખદ સ્થિતિથી ઉદ્ધારવાને મહેનત કરોછો, પૂજ્ય બ્હેન! તમોને તેવાં કહું તો હું પાપી ઠરૂં.

પદ્માવતી—લલિતા બ્હેન! તમારો સ્વભાવ તમે ક્યારે સુધારશો કે મને સંતોષ થાય?

તમો જ્યારે જ્યારે કંઇ નવું સાંભળોછો ત્યારે વિચાર કર્યા વિના જ અસદ્ કલ્પનાઓ કરી પ્રથમ એ કાર્યને વખોડોછો અથવા વગોવોછો.

લલિતા—પદ્માવતી બ્હેન ? વળી મેં તમારો શું ગુન્હો કર્યો ?

પદ્માવતી—ઉતાવળાં ન થાઓ. સાંભળો તેવીજ બાબત. પ્રથમ એક વખત સ્ત્રી-પુરૂષોના મેળાવડામાં હું ગઇ હતી તે તમોએ જાણ્યું ત્યારે તેમાં પણ તમો શંકાશીલ હૃદયે આવાજ પ્રશ્નો કર્યા હતા. અને આજે સ્ત્રીઓને નવરી અને કામ કરવામાં ખોટા સ્વભાવની બનાવી. કહો વારૂ ! તમો વિચાર કરીને બોલ્યાં છો ?

લલિતા—સમજીએ એવું કહીએ તેમાં ભૂલ શું છે તે સમજાવો.

પદ્માવતી—બ્હેન ! પુરુષોની સભાઓ હોય છે ત્યારે ઘણા ભાગે પુરુષોપયોગી બાબતો ચર્ચાય છે અને કોઇવાર સ્ત્રી ઉપયોગી પણ બોલાય છે. પરન્તુ જ્યારે સ્ત્રીઓનોજ મેળાવડો હોય છે ત્યારે તો સ્ત્રી ઉપયોગી જ વિષયો ચર્ચાય છે.

લલિતા—ભાષણો લાંબા લાંબાં સાંભળવાથી અને કરવાથી શું ફાયદો ? એકઠા થઇ વ્યર્થ સમય ગાળવો એટલુંજ ને ?

પદ્માવતી—લલિતા બ્હેન તમારી સમજમાં હજુ ઘણો ફેર છે.

લલિતા—ત્યારે કૃપા કરીને સમજાવો બ્હેન !

પદ્માવતી—સભામાં એકત્ર મળવાથી અરસપરસ એક બીજાઓના વિચારોની આપ લે થઇ શકે છે ત્યાં ભાષણ કરનાર માણસ પોતાના વિચારો દરેકની સામે જાહેર કરે છે. અને શ્રોતાજનો સાંભળીને વકતાના ઉદ્દેશોનો વિચાર કરી મુદ્દાની વાત પર ધ્યાન આપી તેને અમલમાં મુકવા સભા સમક્ષ રજુ કરે છે.

વળી લલિતા બ્હેન ! પ્રાચિન સમયની આપણી સ્થિતિ અને વર્તમાન સમયની સ્થિતિ તપાસતાં હાલમાં આપણો સ્ત્રી વર્ગ બહુ જ અધમ સ્થિતિમાં આવી પડયો છે. અને હજુ પણ તે બાબતના વિચારો કરી તેમાં સુધારો વધારો નહિ કરીએ તો ભવિષ્યમાં સનાતન ધર્મી આર્ય બાળાઓની શું અવદશા થશે ? પ્રથમના વખતમાં આપણા પવિત્ર આર્ય-દેશની આર્ય બાળાઓ પોતાના પવિત્ર જીવનની નીતિધર્મની અને સચ્ચારિત્રની ધ્વજાઓ ફરકાવીને વીરબાળાઓ બની ગઇ છે. જેમના દ્રષ્ટાન્તથી હાલ આપણે આપણી સ્થિતિથી શરમાવા જેવું થઈ રહ્યું છે. આપણે તેમના આદર્શ જીવન ચરિત્રોમાંથી ઘણું શીખવાનું છે. પૂર્વકાળમાં વિદુષિ ભગિનીઓથી જ વીર સંતાન ઉત્પન્ન થતાં હતાં અને હવે પણ જ્યારે આપણો સ્ત્રી વર્ગ સદ્‌વિદ્યાનાબલથી વિવેકશક્તિ વધારશે, ગૃહરાજ્યની દેવી બનવાની લાયક યોગ્યતા મેળવશે, સંસારનેજ સ્વર્ગ તુલ્ય કરી મુકશે, શુદ્ધ ચારિત્રવાળો બની અન્યોને દ્રષ્ટાન્તરૂપ બનશે, સચ્ચારિત્ર બળનું સામ્રાજ્ય ફેલાવશે, પોતાની દરેક પ્રત્યેની ફરજ સમજશે, પોતાના સંતાનોને ઉચ્ચ સંસ્કારી બનાવવામાં જ પોતાની મહત્તા માનનાર થશે ત્યારે જ પોતાનું ગુમ થઈ ગયેલું ગૌરવ પુનઃ પ્રાપ્ત કરશે, ત્યારે જ પોતાનું વાસ્તવિક સુખ મેળવી શકશે. બ્હેન ! હાલમાં આપણા માટે ઘણા હલકા શબ્દો વપરાય છે કેટલાક તો એમ માને છે કે સ્ત્રીઓ તો ગૃહ કાર્ય કરનાર ગુલામ છે. અરે ! વિચારીએ તો ગુલામ કરતાં પણ હલકી અવદશા ઘણા ઠેકાણે સ્ત્રીઓની જોઇએ છીએ. ત્યારે કેટલાક શાસ્ત્રી પુરાણીઓ સ્ત્રીઓને નરકની ખાણ કહીને નિન્દે છે

અને તેમાંજ સ્ત્રીત્વની સમાપ્તિ માને છે, લેખે છે. બ્હેન ! જોઇએ છીએ તો કેટલીક બાબતોમાં હાલમાં આપણી સ્થિતિ ઘણા ભાગે અજ્ઞાનતાવશ જેવીજ છે શાસ્ત્રી પુરાણી નિન્દારૂપમાં આગળ વધી જો કે બહુ આપણને વગોવે છે, તો તે તેમનું જાણે પરન્તુ આપણે એટલું તો કબૂલ કરવું જ પડશે કે આપણે આપણું ગૌરવ મૂર્ખતાને લીધે ગુમાવ્યું છે ને દિન પ્રતિદિન ગુમાવતાં જઇએ છીએ. સ્ત્રીઓની અજ્ઞાનતાથીજ દેશમાં **અવિદ્યાનો જુલમ વૃદ્ધિને પામ્યો** છે; અનેક પ્રકારના કુરીવાજોએ પ્રવેશ કરીને શારિરીક તથા માનસિક બળને નષ્ટ ભ્રષ્ટ કરી નાંખ્યાં છે. ભારત દેશ તન મન અને ધનથી લાચાર બની ગયો છે, કળા કૌશલ્યતા નાશ પામવા લાગી છે. અક્કલહિન પ્રજા ઉત્પન્ન થાય છે અને કુસંપોના બીજો રોપાતાં જાય છે. તેમજ અજ્ઞાનતાને લીધે માનુષી ભાવ છોડી આસુરી ભાવ કેટલીક બાબતોમાં જોવામાં આવે છે. આવી રીતે આપણા ગૃહ વ્યવહારની દરેક બાબતોમાં હાનીનું મૂળ જોઇશું તો બ્હેન ! આપણા સ્ત્રી વર્ગની અજ્ઞાનતાજ મુખ્ય નજરે આવે છે. કારણ કે પુરૂષો કોંગ્રેસોની અને કૉન્ફરન્સોની બેઠકોમાં સંસારી બગડતા જતા રીવાજો માટે ઉત્તમ પ્રકારના ઠરાવોને અમલમાં મુકવાને સર્વાનુમતે કબૂલ કરે છે પરન્તુ તે ઠરાવો અમલમાં મુકાતા જોવામાં આવતા નથી. કારણ કે પુરૂષનું અડધું અંગ સ્ત્રી ગણાય છે અને તે મૂર્ખ એટલે અડધા અંગથી શું બની શકે ? દાખલા તરીકે પુરૂષ કહે કે બાળ લગ્ન નથી કરવા ત્યારે બાઇ કહે કે મારે લ્હાવો લેવો છે. પુરૂષો કહે કે રડવા કુટવાના તથા ફટાણાં ગાવાં તે કુરીવાજ છે ત્યારે એનો કહેશે કે તમારે બધુ પાલવે—મારે તો જવું જ જોઇએ વિગેરે; માટે જ લલિતા બ્હેન ! આપણે આપણી આવી સ્થિતિમાંથી ઉદ્ધાર કરવાનો રસ્તો શોધવો એ આપણું પ્રથમ કર્તવ્ય છે અને તે ઘરમાં બેસીને દરેકના વિચારો જાણ્યા સિવાય જાણી શકાતાં નથી.

લલિતા—તેમાં વિચારો સાથે શું સંબંધ છે ? કામ કરવાથી સુધારો થશે.

પદ્માવતી—બ્હેન વિચારો સાથે શું સંબંધ છે તે પણ હું તમોને સમજાવું છું. કોઈપણ કાર્ય-પછી તે નાનું હોય અથવા મોટું હોય-**કાર્ય છે તે** સર્વનું કેન્દ્ર સ્થાન વિચારોના સંઘર્ષણમાંજ છે. વિચારોની આપ લે કરવાથીજ કાંઇપણ કાર્ય થઇ શકે છે.**ને તે** ઘરમાં બેઠાં એકલાંને વિચારો એકજ પ્રકારના જવલેજ આવે છે કારણ કે નિમિત્તવાસી આત્મા છે. બ્હેન ! વિચાર એજ માનુષી જીવન છે, વિચાર એજ જીંદગીનું રહસ્ય છે. અને વિચાર એજ દિવ્ય ચક્ષુઓ ગણાય છે. જે માણસ વિચાર શકિતથી કમનશીબ બનેલું છે તેનું મનુષ્ય જીવન નિરર્થક છે, તે પશુ તુલ્યજ ગણાય છે, તે અમુલ્ય મનુષ્ય-જીંદગી હારી જાય છે. જીદંગીનું તત્ત્વ વિચારજ છે. વિચારથીજ મનુષ્ય દૈવી જીવન ગાળી શકે છે ને વિચાર બળથીજ દેવ બની જાય છે. લલિતા બ્હેન, વિચારોનું બળ એટલું બધું છે કે તે આ પારથી પેલી પાર લઇ જાય છે. સદ્ વિચાર એજ માણસની સદ્ગતિ છે, સદ્વિચાર વડેજ પરમાત્માને ઓળખી શકાય છે. મેળવી શકાય છે, અને છેવટે પરમાત્મારૂપ બની જવાય છે. હેય, જ્ઞેય અને ઉપાદેયનું સમજવું તે પણ વિચારથીજ સમજી શકાય છે. વિચાર માળાઓનું બળ એજ માણસોને નશીબ ફેરવવાની કુંચી છે. જેવા જેવા વિચારોને સેવીએ, તેવાં તેવા સાધનો કુદરત આપણને મેળવી આપે છે. જેવી રીતે વડ વૃક્ષનાં ઝીણાં

બીજમાંથી મોટાં વૃક્ષ બની જાય છે, તેવીજ રીતે નાના વિચારોમાંથીજ મોટું કાર્ય નીપજે. પ્રથમ વિચારોના આકાર બની પછી કાર્યના રૂપમાં આવે છે. વિચારોનું બળ જેવું તેવું નથી. દરેક કાર્યમાં પ્રથમ વિચારનુંજ સામ્રાજ્ય હોય છે જેટલા વિચારો પોચા અને સાંકડાં વટલુંજ કાર્ય કાચું અને નબળું સમજવું. મનોબળ વિચારોથી જ વધે છે અને ઘટે છે નબળા વિચારો જીવનનું અધઃપતન–**અધોમુખ માનુષિ જીવનને બનાવે છે**, ત્યારે સદ્વિચારો ઉર્ધ્વ ગમન કરાવે છે. જેમ જેમ મનોબળ વધે છે તેમ તેમ ધૈર્યતા અને સાહસીકતા પણ વધે છે, અને જ્યારે અતુલ્ય મનોબળ વધે છે, ત્યારેજ મહત્વનાં કાર્યો થઈ શકે છે. મનોવેગ રોકી શકાતો નથી, તોપણ અંકુશીત તો રાખવાની અગત્યતા છેજ. જેનામાં મનોબળ હોય છે તેનામાં જ આત્મિક બળ હોઇ શકે છે. આત્મિક બળવાળાથીજ સ્વહિત કાર્ય અને પરહિત કાર્ય બની શકે છે. આવી રીતે અનેક પ્રકારનું બળ વિચારોમાંથીજ જન્મ પામે છે. માટે બ્હેન, સદ્‌વિચારની કદર સમજનારૂ માણસજ માણસાઇના ગુણો પ્રાપ્ત કરી શકે છે. જે જે દેશો અથવા સમાજો હાલ ઉન્નત સ્થિતિને પામી સુખી જણાય છે તે, વિચારોવડેજ બનેલા છે. માટે હમેશાં સદ્‌વિચારોનું સેવન કરવું જોઇએ. ન્હાના વિચારોથીજ મ્હોટું કાર્ય થાય છે. વિચાર કરતા કરતાં જ્યારે તેનું બળ વધે છે ત્યારેજ કાર્યના રૂપમાં આવે છે. સદ્‌વિચારશૂન્ય મનુષ્ય પશુ કહેવાય છે.

લલિતા બ્હેન ! વિચારના બે પ્રકાર છે સદ્‌વિચાર અને અસદ્‌વિચાર. સદ્‌વિચારે સારાં કાર્યો થાય છે. એવીજ રીતે અસદ્‌વિચારોથી અપ્રશસ્ત–માઠાં–કાર્યો થાય છે. એવીજ રીતે અસદ્ વિચારોથી સાવધ રહેવું જોઇએ–માઠા વિચારો આવતાંજ ત્યાંથી પાછું વિરમવું કે જેથી ભવિષ્યમાં તેનું વિષવૃક્ષ વૃદ્ધિનેજ પામી શકે નહિ. બ્હેન ! વિચારોમાં શું શક્તિ છે એ વિષય ઘણો વિચારવા અને મનન કરવા જેવો છે. આ પ્રસંગ વિશે તમને માત્ર યત્કિંચિત જણાવ્યું છે. આપણે વિસ્તૃત વિવેચન ફરી કોઈ વખતે કરી શું. હાલ તો સભામાં એકત્ર મળીને શું કામ કરીએ છીએ તે તમોને જણાવું છું.

લલિતા બ્હેન ! સભા સાર્વજનિક હોવાથી દરેક કોમની સ્ત્રીઓ તેમાં ભાગ લઈ શકે છે. અને તેથી દરેક બ્હેનો સાથે ત્યાં ઓળખાણ થાય છે અને પરિચયમાં આવતાં પ્રેમ ભાવમાં વધારો થાય છે. બ્હેન ! આપણા વર્ગમાં ભગિનીભાવ વધારવાની ઘણી અગત્યતા છે. જ્યારે આપણી બ્હેનોમાં ખરો અન્તરનો પ્રેમ એક બીજાને જોતાં ઉભરાશે ત્યારેજ ભારતની મહિલાઓમાં કાર્ય કરવાનું બળ વૃદ્ધિને પામશે ને તે ભગિનીભાવ વધારવાને મહિલા સમાજો એ મુખ્ય સાધન છે. ત્યાં સભામાં પ્રથમથી એક વિષય નક્કી કરવામાં આવે છે અને તે વિષયમાં પોતાના વિચારો દર્શાવવાનું સૌને જણાવવામાં આવે છે. ફરી જે દિવસ સભા મળવાને નક્કિ કરેલો હોય છે તે દિવસે સાક્ષર બ્હેનો હોય તે પોતાના વિચારો તે વિષયમાં લખી લાવે છે અને સભા સમક્ષ વાંચી બતાવે છે. વળી કેટલીક વકતા બ્હેનો તો મોઢેથી ભાષણ કરી દ્રષ્ટાન્તો સાથે અને કેટલીક બાબતો અનુભવ સાથે સાબીત કરી આપે છે કે આ વિષયમાં આટલી આટલી બાબત સમજવા જેવી છે. આટલી ખામીઓ છે તેમાં આવી રીતે સુધારો કરી તેનું પરિશીલન કરવાની જરૂરત છે. બ્હેન ! પોતપોતાની ભૂલ સમજાતાં **તેમાં સ્વાભાવિક સુધારો** થાય જ છે. માણસ અંધકારમાં જ ગોથાં ખાતો હોય અને સૂર્ય ઉદય થયા પછી અથવા પ્રકાશનું સાધન–દીપક નજીક–આવ્યાં પછી પણ જો સીધો

રસ્તો ન ગ્રહણ કરે તો સમજવું કે તે મૂર્ખજ છે. કેટલાંકની માન્યતા એવી છે કે સ્ત્રીઓને ભણીને શું કામ છે? ક્યાં નોકરી કરવા જવી છે? શું તેમને રાજ્ય ચલાવવાનાં છે? તેઓ ભણીને વંઠી જાય છે અથવા ભણેલી પુત્રી રંડાય છે. આવું માનવું પ્રથમથી નહોતું પણ વચમાં સ્વાર્થિ મિથ્યાભિમાનીઓએ રૂઢનરૂપે ચલાવ્યું છે પરન્તુ તેવી બાબતોમાં હવે વિદ્વાનોએ પૂરવાર કરી આપ્યું છે કે પ્રથમ દેશસુધારામાં સ્ત્રી કેળવણીની મુખ્ય જરૂર છે. ઘર કાંઇ ઘર નથી પરન્તુ સ્ત્રી તેજ ઘર છે–તેજ ગૃહરાજ્યની તંત્રી છે. વળી સ્ત્રીઓએ ભણીને ઘણાં કાર્યો કરવાનાં છે. તે ગુલામ નથી પણ પુરૂષોની સહધર્મચારીણીઓ છે, સાથી, સલાહકાર છે, તેમ તેમણે નોકરી કરવી નથી પણ ઘણા પ્રકારની જવાબદારીમાંથી મુક્ત થવાનું છે. તેઓ ભણીને વંઠી જતી નથી પરન્તુ પોતાને કરવા યોગ્ય અને નહિ કરવા યોગ્ય, કામોને વિચારી શકે છે તથા જીવનમાં ભૂષણ રૂપ શું ગણાય છે અને દુષણ રૂપ શું ગણાય છે તે વિચારીને સદ્ગુણોને ગ્રહણ કરી શકે છે; દરેક પ્રત્યેની ફરજ સમજે છે ને બજાવે છે.

વિવેક વિનયાદિક ઉત્તમ ગુણો કેળવણીથીજ પ્રાપ્ત થઇ શકે છે. ભણેલી સ્ત્રીઓજ વંઠી જાય છે એમ કહેનાર સ્ત્રીઓનેજ શીર એકાન્ત આરોપ ચઢાવનારાઓ છે. આવું બોલનારાઓ જરા પક્ષપાત છોડીને વિચાર કરે તો જણાઈ આવે; જગતમાં જોઈએ છીએ તો ભણેલા પુરુષો બધા જ શુદ્ધ ચારિત્રવાળું જીવન ગાળે છે એવું જોવામાં આવતું નથી તેથી કાંઇ તેમાં કેળવણીનો દોષ નથી. દોષ માત્ર બાળપણમાં મળેલાં માત પિતાના કુસંસ્કારોનોજ છે. હાલમાં સ્ત્રીવર્ગનો ઘણો ભાગ બીનકેળવાયેલો હોવાથી પોતાનું કર્તવ્ય ભૂલી ગયો છે. અને તેથી બળહીન, બુદ્ધિહીન અને નાલાયક પ્રજા ઉત્પન્ન થાય છે ને પરાધીનતાએ જીંદગી ગાળે છે. તેમને લાયક બનાવવામાં આવે ત્યારેજ પુરૂષોની સહધર્મ, ચારિણી બની શકે. બ્હેન ! સ્ત્રીઓને જગત માતાઓ કહે છે. જગતની ઉત્પત્તિ સ્થિતિ તે માતાઓથીજ છે. પૃથ્વીતુલ્ય ગંભીર ધૈર્યવાન માતાઓ હોવી જોઇએ. સહનશીલતા વિનીતતા તથા વિવેકતાવાળી માતાઓ હોવી જોઈએ. પ્રાણાન્તે પણ પોતાના નિશ્ચયથી ચલાયમાન થાય નહિ એવા દ્રઢીભૂત વિચારવાળી બનવી જોઇએ ઇત્યાદિ બાબતોની ઘણી ચર્ચા સભાઓમાં થાય છે. વળી કેવળ સ્ત્રીઓનો મેળાવડો હોવાથી વિના સંકોચે પોતાના વિચારો દરેકથી દર્શાવી શકાય છે અને આવી રીતે સભાઓમાં એકત્ર થવાથી હવે આપણો સ્ત્રી વર્ગ દેશની દાઝને માટે તેમ કેટલાંક સમાજને માટે તેમાં પણ ખાસ આપણા સ્ત્રી વર્ગને માટે કેટલીક વિદુષિ બ્હેનોએ આગળ પગલાં ભરવા માંડયાં છે. તેમાં તન મનથી અને ધનથી કામ કરી રહ્યા છે વળી કેટલીક આત્માર્થિ અને પરોપકારી બ્હેનોએ આત્મ ભોગ આપીને દેશ સેવાને અર્થેજ જીંદગી અર્પણ કરી દીધેલી છે. જુઓ પ્રથમ આપણા ગુજરાત પ્રાન્તમાં વનિતાવિશ્રામો, સેવાસદનો, સ્ત્રી ઉદ્યોગ શાળાઓ, પાઠશાળાઓ, હિંદુ સ્ત્રી મંડળો તથા ભગિની સમાજ તથા શ્રાવિકાશાળા જેવી સંસ્થાઓ ક્યાં હતી ? આવી સંસ્થાઓની હયાતી હોવાથી સ્ત્રીઓની જીંદગીમાં ઘણા ફેરફાર થશે ને તેથી ભવિષ્યમાં સારા લાભ થવા સંભવ છે. લલિતા બ્હેન, દરેક જ્ઞાતિની બ્હેનોના સહવાસમાં આવવાથી બુદ્ધિ વિકાસને પામે છે માટે જ્યાં સ્ત્રીઓના મેળાવડા હોય છે ત્યાં હુંહાઇને જાઉં છું ત્યાં મને આનંદ થાય છે. નવા નવા વિચારો અન્તઃકરણમાં સ્ફુરી આવે છે. બ્હેન, સાચું પુછો તો આવી સભાઓમાં મેં જ્યારથી જવા માંડયું છે ત્યારથીજ સમ-

યની કદર અને મારૂં વાસ્તવિક કર્તવ્ય મારા સમજવામાં આવ્યું છે. અને જેમ જેમ મ્હારી ભુલો સમજતી ગઈ છું, તેમ તેમ દૂર કરતી ગઇ છું.

લલિતા–પદ્માવતી બ્હેન, તમોએ સભામાં જવાથી થતા ફાયદાઓ જણાવ્યા તે તો ઠીક, પરન્તુ આજ કાલ એવી સભાઓ થવાથી, આપણા વર્ગમાંતો બીજી રીતે સુધારાને બદલે કુધારો થવા માંડયો છે ને અસલી રીવાજ છોડી નકલ થતી ગઇ છે. બીજાના સંસર્ગમાં આવવાથી ફેસનમાં વધારો થયો છે. જેમકે સભામાં જવું એટલે બુટતો જોઇએજ, મોજા વિના ચાલેજ નહિ, છત્રી પણ રાખવી જોઈએ નહિતર ઠીક નહિ દેખાય, વળી સભામાં શોભતી સાડી પણ પહેરવી જોઈએ. ઘરમાં બીજા ગમે તેમ પહેરતાં ઓઢતાં હોય, ઘરનો નિભાવ ગમે તેમ મુશીબતે ચાલતો હોય પરન્તુ બ્હેનને એક વસ્તુ ઓછી હોયતો ચાલેજ નહિ. લાજ આવે. પુરુષો રાત્રી દિવસ અસીમ પ્રયત્ન કરી ગૃહસ્થાશ્રમનો નિભાવ કરતા હોય અને બ્હેનોને આવા પ્રકારની મોઝ શોખની વસ્તુઓ જોઈએ. કહો વારૂ ? પુરુષોની કેટલી બેહાલી ? શું આતે સુધારો ? બસ્યું, મેંતો આવું જોયું છે ત્યારથીજ સભાઓ પર તિરસ્કાર થાય છે.

પદ્માવતી–બ્હેન તમોએ કહ્યું તે પ્રમાણે વર્ત્તનાર જે બ્હેનો છે તે અજ્ઞાન છે. તેમનામાં વિચારનેત્રની ખામી છે. અજ્ઞાનતાને લીધે સારાસારનો વિચાર કરી શકતી નથી. પોતાનું કર્તવ્ય જાણતાં નથી. તે બીચારાંને ન્હાનપણમાં સારા ઉંચ સંસ્કારો કેળવણીને લગતા જોઈએ. તેનાથી તેઓ કમનશીબ નીવડેલાં છે. સંગીન કેળવણીની ખામીને લીધે આપણો સ્ત્રી વર્ગ હિતાહિત જોઈ શકતો નથી. ધર્મ નીતિના શિક્ષણ વિના વ્યવહારૂ કાર્યમાં પણ ઘણા પ્રકારની ભુલો કરે છે. લલિતા બ્હેન, માતાઓએ પુત્રીઓને કેવા પ્રકારની કેળવણી આપવી ? આ અગત્યનો પ્રશ્ન છે. માતાએ પુત્રીને બાળપણથીજ લેખન વાંચન ભરત ગુંથણ રસોઇનું કાર્ય, સ્વચ્છતા સુઘડતા, ગૃહ કાર્યની દરેક વ્યવસ્થા, અને આરોગ્યતાના નિયમો, સમજાવવા જોઈએ. તેમને પ્રત્યક્ષ પ્રમાણથી અનુભવ કરાવવો જોઇએ ને હૃદયમાં ઉતારવો જોઇએ. વિદ્વાનો કહે છે કે સો શિક્ષકોની ગરજ એક કેળવાયલી માતા સારી શકે છે. પુત્રીનાં યોગ્ય ઉમ્મરે લગ્ન થતાં સાસરે જાય ત્યારે પતિ સાથેનો નિકટ સંબંધ, આદર્શ પ્રેમ પતિપરાયણતા તથા સાસુ સસરા નણંદ દેરાણી જેઠાણી વિગેરે શ્વસુર પક્ષવાળાંઓને પ્રેમ ભાવથી વિનય વડે પોતાના કરી લેવા–એવું શિક્ષણ આપવું જોઇએ. દરેક પ્રત્યે પોતાની પવિત્ર ફરજ બજાવવામાં કુશળ બનાવવી જોઇએ. વળી સમયસૂચકતા એ કેળવણીનું મુખ્ય અંગ છે ઇત્યાદિક ઉત્તમ ગુણો પુત્રીઓમાં લાવવા જોઇએ. ક્ષમા ચાતુર્ય અને વિવેક એ પણ બાળ વયમાંથીજ શીખવવા જોઈએ. બ્હેન, સર્વ પ્રકારની સર્વોપરી કેળવણી તો એક વિચક્ષણ માતાજ આપી શકે છે. જે બાળકોની માતાઓ પોતાના સંતાનોને શરિર તથા મન સંબંધી કેળવણી આપવામાં ભાગ્યશાળી બને છે તથા માતા પ્રથમથી ટેવેલ પ્રકૃતિની, હસમુખા સ્વભાવની અને આળસ વિનાની હોય છે તેજ બાળકના જન્મને ધન્ય છે. બ્હેન પુત્રની મૂર્ખતા કદાપિ છુપી રહી શકે છે પણ ઉંચ્ચ સંસ્કારી બનાવનાર માતાજ હંમેશાં ગૌરવને પામે છે. પુત્ર કેળવણીથી એક વ્યકિતને ફાયદો થાય છે ત્યારે કન્યા કેળવણીમાં ગૃહ કુટુંબનું અને સમાજનું તથા આખા વિશ્વનું હિત સમાયેલું છે. અને તે કારણથીજ કન્યા કેળવણીને પ્રાધાન્ય પદ આપેલું છે. તેને મુખ્ય ગણેલી છે. લલિતા બેન, કેટલીક

અજ્ઞાન રીતભાત જોવાથી **તમને** સ્ત્રી સમાજોને માટે તિરસ્કાર થયેલો છે. પરંન્તુ હાલમાં સ્ત્રી સમાજના ઉદ્ધારને માટે અસિમ પ્રયત્ન થઈ રહેલાં છે. તથા તન ધન અને ધનનો ભોગ કેટલાક આપી રહેલાં છે. દેશની દાઝને લીધે, અને પોતાની સ્વજાતી જે સ્ત્રીઓ તેમની લાગણીની ખાતર સ્વાર્થનો ત્યાગ કરી આવા આત્મભોગથી કામ કરી રહ્યા છે એવી વિદુષી માતાઓ જેવાં કે સ્વર્ગસ્થા શ્રીમતિ જમનાબાઇ સકકઇ તથા ગં૦ સ્વ૦ બાજી ગૌરી બેહેન મુનસી, ગ૦ સ્વ૦ શીવગૌરી બ્હેન ગર્જ્જર તથા શ્રીમતિ મગન બેન માણેકચંદ વિગેરે બ્હેનોના આદર્શ જીવનોને પ્રત્યક્ષ જુઓ. સાદો સરળ સ્વભાવ અને નિર્મળ વિચક્ષણ બુદ્ધિએ કરી સ્ત્રી ઉપયોગી ખાતાઓની ગોઠવણ તેઓ ખાસ કરી રહેલાં છે તેમાં પણ જે અનાથ અબળા વર્ગ પોતાના પાલક પતિના વિયોગે કલ્પાન્ત કરી અનેક પ્રકારના દુઃખોથી ક્લેશમય વખત વ્યતિત કરી રહેલ છે ને અનેક પ્રકારની અજ્ઞાનતાએ દુઃખના દરિયામાં ડુબી ગયેલ છે તથા કેટલીક કુટુંબને બોજારૂપ નિરૂધમે જીવન પશુવત્ વીતાવી રહી છે. તેમને ધર્મનીતિનું શિક્ષણ આપીને સદ્‌વિચાર તથા સદ્ વર્તનથી પરિશ્રમદ્વારા પરહિત કરી શકે દેશને તેમજ સમાજને અને કુટુંબને મદદગાર થઇ પડે અને પ્રભુપરાયણ જીવન વ્યતિત કરી શકે એવા ઉદ્દેશથી વનિતા વિશ્રામ આદિ સંસ્થાઓ સ્થાપીને તેમાં વિધવાઓને રાખીને તેમના લાયક ઉપયોગી તથા ઉત્તમ શિક્ષણ **વનિતા વિશ્રામ આદિ સંસ્થાઓમાં** આપે છે. બ્હેન, તમો આવા ખાતાંઓ જુઓ ત્યારેજ સમજાય કે આપણો સ્ત્રીવર્ગ તેમાં પણ શિક્ષિત વર્ગ ,શું શું કાર્ય કરી રહેલો છે? હું તો મારા અનુભવથી ખાત્રી પૂર્વક કહું છું કે જ્યાં સુધી આપણો સ્ત્રીસમાજ સારૂં શિક્ષણ લઈ સુશિક્ષિત બનશે નહિ, પોતાની ફરજ દરેક પ્રત્યે સમજી શકશે નહિ અને પોતાનુ કર્તવ્ય બજાવશે નહિ, ત્યાં સુધી કુટુંબનો સમાજનો તેમજ દેશનો ઉદય થનારજ નથી. માટેજ બ્હેન, સમાજને આગળ વધવામાં સ્ત્રીઓની મદદ જોઈએ અને તે હવે બ્હેનો એકત્ર થઈને સમાજનું બંધારણ જે કુચાલોએ ચુંથાઇ ગયું છે તેને સુધારવા પ્રયત્નશીલ થવું એજ સ્ત્રી સમાજોના ખાસ ઉદ્દેશો છે.

લલિતા—" પદ્માવતી બ્હેન, બધી બ્હેનો એકત્ર થઈને આવા ઉત્તમ વિચારો કરે છે અને વિચારોથીજ દરેક કાર્ય થઈ શકે છે એવું પ્રથમ તમે મને સમજાવ્યું છે તો હવે હું મારી મુર્ખાઇ સમજુ છું. ઓહો! મારી કેટલી મોટી હદ વિનાની અણસમજ, મેંતો અત્યાર સુધીની ઉમ્મર પારકી વાતો કરવામાં અને મને કોઇ એક શબ્દ કહે તેને બદલે ચાર શબ્દ કહી સંતોષ માનવામાં જ વ્યતીત કરી છે. વળી તમારી સોબતે હવે મેં પહેલાં કરતાં કેટલીક ટેવ છોડી છે નહિતર મારા છતા દોષને જાણી જોઇને ઢાંકતી અને બીજામાં અછતા દોષનો આરોપ કરીને ધમકાવતી, કોઈનું ગણકારતી નહિ. બેન શું મારી વાતો કહું? મને જ સંભાળતાં હવે કંપારી છુટે છે. જેટલા અવગુણો છે એટલાંનો જ આદર કરવા વાળી હતી; સાચું તે મારૂં નહિ પણ મારૂં તેજ સાચું બનાવવાને તથા બીજાને મનાવવાને અનેક પ્રપંચો કરીને મેં મારૂં આયુષ્ય વ્યર્થ ગુમાવ્યું છે અને અત્યાર સુધી આળસથી તથા નકામી વાતોથી વ્યર્થ સમય ગાળતી હતી, તે હવેથી સમયનો દુરૂપયોગ નહીં કરીશ. પુજ્ય બહેન! **મને માફ કરશો** મેં તમારા વખતનો દુરૂપયોગ **ખોટી ટકકર કરીને** કર્યો છે અને તસ્દિ આપી છે તે માફ કરજો.

પદ્માવતી—બ્હેન એમાં મારી શી બાબતની માગો છો? મેં તો મારી ફરજ બજાવી છે એમાં વિશેષ કંઇ કર્યું નથી. તમોને સાચી વાત સમજાઈ એટલે મારો વખત ઉપયોગી **પવિત્ર** બન્યો છે.

લલિતા—પદ્માવતી બ્હેન હવે તમો જ્યારે જ્યારે સંસ્થાઓ જોવા જાઓ અથવા સભાઓમાં જાઓ ત્યારે જરૂર મને સાથે લઇ જજો. તમોને મહત ઉપકાર થશે. આજે મને સંસ્થાઓની અને સભાઓની વાત તમારા મોઢેથી સાંભળવા માત્રથી આટલો આનંદ થાય છે તો જ્યારે હું **જાતે જોઈશ અને** નજરે કામ જોઇશ તથા દરેકનું બોલવું સાંભળીશ ત્યારે તો મને એમ સમજાય છે કે ઘણું શીખવાનું મળશે. મને મુઢ મતિને તો તદ્દન સમજ જ નથી, સૌના દોષ ખોલવા જોવા અને સામાને વખોડીને ફેંકી દેવું એટલુંજ જાણતી હતી. પણ મારામાં જે દુર્ગુણો ભરેલા છે તે કાઢવાને કોઈ દિવસ પણ મેં વિચાર કર્યો નહોતો. અરે વધારે શું કહું તેને દોષરૂપ માન્યાજ નથી, હું કેવળ મિથ્યાભિમાનિનીજ છું. જેમ જેમ મારા દુરાગ્રહ સમજું છું તેમ તેમ પશ્ચાત્તાપ થાય છે ને હજુ પણ તમારા જેવી પરોપકારી બ્હેનોના સમાગમે દુર્ગુણ દૂર કરીશ. બેન, મને હવે સમજાયું છે કે સજ્જનનો સમાગમ દરેકને કરવો જોઇએ તેથી બુદ્ધિ વિકાશને પામે છે અને કાંઇક શક્તિ આવે છે. આજે જ મને એમ થાય છે કે દરેક બ્હેનો જો પોતાની ભૂલ તપાસતાં જાય તો પછી તેમને દુઃખ રહે જ નહિ. પણ અજ્ઞાનતાને લીધે કંઇ સમજતાં નથી અને દુઃખી થાય છે તેમ સામાને દુઃખી કરે છે. જ્યારે આપણી બેનો પોતાની ફરજ સમજવા જેવું શિક્ષણ લેશે ત્યારે જ આપણો દેશ સુખી થશે. આ વાત અક્ષરશઃ તમારી સાચી જ છે. બ્હેન વિપરિત વાત મનમાં બેસે છે તે એકદમ નીકળતી નથી અને તેથી સારાં કાર્યો હોય તેને પણ નિન્દવાની ટેવ વધતી જાય છે અને વિવેક હૃદયમાંથી નષ્ટ થાય છે. જ્યાં અવિવેક આવ્યો ત્યાં સદ્ગુણો નષ્ટ થઈ જાય છે અને આવી અજ્ઞાનતાને લીધે કેટલી બધી બ્હેનો વખત ગમે તેમ ગાળતી હશે તે વાતનો હવે મારા દ્રષ્ટાન્તથી જ વિચાર થાય છે. તેમને માટે હવે શો ઉપાય કરવો જોઇએ. તમો કંઈ મદદ આપો ને માર્ગ બતાવો કારણ કે હું કંઇ બ્હેનોને માટે કામ કરૂં એવી મારી ઉત્કંઠા છે.

પદ્માવતી—બ્હેન તમો મોટા નહાના મોહલ્લાઓમાં જાઓ ત્યાં રહેવાવાળાં બ્હેનો સાથે ઓળખાણ કરો અને તેમનાથી સહવાસ વધારી પ્રેમ ભાવથી પ્રથમ પોતાનાં કરી લ્યો. તમો નિષ્કામ વૃત્તિથી કેવળ તેમના હીતને માટે તેમની પાસે સાચા દિલથી જવા માંડશો એટલે તે કુદરતી રીતે જ તમારા પ્રત્યે પ્રેમાળ થઈ જશે એટલે પછી ત્યાં બધાંને એકત્ર કરવાને હીલચાલ કરો અને એક બીજાના વિચારોની આપ લે કરો. એમ કરતાં નાની સભા જેવું થઈ જશે. ત્યાં પછી આપણી પ્રાચિન સ્થિતિનું તથા વર્તમાન સ્થિતિનું દિગ્દર્શન કરાવો ને તેથી થતા નુકશાન નફાઓ જણાવો, વળી તેમાંથી બચવાના ઉપાયો બતાવો જેમકે કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધ વિવાહ વિગેરે કુચાલો આપણામાં વધતા ગયા છે ને કેટલેક ઠેકાણે વધતા જાય છે તેને અટકાવવાના ઉપાયોનો વિચાર કરવા દરેકના મત લેવા અને તે રીવાજો નાબુદ થતાં આપણને શું ફાયદાઓ છે તથા આસુરી રીવાજો તે શું અને દૈવિક રીવાજો તે શું વિગેરે બાબતની ચર્ચા ચલાવો અને દરેકને તે વિષયમાં બોલવાને છુટ આપો અને તેમને જણાવો કે પ્રથમની

ભારત માતાની વીર પુત્રીઓએ પોતાના બુદ્ધિબળથી સ્ત્રીપણાને કેવી રીતે દીપાવ્યું હતું તથા તેમને જગતને દ્રષ્ટાન્તરૂપ કેવાં કાર્યો હતાં કે જેથી કરી તેમનાં નામો શાસ્ત્રોમાં સુવર્ણ વર્ણે લખાયલાં અદ્યાવધિ દષ્ટિગોચર થઇ રહ્યાં છે તથા તેમના ગુણ ગાન ગવાઇ રહ્યાં છે, વળી તેમના જીવનના શું ઉદ્દેશો હતા, તેમના આદર્શ જીવનોમાંથી આપણે શું હાલ આદરણીય છે વિગેરે બાબતોનું વિવેચન કરવું અને કરાવવું કે જેથી કરી પોતાનું કર્તવ્ય દરેક બ્હેનો આવી રીતે કરવાથી જાણશે અને જાણ્યા પછી તેમના આચાર વિચાર સુધરશે. આવા કાર્યક્રમથી અનુક્રમે સંસાર સુધારો શીઘ્ર થશે અને હાલમાં જે અસલ છોડી નકલ કરતાં થઈ ગયાં છે તેને છોડીને પોતાનું અસલ વર્તન તથા આચાર વિચારોને આદરનાર થશે. કન્યા કેળવણીની કેટલી આવશ્યકતા છે? તે ન હોવાથી ગૃહ સંસારના બંધારણો કેવાં ચુ થાઇ ગયાં છે, હાનીકારક રીવાજોથી આપણા સ્ત્રી વર્ગને ઘણા પ્રકારનાં સંકટો સહન કરવાં પડે છે, કન્યા વિક્રય, બાળ લગ્ન અને વૃદ્ધ વિવાહ થવાથી તેના પરિણામે વિધવાઓની સંખ્યા વધતી જાય છે, તેમને સારા સમાગમમાં ન મુકવાથી ઘણા પ્રકારના અત્યાચાર તથા અનાચારો થાય છે, તેવા અનર્થો થતા અટકાવવાના મુખ્ય ઉપાયો આપણા હસ્તમાં છે. જો માતાઓ પોતાના પુત્ર પુત્રીઓને બાળપણમાં લગ્ન કરવા ના પાડે તો તુરતજ અટકી જાય અને વૃદ્ધની સાથે કન્યા આપતાં પણ જો માતા વાત્સલ્ય ભાવને ન વીસારી દે તો તે કન્યાનું મુવા સાથે મીંઢળ બાંધતાં તેના પીતાને ફાવેજ નહિ, લગ્ન કરી શકેજ નહિ વિગેરે બાબતો પ્રસંગોપાત ધીમે ધીમે ચલાવો એટલે બધી બ્હેનોને સાચું સમજાવતાં વર્તનમાં આવતું જશે અને પુષ્કળ ફાયદાઓ થયા વિના રહેશેજ નહિ.

લલિતા—પદ્માવતી બ્હેન, તમોએ મજાનું કહ્યું; ઘણું આવી રીતે જો આપણે કરીએ તો ઘણા ફાયદા થાય એમ હવે મને સમજાય છે પરન્તુ મને તો મુઝવણ [illegible] છે કે આ બધું મ્હારાથી કેમ બની શકે? મને ક્યાંથી આવડે? આવી બાબ ખાસ [illegible] શીખવા બેસું તો તે પણ નથી સમજાતું કે કેમ શીખી શકાય? બાકી મને હોંસ [illegible] ઘણીજ થાય છે કે મારાથી કંઈ પરોપકાર થાય તો કેવું સારૂં! તમારી સોબતે જો મને આવડે ને માર્ગે ચઢાવો તો હું ધન્ય ભાગ્ય સમજું ને કંઇ મારૂં કર્તવ્ય બજાવું પણ વારંવાર એમ પ્રશ્ન થાય છે કે તે કેવી રીતે બની શકે?

પદ્માવતી—બ્હેન, પ્રથમ તમોને કઠણ વિષય લાગે છે પણ જેવા તમો તે કાર્યનો આરંભ કરશો અને ધીરે ધીરે આગળ વધશો કે તમારી શુભેચ્છાઓને કુદરતજ સ્હાયક થશે અને સાધનો પણ તેવા પ્રકારનાં મળતાં જશે; વળી અનુભવ પણ વધતો જશે અને કામ કામને શીખવશે એમાં કંઇ ભણવા જવા જેવું રહેશેજ નહિં. જ્યારે તમો કામ કરતાં ગુંચવાઓ ત્યારે મને મળશો તો મત્યાનુસાર સલાહ આપીશ ને તમારી મરજી હશે તો હું પણ કહેશો ત્યાં આવીશ અને મ્હારી ફરજ બજાવીશ.

લલિતા—બ્હેન, તમારા વિના તો એક ઘડી પણ મારે ચાલે નહિ. મને શું આવડે છે? મને માર્ગ દેખાડો ને તમો હિમ્મતથી માર્ગમાં ધૈર્ય તથા સાહસીકતા આવે તેમ કરશો તો શક્તિના પ્રમાણમાં મહેનત કરવી એ મારૂં કામ છે.

આવી રીતે પ્રેમપૂર્વક વાર્તાલાપ કરી બન્ને સખીઓ જુદાં પડયાં અને પોતાના ગૃહ કાર્યમાં જોડાયાં. બન્ને બહોળાકુટુંબ વાળાં હતાં ને ઘરમાંનું કાર્ય પોતાને હાથેજ કરતાં હતાં.

લલીતાને આજની વાર્તાથી ઘણો આનંદ થયો અને જીવનને ભાગ્યશાળી માનવા લાગી. કાર્યનો આરંભ ક્યારથી કરવો ? એવા વિચારના વમલમાં ગોથાં ખાવા લાગી વળી બીજી પોતાની બેનપણીઓ તથા આડોશી પાડોશી આગળ આવા પ્રકારનીજ વાતો ચલાવવા લાગી અને તેમને થોડા વખતમાંજ પોતે નક્કી કરેલાં કાર્યમાં મદદગાર બનાવી દીધાં બધાંનાં મન ઉશ્કેરાયાં અને આ કાર્યમાં સામેલ થવાને એકી અવાજે કબૂલ કર્યું. લલીતાને હવે વધારે હિમ્મત આવવા લાગી ને તેમાં તેના પતિની સલાહ માગી. તેમણે પણ ઘણીજ ખુશીથી હા પાડીને તે કાર્યને ઉત્તેજન મળેને લલિતાનો ઉત્સાહ વૃદ્ધિ પામે તેવી રીતે પોતાના વિચારો દર્શાવ્યા જેથી કરી લલિતાને ઘણોજ આનંદ થયો. તેણી આ બધી હકીકત પદ્માવતીને ત્યાં જઇને સંભળાવતી હતી.

લલિતામાં હવે નવું જીવન પ્રાપ્ત થયું હોય તેમ ઉત્સાહથી દરેક કામમાં નહિ કંટાળતાં ભાગ લેવા લાગી અને પદ્માવતીની સાથે હમેશાં સભાઓમાં જવા લાગી. ત્યાંનાં કાર્યવાહિની બ્હેનો તરફ પ્રેમભાવથી જોવા લાગી અને દરેકની સાથે ઓળખાણમાં આગળ આગળ વધવા લાગી. તેના હસમુખા સ્વભાવને લઈ બધાં તેને ચ્હાવા લાગ્યાં અને અન્યોન્ય ભગિની ભાવમાં વધારો થતો ગયો પછી તે દરેકને ત્યાં પ્રસંગોપાત જવા લાગી અને પોતાના વિચારો જણાવવા લાગી. તેમાં કેટલાંક સમજુ બ્હેનો સામેલ થવા લાગ્યાં અને જુદે જુદે ઠેકાણે અમુક અમુક દિવસે એકત્ર મળવું એમ નક્કિ કરવા લાગ્યાં. એમ કરતાં કરતાં મુકરર કરેલા દિવસોએ બધાં નિયત સ્થાને એકત્ર થવા લાગ્યાં. સર્વ બેનોને તેમાં પણ ત્યાં ખાસ કરીને સુશિક્ષિત બ્હેનોને આમંત્રણ કરવાં લાગ્યાં. સમજુ વિદુષી બ્હેનો પોતાની ફરજ સમજીને ત્યાં આવવા લાગ્યાં અને એક વિષયને સાદી અને સરલ ભાષામાં દરેક બ્હેનોને સમજાય તેમ છુટથી સમજાવવું શરૂ કર્યું. આથી સાંભળનારના હૃદયપટ પર કાંઇક હર્ષ અને કાંઇક દિલગીરી જોનારને જણાવવા લાગી. મુખાકૃતિ શોકમય જણાવાનું માત્ર એજ કારણ હતું કે અત્રેના ભાષણ કરનાર બ્હેનોના મુખથી વર્તમાન સ્થિતિના અનુભવેલા વિષયો સાંભળી પોતાની પૂર્વ સ્થિતિમાં અણસમજને લીધે થયેલી ભૂલનું સ્મરણ થઇ આવતું હતું. તેનો પશ્ચાતાપ હૃદયભૂમીમાં નહિ સમાતાં મુખપર તરી આવેલો માલુમ પડતો હતો અને સાંભળવાથી હર્ષ થવાનું કારણ એ હતું કે પોતાના સુખના સરલ અને સાદા રસ્તા જાણવામાં આવતા હતા.

આવી રીતે પ્રસંગોપાત દેશભક્ત વિદુષિ બ્હેનોથી સ્વાનુભવ વિષયો બોલાતા હતા તેથી તેના લાભાલાભનું બધાંને દિગદર્શન થતું હતું, સાંભળનારને પુષ્કળ ફાયદા થતા હતા અને આનંદ થતો હતો. દિન પ્રતિદિન સભાસદોની સંખ્યામાં વધારો થવા લાગ્યો. અને ઠેકાણે ઠેકાણે એવી સભાઓને સ્થાપવા માગણી થવા લાગી ને ઘણી બ્હેનો ઉત્સાહથી તેમાં તન મન અને ધનની મદદ કરવા સામેલ થઈ ગયાં તથા વખતનો ભોગ પણ આપવા લાગ્યાં.

સ્ત્રીઓમાં આવું ઉપયોગી કાર્ય થતું જોઇ તથા તેનું પરિણામ વિચારી કેળવાયેલો સમાજ તથા દેશહિતચિન્તક વિદ્વાન બન્ધુઓને હવે ભવિષ્યને માટે પોતાના તરફથી દેશદાઝને માટે ચાલતા પ્રયાસોની સફલતા થવાથી આશાઓ સફળ થતી ગઇ, પોતાના

પ્રયાસોનું મૂળ સુધરતાંજ આપો આપ કાર્યમાં આગળ વધવા સડક સાફ થતી જોઈ તેમને પ્રત્યક્ષ ખાત્રી થઇ કે પોતાના પ્રયાસો સફળ થશેજ એમ ધારી બ્હેનોને મદદ કરવાને તૈયાર થયા, તેમને પ્રોત્સાહિત બનાવવા લાગ્યા. આવી સંસ્થાઓમાં સુધારો વધારો કરવા માટે સલાહ આપવા લાગ્યા તથા અને બીજી રીતે પણ સગવડો કરી આપવા લાગ્યા આવી સંસ્થાઓમાં શિક્ષણ શાળા તથા ઉદ્યોગશાળાનું કાર્ય શરૂ કરવાને નક્કી કર્યું અને તેમાં નાણાની તેમ બહારની મદદ કરવાની તમામ ગોઠવણ હાલ ભાઈઓ પોતાને શીર ઉપાડી લેવાને કબૂલ થયા અને તે પ્રમાણે કામ પણ શરૂ થઇ ગયું. ભરત ગુંથણ શીવણનું કામ શીખવા ઘણા દાખલ થયાં તેમાં શ્રીમંત, વર્ગ મધ્યમ વર્ગ તેમજ ગરીબ વર્ગ ઐક્યથી પોત પોતાને લાયક કામ કરવાને શરૂ કર્યું. આથી હમેશાં બૈરાંઓ બપોરે એકઠાં મળી નિંદા કુંથલી કરતાં હતાં તે અટકી ગયાં અને ઘણા કલેશો સહેજમાં સ્થાન છોડી નાસી ગયા. ગરીબ કે જેમને સ્વાશ્રયે પોષણ ચલાવવાનું હતું ને લોકોનાં વૈતરાં કરવા પડતાં પણ પૂર્ણ રીતેનીભાવ થતો નહોતો તેમને પણ ઉદ્યોગી કામ શિખવવાથી પૈસા સારા મળવા માંડયાં, અને ઘરમાં બેસીનેજ કામ કરવાનું મળ્યું તેથી ભુખમરાના દુઃખથી અભ્યન્તર દુઃખી થતાં કુટુંબોના હૃદયમાં શાન્તિ પ્રાપ્ત થવા લાગી અને સુખી થયાં.

સદ્‌ગૃહસ્થ, ગર્ભ શ્રીમંતોના ઘરનાં બૈરાં જેઓ ખાઇ પીને બેસી રહેતાં કે સુઈ રહેતાં હતાં અને કસરત ન મળવાથી અનેક પ્રકારની વ્યાધિઓને ભોગ થઇ પડતાં હતાં જેથી ડાકતરના ઘર હમેશને માટે જોવા પડતાં હતાં, તેવી બ્હેનો પણ હમેશાં અહિ આવવા લાગ્યા ને ઉત્સાહ પૂર્વક કામ શીખવા અને શીખવવા મંડી ગયાં. કામ કરવાની કસરત મળતાં ખાધેલો ખોરાક પાચન થવા લાગ્યો જેથી ઘણી બ્હેનોને ડાક્તરને વિસારી મુકવાની જરૂર પડી. આળસથી વિના ઉદ્યમે શરીર રોગ ગ્રસ્ત રહેતું, તે હવે નિરોગીતાનુ સુખ વહન કરવા લાગ્યાં અને પોતાની શક્તિ અનુસાર ઘરના બધાં માણસો માટે તથા સંતાનો માટે હાથથીજ શીવી ગુંથીને પહેરાવવા લાગ્યાં. અને તે તે કાર્યથી જે પૈસા બચતા તે ગરીબોને માટે ઉપયોગમાં વાપરવાનું નક્કી કરવાથી ગરીબોનું પોષણ થવા માંડ્યું. ઉડાઉપણું છોડી કરકસર કરવા માંડીને પોતાના કર્તવ્ય કર્મમાં જોડાઇ ગયાં. આવી રીતે પદ્માવતી બ્હેનની પ્રેરણાથી અને લલિતા બ્હેનના સતત્ પ્રયાસથી ઘણાં સુધારા થયા ને તેમનું બન્નેનું સાથે બેસવું સફલ થયું. માટે દરેક બ્હેનોએ આ વાતપરથી ધડો લેવો જોઇએ, અને પોત પોતાની ફરજ બજાવવાને લાયક બનવું જોઈએ. લાયકાત મેળવવાને પ્રોત્સાહી થયા વિના ને મેળવ્યા વિના દેખાદેખી કામ કરવા માંડવાથી ઘણીવાર તે કામ છોડી દેવાનો પ્રસંગ આવે છે અને મુસ્કેલીમાં ઉતરવું પડે છે. માટે પ્રથમ આપણે જાણીતા થવું જોઇએ. કોઇ પણ કાર્યને વગોવતાં તથા વખોડતાં પહેલાં આપણે વિચાર કરવો જોઇએ. નિંદા, કલહ અને અજ્ઞાનતાથી થતા અનેક પ્રકારનાં નુકશાન સમજવાં જોઇએ અને તેમાંથી બચવાને માટે ઉદ્યમવંત બનવું જોઈએ. દેશભક્ત બન્ધુઓના કાર્યોમાં આપણી મદદની જે જરૂર છે, તેમાં તૈયાર રહેવું જોઇએ. આપણા બાળકોને સુસંસ્કારવાળાં બનાવવા જોઈએ; તેમાંથી આપણી ખામીઓ દૂર કરવી જોઇએ. તેમજ કુદરતના નિયમાનુસાર તેમજ આપણા અસલ રીત રીવાજને પ્રમાણે ચાલી આપણું ગુમાવેલું ગૌરવ પ્રાપ્ત કરવાને સતત્ પ્રયાસ કરવો જોઇએ.

આપણો સ્ત્રીઓનો સ્વભાવ પ્રથમથીજ પ્રેમાળ હોય છે. બીજાને પોતાના બનાવી લેવાનો ગુણ પુરૂષો કરતાં સ્ત્રીઓમાં સ્વાભાવિક હોય છે. આ ગુણ પ્રેમભાવ વિના બનતો નથી માટે હમેશાં આપણા સ્વભાવને ઉચ્ચત્તમ બનાવી સમાગમમાં આવનારને તેમજ કુટુંબને આનંદ આપવો જોઇએ. સેવા એજ મુખ્ય આપણો ધર્મ છે માટે પ્રેમ ભાવથી પોતાના આત્મા પ્રત્યે તેમજ દરેક પ્રત્યે રહેલી આપણી ફરજ ( સેવા ) ને બજાવી આપણું કર્તવ્ય કર્મ કરી આનંદ માનવો જોઇએ. મન ઉપર કાબુ પ્રથમ મેળવવું જોઇએ. ગમે તેવા વિકટ સંયોગોમાં પણ નહિ મુંઝવાતા ધૈર્યથી સમયને વ્યતિત કરવો જોઇએ. અને પ્રસંગમાં આવનારને સદ્‌વિચારો દ્વારા પોષણ આપવું જોઇએ. પોતાનું ચારિત્ર ઉચ્ચમાં ઉચ્ચ બનાવવું જોઇએ, જેથી કરી આ લોકમાં તથા પરલોકમાં પોતાનું શ્રેય મેળવી શકીએ કંઇપણ કામ લોકરંજન કરવા. યા કીર્તિને માટે ન કરવું; લોકાપવાદ કરતાં પરમાત્માનો ભય વધારે રાખવો. હું જે કરૂં છું તે હું જ જાણું છું આમ મનમાં જોઇએ. ત્રણ લોકના નાથ પરમાત્માથી કંઇ અજાણ નથી-તે જોઇજ રહેલો છે. જગત આપણને એક ગુન્હાની માફી આપશે પણ મારા કર્મ તેને છોડનાર નથી આ શ્રદ્ધા ચોક્કસ હોવી જોઇએ. આત્મ-વિશ્વાસ રાખવો. જેથી તમો ગમે તેવું કઠણ કાર્ય પણ સ્હેલાઇથી કરી શકશો. ટુંકામાં બ્હેનો ! પોતા પ્રત્યેની કુટુંબ પ્રત્યેની અને જન સમાજ પ્રત્યેની પોતાની ફરજ સમજો ને તેને સમયોચિત વર્તનમાં મુકી તમારૂં કલ્યાણ કરો ?

—બેન વ્હાલી વીરચંદ.

---

# जैन एज्युकेशन बॉर्ड.

## ( જૈન શિક્ષણ પ્રસારક મંડળ. )

### સંવત ૧૯૭૨ અને ૧૯૭૩ નો રીપોર્ટ ( અહેવાલ )

મુદ્રાલેખ—

India's future greatness depends upon the true education of her people: the character of her education depends upon the response of her people to the call of the present to rise in action to the height of her spiritual vision by encouraging and aiding those in whom the fire of the ideal and of sacrifice is burning clearly and steadily. The demand for education is great in its urgency; the supply is great in desire, and shall become great in quantity, as those who have the means to help become great in generosity.

**J. H. Cousins on Village Education.**

—હિંદની ભવિષ્યની મહત્તાનો આધાર તેના લોકગણની સત્ય કેળવણી પર છે; ( કેટલે અંશે કેળવણી સત્ય–સારી થઇ શકે તે શેનાપર આધાર રાખે છે ? તો જણાવે છે કે ) વર્ત્તમાનમાં જેઓમાં આદર્શભૂત અને આત્મભોગી બનવાની આગ ચોખ્ખી અને સદા જ્વલંત સળગતી રહે છે તેઓને ઉત્તેજી અને સહાય આપી હિંદની ધાર્મિક દૃષ્ટિના ઉચ્ચ શિખર પર કાર્ય કરી ચ્હડવાની સર્વ વ્યાપી જરૂરને જેટલે અંશે હિંદના લોકગણથી સત્કારી શકાય તેટલા અંશે હિંદની કેળવણી સારી થવાનો આધાર છે. કેળવણી આપો, આપો એવી માગણી જબરી થાય છે, કારણ કે કેળવણીની તાત્કાલિક ઉપયોગિતા છે; કેળવણી કેમ વધુ પૂરી પાડી શકાય એ વાતની મોટી ઇચ્છા થાય છે, અને પ્રમાણમાં ક્યારે વિશેષ પૂરી પાડી શકાશે કે જ્યારે જેમની પાસે સહાય આપવાનાં સાધનો છે તેઓ ઉદારતામાં મહાન્ બનશે ત્યારે.

પ્રસ્તાવઃ—

દેશની પ્રગતિનો આધાર જો કે રાજદ્વારી દેશોન્નતિ પર છે એ સાચું, પણ જ્યાં સુધી લોકના જૂદા જૂદા સમૂહોમાં વ્યાવહારિક તેમજ ધાર્મિક જ્ઞાનનો પ્રસાર છૂટથી ઘણા બહોળા પ્રમાણમાં થાય નહિ ત્યાં સુધી તે પ્રગતિ વાસ્તવિક ન ગણાય અને તેથી તે ચિરંજીવી પણ ન થઇ શકે.

કેળવણીનો પ્રશ્ન લોકોએ શામાટે ઉપાડી લેવો ? લોકને કેળવણી આપવી એ રાજાનો ધર્મ છે. સરકારના રાજ્યવહિવટમાં પહેલી એ વાત સ્વીકારાયેલી છે, તો પછી કેળવણીના પ્રસારની જવાબદારી પ્રજાએ શામાટે ધરવી ? અને તેની ઉદારતાને અપીલ શામાટે કરવી ? આના જવાબમાં કહેવાતું કેઃ-( ૧ ) સાર્વત્રિક પ્રાથમિક કેળવણી–મફત અને ફરજીઆત હોવી એ સુધરેલા રાજ્યનું વિશિષ્ટ લક્ષણ ગણાયું છે, ત્યારે આ દેશમાં સ્વર્ગસ્થ મહાન્ ગોખલે આદિએ તેમ થવા માટે અનેક પ્રયાસો સરકારને સમજાવવા રૂપે કર્યા છતાં અને તે સંબંધીની જરૂરીઆત સ્વીકારાયા છતાં તેનાં દર્શન થયાં નથી, એટલુંજ નહિ પણ કેળવણી–કર દ્વારા તેના માટેના ખર્ચનો ભાર ઉપાડી લેવાની લોકેચ્છા જાહેર થયા છતાં પણ કેટલાક સત્તાધારીઓ તેમાં ઘણા વાંધા સાંધા જણાવી તેની આડે આવતા જણાયા છે. આ લખ્યા પછી મુંબઇ ધારાસભામાં પ્રાથમિક કેળવણી મફત અને ફરજીયાત આપવાનો ધારો પસાર થયો છે એ આનંદદાયક બીના નોંધી રાખવા યોગ્ય છે, ( ૨ ) માધ્યમિક ( Secondary ) કેળવણીના બહોળા પ્રસારમાં પણ આવા અનેક અંતરાયો આવેલા છે. દેશી ભાષાદ્વારા વિજ્ઞાન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ આદિ વિષયો શિખવવાની, માફકસર–વય અને શક્તિઓને બોજે તેવી રીતે કેળવણી આપવાની, અને ખાસ **કરીને વિદ્યાર્થીઓમાં દેશનું પ્રાચીન અર્વાચીન ગૌરવ ખીલે અને તેમની ધર્મબુદ્ધિ જાગૃત રહે** એવા વિષયો ભણાવવાની માગણીઓનો યોગ્ય સત્કાર સરકારી કેળવણી ખાતા તરફથી થયેલો કે થતો જણાયો નથી. વિશેષમાં વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાને અભ્યાસની અનુકૂળતા આપવા શાળાઓને વધુ પ્રમાણમાં કાઢવાની વાત તો દૂર રહી, પણ ઉલટું ફીની રકમ મોટી કરી તથા અભ્યાસકોની સંખ્યા પરીક્ષાના પરિણામને ઘટાડી મર્યાદિત કરીને માધ્યમિક તેમજ ઉચ્ચ કેળવણીના વિસ્તાર ઉપર અંકુશ મૂકેલો જણાય છે ( ૩ ) વળી લોકની ખેતીવાડીની કેળવણી તથા ઉદ્યોગ હુન્નરની શિક્ષણની માંગણી પણ સત્કારાઈ નથી.

આવી હિંદની હાલની પરિસ્થિતિ છે, આ પ્રમાણે લોક શિક્ષણમાં પડતી વિટંબણાઓ અને મુસ્કેલીઓ દૂર કરવા, અને ખાસ કરી ધાર્મિક શિક્ષણ ઠેરઠેર જાગૃત રાખી ધર્મમય જીવનનો રસ રેડી પ્રજા જીવન ઉન્નત બનાવવા માટે લોક યા લોકના અમુક અમુક ખંડોએ પોતાના તરફથી ખાસ પ્રયત્નો કરવાની જરૂર છે તો જૈન સમાજના શ્વેતામ્બર સંપ્રદાય સરફથી આ નામે જૈન એજ્યુકેશન બૉર્ડ જેવી સંસ્થાની આવશ્યક્તા સ્વતઃ સિદ્ધ છે.

**જૈન કેળવણીના આંકડા—**

જૈન કોમમાં શિક્ષણનો કયે સ્થળે કેટલો પ્રસાર થાય છે તે જાણ્યા વગર તેના વાસ્તવિક ઉપાયો થઈ શકતા નથી. સ્થિતિ જણાયે ગતિ કે પ્રગતિનું પ્રમાણ માપી શકાય છે. સરકારી કેળવણી ખાતાના કે યુનિવર્સિટીના રિપોર્ટમાં જૈન કોમની ઉપયોગિતા અને મહત્તા જોતાં ખસૂસ કરીને તે સંબંધે જૂદા આંકડા રહેવા જોઇએ—માત્ર વસ્તિપત્રક પરથી જૈન કોમની વસ્તી ગણત્રી થતાં અને તેમાં કેટલા ભણેલ અને કેટલા અભણ છે એટલી વીગત મળવાથી કેળવણીની પ્રગતિનું માપ આંકી શકાતું નથી. વિશેષમાં પારસી, ખ્રીસ્તી તેમજ બૌદ્ધના સંબંધમાં જુદું વર્ગીકરણ કરીને ભાગ પાડવામાં આવે અને જૈન કોમ માટે ન રાખવામાં આવે એ પણ યોગ્ય ન ગણાય. આ લક્ષમાં રાખી જૈન એસોસિયેશન ઑફ ઇંડિયાદ્વારા મુંબઈ ઇલાકાના ડાયરેકટર ઑફ ઇન્સ્ટ્રકશન, પુના ઉપર તા. ૧ લી અકટોબર ૧૯૧૪ ના એક વિસ્તીર્ણના સુંદર મુદ્દા પૂર્વક હજુ પત્રક મોકલવામાં આવતાં ઉત્તરમાં તે સરકારી અધિકારીએ પોતાના સને ૧૯૧૪-૧૫ ના નં ૯૪૬૩ ના પત્ર દ્વારા જણાવ્યું હતું કે:—દરેક પ્રાંતના કેળવણીના આંકડા માટેનું ફૉર્મ સરકારે કરેલું છે અને તેમાં ફેરફાર કરી જૈનો માટે જૂદા આંકડા રાખવા એ સરકારની સત્તાનું કામ છે; હું જે કંઈ કરી શકું તે એ છે કે જેમ લિંગાયત માટે કરવામાં આવે છે તે પ્રમાણે ( અબ્રાહ્મણ ) હિંદુઓની કુલ સંખ્યામાંથી જાહેર શિક્ષણ સંસ્થાઓમાં એટલે કે કૉલેજોમાં ......માધ્યામિક શાળામાં......પ્રાથમિક શાળામાં......અને ખાસ શાળામાં......આટલા જૈન વિદ્યાર્થીઓ હતા.

આ પ્રમાણે જે દરવર્ષના આંકડા મળ્યા છે તે નીચે પ્રમાણે છે, તેમાં દર વર્ષ ૩૧ મી માર્ચ સુધીનું ગણેલું છે:—

**મુંબઈ ઇલાકામાં** અબ્રાહ્મણ હિંદુ તેમાં **જૈન** વિદ્યાર્થીઓ

૩૧-૩-૧૫ સુધીના વર્ષમાં— વિદ્યાર્થી કૉલેજ માધ્યમિકશાળા પ્રાથમિકશા. ખાસ શા. કુલ

૪૮૫૭૦૦—૧૮૭, ૨૦૯૩, ૧૬,૬૮૬, ૧૫૬=૧૯૧૨૨

૩૧-૩-૧૬ „ — ૪૮૪૮૯૩ ૨૪૨, ૨૨૩૫, ૧૭૦૬૪, ૨૫૯=૧૯૮૦૦

૧૯૨(તેમાંથી ૨૩૨૩ ૧૭૦૬૪, ૨૩૪=૧૯૮૧૩

૩૧-૩-૧૭ „ — ૧૧૬ આર્ટસમાં ૭૬ પ્રોફેશનલ કૉલેજમાં)

છેલ્લું વસ્તીપત્રક સને ૧૯૧૧ માં થયેલું છે તેના રિપોર્ટમાં જૈનોની કેળવણીના આંકડા જોતાં જણાય છે કે ગૂજરાતમાં દર હજારે ૭૪૫, અને કર્ણાટકમાં દરહજારે ૧૮૯ જૈનો વાંચી શકે છે. આ પરથી સમજી શકાશે કે ગૂજરાતમાં લગભગ પોણોસો ટકા વાંચનાર મળી આવે એતો ઘણી ગર્વભરેલી બિના જૈનો માટે કહી શકાય, પણ આંતરિક

સ્થિતિ બરાબર તપાસતાં મુંબઇ ઇલાકાના શાળાઓમાંની જૈન વિદ્યાર્થીઓની સંખ્યા પ્રાથમિક શાળામાંજ સૌથી મ્હોટી જણાય છે પરંતુ માધ્યમિક શાળામાં તો તેના આઠમાભાગથી કંઇક વધારે સંખ્યા આવે છે, જ્યારે તે કૂદાવી કોલેજની ઉંચી કેળવણી લેનારાની સંખ્યા તો લગભગ એકોતેરમો ભાગ આવે છે એ ખરેખર શોચનીય છે. એટલું જણાય છે કે ઓગણીસો પંદરના વર્ષથી સોળના વર્ષમાં દરેક શાળાના વિદ્યાર્થીમાં કંઇને કંઇ-જો કે માત્ર નામનો-વધારો થયો છે. આવી સ્થિતિ પ્રત્યે આગેવાનોની ઉપેક્ષા બીલકુલ માફ કરી શકાય તેમ નથી કારણ કે જ્યાં ઉપેક્ષા (Indi fference) છે ત્યાં અજ્ઞાન (Ignorance) રહેશે. સ્ત્રી કેળવણી સંબંધી જોઇશું તો પુરૂષ કેળવણી કરતાં વિશેષ ખરાબ સ્થિતિ છે. દાખલા તરીકે મુંબઈ ઇલાકામાં ગુજરાતમાં દશહજારે ૧૫૪ જૈ સ્ત્રીઓ અને દક્ષિણ વિભાગમાં દશહજારે ફક્ત ૭ સ્ત્રીઓ લખી વાંચી શકે છે. તો આ આંકડા કંઇ સાન આપી અલ્પ શિક્ષણનો પ્રસાર કયા કારણોને લઇને છે તે, તે કારણો દૂર કરી વિશેષ પ્રસારનાં સાધનો શું છે તે શોધી તેને કામે લગાડવા આપણી કૉન્ફરન્સ, બૉર્ડ અને બીજી સંસ્થાઓ તેમજ સધન વિદ્વાન્ આગેવાનો દત્તચિત્ત અને કાર્યક્ષમ થશે તોજ જ્ઞાનનો પ્રકાશ ચારે બાજુ ફેલાશે અને તેથી પોતાની, તેમજ સમાજની ઉન્નતિ સાધ્ય થઈ શકશે.

આ બૉર્ડની ઇચ્છા એ છે કે પ્રાથમિક કેળવણી દરેક જૈન કુટુંબમાંની દરેક વ્યક્તિ લેતી હોય એવી સ્થિતિ આવે, અને તે ઉપરાંત માધ્યમિક તથા ઉચ્ચ કેળવણી લેનારને ફી પુસ્તકો વગેરે સાધનો પૂરાં પાડી તેનો પ્રસાર વધારવો. ઉચ્ચ કેળવણી પરજ હાલ -જો કે ઘણુંજ અલ્પ તોપણ-કંઇક ધ્યાન અપાય છે તેનું કારણ ભંડોળની ખામી છે. જેટલે દરજ્જે સ્કોલરશિપ આપવાનું બની શકે તેટલે દરજ્જે વ્યાવહારિક શિક્ષણનો પ્રસાર થઈ શકે. જેટલા પ્રમાણમાં ફંડ હોય તેટલા પ્રમાણમાં સ્કોલરશિપ આપી શકાય;— તાત્પર્ય કે હાજતોને પૂગી વળે તેટલું વિશાળ ફંડ હોવાની જરૂર છે,

**કૉન્ફરન્સે સોંપેલાં કાર્યો**—આપને માલૂમ છે કે ઉપરનું બૉર્ડ જૈન સમાજમાં કેળવણીના પ્રસાર અર્થે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ નીચે સ્થપાયેલું છે. તેનો ઉદ્દેશ સાતમી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના ઠરાવ પ્રમાણે કેળવણી સંબંધી યોજનાઓ તથા તમામ પ્રકારનાં કાર્યો કરવાં એ છે અને ગત મુંબઈની દશમી કૉન્ફરન્સની બેઠકમાં નીચે પ્રમાણે ઠરાવ કરી તેણે કેટલાંક ખાસ કાર્યો સોંપ્યાં છે.

" બોર્ડને આ ઠરાવમાં જણાવેલ કાર્યો કરવા આ કૉન્ફરન્સ સત્તા આપે છેઃ—

કાર્યો-(૧): જૈનોમાં હસ્તી ધરાવતી ધાર્મિક તેમજ વ્યાવહારિક કેળવણીની સંસ્થાઓ સંબંધે વિગતવાર હકીકત મેળવવી અને તે સારા પાયાપર મૂકાય તેવા પ્રયાસો કરવા;

(૨) દરેક ધાર્મિક પાઠશાળામાં એકજ જાતનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે તેવી ગોઠવણ કરવી.

(૩) જૈન વાંચનમાલા તૈયાર કરવી.

(૪) જીવવિચાર, નવતત્વ, દંડક, ક્ષેત્રસમાસ, સંગ્રહિણી, કર્મગ્રંથ તેમજ પ્રતિક-

ભણાદિ પુસ્તકો સરલ અર્થ સહિત હાલની શિક્ષણપદ્ધતિપર તૈયાર કરવાં યા કરાવવાં.

(૫) ઉપર જણાવ્યા પ્રમાણે એકજ જાતનો અભ્યાસક્રમ જે જે શાળામાં ચાલે તે તેની વાર્ષિક પરીક્ષા એકી વખતે લેવી.

(૬) તેવી વાર્ષિક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર ( સર્ટીફિકેટ ) ઇનામો વિગેરે આપવાં.

(૭) ગરીબ તથા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને વ્યાવહારિક શિક્ષણ લેવા માટે સ્કોલરશીપો તથા પુસ્તકો ફી વગેરેની મદદ આપવી.

(૮) આવા વિદ્યાર્થીઓને જે જે સ્થળે જૈન બોર્ડિંગ હોય તેમાં દાખલ કરાવવા પ્રયત્ન કરવો.

(૯) જૈન તીર્થ સ્થળો વિગેરેમાંથી જૈનોને આપવાની પહોંચની બુકમા જૈન કેળ-માટેનું એક જૂદુ કોલમ રાખવા માટે પ્રયત્ન કરવો તેમજ બીજી અનેક રીતે કેળવણીનું ફંડ એકઠું કરવા પ્રયાસ કરવા.

આ સર્વને પહોંચી વળવાને માટે એક યોજના તેજ કૉન્ફરન્સની બેઠકમાં જૈન એ-જ્યુકેશન ફંડ એ નામથી એવી રીતે કરવામાં આવી છે કેઃ—

**જૈન એજ્યુકેશન ફંડઃ—**

આપણી કૉન્ફરન્સ તરફથી જૈન એજ્યુકેશન બૉર્ડ નામનું મંડળ આપણી જૈન કોમમાં કેળવણીનો વધુ ફેલાવો કરવાના હેતુથી સ્થાપવામાં આવ્યું છે. આ ફંડને અંગે નાણાંની મોટી મદદની જરૂર છે. તે કેટલેક અંશે પૂરી પડે એવી ધારણાથી ધી જૈન એજ્યુકેશન ફંડ એ નામની યોજના કરવામાં આવે છે.

**મેંબર** ૧. એજ્યુકેશન બૉર્ડના દરેક **સભાસદે** દર વર્ષે રૂપીઆ પાંચ લવાજમના આપવા, અને એકી વખતે રૂપીઆ ૧૦૦ સોની રકમ આપનાર સભાસદને **લાઈફ-મેંબર** ગણી તેને લવાજમમાંથી મુક્ત કરવા.

૨. લાઈફ મેંબરના જે રૂપીઆ આવે તે કાયમ ફંડ તરીકે રાખવામાં આવશે ને તે સારી સીક્યુરીટીમાં સેક્રેટરીઓના નામે મૂકવામાં આવશે અને તે નાણાંનું વ્યાજજ માત્ર ખરચવામાં આવશે.

**સહાયક.** મેંબર સિવાયના અન્ય સદ્‌ગૃહસ્થ દરવર્ષે રૂપીઆ પાંચ આપનારને **સહાયક** ગણવામાં આવશે.

**તે કાર્યો સંબંધી કામકાજ—**કરવા પ્રત્યે પ્રધાન લક્ષ રાખવામાં આવ્યું છે અને તે દરેક માટે કેટલી પ્રગતિ કે હિલચાલ કરી છે તે પર આવીશું.

(૧) **સંસ્થા સંબંધી વિગતો—**જૂદી જૂદી જૈન ધાર્મિક તેમજ વ્યાવહારિક કેળવણીની સંસ્થાઓ અનેક સ્થળે છે અને તે ક્યાં ક્યાં છે, તેની સ્થિતિ શું છે, તે શું ખપમાં આવે તેમ છે વગેરે હકીકતો દરેક સંસ્થાની મેળવી ન શકાય ત્યાં સુધી તેનો લાભ પણ પિછાની ન શકાય. આ માટે તેવી સંસ્થા માટે ભરવાનું એક ફૉર્મ તૈયાર કરી જે-ટલી જાણમાં હતી અને આવે તેટલી દરેક સંસ્થાના કાર્યવાહકપર ભરી મોકલવાની વિનંતિ સાથે મોકલવામાં આવે છે. આ ફાર્મમાં આઠ ખાનાં પાડવામાં આવ્યાં છે કે—**૧ સ્થાપના**

ઉત્પત્તિ ક્યારે થઈ? સ્થાપક વા સ્થાપવાની પ્રેરણા કરનાર વિગેરે હકીકત, **२ उद्देश ३ फंड** હાલમાં ફંડ કેટલું છે? સંઘની યા સ્થાનિક મદદ શું મળે છે અને બહારની મદદ શું મળે છે? ટ્રસ્ટડીડ થયું છે? ને બીજી હકીકત **४ खर्च**—માસિક યા વાર્ષિક તેની વિગત **५ संस्थानी व्यवस्था** પ્રમુખ, ઉપપ્રમુખ, મેનેજીંગ કમિટી અને સેક્રેટરીઓ વગેરે, ૬ **अभ्यास** (૧) ધાર્મિક શિક્ષણનો ક્રમ શું છે? તે શિક્ષણ આપવા માટે શું વ્યવસ્થા કરી છે? કૉન્ફરન્સ તરફથી લેવાતી ધાર્મિક પરીક્ષામાં તમારી સંસ્થામાંથી વિદ્યાર્થીઓ લાભ લે છે કે કેમ તેની વિગત. (૨) વ્યાવહારિક શિક્ષણ શું અપાય છે? તે માટે શું વ્યવસ્થા છે? **७ विद्यार्थीनी संख्या**-છોકરાઓ છોકરીઓ સ્ત્રીઓ **८ रीपोर्ट** છપાય છે કે નહિ? **९ ते शिवाय जाणवाजोग हकीकत** આ ઉપરાંત તે સંસ્થાના રિપોર્ટ છપાયા હોય તો દરેકની એકેક નકલ મોકલવા સાથે વિનતિ કરવામાં આવેલી છે. આ રીતે મોકલેલ ફૉર્મ ઘણી સંસ્થાઓના તરફથી ભરી મોકલવામાં આવ્યાં છે કે જેની સંખ્યા બસો ઉપરાંતની થાય છે. આમાં મોટો ભાગ જૈનશાળાઓ કે જ્યાં માત્ર સામાયિક પ્રતિક્રમણાદિ ક્રિયાકાંડનો ધાર્મિક શિક્ષણક્રમ રાખી તેનું શિક્ષણ આપવામાં આવે છે તેનો છે. સ્થાનિક સંઘની જેવી જોઇએ તેવી દેખરેખ, સહાય અને ઉત્તેજના ન હોવાથી રગસીયા ગાડાંની પેઠે ટુંક પગારના માસ્તરથી ઉપાશ્રયાદિને લગતા ધાર્મિક મકાનમાં તેવી શાખાઓ ચાલે છે, અને તેથી મકાન, ફંડ, શિક્ષણક્રમ વગેરેને સારા પાયાપર મૂકવા મૂકાવવાની ખાસ અગત્ય જણાય છે. જૂજ ભાગ વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ બંને આપનારી શાળાઓનો છે. મહોટા શહેરોમાં ઉચ્ચ કેળવણી લેનારને રહેવાની ગોઠવણ કરનારી થોડી બોર્ડિંગો—ખરી રીતે નિવાસ સ્થાનો છે, અને બેચાર કેળવણીના પ્રસારમાં સ્કોલરશિપ યા માસિક જેવી મદદ આપનારી સંસ્થાઓ છે. આ અને બીજી જેટલી બની શકે તેટલી સંસ્થાઓની હકીકત મેળવી એક ડિરેક્ટરીના રૂપમાં સંગ્રહ કરી છપાવવાનો વિચાર આ બૉર્ડ રાખે છે, કે જેથી વિદ્યાર્થી વર્ગ અને સમાજને તેની માહિતીથી લાભ મળે.

**૨ શાળામાં એકજ જાતનો અભ્યાસક્રમ**—ચલાવવામાં આવે તેથી અનેક લાભો છે. તેમ થયે પાંચમા કાર્યમાં જણાવેલી પરીક્ષા એકી વખતે લઈ શકાય છે. એક શાળામાં ભણતો વિદ્યાર્થી બીજે ગામ જતાં ત્યાંની શાળામાં પોતાના પૂર્વના અભ્યાસને ખલેલ પહોંચાડ્યા વગર ધાર્મિક અભ્યાસ આગળ લંબાવી શકે છે, તે ક્રમમાં ચાલતાં પુસ્તકો સુંદર પદ્ધતિમાં મૂકવા વિદ્વાનોનું મન લલચાય છે અને તેમ થતાં સારાં પુસ્તકો મેળવી શકાય છે, જૂની પદ્ધતિમાં ગોખણ જ્ઞાન અને પોપટીઆ ઉચ્ચારને દૂર કરી મૂળ વસ્તુમાં શુદ્ધ અને મિષ્ટ રસ રહે, વૃત્તિઓ વિકાસમાન થઇ ઉચ્ચ વિચાર કરાવે તેવા ધોરણ પર રચાયેલો અભ્યાસક્રમ થતાં શુષ્ક ક્રિયાકાંડમાં ચેતન આવે, ક્રિયાકાંડના હેતુ અને રહસ્ય સમજાતાં તે ક્રિયાનો આદર મગજમાં સચોટ થાય, અને ધર્મભાવના ખીલે તેમ છે. આથી બે વાત કરવાની રહે છે. એક તો તેવો અભ્યાસક્રમ તૈયાર કરાવવો, અને તેમ થયા પછી તે અભ્યાસક્રમ દરેક શાળામાં ચાલે તે માટે સમજૂતિથી, ભલામણથી ગોઠવણ કરવી.

હવે તે કેવા ધોરણે તૈયાર કરવો? હાલમાં જે જે ગ્રંથો તૈયાર છે તે તે ઉપરજ મદાર રાખવા વગર છૂટકો નથી. જ્યાં સુધી નવીન શિક્ષણ પદ્ધતિ ઉપર સાદી અને સુંદર ભાષામાં દૃષ્ટાંત દાખલા અને દલીલ સહિત એકદમ વિષય ગળે ઉતરે તેવી ઇબારતમાં પુ-

સ્તકો રચાય નહિ ત્યાંસુધી તેમ કર્યા વગર ન ચાલે. આથી સ્વ० ગોવિન્દજી મૂલજી મેપાણી નામના એક જૈન ગ્રેજ્યુએટે બાળ ધોરણથી તે એમ० એ સુધીના વર્ગના વિદ્યાર્થીઓને તેમની વય અને શક્તિ પર લક્ષ રાખી એક અભ્યાસક્રમ ઘડેલ છે તે, જૈન શ્રેયસ્કર મંડળે શિક્ષણ ક્રમ વિષે સૂચના પત્ર કાઢેલ છે-વગેરે પર ધ્યાન રાખી અને તેની સાથે હાલની જૈનશાળાઓ અને બોર્ડિંગોની સ્થિતિ અને સંજોગોપર વિચાર કરી એક સ્વતંત્ર અને સર્વને અનુકૂળ બની શકે તેવો અભ્યાસક્રમ ઘડવા માટે કેટલાક વિદ્વાન્ સભ્યોની એક પેટા કમિટી નીમી હતી. તેણે બે ત્રણ વખત મળી ચર્ચા કરી તે મહત્ત્વની પણ અત્યંત ગંભિર વિચાર કરવા જેવી બાબત હોવાથી હજુ જોઇએ તેવા નિર્ણયપર આવી શકી નથી. આશા રહે છે કે હવેપછી વિશેષ વિચારને પરિણામે તે પેટાકમિટી પોતાનું કાર્ય સંપૂર્ણ કરશે.

**૩. જૈન વાંચનમાળા.**

વ્યાવહારિક શિક્ષણમાં પ્રારંભિક અભ્યાસ માટે વાંચનમાળા જેમ આવશ્યક સ્વીકારાઇછે તેવીજ રીતે ધાર્મિક શિક્ષણમાં સમજી લેવાનું છે. સારી ધાર્મિક વાંચનમાળાની ખામી હોવાથી શાળાઓ માટે એકજ જાતનો અભ્યાસક્રમ ગોઠવવા માટે ઘણી મુશ્કેલી આવે છે. વાંચનમાળાની અગત્ય માટે સ્વ० સાક્ષર નવલરામ જણાવે છે કે:--

" નિશાળમાં ઘણા પ્રકારની ચોપડીઓ ચાલે પણ તે સર્વેમાં જેને વાચન ચોપડી કહીએ છીએ તે ઘણીજ અગત્યની છે, અને કેળવણીનો ઘણો આધાર તેની ઉપરજ છે. આવતો જમાનો કેવા વળણનો નીવડશે એ ઘણું કરીને તે સમે નિશાળમાં ચાલતી વાંચનમાળા ઉપરથીજ નિશ્ચય થાય છે. એ કારણથી શાણા દેશહિતેચ્છુઓ જન કેળવણી ઉપર અને તેમાં પણ વિશેષે કરીને ચાલતી વાંચનમાળા ઉપર ખસુસ ધ્યાન આપે છે. "

વાંચનમાળા કેવી જોઇએ ? એ સંબંધમાં બોલતાં

લાન્ડન નામનો આધુનિક મહાપ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી નીચે પ્રમાણે ( વ્યાવહારીક નિશાળો માટેની ) વાચનમાળાના ચાર ઉદ્દેશ વર્ણવે છે:--

૧ વાંચવાનો તથા વાંચીને વિવિધ જ્ઞાન મેળવવાને શોખ બાળકના મનમાં ઉત્પન્ન કરવો.

૨ ભાષા જ્ઞાન આપવું-એટલે ભાષાનું બળ તથા સૌંદર્ય બાળકોના અંતઃકરણને લાગે, અને તેનો તે ઉપયોગ કરતાં શીખે એમ કરવું.

૩ રસદ્વારે નીતિની એવી પરોક્ષ કેળવણી આપવી કે બાળકોની સુવૃત્તિઓ કેળવાઇ મોટી ઉમરે તેઓ ઉમદા કામ કરતા થાય.

૪ વિવિધ શાસ્ત્રોનાં મૂળતત્વોનું એવું સચોટ પ્રત્યક્ષ જ્ઞાન આપવું કે તે બાબત પછી ગમે એટલું જ્ઞાન મેળવવા ચાહે તો તેઓ પોતાની મેળેજ પુસ્તકો વાંચીને મેળવી શકે.

આ ચાર ઉદ્દેશમાં ફલાણો વધારે અને ફલાણો ઓછા અગત્યનો છે એમ કહી શકાય નહિ, પણ જો ભેદ પાડવા બેસીએ તો બેશક રસદ્વારે નીતિનો બોધ એજ ઉત્તમ કામ છે.

ધાર્મિક વાંચનમાળામાં પણ ધર્મનું જ્ઞાન આપવામાં નીતિના જ્ઞાનનો અવશ્ય સમાસ થઇ જાય છે. જે વાંચનમાળાથી ઊંચી લાગણીયો ઉશ્કેરાય એટલે જે ભણવાથી બાળકના મનમાં હોંસ, ઉદ્યોગ, શૌર્ય, સાહસ, મમતા, સાર્વજનિક બુદ્ધિ, સુજનતા, પરમાર્થ વગેરેની

વૃત્તિઓ પ્રફુલ્લિત થાય, આત્મદમનનો મહિમા સમજાય, અને ટુંકામાં ઊંચા યશસ્વી કામો કરવા તર્ફ તેનો આત્મા આતુર થઈ જાય, તેના જેવું બીજું દેશને કાંઇપણ શ્રેયસ્કાર્ક નથી. એના મોઢા આગળ સામાન્ય જ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, પદાર્થવિજ્ઞાન કે કળા કૌશલ્યની વાતો—ધાર્મિક વાંચનમાળામાં શીખવવાની કંઇપણ જરૂર નથી. જે ગુણોવડે પોતાનું તથા પારકાનું ભલું કરવાની શક્તિ મળે છે તે ગુણોજ આ લોક અને પરલોકને અર્થે ખરા કામના છે, અને જો એ ગુણો ન કેળવાયા તો બીજી સઘળી કેળવણી કાંઇપણ કામની નથી. ત્રિવિધ કેળવણીમાં નીતિની કેળવણી એજ ઉત્તમ કેળવણી છે અને તેનો સમાસ ધર્મનું જ્ઞાન આપનારી કેળવણી—આત્મા—વિશ્વ આદિની સમજ આપનારી કેળવણી—સમ્યગ્જ્ઞાનમાં અવશ્ય થઈ જાય છે" પણ તે આપવી બહુ મુશ્કેલ છે. એ કાંઇ ભણાવવાથી આવતી નથી. સુનીતિ આપવાને માટે તો વૃત્તિઓજ સુમાર્ગે વળવી જોઇએ, અને તે જેવી વાર્ત્તાઓ કે દૃષ્ટાંતથી વળે છે તેવી વ્યાખ્યાનબોધથી ક્યારે પણ વળતી નથી, તે માટે રસ એજ નીતિની કેળવણીનું ખરૂં દ્વાર છે.—નવલરામ. ગુ. શા. ૮૫. અગસ્ટ.

જૈન વાંચનમાળા સર્વમાન્ય થવા માટે કેવા સિદ્ધાન્તો યા નિયમો લક્ષમાં રાખવા યોગ્ય છે તે બૉર્ડના પ્રથમના રીપોર્ટમાં જણાવી દીધું છે તેથી તે માટે હવે વિશેષ ન જણાવતાં વાંચનમાળા તૈયાર કરવા માટે બૉર્ડે કરેલા પ્રયાસ તરફ વળીશું.

આપણી સમાજમાં આ સંબંધે ચર્ચા પણ કેટલાક જાહેર પત્રોમાં થવા ઉપરાંત કેટલાક પ્રયાસો પણ થયેલા મોજૂદ છે તેમાંનો પ્રારંભિક પ્રયાસ વણથલી જૈન પાઠશાળા તરફથી હતો. તેણે બે ચોપડી બહાર પાડી હતી તે છૂટક બોલ યા થોકડા રૂપે હતી તેથી તે હાલના જમાનાને અનુરૂપ થાય તેમ નથી. ત્યારપછી રા. લાલને ત્રણેક પુસ્તકો પ્રગટ કર્યા તેમાં પદ્ધતિની નવીનતા છે, પણ બાલકોને માટે અઘરી થાય તેમ છે. પહેલી બીજી કરતાં ત્રીજી વિદ્યાર્થી—બાળકોની સમજણમાં ઓછી ઉતરે તેવી છે. જૈનધર્મવિદ્યા પ્રસારક વર્ગ તરફથી પ્રગટ થયેલી ચોપડીઓમાં ભાષા અને વિષય સરલ ઇબારતમાં મૂકવાનો પ્રયત્ન સેવાયો છે, પણ તેમાં જે રહસ્ય, ભાવવાહકતા અને સહૃદયતા જોઇએ તે નથી. આથી નવીન શિક્ષણ પદ્ધતિપર વાંચનમાળા જૂદી રચાવાની જરૂર રહે છે, પણ તે પ્રત્યે ઉતર્યા પહેલાં જે વાંચનમાળા તૈયાર કરાવવા માટે સ્વ૦ શેઠ અમરચંદ તલકચંદ અને તેમના સ્વર્ગવાસ પછી શેઠ હેમચંદ અમરચંદે દશ વર્ષો કાઢી હજારો રૂપીઆ ખર્ચેલા છે તેની હસ્તલેખિત પ્રત મેળવી તેની યોગ્યતા જાણી તેને પ્રકટ કરવી એ વધારે અભિનંદનીય ગણાય, તેથી તે સંબંધે સ્વ૦ શેઠ હેમચંદના સુપુત્ર શેઠ નગીનદાસની સાથે પત્રવ્યવહાર કર્યો હતો અને તેના ઉત્તરમાં તેમણે પોતાની સંમતિ દર્શાવવા ઉપરાંત જે વિદ્વાન્ મહાશયને તે કાર્ય સોંપ્યું હતું તેની પાસેથી તે મંગાવવા પત્રવ્યવહાર કર્યો હતો. આશા છે કે આનું પરિણામ સંતોષજનક આવશે.

(૪) **નવીન પદ્ધતિ પર ગ્રંથો**—જીવવિચારાદિ ગ્રંથો સરલ અર્થ સહિત હાલની શિક્ષણપદ્ધતિ પર તૈયાર કરવા યા કરાવવા માટે જૈન વિદ્વાનોને આમંત્રણ કર્યું છે અને તે દરેક માટે જૂદાં જૂદાં 'ઑનરેરિયમ'—આપવાનો નિર્ણય કરી તેના નિયમો વગેરે જાહેરપત્રોમાં પ્રકટ કરેલ છે. હજુસુધી કોઈપણ વિદ્વાને માગેલા નમૂના મોકલી આપ્યા નથી એ શોચનીય ગણાય, છતાં આ સંબંધમાં ખાસ આગ્રહ અને અંગત આમંત્રણથી વિદ્વાનો

તે કાર્ય ઉપાડી લેવા પ્રેરાશે એમ બૉર્ડ ધારે છે. આ સંબંધમાં કરેલા નિયમો આ સાથે જોડેલા મીટીંગના કામકાજમાં આપવામાં આવેલ છે.

(૫-૬) **વાર્ષિક પરીક્ષા એકી વખતે** શાળાઓની લેવાનું બની શકે તેમ નથી કારણ કે એકજ જાતનો અભ્યાસક્રમ હજુ નિર્ણીત થયો નથી ( ઉપર કહી ગયા તે પ્રમાણે ) અને તેમ થયા વગર શાળાઓ શું ગ્રહણ કરે, અને તેથી તેની વાર્ષિક પરીક્ષા ન થાય અને તેમાં પસાર થનારને પ્રમાણપત્ર ન આપી શકાય એ સહેલાઈથી સમજી શકાય તેવું છે.

(૭) **વિદ્યાર્થીઓને મદદ**—આપવા માટે ફંડની વધુ જરૂર છે, છતાં બૉર્ડ હસ્તકના ફંડના પ્રમાણમાં આવેલી અરજીઓ સંભાળથી ધ્યાનમાં લઇ **જૈન** વિદ્યાર્થીઓને માસિક સ્કોલરશિપ આપવામાં આવે છે. કોઇ બીજી સંસ્થાઓ યા વ્યક્તિઓ પાસેથી પૂરતી મદદ લેવા ઉપરાંત બૉર્ડ પાસેથી વધુ મદદ લેવા ન દોરાય તે માટે તેવી મદદ આપતી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરી જોઇતો ખુલાસો મેળવવામાં આવે છે, અપાતી સ્કોલરશિપનો લાભ લેનાર વિદ્યાર્થી પાસે પહેલાં એક ફૉર્મમાં તેની પાસેથી અરજી કરાવવામાં આવે છે અને પછી દર છ માસે તેની કૉલેજ કે સ્કુલના પ્રિન્સિપાલ પાસેથી અભ્યાસ અને ચાલચલગતનું સર્ટિફિકેટ મેળવવામાં આવે છે.

(૮) બોર્ડિંગ—છાત્રાલયમાં દાખલ થવા માગતા વિદ્યાર્થીઓ સ્વતઃપ્રયાસથી દાખલ થાય છે અને તેમ દાખલ થવામાં બૉર્ડની મદદની માગણી થતી નથી તેથી તે માટે પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી; છતાં બોર્ડિંગ સંબંધી જે કોઈ પૂછપરછ કરે તેને વિગતો પૂરી પાડવામાં આવે છે. એ હર્ષનો વિષય છે કે બોર્ડિંગની જરૂરીઆત સ્વીકારાઈ છે એટલું જ નહિ પરંતુ નવી નવી તેવી સંસ્થાઓ ઉત્પન્ન થતી જાય છે એ સમાજના ઉદયનું ચિન્હ છે.

(૯) **જૈન તીર્થ સ્થલોમાં કેળવણીનું કૉલમ** એટલે ત્યાં રહેતી પહોંચ બુકમાં **જૈન** કેળવણી ફંડનું એક ખાતું પણ રખાવવા જૂદા જૂદા તીર્થના કાર્યવાહકોને પત્રવ્યવહારથી વિનતિ કરવામાં આવી છે, અને એ નોંધ લેવી પડે છે કે હજીસુધી સંતોષકારક પરિણામ આવ્યું નથી. હવે પછી વિશેષ પત્રવ્યવહાર અને પ્રયત્ન કરતાં તીર્થના કાર્ય કર્તાઓ તે પ્રત્યે લક્ષ આપશે તો સમાજપર મોટો ઉપકાર થશે. એક તીર્થના વહીવટ કર્ત્તાએ આવું કોલમ રાખવાનું સ્વીકાર્યું છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

**પ્રમુખ**—આ મંડળના કાયમના પ્રમુખ તરીકે રેસીડેન્સીઅલ સેક્રેટરી નિમાયલા પણ તેમની વૃદ્ધાવસ્થા હોવાથી તેમની ઇચ્છા એવી થઇ કે કેળવણી પ્રસારક મંડળ આ હોઇ તેનું પ્રમુખપદ એક સુશિક્ષિતને અપાય એ ઇષ્ટ છે એથી રા. મકનજી જૂઠાભાઇ મહેતા B. A. L. L. B. Bar-at-law ની નિમણુક થઈ. જોકે પહેલાં તેમણે પ્રમુખપદ લેવાની ના પાડી હતી અને એવી અભિલાષા વ્યક્ત કરી હતી કે જે જે શ્રીમાનોએ કેળવણીનો પ્રસાર કરવા માટે કંઇ પણ કર્યું હોય તેમને તે પદ આપવું; પણ આખરે સભ્યોમાંના તેવા શ્રીમાનો અને અન્ય સર્વેએ તેમને લેવા જણાવવાથી તેમણે સ્વીકાર્યું છે. તેઓ વિલાયત ગયા પહેલાંથી શિક્ષણ કાર્યની યોજનામાં મૂળથી ઉત્સાહ લેતા આવ્યા છે ને હવે વિલાયતમાં લીધેલી સંસ્કૃતિ અને ત્યાંની ઉત્તમ કાર્યપદ્ધતિના કરેલા અવલોકનનો લાભ આપશે એવી ખાત્રી આપણે રાખીશું. વિશેષમાં તેઓ હિંદુ યુનિવર્સિટીની કોર્ટના એક મેંબર આપણી સમાજના એક પ્રતિનિધિ તરીકે નીમાયા છે તે પણ ખુશીથવા જેવું છે.

**બૉર્ડે કરેલાં અન્ય કાર્યો**—કૉન્ફરન્સની ઑફિસ કે તેની સ્ટૅંડિંગ કમિટી તરફ જે કેળવણી સંબંધી કામકાજ આવે તે બોર્ડને સોંપવામાં જ્યારે આવે છે ત્યારે તે ત્વરાથી બજાવવામાં આવે છે. તેવાં કામોમાંઃ—

(૧) **બનારસ યશોવિજય સંસ્કૃત પાઠશાળાને જૈન** સેંટ્રલ કૉલેજ તરીકે ફેરવી નાંખવાનું યોગ્ય છે કારણ કે બનારસમાં હિંદુ યુનિવર્સિટી સ્થપાઇ છે તેથી તે જરૂરનું ગણાય એવા આશયની સૂચના શ્રીમન્ રાજા સત્યાનંદપ્રસાદસિંહે કૉન્ફરન્સને પોતાના ૧૬-૨-૧૭ ના પત્રથી કરી હતી. તે સૂચના તે પાઠશાળાના ટ્રસ્ટીઓ શેઠ મણીલાલ ગોકળભાઈ તથા શેઠ દલસુખભાઇ વાડીલાલને તા. ૧૧-૨-૧૭ પત્રથી જણાવતાં તેમણે તા. ૨૬-૪-૧૭ ના પત્રથી ઉત્તર વાળ્યો કે સૂચનાની કદર કરીએ છીએ, પણ તેથી ઘણા મૂળને અસર કરે તેવા ફેરફાર કરવા પડે તો તે સંબંધી યોજના મોકલાવે તો તે પર લક્ષ દેવામાં આવશે. બાકી નામ રાખેલું છે તે જાળવવુંજ જોઇએ. આની યોજના ઉક્ત શ્રીમન્ પાસે માંગતાં તેમણે ૧૪-૫-૧૭ ના પત્રથી જણાવ્યું કે સ્થાપકોની ઇચ્છાઓ જાણ્યા વગર યોજના સંબંધમાં કહેવું નિરર્થક, તો સ્થાપકે કરેલું વિલ હોય તે તથા તે સંસ્થાના ઉદ્દેશ અને નિયમો, ટ્રસ્ટીઓની સત્તા વગેરે સંબંધી બધી હકીકત મોકલવામાં આવે તો તેને અનુરૂપ કાર્યકર યોજના થઈ શકે. આ પત્રની નકલ મોકલતાં ઉક્ત ટ્રસ્ટીમાંના શેઠ મણીલાલભાઇએ જણાવ્યું કે શેઠ દલસુખભાઇ બહાર ગામ છે તેથી કંઇપણ નિશ્ચિત જવાબ આપી શકું તેમ નથી. જો શ્રી સત્યાનંદપ્રસાદ સિંહા અમો ટ્રસ્ટીઓ સાથે બારોબાર પત્રવ્યવહાર કરશે તો સારૂં પરિણામ ઘણી જલદીથી આવશે એવી આશા હું રાખું છું. આથી રાજા સિંહને બારોબાર પત્રવ્યવહાર કરવાની સૂચના થઈ, પણ તેમ કરવા તેમણે કબુલ ન કર્યું. સ્થાનિક આગેવાનો સ્થાનિક સાથે પત્રવ્યવહાર ખુલાસા કરી વાતનો નિર્ણય એકદમ લાવી શકે એ દેખીતું છે. આતેરી આ વાત પડતી રહી છે. ટ્રસ્ટીઓ કંઇક સારા આકારમાં પાઠશાળાને મૂકવા વિચાર ચલાવી રહ્યા છે અને તેનો સારો નિર્ણય અમલમાં મૂકાશે તો સમાજ ખુશી થશે.

(૨) પ્રાકૃતભાષા મુંબઇ યુનિવર્સિટીમાં બીજી ભાષા તરીકે દાખલ કરવા માટે અરજી તૈયાર થાય છે.

(૩) બાબુ પ૦ પુ૦ જૈન હાઇસ્કુલ તરફથી માગણી આવતા તેના પરીક્ષકો પૂરા પાડ્યા છે.

(૪) મુંબઇમાં ધી એજ્યુકેશનલ કૉન્ફરન્સ ૧ લી અને બીજી જુલાઈ ૧૯૧૭ ને દીને ભરાયેલી તેમાં આ બૉર્ડે પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા.

**સામાન્ય કામકાજ**

(૧) ધાર્મિક પરીક્ષા—દર વર્ષે પુરૂષ અને સ્ત્રી ધાર્મિક હરિફાઈ અને ઇનામી પરીક્ષાઓ લેવાય છે. તેના નિયત કરેલા ધોરણ માટે પરીક્ષકો યોગ્ય અને મધ્યસ્થ નીમવામાં આવે છે. તેઓ અભ્યાસ ઇનામ માટે નથી પણ અભ્યાસ અભ્યાસ ખાતર—જીવનના લક્ષ્ય સુધાર માટે છે એ આશય રાખી બુદ્ધિની કસોટી કરે તેવા પ્રશ્નોનું પત્રક કાઢે છે. તે પ્રશ્ન પત્રક છપાવી દરેક સ્થલે ત્યાંના નિયત કરેલા આગેવાનોપર પરીક્ષાના દિવસ અગાઉ સીલબંધ મોકલવામાં આવે છે. તે પરીક્ષાના દિવસે તોડી પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓને આપી તેના જવાબો લિખિતવાર લઈ તેને પેકબંધ તેજ વખતે કરી અમારી તરફ મોકલ્યા પછી પરીક્ષકોપર મોકલાવી આપવામાં આવે છે અને પછી પરિણામ બહાર પાડવામાં આવે

છે અને તે હેરલ્ડ માસિકમાં પ્રગટ કરવામાં આવે છે. (જુઓ હેરલ્ડ સવાલ પત્રકો ૧૯૧૬ના પૃ. ૯, પરિણામ પૃ. ૫૦, ૧૯૧૭ ના )

આમાં ઇનામો જે જગામાં મળે તે ગામમાં વિદ્યાર્થીઓને તે ઇનામો વહેંચી આપવાનો જાહેર મેળાવડો કરવા સૂચના કરવામાં આવે છે. મુંબઇમાં પણ તારીખ ૧૬-૬-૧૭ ને દિને તેવો મેળાવડો આપણી બૉર્ડના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો કે જેનો રિપોર્ટ ૧૭ ના જુલાઇ ના હેરલ્ડના અંકમાં પૃ. ૨૨૩ મે આપેલ છે. આ વખતે ઇનામ આપવા ઉપરાંત શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પાસ થનારા કેટલાક વિદ્યાર્થીઓને આનંદ કાવ્ય મહોદધિના મૌક્તિકો તેમજ બીજાં પુસ્તકો ભેટ આપવા મોકલાવ્યાં હતાં તેપણ વહેંચી આપવામાં આવ્યાં હતાં.

૧૯૧૬ ની સ્ત્રી ધાર્મિક પરીક્ષામાં ખૂટતા ઇનામના રૂપીઆ શેઠ ઉત્તમચંદ કેશરીચંદ તરફથી મોકલી આપી એક વધુ વર્ષની ગોઠવણ કરી આપી તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે અને હવે મૂળની શ્રી અમરચંદ તલકચંદ પુરૂષ ધાર્મિક પરીક્ષા અને શ્રી ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ બાઇ રતન સ્ત્રી ધાર્મિક પરીક્ષા એ નામો તેમના નિયત ફંડો ખલાસ થવાથી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સના નામથી બંને પરીક્ષા ચાલુ રાખવામાં આવી છે.

(૨) ફંડ તરફ જૈન વિદ્યાથીઓને માસિક સ્કોલરશિપો આપવામાં આવે છે.

(૩) જૈન પાઠશાળાઓને માસિક મદદ આપવામાં આવે છે.

જે વિદ્યાર્થીને મદદ આપવામાં આવે છે તેની પાસેથી તેના અભ્યાસ વગેરે સંબંધી વિગત તેમજ મદદ લેતી પાઠશાળા પાસેથી માસિક પત્રકો મંગાવી તેપર લક્ષ રાખવામાં આવે છે.

ઉપકાર—મુંબઇ માંગરોળ જૈન સભાએ ૧૯૭૨ ના સાલના મર્હુમ શેઠ હેમચંદ અમરચંદ સ્કૉલરશિપ તરીકે એક વર્ષના રૂ. ૫૦ મોકલ્યા તે માટે તેના ઉપકાર માનીએ છીએ અને, ઇચ્છીએ છીએ કે દરવર્ષે તે રકમ મોકલવાનું કાયમ કરશે.

શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકો દ્ધાર ફંડના ટ્રસ્ટીઓએ ધાર્મિક પરીક્ષામાં પસાર થનારને ભેટ આપવા નિમિત્તે લગભગ ૬૫૦ પુસ્તકો મોકલી આપ્યા તે માટે તેમનો ઉપકાર થયો છે. તેમજ ધાર્મિક પરીક્ષામાં પરીક્ષકો, એજંટો વગેરે જે સહાય આપે છે તે માટે તેમનો આભાર પણ ભૂલાય તેમ નથી. જૈન એજ્યુકેશન ફંડમાં સહાયક યા લાઇફ મેંબર થવા માટે મોકલેલાં વિનતિ પત્રોને માન આપી જેઓએ પોતાનાં મુબારક નામ નોંધાવ્યાં છે તેમને તો ખરો ઉપકાર છે. આશા છે કે વધુ વધુ ગૃહસ્થો સહાયક યા લાઇફ મેંબર થઇ આ ઉપયોગી, સંગીન અને ટુંક ખર્ચમાં ઘણું કાર્ય કરનારી સંસ્થાને ધનની મદદ આપી સમાજને ઉપકૃત કરશે.

મીટીંગો જેટલી થઇ છે તે સર્વની વિગત આ સાથેના પરિશિષ્ટમાં આપવામાં આવી છે. ૧૧ મી કૉન્ફરન્સ નાતાલના નજદીકના દીવસોમાં ભરાવાનું નક્કી થતા આ અહેવાલ ટુંક સમયમાં ઉતાવળથી તૈયાર કરવામાં આવ્યો છે તેથી કંઇ વિશેષ જણાવવાનું રહી જતું હોય, યા કંઇ ખામી જણાય તો ક્ષંતવ્ય ગણાશે.

મોતીચંદ ગિ૦ કાપડીઆ.
મોહનલાલ દલીચંદ દેસાઈ.
ઑન. સેક્રેટરીઓ.

Makanji J. Mehta.
પ્રમુખ.

# परिशिष्ट–

## બૉર્ડની મળેલી મીટીંગો.

**પહેલી મીટીંગઃ**—તા. ૧૫-૬-૧૬ ગુરૂવારે રાત્રે ૭॥ વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં મળી હતી. તે વખતે નીચેના મેમ્બરો હાજર હતા.

શેઠ. કલ્યાણચંદ શોભાગચંદ, શેઠ. મોતીલાલ મુલજી, શેઠ. ચુનીલાલ નહાનચંદ, શેઠ. હીરાચંદ વસનજી, શેઠ. મુલચંદ હીરજી, રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ, રા. રા. ચુનીલાલ મુલચંદ કાપડીઆ, શેઠ. ચુનીલાલ વીરચંદ,

પ્રમુખ સ્થાને શેઠ. કલ્યાણચંદ શોભાગચંદ બીરાજ્યા હતા. બાદ નીચે મુજબ કામકાજ થયું હતુંઃ—

૧. હોદ્દેદારોની નિમણુંક નીચે મુજબ કરવામાં આવી.
   પ્રમુખઃ—રા. રા. મકનજી જુઠાભાઈ મ્હેતા.
   સેક્રેટરીઃ— ,, મોતીચંદ ગિરધરલાલ કાપડિયા.
   ,, મોહનલાલ દલીચંદ દેસાઈ.

૨. નીચેના ગૃહસ્થોને મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.
   રા. ચુનીલાલ મુલચંદ કાપડીયા, રા. સારાભાઇ મગનભાઇ મોદી, શેઠ. મોહનલાલ મગનભાઇ, શેઠ. જીવણચંદ ધરમચંદ, શેઠ. શાંતિદાસ આશકરણ, પંડિત બહેચરદાસ, શેઠ. ઉમરશી માંડણ-મુંબઇ. શેઠ પોપટલાલ લલ્લુભાઈ અમદાવાદ, શેઠ. ભોગીલાલ નગીનદાસ-ખંભાત.

૩. નીચેના ગૃહસ્થોને સહાયક મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.
   શેઠ. સોમચંદ ધારશી, શેઠ. હાથીભાઈ કલ્યાણજી, શેઠ. માણેકલાલ પરસોતમ-મુંબઇ. શેઠ. નાથાભાઇ લવજી અંજાર, શેઠ. સાકરચંદ કપુરચંદ મુંદ્રા, શેઠ. માણેકચંદ પાનાચંદ માંડવી, શેઠ. સાકરચંદ પાનાચંદ ભૂજ.
   તથા બીજા સહાયક મેમ્બરો વધારવા માટે જુદા જુદા સંભાવિત ગૃહસ્થો ઉપર પત્ર વ્યવહાર કરવા બન્ને સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી.

૪. પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને મદદ મોકલવા માટે તેમના તરફથી માસીક પત્રકો આવે છે તે ભેગા કરી આવતી મીટીંગમાં રજુ કરવા. નવી અરજીઓ આવેલ છે તેમના તરફથી પણ પત્રકો મંગાવી આવતી મીટીંગમાં રજુ કરવા.

૫. અભ્યાસક્રમ તૈયાર કરવા નીચેના ગૃહસ્થોની એક કમીટી નીમવામાં આવી.
   રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા, રા. મોહનલાલ દલીચંદ દેસાઇ, રા. ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, રા. ચુનીલાલ મુલચંદ કાપડીયા, પંડિત બહેચરદાસ, શેઠ હીરાચંદ વસનજી, શેઠ. અમરચંદ ઘેલાભાઈ.

૬. શેઠ. જીવણચંદ સાકરચંદ તરફથી આવેલા પત્રો વાંચવામાં આવ્યા. ચાલુ વર્ષ માટે બાઈ રતન-શા. ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ-શ્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા લઇ ઈનામ માટે રૂ. ૩૦૦ આપવાથી એક વર્ષ પરીક્ષા લંબાવવા નક્કી કર્યું અને તેમના ઉપર આભાર માનવા પત્ર લખવો.

૭. વીંછીઆ આગળ ગામ સાલાવડાના રહીશ મી. મોહનલાલ રણછોડ તરફથી રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા માર્ફત આવેલ અરજી વાંચવામાં આવી. તેમને કેટલી મદદની જરૂર છે તે તેમની માર્ફત પુછાવવું અને બોર્ડપર અરજી આવે તો ત્યારબાદ જરૂર જણાયે તેમને રૂા. ૫ માસિક મદદ આપવા નક્કી થયું.

**બીજી મીટીંગ:**—તા. ૨-૧૦-૧૬ ની રાત્રે ૭ાા વાગે ( મું. ટા. ) શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં શેઠ. મોહનલાલ હેમચંદના પ્રમુખપણા નીચે મળી હતી. તે વખતે નીચેના મેમ્બરો હાજર હતાઃ—

શેઠ. મોહનલાલ હેમચંદ, રા. મકનજી જુઠાભાઇ મ્હેતા, રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા, રા. ચુનીલાલ મુલચંદ કાપડીયા, શેઠ. મુલચંદ હીરજી, શેઠ. મણીલાલ સુરજમલ, શેઠ. લલ્લુભાઇ કરમચંદ દલાલ, શેઠ. હીરાચંદ વસનજી.

શરૂઆતમાં આગલી મીટીંગ વાંચી મંજુર કરવામાં આવી. બાદ નીચે મુજબ કામકાજ થયું હતુંઃ—

૧. રા. રા. મકનજી જુઠાભાઈ મ્હેતા તરફથી આવેલ રાજીનામુ રજુ કરવામાં આવ્યું. રાજીનામુ સ્વીકારવામાં આવ્યું નહીં, અને પ્રમુખ તરીકે તેમની નિમણુંક કાયમ રાખવામાં આવી.

૨. પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓ તરફથી આવેલ નવી અરજીઓ ઉપર વિચાર કરવામાં આવ્યો. નીચે જણાવ્યા મુજબ પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને ચાલુ અકટોમ્બર માસથી તે આવતા માર્ચ માસ સુધી ૭ માસ માટે મદદ આપવા મંજુરી આપવામાં આવી.

| | | |
|---|---|---|
| ખંભાત. શ્રી તપગચ્છ જૈન કેળવણી ખાતું. | માસિક રૂા. | ૧૦ |
| હળવદ. શ્રી હંસવિજયજી જૈન પાઠશાળા. | ,, | ૫ |
| અલાઉ. જૈન પાઠશાળા. | ,, | ૪ |
| ગઢડા. ,, | ,, | ૩ |
| ભંડારીયા ,, | ,, | ૩ |
| કૈયલ ,, | ,, | ૨ |
| વડોદરા, કળાભુવનમાં અભ્યાસ કરવા મી. રતીલાલ ત્રીભોવન કરાંચીવાળા | ,, | ૫ |
| આગ્રા. મેડીકલ કૉલેજ ,, મી. મોહનલાલ રણછોડજી વોરા. | ,, | ૫ |

ના વિદ્યાર્થીઓની તપાસ કરી સ્કૅાલરશીપ મંજુર કરવા નક્કી થયું.

મી. ચીમનલાલ જે. કુવાડીયા. વડોદરા કળાભુવન મૂર્તિપૂજક હોવાની ખાતરી કરીને રૂા. ૫ આપવા. મી. ગોવીંદચંદ ઝવેરચંદ શાહ વડોદરા. P. E. બીજેથી મદદ ન મળતી હોય તો રૂા. ૬ આપવા. મી. મોહનલાલ કુરજી હાટીના માળીઆ. ફરી જવાબ ઉપર મૂલતવી રાખી. બીજી મીટીંગમાં જવાબ આવે ત્યારે રજુ કરવી. બાકીની અરજીઓ રદ કરવામાં આવી.

પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને ચડેલી મદદ આપવા સંબંધમાં વિચાર કરવામાં આવ્યો. મદદ ન મોકલવાથી સર્વે એ નભાવી લીધેલ છે જેથી ચડેલી મદદ મોકલ-વાની જરૂર નથી એમ સર્વેનો મત થયો.

૩. બન્ને ધાર્મિક હરીફાઇની પરીક્ષાના પરીક્ષકોની નિમણુંક નીચે મુજબ કરવામાં આવી.

પુરૂષ વર્ગની પરીક્ષા માટે.

| | | |
|---|---|---|
| ધો. ૧ લું તપગચ્છ—રા. રા. ન્યાલચંદ લક્ષ્મિચંદ સોની. | | સાદ્રા. |
| ,, વિધિપક્ષ— ,, જટાશંકર પરમાણંદ પંડ્યા. | | મુંબઈ. |
| ધો. ૨ જું अ તથા ब— ,, સુરચંદ પરસોત્તમ બદામી. | | દહાણુ. |
| ,, ૩ જું. — ,, ચુનીલાલ છગનચંદ શરાફ. | | સુરત. |
| ,, ૪ થું. — ,, કેશવલાલ પ્રેમચંદ મોદી. | | અમદાવાદ. |
| ,, ૫ મું अ — પંડિત બહેચરદાસ. | | ધાટકોપર. |
| ,, ,, ब — શેઠ. કુંવરજી આણંદજી. | | ભાવનગર. |
| ,, ,, क — રા. મોહનલાલ હીમચંદ વકીલ. | | પાદરા. |
| ,, ,, ड — શેઠ. કુંવરજી આણંદજી. | | ભાવનગર. |
| ,, ,, ई — ,, | | ,, |
| ,, ,, एफ — પંડિત. વૃજલાલજી. | | બનારસ. |
| ,, ,, जी — પંડિત. બહેચરદાસ. | | ધાટકોપર. |

બાઈ રતનબાઈ-સ્ત્રી જૈન ધાર્મિક પરીક્ષા માટે.

| | |
|---|---|
| કન્યા ધો. ૧ લું.—રા. શંકરલાલ ડાહ્યાભાઇ. | અમદાવાદ. |
| ,, ૨ જું.— ,, ચુનીલાલ મુલચંદ કાપડીયા. | મુંબઈ. |
| સ્ત્રીઓનું ધો. ૧ લું—શેઠ. ફતેચંદ ઝવેરભાઇ. | ભાવનગર. |
| ,, ૨ જું—રા. ચંદુલાલ ગોકળદાસ ઝવેરી. | નડીઆદ. |
| ,, ૩ જું—,, ઉમેદચંદ દોલતચંદ બરોડીયા. | મુંબઈ. |
| ,, ૪ થું—,, મનઃસુખલાલ કીરતચંદ મ્હેતા. | મોરબી. |
| ,, ૫ મું अ—પંડિત બહેચરદાસ. | મુંબઇ. |
| ,, ,, ब—શેઠ. કુંવરજી આણંદજી. | ભાવનગર. |
| ,, ,, क—રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા. | મુંબઇ. |
| ,, ,, ड— ,, મોહનલાલ દલીચંદ દેસાઇ. | ,, |
| ,, ,, ई— ,, ગોકળભાઈ નાનજીભાઈ ગાંધી. | રાજકોટ, |

૪. સહાયક મેમ્બર વધારવા પ્રયાસ કરવો.

૫. તીર્થ સ્થળોમાં કેળવણીની કોલમ પહોંચ બુકોમાં થાય તે માટે પત્રવ્યવહાર કરવો.
ત્યારબાદ પ્રમુખ સાહેબોનો ઉપકાર માની સભા વિસર્જન થઈ હતી.

**ત્રીજી મીટીંગઃ**—તા. ૨૨–૨–૧૭ ના સરક્યુલર મુજબ તા. ૨૫–૨–૧૭ ની રાત્રે ૭।। વાગે ( મુ–ટા. )તે વખતે નીચેના મેમ્બરો હાજર હતા.

રા. મકનજી જુઠાભાઈ મ્હેતા, રા. સારાભાઇ મગનભાઇ મોદી રા. મોતીચંદ ગીરધરલાલ. કાપડીઆ, શેઠ ચુનીલાલ વીરચંદ, રા. મોહનલાલ દલીચંદ દેશાઈ.

પ્રમુખ સ્થાને રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા બેરીસ્ટર બીરાજ્યા હતા. શરૂઆતમાં આગલી મીટીંગ વાંચી મંજુર કરવામાં આવી બાદ નીચે મુજબ કામકાજ સર્વાનુમતે થયું હતું.

૧. મી. ભગવાનદાસ મીઠાભાઈ. કે–જે મહેસાણાના શ્રી. જૈન શ્રેયસ્કર મંડળ હસ્તક ચાલતા કેળવણી ખાતામાં પાઠશાળાના ઇન્સ્પેક્ટર છે તેઓએ અગાઉ પાંચમાં ધોરણમાં પરીક્ષા આપી છે. અને તેઓ પહેલા ધોરણમાં બેસી પહેલે નંબરે આવે અને ઇનામ લઈ જાય એ સ્વાભાવિક છે અને તેમ થાય તો બીજા ઉમેદવારોને ઇનામનો ધકો પહોંચશે એવો પત્ર બે ઉમેદવારોનો આવતાં તે પર વિચાર કરતાં એવું ઠરાવ્યું કે તે પત્રમાં ધારવા પ્રમાણે મજકુર મી. ભગવાનદાસ પહેલે નંબરે આવે છે, અને તેઓ અગાઉ પાંચમાં ધોરણમાં બેઠેલા હોવાથી તેમના જેવા પદવી ધરાવતા ગૃહસ્થે પહેલા ધોરણની હરિફાઈની પરીક્ષામાં બેસીને ઇનામ લેવું ઠીક નથી તેથી તેમને હરિફાઈનું ઇનામ ન આપતાં પાસ થયેલાનું પ્રમાણપત્ર આપવું.

૨. હવે પછી જે ઉમેદવાર પરીક્ષામાં બેસે તે દરેકની પાસે નીચેની વીગતો ધરાવતું ફાર્મ ભરી મંગાવવું અને ત્યારપછી પરીક્ષામાં ઉમેદવાર તરીકે દાખલ કરવો. નામ. વીગત. ઠેકાણું. ઉમર, વ્યવહારિક શિક્ષણ. ધાર્મીક અભ્યાસ અગાઉ કોઇ ધોરણમાં પરીક્ષા આપી છે કે નહી તેની વીગત તથા પરિણામ. ધંધો. હાલ ક્યાં ધોરણમાં જે ક્યા પેટા વિભાગમાં બેસવા માગો છો ? કયે સ્થળે. જન્મભૂમિ જન્મતારીખ ઉમેદવારની સહી.

૩. હવેપછી ધાર્મીક પરીક્ષાના નીયમોમાં નિચે મુજબ ઉમેરો કરવો.

ધાર્મીક શિક્ષકો. સુપ્રીન્ટેન્ડન્ટ. પરીક્ષકો. તથા પંડિતો. પહેલા તથા બીજા ધોરણની હરીફાઇની પરીક્ષામાં બેસસે તો તેમને પસાર થયે માત્ર પ્રમાણપત્ર આપવામાં આવશે. ઇનામ તેમને મળી શકશે નહિં.

૪. બંને ધાર્મીક હરિફાઇની પરીક્ષાનું પરિણામ નક્કી કરવામાં આવ્યું અને તે પેપરોમાં પ્રગટ કરવા મોકલવા નક્કી થયું.

૫. ચાલુ પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓની અપાતી મદદ બીજા છ માસ આપવા નક્કી થયું.

૬. પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓની નવી અરજીઓ ઉપર વિચાર કરવામાં આવ્યો નીચે જણાવ્યા મુજબ છ માશ માટે મદદ આપવા મંજુરી આપવામાં આવી.

વડાળાની પાઠશાળાને માસિક રૂ. ૨ )

વાંકાનેર તથા ટાણાની પાઠશાળાને મદદ આપવાની જરૂ છે પણ ત્યાંના શ્રી સંઘ તરફથી શ્રી સુકૃત ભંડાર ફંડના રૂપીઆ આવેલ નહીં હોવાથી તે અરજીઓ ઉપર વિચાર કરવાનું મુલત્વી રાખ્યું.

પાઠશાળાની હવે પછી અરજી આવે તો તે રાખી તેવી બીજી અરજી જે પ્રાંતના પ્રોવીન્સિયલ સેક્રેટરી મારફતે તેમના અભિપ્રાય સાથે મંગાવવી અને ત્યાં શ્રી સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવા તથા તે માટે બીજે સ્થળે પ્રયત્ન કરવા વિનંતી કરવી.

વડોદરા કળાભુવન સીવીલ ઇન્જીનીયર પહેલા વર્ગમાં અભ્યાસ કરનાર મી. ગોપાલજી રામજીને માસિક રૂ. ૬ ) સ્કોલરશીપ આપવા નક્કી થયું. મુળીના રહીશ અને મોરબી હાઇસ્કુલમાં ઇંગ્રેજી છઠ્ઠા ધોરણનો અભ્યાસ કરનાર મી. ડાહ્યરસી. મેઘજી કોઠારીની પાસેથી ફૉર્મ ભરી મંગાવવું ને તે માટે મોરબીના. રા. રા. મનસુખલાલ. કીરચંદ. મ્હેતા. પાસેથી તેના સંબંધમાં તેના અભ્યાસ સંબંધી હકીકત મંગાવવી.

૭ તારંગાજી તીર્થના ટ્રસ્ટી સાહેબે ત્યાંની પહોંચ બુકમાં કેળવણી ફંડની કોલમ વધારી આપવાથી તેમનો આભાર માનવામાં આવ્યો. તથા બીજા તીર્થ તથા આણંદજી. કલ્યાણજીની પેઢી પર ખાનગી પત્રવ્યવહાર કરવાનું રા. મોતીચંદ. ગિ. કાપડીયાને સોંપવામાં આવ્યું

૮ ચાલુ વર્ષમાં બંને ધાર્મિક હરિફાઈની પરીક્ષા આવતા ડીસેમ્બર માસમાં એજ્યુકેશન બોર્ડ તરફથી લેવા નક્કી થયું અને તેનો અભ્યાસ ક્રમ બંન્ને સેક્રેટરીઓએ નક્કી કરી આવતા માર્ચ મહીનાની આખરીએ બહાર પાડવો.

૯ ગઈ પરિક્ષાઓના પરિક્ષકો પાસેથી રીપોર્ટ મંગાવવો.

૧૦ શેઠ. કાનજી. રવજી મેમ્બર તરીકે રહેવા ના પાડે છે તેથી તેમનું નામ કમી કરવું તેમજ પંડીત બહેચરદાસને ઓનરરી મેમ્બર રાખવા.

૧૧ ડોક્ટર નાનચંદ. કસ્તુરચંદ મોદી તથા. રા. રા. સોભાગ્યચંદ. વી. દેશાઇને એજ્યુકેશન બોર્ડના મેમ્બર તરીકે દાખલ કરવા નક્કી થયું,

૧૨ દરેક જૈન તેમજ બીજા પેપરોમાં આ પ્રોસીડીંગનું તથા હવે પછી જે કામકાજ થાય તે નિયમિત પણે મોકલતા જવું.

૧૩ હવેથી જે કામ મુકવામાં આવે તે સર્વની તપસીલ સરક્યુલર સાથે ફેરવવી

**ચોથી મીટીંગ**—તા. ૧૬-૪-૧૭. સોમવારે રાત્રે. (મું. ટા) ૭ાા વાગે મળેલી તેમાં નીચેના ગૃહસ્થો હાજર હતા.

રા. મકનજી જુઠાભાઈ મહેતા, રા. મોતીચંદ. ગીરધરલાલ કાપડીયા,
રા. મોહનલાલ. દલીચંદ દેશાઇ, રા. સારાભાઈ મગનભાઇ, મોદી,
શેઠ. મોહનલાલ. હેમચંદ, શેઠ. મણીલાલ. સુરજમલ.

પ્રમુખ. રા. રા. મકનજી. જુઠાભાઇ. મ્હેતા એ ખુરશી લીધા બાદ આગલી મીનીટ મંજુર કરી નીચે મુજબ કામકાજ થયું હતું.

૧ બન્ને ધાર્મિક હરિફાઈની પરીક્ષામાં બેસનાર ઉમેદવારોને ભરવાનું ફોર્મ તૈયાર કરવામાં આવ્યું અને તે મુજબ છપાવવા નક્કી થયું.

૨ નવી અરજીઓ ઉપર વિચાર કરતાં નીચે પ્રમાણે નિર્ણય થયો. મોરબીના. મી. મણીલાલ. ચાંપસી મ્હેતાને માસિક રૂા. ૫) સ્કોલરશીપ માશ જુનથી મે સુધી બાર માશ સુધી આપવી.

દેહગામની પાઠશાળાને માશીક રૂા. ૪) આપવા માટે એક વરસ સુધી નક્કી થયું—સદરહુ પાઠશાળાનું કામ સારૂં થાય તો અને તે બાબતમાં પ્રોવીન્સીયલ સેક્રેટરીને તે પાઠશાળાની વીઝીટ સગવડે લેવા લખી જણાવવું

૩ સહાયક તરીકે નીચેના મેમ્બરો દાખલ કરવામાં આવેલ છે.

શા. લલ્લુભાઇ. જેઠાભાઇ. અમદાવાદ, શા. ચુનીલાલ. ધર્મચંદ. મુંબઈ;
વકીલ. મોહનલાલ. હીમચંદ. પાદરા, રા. વાડીલાલ. દોલતચંદ. બરોડીયા. મુંબઇ,
રા. તુલસીદાસ. મોનજી કરાણી. મુંબઈ, તથા. શા. કુરપાળ હરશીની કુંપનીના પ્રતીનીધીનું નામ મળે એટલે તે દાખલ કરવું.

૪ લાઇફ મેમ્બર તરીકે વેરાવળ વાલા શેઠ. ઉતમચંદ હીરજીને નીમવામાં આવ્યા અને બાબુ સાહેબ જીવણલાલજી પનાલાલજી તરફથી લાઇફ મેમ્બર તરીકે જોડાવા બાબત

પત્ર આવે એટલે તેમને લાઇફ મેમ્બર તરીકે નીમવા નક્કી થયું. લાઇફ્ મેમ્બરને બોર્ડના મેમ્બર તરીકે ગણવા.

૫ ધાર્મિક સંસ્થાઓની બિગત મંગાવવાનું ફોર્મ નક્કી કરવામાં આવ્યું તે છપાવી દરેક પાઠશાળા તેમજ કેળવણીની સંસ્થાને મોકલી આપવું.

૬ અભ્યાસક્રમ માટે નીચેના ગૃહસ્થોની એક કમિટી નીમવામાં આવી.

૧ શેઠ અમરચંદ. ઘેલાભાઈ.

૨ રા. રા. મોતીચંદ. ગિરધરલાલ.. કાપડીયા.

૩ રા. રા. મોહનલાલ. દલીચંદ. દેશાઇ.

૪ પંડીત. બહેચરદાસ.

આ કમીટીએ અભ્યાસક્રમ હેતુ, વિવેચન સહીત જુન મહીનાની આખરે તૈયાર કરી બોર્ડ સમક્ષ મુકવો. બોર્ડમાં મુકયા પછી વિદ્વાનો પાસેથી અભિપ્રાયો મંગાવવા અને છેવટે તે બોર્ડ સમક્ષ મુકી પસાર કરાવવો.

૭ જીવવિચાર, નવતત્ત્વ, દંડક. ક્ષેત્ર સમાસ, સંગ્રહિણી; કર્મગ્રંથ, તેમજ પ્રતિક્રમણાદિ પુસ્તકો સરલ અર્થ સહિત હાલની શિક્ષણ પદ્ધતિપર તૈયાર કરવા યા કરાવવાં બાબતમાં ખુબ તરકશન થયું છેવટે નીચે મુજબના ઓનરેરીઅમ આપી તૈયાર કરાવવાં.

રૂા. ૧૦૦) જીવ વિચાર, રૂા. ૨૦૦) નવતત્ત્વ; રૂા. ૩૦૦) કર્મ ગ્રંથ, રૂા. ૭૫) દંડક રૂા. ૧૫૦) બૃહદ્, સંગ્રહિણી રૂા. ૨૦૦) ક્ષેત્ર સમાસ.

જૈન પેપરો તથા ચોપાનીયામાં આ ગ્રંથો માટે ઉપર મુજબ ઓનરેરીયમથી કામ કરવા બાબત જાહેર ખબર આપી તેને માટે નમુના મંગાવવા, કર્મ ગ્રંથ માટે શેઠ કુંવરજી આણંદજીનું ખાસ ધ્યાન ખેંચવું.

૮ કોલેજો તથા સ્કુલોના અધિકારીયોનું લક્ષ ખેંચવું કે ડીરેકટર ઓફ પબ્લીક ઈન્સ્ટ્રકશન તરફથી કેટલા જૈન વિદ્યાર્થીઓ પ્રાઇમરી સ્કુલમાં, સેકન્ડરી સ્કુલમાં, સ્પેસીયલ સ્કુલમાં તથા કોલેજોમાં છે તેની સંખ્યા જુદી મુંબઇ સરકારના કેળવણીના રિપોર્ટમાં આપવામાં આવે છે. માટે મહેરબાની કરી જૈન વિદ્યાર્થીઓની કેટલી સંખ્યા છે તે નામ સહીત મોકલવા કૃપા કરશો. તેમાં તેમનું ખાસ ધ્યાન ખેંચવું કે હિંદુઓના કોલમમાં ઘણા જૈન વિદ્યાર્થીઓને હિંદુ તરીકે મુકવામાં આવે છે પણ જેને જૈન તરીકે ખાસ મુકવામાં આવતા નથી તો જેઓ જૈન વિદ્યાર્થી છે તેઓની તે તરીકેજ ખાસ કોલમમાં ગણના કરવી.

૯ મુંબઈ સરકારના કેળવણીનો રીપોર્ટ વેચાતો લેવાની મંજુરી આપવામાં આવી.

૧૦ જૈન એશોશીએશન ઓફ ઇન્ડીયા, જૈન શ્રેયસ્કર મંડળ, જૈન સહાયક મંડળ અમદાવાદ. તથા બીજા જૈન કેળવણી સહાયક ફંડોનાં અધિકારીઓને પત્ર લખી પુછી મંગાવવું કે આ વર્ષમાં કેટલા ને કયા વિદ્યાર્થીઓને શું શું મદદ કરી છે તેનું વિગતવાર લિસ્ટ મોકલી આપવાની મહેરબાની કરે.

૧૧ ગયા ડીશેમ્બર મહીનામાં લેવાયેલ. ધાર્મીક હરિફાઇની પરીક્ષામાં મુંબઇમાં ફતેહમંદ નીવડેલા ઉમેદવારોને ઇનામ તથા પ્રમાણપત્રો મેલાવડો કરી વહેંચી આપવા નક્કી થયું અને તે માટે જાહેરાત વગેરેનો ખર્ચ બોર્ડ તરફથી કરવો.

**પાંચમી મીટીંગ**—અગાઉ મુલતવી રહેલી મીટીંગ તા. ૨૩-૬-૧૯૧૭ શનીવારે

રાત્રે. ૭ાા વાગે મળેલી તેમાં નીચેના ગૃહસ્થો હાજર હતા.

શેઠ. ચુનીલાલ વીરચંદ. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ,
શા. મુલચંદ હીરજી, રા. સારાભાઇ મગનભાઈ મોદી,
રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી.
રા. સોભાગ્યચંદ. વિ. દેશાઇ.

પ્રમુખસ્થાન શેઠ. ચુનીલાલ વીરચંદે લીધા બાદ આગલી મીનીટ મંજુર કરી નીચે મુજબ કામકાજ થયું હતું.

૧ જુદા જુદા. વિદ્વાનો પાસે નીચેના પુસ્તકો તેની સામે મુકેલા રૂપીયાનું ઓનરરી (Honorariam) આપી હાલની શિક્ષણ પદ્ધતિએ તૈયાર કરાવવાં.

| | | | |
|---|---|---|---|
| જીવ વિચાર. | રૂ. ૧૦૦ | દંડક. | રૂ. ૭૫ |
| નવતત્ત્વ. | રૂ. ૨૦૦ | બૃહદ સંગ્રહણિ. | રૂ.૧૫૦ |
| કર્મ ગ્રંથ. | રૂ. ૩૦૦ | ક્ષેત્ર સમાસ. | રૂ.૨૦૦ |

આ માટે નીચેના નિયમો ઘડવામાં આવ્યા છે.

૧ જે જે હરિફાઈમાં ઉતરવા માંગતા હોય. તેમણે ઉપરના કોઇ પણ ગ્રંથ પૈકી એકથી વધારે ગ્રંથો પોતે ચુંટી તે માટે આઠ ફુલ્સકેપ કાગળ જેટલું મેટર નમુના રૂપે લખી તા. ૧૫ મી નવેમ્બર ૧૯૧૭ મે દીન સુધીમાં સેક્રેટરીપર મોકલાવી આપવું આવશ્યક છે. તેની સાથે પોતે કેવી રીતે કાર્ય કરવા માગે છે તેનું માર્ગસુચન સ્પષ્ટકારે કરવું.

૨ તે મેટર દરેકનું આવ્યે બોર્ડ સમક્ષ યા બોર્ડ જે ~~કમીટી~~ નીમે તે સમક્ષ મુકી તેમાંથી જે જે યોગ્ય જણાશે તેને આખા ગ્રંથનું કાર્ય સોંપવામાં આવશે.

૩ તે પ્રમાણે જે ગ્રંથ તૈયાર થશે તે બોર્ડ પોતાના દ્વારા યા બીજી સંસ્થાયા વ્યક્તિ દ્વારા છપાવશે તેની લગભગ પડતર કિંમત રાખવામાં આવશે તેનો કોપી રાઇટ બોર્ડને સ્વાધીન છે એમ સમજવાનું છે.

નમુનાનું મેટર મોકલનારે પોતાનું નામ, પોતાના મુદ્રા લેખ સહિત જુદા કાગળમાં જણાવવું જ્યારે તેમનો માત્ર મુદ્રાલેખ મેટરના લેખપર મુકવો.

૨ વાંકાનેરના મી. હેમચંદ મુલજીની અરજી વાંચવામાં આવી તેમને જો ભાવનગર બોર્ડીંગમાંથી માસીક રૂ. ૧૦) સ્કોલરશીપ મળતી હોય તો રૂ. ૭ ) સ્કોલરશીપ આપવી અને જો ભાવનગરથી સ્કોલરશીપ ન મળતી હોય તો માસીક રૂ. ૧૦) સ્કોલરશીપ આપવી આ બાબત તેમને પત્ર લખી પુછાવવું.

૩ એજ્યુકેશનલ કોન્ફરન્સ મુંબઇમાં ભરાવાની છે તેમાં ડેલીગેટ તરીકે મોકલવા નીચેના મેમ્બરોની ચુંટણી કરવામાં આવી.

રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા. રા. રા. મકનજી જુઠાભાઈ મ્હેતા.
" " મોહનલાલ દલીચંદ. દેશાઇ. " " સોભાગ્યચંદ વી. દેશાઇ.
ડૉ. નાનચંદ કસ્તુરચંદ. મોદી. " " ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ.

૪ રાજા સત્યાનંદ પ્રસાદસીંહ તથા શેઠ મણીલાલ ગોકળભાઇના પત્રો રજુ કરવામાં આવ્યા શેઠ મણીભાઇના લખવા મુજબ રાજા સત્યાનંદ પ્રસાદસીંહ સાથે પોતે બારોબર પત્ર વ્યવહાર કરવા સહાનુભૂતિ દર્શાવી. આ બાબતમાં કોઈ વખતે બોર્ડનો અભીપ્રાય માગશે

તો ઘણી ખુશીથી સલાહ આપવામાં આવશે.

૫ ભાવનગરના શેઠ અમરચંદ જશરાજને બોર્ડના મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.

૬ લાઈફ મેમ્બર વધારવા માટે યોગ્ય ગૃહસ્થો સાથે પત્ર વ્યવહાર કરવો.

૭ નીચેના ગૃહસ્થોને સહાયક મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.

વકીલ નગીનચંદ સાંકલચંદ અમદાવાદ, કેશવલાલ મલુકચંદ પારેખ કપડવંજ, મણીલાલ બાલાભાઈ નાણાવટી વડોદરા, ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા ગોંડળ, રા. બાલાભાઈ ગુલાબચંદ ગોડળ. પ્રેમજી મોતીચંદ કુરડુવાડી શેઠ વાલચંદ શીરચંદ ચાસ. શેઠ મેઘજી હેમરાજ કર્નુલ, શેઠ ફતેચંદ માંગીલાલ ઉમરાવતી, શેઠ કેશવલાલ ઉમેદરામ તાસગામ. શેઠ હીરાચંદ શેષકરણ કલકત્તા. શેઠ ઇંદ્રજી લાલજી દોશી કલકત્તા, શેઠ અમરચંદજી વૈદ્ય આગ્રા સુખમલજી ચાંદમલજી મ્હેતા. છીંદવારા, કામદાર રતનશી નાગજી. નાનું ઝાઝાવદર, મ્હેતા. ચાંદમલજી મેઘપુર; હરીસીંહજી કોઠારી નરસીંહગઢ, પ્રેમચંદ કરમચંદ શાહ ગોંડલ મોતીલાલ લક્ષ્મિચંદ શાહ કપડવંજ, તથા મુંબઈના શેઠ ઝવેરચંદ અંદરજી ડૉ. ત્રીભોવનદાસ લહેરચંદ શાહ, વાડીલાલ રાઘવજી શાહ, શેઠ દેવજી ભીમા તથા મી. માવજી દામજી શાહ.

**છઠી મીટીંગ**—તા. ૧૮–૯–૧૭ સોમવારે રાત્રે ૭॥ વાગે ( મું. ટા ) મળેલી તેમાં નીચેના ગૃહસ્થો હાજર હતા.

| | |
|---|---|
| રા. મકનજી. જુઠાભાઈ મ્હેતા. | શેઠ. દેવકરણ. મુલજી, |
| રા. મોહનલાલ. દલીચંદ દેસાઇ. | શેઠ. મણીલાલ. સુરજમલ, |
| રા. સારાભાઈ. મગનભાઇ. મોદી. | શેઠ. મોતીલાલ, મુલજી, |
| રા. મુલચંદ. હીરજી. | રા. હીરાચંદ. વસનજી, |

પ્રમુખ. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા, એ ખુરશી લીધા પછી આગલી મીટીંગ મંજુર કરી નીચે મુજબ કામકાજ થયું હતું.

૧ બનારસ હિંદુ યુનિવર્સીટીમાં જૈન અભ્યાસક્રમ દાખલ કરવા માટે વિચાર કરતાં એવો નિર્ણય થયો કે તેના 'કોર્ટ'ની મીટીંગ અકટોબરમાં થવાની છે અને તે મીટીંગ આ સંબંધી એક વિસ્તૃત યોજના નક્કી કરવા માટે જૈનોની કમીટી નીમનાર છે તો તે રીતે કમીટી નીમાય ત્યાર પછી તે કમીટી સમક્ષ જૈન અભ્યાસક્રમ સંબંધી બોર્ડે પોતાનું વક્તવ્ય રજુ કરવાનું રાખવું.

૨ પાઠશાળાઓની નવી અરજીઓ ઉપર વિચાર કરતાં નીચે પ્રમાણે નિર્ણય થયો.

૧ તળાજાના સંઘને જણાવવું કે ત્યાં જાત્રાનું સ્થળ હોવાથી તેમજ સંઘની સ્થિતિ સારી હોવાથી શાળાને સારી રીતે ચલાવી શકાય તેમ છે. અને તેમ ત્યાંથી સારૂં ફંડ તુરતના ભવિષ્યમાં કરી શકશો. છતાં પણ તે થાય તેટલા વખત માટે એટલે હાલ બાર માસ સુધી માસીક રૂા. ૩ ) ની મદદ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો.

૨ ઉપરની સરત મુજબ રૂા. ૩ ) માસીક દાઠાની પાઠશાળાને મદદ આપવાનું નક્કી થયું.

૩ વણથલી તાબે જામનગરની પાઠશાળાને માસિક રૂા. ૨ ) મદદ આપવાનું નક્કી થયું.

૪ તળેસાની પાઠશાળાને મદદ આપવા ભાવનગરના શેઠ. કુંવરજી આણંદજીનો અભિપ્રાય આવ્યે બીજી મીટીંગ વખતે રજુ કરવો.

૩ વિદ્યાર્થીઓની સ્કોલરશીપ માટે નવી અરજીઓ ઉપર વિચાર કરતાં નીચે પ્રમાણે નિર્ણય થયો.

૧ રા. દયાશંકર મહીધરરામને લખવું કે તમે સમીના રહીશ છો તો શમીના કોઈ પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થનું ખાત્રી પત્રક તમો જૈન છો એવું આવશે તો તેના સંબંધમાં બોર્ડ વિચાર કરશે. તે જો જૈન હોય એની પ્રથમ દષ્ટિએ ખાત્રી થાય તો સેક્રેટરીને સત્તા આપવામાં આવે છે કે માસીક રૂા. ૫ ) ની સ્કોલરશીપ દશ માસ સુધી આપવી.

૨ મી. કેશવલાલ, ભાઇલાલને લખવું કે ખેડામાં એજ્યુકેશન ફંડ છે અને તેના સેક્રેટરી વકીલ નાથાલાલ મોદીને અરજી કરવી. બોર્ડ કાંઇ કરી શકે તેમ નથી

૩ રા. લાલભાઇ કસ્તુરચંદને જણાવવાનું કે તેમને બોર્ડનું ફંડ જોતા માસીક રૂા. ૫ ) ની સ્કોલરશીપ એક વર્ષ સુધી આપવાનું નક્કી થયું વિશેષ સુચના કરવી કે વિશેશ જરૂર જણાયતો શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં બોર્ડર તરીકે અરજી કરવી યા સ્કોલરશીપ માટે શેઠ જીવણચંદ ધરમચંદને અરજી કરવી.

૪ તેજ સરતે અને સૂચના મુજબ રા. શંકરાભાઇ અમરચંદ શાહને માસીક રૂા. ૫ ) ની સ્કોલરશીપ તેમની પરીક્ષા સુધી આપવી.

૫ દેશાઇભાઇ ભૂલાભાઇને લખી જણાવવું કે તેઓ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક છે એવું ખાત્રીપત્રક મોકલાવો; તે આવ્યે ખાત્રી થયે બોર્ડ વિચાર કરશે. તે ખાત્રીપત્રક આવ્યે પ્રથમ દષ્ટિથી ખાત્રી થામ તો તેમજ પાટણ જૈન મંડળના સેક્રેટરી પાસેથી તે બોડીંગમાં હતા તેથી જૈન છે કે નહિં તે બાબત પૂછાવી ખાત્રી થતાં સેક્રેટરીને રૂા. ૫) બાર માસ સુધી યા તેની પરીક્ષા સુધી માસિક સ્કોલરશીપ આપવાની સત્તા આપવામાં આવે છે.

૬ મી. હરિલાલ મણીલાલ કવાડીઆને લખવું કે બોર્ડ કાંઇ કરી શકે તેમ નથી.

૪ લાઇફ મેમ્બર તરીકે ભાર્વદરના શેઠ. પ્રાણજીવનદાસ. પરશોતમદાસ તથા બીકાનેરના શેઠ ગણેશલાલજી ડાલચંદજીને નીમવામાં આવ્યા.

૫ નીચેના ગ્રહસ્થોને સહાયક મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.

શેઠ. માલૂમચંદ. મોહનચંદ. દીગસર. શેઠ. લાડકચંદ. પાનાચંદ. બોટાદ
„ બાદરમલજી. સમદના. નાગોર „ છગનલાલ. લક્ષ્મિચંદ. વડુ
„ જેચંદભાઇ. બેચરદાસ. હા. મી. વાડીલાલ. શંકરલાલ જૈની. કપડવંજ
„ કેશરીચંદ———સોનાવલા. શેઠ. કાનજી નાનચંદ કોઠારી. મુંબઈ
„ રણછોડલાલ. છગનલાલ. સાદરા „ ભીખાભાઇ ભુદરદાસ કોઠારી–મુંબઇ

૬ રા. રા. દયાલચંદજી જોહરીનો પત્ર વાંચવામાં આવ્યો ઇનામ માટે જાહેરાત આપેલા ગ્રંથો માટે લેખકો બહાર આવ્યે તે પર કઈ ભાષા રાખવી તેનો આધાર છે. બોર્ડનો મત એવો છે કે બની શકે તો ગુજરાતી અને હિંદી બંને ભાષામાં ઉત્તમ પુસ્તકો બહાર પડે તે ઇચ્છવા જોગ છે.

૭ પ્રાકૃત ભાષા બીજી ભાષા તરીકે યુનીવર્સિટીમાં દાખલ કરવા માટે ( Representation ) કરવું. પંડિત બહેચરદાસે આપેલ વિગતો પરથી તે ઘડી ઘડાવી મોકલાવી આપવાને સેક્રેટરીને સત્તા આપવામાં આવે છે.

૮ રા. રા. નરોત્તમદાસ. બી શાહનો પત્ર મુકવામાં આવ્યો. તેમણે જૈનમાં કેળવણીની સ્થિતિપર લક્ષ ખેંચ્યું છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે. સેકન્ડરી અને ઉંચી કેળવણી માટે બોર્ડ પોતાથી બનતું કરે છે. પ્રચાર માટે ફંડ બહોળું હોવું જોઇએ એ મુખ્ય બાબત છે.

૯ હાલમાં મુંબઈ ઇલાકાનો કેળવણીનો રીપોર્ટ મંગાવવો.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડનું સં. ૧૯૭૨ સાલનું નફાટોટાની તારીજ.

જ ઉ

૭૮૯૦—૭—૩ શ્રી એજ્યુકેશન બૉર્ડ ખાતે જમે
૪૧૨૬—૫—૨ ગઈ સાલના બાકી.
૫૦—૦—૦ શ્રી મુંબઈ માંગરોળ જૈન સભા તરફથી સંવત ૧૯૭૧ ની સાલના મર્હુમ શેઠ હેમચંદ અમરચંદ સ્કૉલરશીપના.
૫૦૦—૦—૦ ડૉકટર બાલાભાઇ મગનલાલ તરફથી દશમી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મુંબઇમાં ભરાણી તે વખતે કહેલા મળ્યા.
૧૯૫૨—૮—૦ દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મુંબઇમાં ભરાણી તે વખતે જુદા જુદા ગૃહસ્થોએ કેળવણી ખાતામાં ભરેલા તે મળ્યા.
૨૩—૦—૦ કૉન્ફરન્સ હસ્તક કેળવણી ખાતામાં વધેલા મળ્યા.
૧૦૨૫—૦—૦ શ્રી સુકૃત ભંડાર ફંડમાંથી અડધા ભાગના મળ્યા.
૨૧૩—૧૦—૧ બૉર્ડના રૂપીઆના વ્યાજના મળ્યા.

૭૮૯૦—૭—૩
૬૮—૦—૦ શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક પરીક્ષા ખાતે જમે.
૪૬૮—૮—૬ બાઈ રતન—શા. ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ—શ્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા ખાતે જમે.
૩૬૦—૦—૦ ગઇ સાલનાં બાકી.
૧૩૨—૮—૬ ઝવેરી જીવણચંદ સાકરચંદ માર્ફત પંચમા વર્ષની પરીક્ષાના ઇનામ માટે મળ્યા.

૪૬૮—૮—૬

૮૪૨૬-૧૫-૯

૭૨૬૬—૬—૬ શ્રી જૈન કૉન્ફરન્સ ઑફીસ ખાતે
૪૧૧—૦—૦ બાઇ રતન—શા ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ—શ્રી જૈન ધાર્મિક ઇનામી પરીક્ષા ખાતે.
૪૧૧—૦—૦ પાંચમા વર્ષની પરીક્ષાનાં ઇનામના.
૬૨૭—૧૪—૯ શ્રી એજ્યુકેશન બોર્ડ ખાતે ચાલુ વર્ષમાં મદદ આપણી તથા ધાર્મિક પરીક્ષા કૉન્ફરન્સને નામે લેવાઈ તથા રીપોર્ટ છપાવ્યો વિગેરે ખર્ચ થયો તે.
૩૯૭—૦—૦ કૉન્ફરન્સના નામે પુરૂષ પરીક્ષા લેવાઇ જેના ઇનામના આપ્યા.
૩૯—૧૧—૬ કૉન્ફરન્સ નામે પુરૂષ વર્ગની પરીક્ષા લેવાઈ તેના ખર્ચના
૩૯—૧૧—૯ બાઈ રતનબાઇ—શ્રી જૈન ધાર્મિક હરીફાઇની પાંચમા વર્ષની પરીક્ષામાં થયેલ ખર્ચના
૫૪—૦—૦ શ્રી પાઠશાળાઓને મદદ અપાણી.
૧૨—૦—૦ શ્રી સ્કૉલરશીપ ખાતે.
૫—૭—૦ શ્રી મનીઑર્ડર કમીશન ખાતે.
૨૦—૦—૬ શ્રી પોષ્ટ ખર્ચ ખાતે.
૩૯—[illegible]—૦ શ્રી રિપોર્ટ ખર્ચ ખાતે સં. ૧૯૭૦—૭૧ ની સાલનો સુરત શ્રી જૈન વિજય પ્રેસમાં છપાવ્યો તેના.
૭—૧૫—૦ કેળવણી ફંડની રસીદ બુકો ૨૦ દરેક પાના ૫૦ ની છપાવી તેના.
૧—૮—૦ કોપી બુક ૧ લાવ્યા તેના

૧—૬–૬ રીપોર્ટો પારસલથી આવ્યા તેના.
૫–૧૨–૦ બીલબુક ૨ છપાવી તેના
૩–૧૩–૬ ગાડીભાડું તથા પરચુરણ ખાતે.

---

૬૨૭–૧૪–૫
૧૨૧–૧૦–૬ બાકી શીલીક સં. ૧૯૭૨ ના આસો વદ ૦))

---

૮૪૨૬–૧૫–૫

## સં. ૧૯૭૩ ના કારતક સુદ ૧

| જ | ઉ |
|---|---|
| ૬૨૫૨–૮–૬ એજ્યુકેશન બોર્ડ. | ૭૨૬૬—૬–૬ કૉન્ફરન્સ ઑફીસ. |
| ૬૮–૦–૦ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરિફાઈની પરીક્ષા. | ૧૨૧–૧૦–૬ રોકડા. |
| ૫૭૮–૮–૬ બાઇ રતન–શ્રી જૈન ધાર્મિક હરિફાઈની પરીક્ષા. | ૭૩૮૮–૧–૦ |
| ૭૩૮૮–૧–૦ | |

I have examined the Cash Book & Ledger and compared the Vouchers with the Cash Book. As far as my understanding goes, this Balance Sheet represents the true condition of the Jain Education Board, on 1st Kartik Sud, Samvat 1973.

23 February 1917. Sd/ **Narottam Bhagvandas Shah.**
Hony. Auditor.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનું સંવત ૧૯૭૩ ની સાલનું સરવૈયું.

જ

૩૫૭-૮-૬ બાઈ રતન આ. ઉત્તમચંદ કેસરીચંદનાં પત્નિ સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષા ખાતે.

૫૭-૮-૬ ગઇ સાલના બાકી.

૩૦૦-૦-૦ તા. ૯-૩-૧૭ના રોજ ઝવેરી જીવણચંદ સાકરચંદ મારફત મળ્યા તે.

---

૩૫૭-૮-૬

૯૩૯૨-૩-૬ શ્રી એજ્યુકેશન બોર્ડ ખાતે જમા.

૭૨૬૨-૮-૬ ગઇ સાલના બાકી દેવા.

૫૦-૦-૦ શ્રી મુંબઈ માંગરોલ જૈન સભા તરફથી સંવત ૧૯૭૨ની સાલના મર્હુમ શેઠ હેમચંદ અમરચંદ સ્કોલશીપના

૪૦૦-૦-૦ લાઇફ મેમ્બરના લવાજમના.

૬૦૫-૦-૦ મેમ્બરો અને સહાયક મેમ્બરોના લવાજમના.

૪૮૫-૬-૦ શ્રી સુકૃત ભંડાર ફંડમાંથી અડધ ભાગના.

૧૫૬-૮-૬ બોર્ડના રૂપીયાના વ્યાજના

૬૮-૦-૦ શેઠ અમરચંદ તલકચંદ ધાર્મિક પરીક્ષાના બાકી હતા તે લઈ લીધા.

૭-૪-૦ શ્રી કેળવણી ફંડ ખાતે મળ્યા તે.

૩૫૭-૮-૬ બાઈ રતનબાઇની પરીક્ષાના ચુકતે લીધા તે.

---

૯૩૯૨-૩-૬

---

૯૭૪૯-૧૨-૦

ઉ

૭૩૫૧-૧-૦ શ્રી જૈન કોન્ફરન્સના ખાતે.

૩૫૭-૮-૬ બાઇ રતનબાઇ આ. ઉત્તમચંદ કેસરીચંદનાં પત્નિ. સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા ખાતે.

૩૫૭-૮-૬ ઇનામ તથા ખર્ચના બોર્ડ ખાતે લીધા તે.

૧૯૦૧-૭-૦ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ ખાતે ઉ.

૪૨૭-૦-૦ શ્રી જૈન કોન્ફરન્સના નામે પુરૂષ વર્ગની પરીક્ષા સેવાઇ તેના ઇનામના.

૨૮-૧૧-૩ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પુરૂષ વર્ગની પરીક્ષા તથા સ્ત્રી વર્ગની પરીક્ષાને અંગે પરચુરણ ખર્ચ.

૩૫૭-૦-૦ બાઇ રતનબાઇની પરીક્ષાના ઇનામના આપ્યા તે.

૭૨-૦-૦ ધાર્મિક પરીક્ષાના સવાલ પત્રની છપાઇ તથા હેરલ્ડમાં બે ફોર્મ છપાવી આપ્યા તેના.

૫૭-૦-૦ પ્રમાણ પત્રો બંને પરીક્ષાના નવાં છપાવ્યાં તેના.

૪૪-૮-૬ મૌક્તિકનાં પુસ્તકો પારસલથી જુદા જુદા સેન્ટરોમાં મોકલ્યાં તેના પારસલ તથા પેકીંગ ખર્ચના.

૩૩૨-૦-૦ સ્કોલરશીપ ખાતે.

૪૨૬-૦-૦ શ્રી પાઠશાળા ખાતે.

૧૭-૧૧-૦ શ્રીમની ઓર્ડર ખાતે.

૮૩-૪-૦ ગાડી ભાડું પરચુરણ પારસલ સ્ટેશનરી વીગેરે ખર્ચ.

૫૬-૪-૩ પોષ્ટ ખર્ચ.

૧૯૦૧-૭-૦
૫૯-૧૧-૬ બાકી સીલીક સંવત ૧૯૭૩
ના આસો વદ ૦))

૯૭૪૯-૧૨-૦

સંવત ૧૯૭૪ ના કારતક શુદ ૧

જ

૭૪૯૦-૧૨-૬ એજ્યુકેશન બોર્ડ.

ઉ

૭૩૫૧—૧-૦ કોન્ફરન્સ ઑફિસ.
૫૯-૧૧-૬ રોકડા.

૭૪૯૦-૧૨-૬

તા. ૩૦ મી ડીસેમ્બર સ. ૧૯૧૭ ને દિને જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની જનરલ મીટીંગ તે માટે ખાસ કાઢેલા કાર્ડના નિમંત્રથી કલકત્તામાં ભરાયેલી ૧૧ મી. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના મંડપમાં બપોરે સાડાત્રણ વાગે મળી હતી તેમાં નીચે પ્રમાણે મેમ્બરો તથા બીજા ગૃહસ્થો હાજર હતા.

| | |
|---|---|
| ૧ શેઠ કલ્યાણચંદ સોભાગ્યચંદ | ૧૦ શેઠ મોતીલાલ મુલજી |
| ૨ રા. મકનજી જુઠાભાઇ મહેતા | ૧૧ બાબુ પુરણચંદજી નહાર |
| ૩ શેઠ મોતીલાલ હેમચંદ | ૧૨ શેઠ નાગજી ગુણપત |
| ૪ રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ | ૧૩ રા. હાથીભાઈ કલ્યાણભાઈ |
| ૫ શેઠ દેવકરણ મુલજી | ૧૪ શેઠ વીરચંદ કૃષ્ણજી |
| ૬ ,, નરોતમ ભાણજી | ૧૫ ,, જીવણચંદ ધરમચંદ |
| ૭ ,, અમરચંદ ઘેલાભાઈ | ૧૬ ,, મણીલાલ સુરજમલ |
| ૮ ,, લલુભાઇ કરમચંદ દલાલ | ૧૭ ,, મનસુખલાલ દોલતચંદ |
| ૯ ,, કુંવરજી આણંદજી | ૧૮ ,, પ્રાણજીવન પરશોતમદાસ |

પ્રમુખપદે રા. મકનજી જુઠાભાઇ મહેતા બીરાજ્યા હતા.

શરૂઆતમાં સંવત્ ૧૯૭૨-૭૩ નો બોર્ડનો રિપોર્ટ સેક્રેટરીએ વાંચી સંભળાવ્યો હતો. અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ઓહ્દેદારોની ચુંટણી કરવા સંબંધી કોન્ફરન્સના ઠરાવપર મૂકવામાં આવ્યું હતું.

મેમ્બરો અને સહાયકો વચ્ચે શું ભેદ છે એ ચર્ચા ચાલી હતી. અને તેના સંબંધમાં પણ કોન્ફરન્સના ઠરાવમાં ઘટતો સુધારો લાવી મૂકવાની સુચના થઈ હતી.

નવા મેમ્બરો નીચે પ્રમાણે થઈ પોતાના નામો નોંધાવ્યા હતા.

૧ રા. મુલચંદ આશારામ વૈરાટી
૨ „ ચુનીલાલ વીરચંદ કૃષ્ણાજી
૩ બાબુ લક્ષ્મીચંદજી વહેરા
૪ રા. કેશવલાલ ધારસી
૫ શેઠ દલીચંદ ફુલચંદ
૬ રા. સોમચંદ મંગલદાસ
૭ „ નગીનદાસ પુનમચંદ નાણાવટી
૮ શા. પ્રેમજી નાગરદાસ
૯ બાબુ બહાદુરસિંહજી સીંધી
૧૦ „ લક્ષ્મીચંદજી કોઠારી
૧૧ „ પુરનચંદ સાવન સુખા
૧૨ શેઠ મેઘજી હીરજી જંગાલી
૧૩ „ ભાણજી મુલજી
૧૪ રા. મણીલાલ મોહનલાલ વકીલ
૧૫ „ રતનસી દામજી
૧૬ „ બી. એન. વૈરાટી
૧૭ „ ચીમનલાલ ન્યાલચંદ મ્હેતા.

નીચેના ગૃહસ્થોએ લાઇફ મેમ્બર તરીકે પોતાના મુબારક નામો નોંધાવ્યા હતા.

૧ શેઠ પ્રાણજીવનદાસ પરશોતમદાસ
૨ બાબુ પુરનચંદજી નાહર
૩ શેઠ વીરચંદ કૃષ્ણાજી
૪ „ મોરારજી ગાંગજી
૫ „ રામચંદ જેઠાભાઇ
૬ રાયકુમારસિંહજી
૭ શેઠ ધારસી અમુલખ
૮ „ નાગજી ગુણપત
૯ „ કરમચંદ ડોસાભાઇ
૧૦ „ ચીમનલાલ કુબેરદાસ શાહ ખેડા.
૧૧ બાબુ સુરપત સિંહજી દુર્ગા
૧૨ „ પુરનચંદજી નાહરા

પ્રમુખનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

ત્યાર પછી કૉન્ફરન્સની બેઠકમાં ઠરાવ થયો હતો કે સહાયક મેમ્બરને ખરેખરા મેમ્બર ગણવા અને તેને વોટ આપવાનો હક છે અને લાઇફ મેમ્બર તે મેનેજીંગ કમિટીના એકસ ઓફિશિયો મેમ્બર છે. [ સમાપ્ત. ]

## સ્યાદ્‌વાદ સજ્ઝાય.

સ્યાદવાદ મત શ્રી જિનવરનો તેહનેં કિમ કહીએ એકાંત
મતિ એકાંત કહે તે મિથ્યાત્વી સાખી સઘળા સુણુ હો સિદ્ધાંત. ૧ સ્યા.
ક્રિયારૂપ તિહાં ન રહે મુનિવર સોલમેં ઉત્તરાધ્યયન વિચાર,
સાધુ સાધવી વસે એકઠા, શ્રી ઠાણાંગે પંચ પ્રકાર. ૨ સ્યા.
જીવ અસંખ્ય કહ્યા જલ ટપકે પન્નવણા સુત્રેં શ્રી જિનરાય,
કલ્પસુત્રમાં નિત નદીનો, લંઘે મુનિવર વહિરણકાજ. ૩ સ્યા.
શ્રી ઠાણાંગે ચોથે ઠાણે માંસ આહારી નરકે જાય,
મધ માંસ મધુપિણ્ડ આચરણા આચારાંગ કહ્યો જિનરાજ. ૪ સ્યા.

પાંચમે અંગે ન કરે શ્રાવક, નિષેધે પનરે કરમાદાન,
હલ નિર્વાહ તણો પિણ દીસેં, સપ્તમ અંગેં કિઓ પરિમાણ. ૫ સ્યા.
હિંસા ન કરે ત્રિવિધ ત્રિવિધ મુનિ પાંચમેં અંગે જુવો હીર,
જિનવર તેજો લેશ્યા ઉપર શીતો લેશ્યા મુકી વીર. ૬ સ્યા.
મહાવિદના હાથ લગાયાં, વનસ્પતિનેં થાએ અંગ,
પડતો મુનિવર તેહિજ પકડે, એહ અર્થ છે આચારંગ ૭ સ્યા.
ઉત્તરાધ્યયનેં ભાખ્યો મુનિવર સમય માત્ર ન કરે પ્રમાદ
દશવૈકાલિક ત્રીજી પોરસી, નિંદતણી કીધી મરજાદ. ૮ સ્યા.
અંધ ભણી પિણુ ન કહે અંધક, દશવૈકાલિક એ વિધિવાદ,
જ્ઞાતા અંગે જતીયેં ભાખ્યા નાગશ્રીના અવર્ણવાદ. ૯ સ્યા.
સૂત્રે દેવ અવિરતિ બોલ્યા, હવે પાંચમેં ઠાણે મનરંગ,
બ્રહ્મચર્ય તપ અતિ ઉત્કૃષ્ટો, દેવભણી ભાખ્યો ઠાણાંગ. ૧૦ સ્યા.
સૂત્ર નવિ ધરેં પ્રકરણ નવિ ધરે, પ્રશ્ન પુછીજે તિણનું એહ,
ઋષભ બાહુબલ શિવપુર પુહુતા, એકણ દિન ભાજ્યો સંદેહ. ૧૧ સ્યા.
સાત જણા સુમલ્લિ દીક્ષા, સાતમેં ઠાણેં શ્રી ઠાણાંગ,
છઠે અંગ સાત સહાસું, કુણ ખોટો કુણ સાચો અંગ. ૧૨ સ્યા.
નારી સહસવતીસે જ્ઞાતા, અંતગડે (સુગડાંગે ?) સોલહજાર,
કેશવતણી અંતેઉરી ભાખી, કિમ મેલીજે એહ પ્રકાર. ૧૩ સ્યા.
કુલગર પનરે જંબુ પન્નતી સમવાયાંગે કુલગર સાત,
હરી બારમો જિન આઠમે અંગે તેરમો ચોથે અંગ કહાત. ૧૪ સ્યા.
સૂત્ર ટીકા નિર્યુક્તિ વખાણી ચૂર્ણી ભાષા એ મેલો પંચાંગ,
એ પાંચે કહે તે માનો સાચું એણ અર્થે મ કરો ખલખંચ. ૧૫ સ્યા.
જીવાભિગમ અસંધયણી ભાખ્યા, નારકી શ્રી ભગવંત,
ઉગણી સમેં શ્રી ઉત્તરાધ્યયને માંસપિંડ બોલ્યા સિદ્ધાંત ૧૬ સ્યા.
ચારિત્ર વિરાધ્યું પંચમે અંગે ભુવનપતિમાં સુર થાય,
સુકુમાલિકા છઠેં અંગે, કિમ દુજેં દેવલોક જાય. ૧૭ સ્યા.
વિણ વ્યાકરણે અર્થ જે ભાખે, અર્થ નહી તે અનરથ જાણુ
ભાગી નાવ નદી કિમ તરીઈ, દસમેં અંગે કહે જગભાણુ ' ૧૮ સ્યા.
શ્રી જિનપ્રતિમાનો વેયાવચ્ચ કર્મ નિર્જરા કાજ
દશમે અંગે સાધુ ભણીએ, અર્થ વિચાર કહ્યો જિનરાજ ૧૯ સ્યા.
હેય જ્ઞેય ઉપાદેય વખાણ્યો ઇમ ઉત્સર્ગ અને અપવાદ,
વિધિ ચારિતાનુવાદ નયસંસ્થિત નિશ્ચય ને વ્યવહાર મર્યાદ. ૨૦ સ્યા.
અનેકાંતનયવાદી જિનવર સિદ્ધાંતમાંહિ કહ્યા દસ બોલ,
કહે શ્રી સાગર પરિક્ષા પરિખો, શ્રી સિદ્ધાંત રતન બહુમોલ. ૨૧ સ્યા.

# स्वीकार अने समालोचना.

**महावीर चरियं.**—પ્રાકૃત પાનાકારે. પાનાં ૧૦૪. નિર્ણયસાગર પ્રેસ. ગ્રંથકાર–નેમિચંદ્રસૂરિ. સંશોધક પ્રવર્ત્તક મુનિશ્રી કાંતિવિજય શિષ્ય મુનિશ્રી ચતુરવિજય. પ્ર. જૈન આત્માનંદ સભા. ભાવનગર. જૈન આત્માનન્દ ગ્રંથ રત્નમાલા. ( ૮ મું રત્ન. ) અત્યાર સુધીમાં હેમચંદ્ર સૂરિકૃત મહાવીરચરિત્ર ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિતના ૧૦ મા પર્વમાં સંસ્કૃતમાં પ્રસિદ્ધ થયું છે અને તેનું ભાષાંતર પણ પ્રકટ થયું છે. હેમચદ્રનો સમય ઇ. સ. ૧૦૮૮—૧૧૭૨ ( સં. ૧૧૪૪—૧૨૨૮ ) છે, અને આ ગ્રંથના મૂલ ગ્રંથકાર નેમિચંદ્ર સૂરિએ સં. ૧૧૪૧ માં કર્ણરાજાના સમયમાં અણહિલવાડ પુરમાં દોહદ્દિ કારિત વસતિમાં રહીને આ ચરિત રચ્યું છે એ પરથી આ ગ્રંથ હેમચંદ્રની રચના પૂર્વે થયો છે એ નિર્વિવાદ છે. આથી એક પ્રાચીન ગ્રંથ પ્રગટ કરવાને માટે જૈન આત્માનંદ સભાને અને ખાસ કરી સંશોધક મુનિ મહાશયને અમે ધન્યવાદ આપીએ છીએ.

આ ગ્રંથકારે ચરિત્ર શેમાંથી લીધું છે તે જણાવેલું જણાતું નથી. જ્યાં જ્યાં ચરિત્રના અમુક વિશિષ્ટ ભાગનો પ્રારંભ કરવા જાય છે ત્યારે 'હું સંક્ષેપે પ્રવચન કરૂંછું' એવા શબ્દો કહેવામાં આવે છે. સંક્ષેપે વીરજિનેંદ્રનું ચરિત સાધિત કર્યું એ છેવટના ભાગમાં કરેલા કથનમાં પણ 'સંક્ષેપે' એ શબ્દો છે તે પરથી મોટું ચરિત હોવું જોઇએ એમ જણાય છે.

ગ્રંથકાર પોતાની ઓળખ પ્રશસ્તિમાં એ પ્રમાણે આપે છે કેઃ—વડગચ્છમાં ઉદ્યોતન સૂરિ થયા કે જેના ગચ્છમાં શ્રી પ્રદ્યુમ્નસૂરિ, શ્રી માનદેવસૂરિ અને સુપ્રસિદ્ધ દેવસૂરિ થયા. તે ઉદ્યોતનસૂરિના શિષ્ય આમ્રદેવ ઉપાધ્યાય અને તેના શિષ્ય પોતે. પોતાના પ્રાકૃત ગ્રંથ નામે તિલયસુંદરી રયણચૂડકહાની પ્રશસ્તિમાં જણાવેછે :—શ્રી દેવસૂરિ, તેના નેમિચંદ્રસૂરિ, તેના ઉદ્યોતનસૂરિ, તેના યશોદેવસૂરિ, તેના પ્રદ્યુમ્નસૂરિ, તેના માનદેવસૂરિ, તેના દેવસૂરિ, તેના ઉદ્યોતનસૂરિ, અને તેના અંબ (આમ્ર) દેવ ઉપાધ્યાય, અને તેના મુનિચંદ્ર અને દેવેંદ્રગણિ, આજ દેવેંદ્રગણી તે ઉકત નેમિચંદ્ર સૂરિ, કારણ કે આપણા આ નેમિચંદ્ર સૂરિકૃત આખ્યાનમણિ કોશ પર ટીકા કરનાર આંમ્રદેવ સૂરિ દેવેંદ્રે આ કોશ બનાવ્યો એ ભાવાર્થની છેલી ગાથાપર પોતે ટીકા કરતાં કહે છે કેઃ—

**देवेंद्र इति साध्ववस्थायां निजनाम विशेषणं मध्ये विरचितमिति कृतिरियं सैद्धान्तिक शिरोमणि श्रीमन्नेमिचंद्र सूरेरिति आख्यान मणिकोशवृत्तिः समाप्ता.**

એટલે કે દેવેંદ્ર એ સાધુ અવસ્થામાંનું વિશેષ નામ છે. તે અવસ્થામાં આ કૃતિ રચાઇ છે, આ કૃતિ તે સૈદ્ધાંતિક શિરોમણી નેમિચંદ્ર સૂરિની જાણવી.

આ ટીકાકાર આમ્રદેવસૂરિ તે જિનેચંદ્ર સૂરિના બે શિષ્યો નામે આમ્રદેવ અને ચંદ્રસૂરિ માંના પહેલા આમ્રદેવસૂરિ; અને તે નેમચંદ્રના ગુરૂ આમ્રદેવ ઉપાધ્યાયથી જૂદા. આ બૃહદ્દગચ્છરૂપી સમુદ્રમાં પારિજાતરૂપ દેવસૂરિ, ધન્વંતરીરૂપ અજિતસૂરિ, ઐરાવતરૂપ આનંદસૂરિ, અશ્વરૂપ નેમિચંદ્રસૂરિ કે જે

नेमिचंद्र सूरिर्यः कर्त्ता प्रस्तुत प्रकरणस्य ।
सर्वज्ञागमपरमार्थवेदिनामग्रणीः कृतिनां ॥
अन्यां च सुखावगमां यः कृतवानुत्तराध्ययनवृत्तिं ।
लघुं वीरचरितमथ रत्नचूडचरितं चतुरमतिः ॥
सूरिपंडितमंडली कुमुदिनीकांताप्रमोदावहः
सर्वज्ञागमदेशनामृतकरैं निर्वापयन्मेदिनीं ।
भास्वत्सन्मुनितारकेषु नियतं यन्नायकत्वं दधत्
स श्रीमानुदियाय यो निजकुलव्योमांगणालंकृतिः ॥

અને તે ગચ્છમાં ચંદ્રરૂપે જિનેશ્વર હતા; ( જિનેશ્વર સૂરિ-કે જે ઉપમિતિભવ પ્રપંચાનામ સમુચ્ચય ગ્રંથના કર્ત્તા વર્ધમાનસૂરિ કે જે પહેલાં ચૈત્યવાસી જિનચંદ્રસૂરિના શિષ્ય હતા તે પછી ઉક્ત ઉદ્યોતન સૂરિના શિષ્ય થયા અને જેમણે બ્રાહ્મણ સોમના બે દિકરા નામે શિવેશ્વર અને બુદ્ધિસાગર તથા એક દિકરી કલ્યાણવતીને દીક્ષા આપી-આ પૈકી શિવેશ્વરને દીક્ષા આપતાં તેનું નામ જિનેશ્વર રાખ્યું અને તેજ આ જિનેશ્વર સૂરિ; આ વર્ધમાન સૂરિએ સં. ૧૦૮૮ માં વિમળશાહના આબુપરના મંદિરમાં પ્રતિષ્ઠા કરી હતી અને તેજ વર્ષમાં તે તે વર્ધમાનસૂરિ સ્વર્ગસ્થ થયા. અને ઉક્ત જિનેશ્વર સૂરિએ સં. ૧૦૮૮ માં ખરતર બિરૂદ મેળવ્યું અને તેનાથી ખરતર ગચ્છ ચાલ્યો )

પોતાની ઉત્તરાધ્યયન વૃત્તિની પ્રશસ્તિમાં દેવેંદ્રગણિ ( નેમિચંદ્ર ) જણાવે છે કેઃ-- તે થારાપદ્રીય ગચ્છીય ( વાદિવેતાલ ) સૂરિ શ્રી શાંત્યાચાર્યકૃત ઉત્તરાધ્યયન બૃહદ્ વૃત્તિ પરથી મંદબુદ્ધિના હિતાર્થે સમુધ્ધૃત કરી છે. દેવેંદ્રગણી આમ્રદેવના શિષ્ય હતા. આમ્રદેવ ઉદ્યોતનના શિષ્ય, અને ચંદ્રકુલના તે ઉદ્યોતન તે બૃહદગચ્છ મંડનરૂપ હતા; પ્રદ્યુમ્ન, માનદેવ અને બીજા સૂરિઓથી પ્રવિરાજીત--પ્રશંસા પામેલ હતા. આ વૃત્તિ પોતાના ગુરૂસહોદર મુનિચંદ્ર સૂરિના કહેવાથી અણહિલપાટકમાં દોહટ્ટિ નામના શ્રેષ્ઠીની વસતિ (ગૃહ)માં રહીને રચી છે અને તેની પહેલી પ્રત સર્વદેવ ગણિએ લખી અને તે દોહટ્ટિ શ્રેષ્ઠીએ લખાવી. ( ભંડારકર ૨-૧૮૮૩-૪ નો રિપોર્ટ પૃ. ૪૪૧ નેમિચંદ્ર સૂરિક ) પવયણસારૂદ્ધાર નામના પ્રાકૃત ગ્રંથની પ્રશસ્તિમાં એવું જણાવ્યું છે કે આમ્રદેવસૂરિ એ જિનચંદ્ર સૂરિના શિષ્ય હતા. આમ્રદેવ સૂરિના ત્રણ મુખ્ય શિષ્યો-નામે વિજયસેનસૂરિ, નેમિચંદ્ર સૂરિ અને કનિષ્ટ યશોદેવ સૂરિ પીટર્સન. ૧ રીપોર્ટ પરિશિષ્ટ પૃ. ૮૮. આ નેમિચંદ્ર તે આપણા ઉપરોક્ત બૃહદ્ગચ્છીય સૈદ્ધાંતિક નેમિચંદ્ર હોય એ શંકા છે, કારણ કે બંનેના ગુરૂઓનું નામ આમ્રદેવ હતું, પણ તે ગુરૂ પૈકી એક સૂરિ છે, બીજા ઉપાધ્યાય છે. એક જિનેશ્વર સૂરિના શિષ્ય છે, અને એક ઉદ્યોતન સૂરિના શિષ્ય છે.

નેમિચંદ્રે પંચસંગ્રહ ગ્રંથ કરેલ છે કે જેને પચસંગ્રહ દીપક એ નામના ગ્રંથમાં જિનેશ્વર સૂરિ શિષ્ય વામદેવે શ્લોકબધ્ધ ગુંથેલ છે ( પીટર્સન પ્રથમ રીપોર્ટ પરિશિષ્ટ પૃ. ૭૪ ) આ નેમિચંદ્ર કદાચ આપણા સૈધ્ધાંતિક નેમિચંદ્ર હોય એવું જણાય છે.

દેવેંદ્રગણિએ ( નેમિચંદ્ર સૈદ્ધાંતિકે ) ઘણાં કુલકો રચ્યા છે. ૧ ઉપદેશ કુલક (પીટ. ૩ રી. પૃ ૭૮ )૨–૫, દાન શીલ તપો ભાવના કુલકાનિ ( તજ રીપોર્ટ પૃ. ૨૧૭, ૨૧૮ )

મુનિચંદ્ર સૂરિ નેમિચંદ્ર સૈદ્ધાતિકના ધર્મસહોદર–ગુરૂસહોદર હતા એ નિર્વિવાદ છે. ઉક્ત મુનિચંદ્ર સૂરિ સંબંધી વૃત્તાંત જૈન કૉન્ફરન્સ હેરલ્ડના સને ૧૯૧૭ ના ખાસ અંકમાં પૃ. ૫૨ એક વિસ્તૃત લેખમાં પંડિત બહેચરદાસે આપેલ છે. તે સૂરિના શિષ્ય પ્રસિદ્ધ વાદી વાદિદેવ સૂરિ હતા, તે વાદિદેવસૂરિ પણ નેમચંદ સૈદ્ધાંતિકના સમકાલીન હતા એટલુંજ નહિ પણ તેમની સહાયથી અણહિલપુર પાટણમાં દોહટ્ટી શ્રેષ્ટિની વસતિ કે જ્યાં ઉક્ત નેમિચંદ્રે ઉત્તરાધ્યયન વૃત્તિ રચી છે તેજ સ્થળે જીવાનુશાસન કુલક સવૃત્તિક સં. ૧૧૬૨ માં ૩૨૩ ગાથાનું રચેલ છેઃ—તેની પ્રશસ્તિ આ પ્રમાણે છે

देशवसु सूररीसा हिंसाइ वण्ण कहिय नामे हिं ।
पयरण मिणमो रईयं ते.ीसा तिन्निसयगाहं ॥
अणहिल्लवाडणयरे जयसिंह नरेस रम्मि विज्जंते ।
दोहट्टि वसहिट्टिएहिं बासट्ठी सूर नवमीए ॥

દેશ–વસુ–સુર–રીસા–હિંસા આ પાંચ શબ્દોના આદિ અક્ષર લઇને જે નામ થાય તેણે આ પ્રકરણ–ગ્રંથસંદર્ભ ૩૨૩ ગાથામાં રચે છે, અને તે અણહિલ્લવાડ નગરમાં કર્ણદેવના પુત્ર સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં દોહટ્ટિની વસતિમાં રહી ૧૧૬૨ ની નવમી તિથિને સૂર્યવારે. આ ગાથા પહેલાં જણાવે છે કે

इयं सिरि सिद्धंत महोयहीण सिरि नेमिंचद सूरीणं
उवएसाओ मज्झत्थयाए सिरि देवसूरि हिं ॥

એટલે આ પ્રકરણ શ્રી સિદ્ધાંત મહોદધિ શ્રી નેમિચંદ્ર સૂરિના ઉપદેશથી મેં શ્રી દેવસૂરિએ મારા અર્થને માટે ( ત્યારપછી જણાવ્યું છે કે ) શ્રી વીરચંદ સૂરિના શિષ્ય માત્ર વડે રચ્યું અને તે સકલ આગમના પરમાર્થની કસોટી કરનારા તરીકે જેણે ઉપમા પ્રાપ્ત કરી છે, અને સકલ ગુણ રત્નના મેરૂ જેવા છે એવા ( ટીકામાં–સપ્ત ગૃહ નિવાસી ) જિનદત્ત સૂરિએ આ જીવાનુશાસન કુલક શોધ્યું, અને અન્ય સૂરિ પ્રવરોએ ( ટીકા–મહેંદ્રસૂરિ પ્રમુખ ) સંમતિ આપી. આમાં ઉક્ત સૈદ્ધાતિક માટે ટીકામા જે વિશેષણો આપ્યા છે તે આ પ્રમાણે છેઃ—સિદ્ધાંત મહોદધિ એટલે શોભનાગમ બૃહત્સમુદ્ર શ્રી નેમિચદ્ર સૂરિ એ નામના શ્રીમદ્ ઉત્તરાધ્યયન લઘુવૃતિ–વીરચરિત–રત્નચૂડાદિ શાસ્ત્ર કર્ત્તા બૃહદ્ગચ્છ શિરોમણિ નિષ્કલંક સિદ્ધાંતવ્યાખ્યાનામૃતપ્રપાપ્રદાતાના ઉપદેશથી.........( જુઓ મુનિશ્રી વલ્લભવિજયથી સંશોધિત થઇ પ્રગટ થયેલ કલ્પસૂત્ર–સુબોધિકાની પ્રસ્તાવના )

આ પરથી જણાશે કે સં. ૧૧૬૧ માં ઉક્ત નેમિચંદ્ર સૈધ્ધાંતિક હતા. તેમના સમકાલીન તરીકે દેવસૂરિ ઉપરાંત વીરચંદ્રસૂરિ, જિનદત્ત સૂરિ, અને મહેંદ્રસૂરિ હતાં.

આમાંના જિનદત્ત સૂરિતે ખરતર ગચ્છમાં થયેલા જિનવલ્લભ સૂરિના શિષ્ય તે મહાપ્રભાવિક હતા. તેથી અંબાદેવીએ તેમને યુગ પ્રધાનપદ આપ્યું હતું. તેમનો જન્મ સં. ૧૧૩૨ માં થયેલો. સંસારી પક્ષે તેમનું નામ સોમચંદ્ર હતું. તેમણે ૧૧૪૧ માં દીક્ષા લીધી

તે સમયે પ્રબોધચંદ્ર ગણિ નામ હતું. સં. ૧૧૬૯ માં તેમને દેવભદ્રાચાર્ય તરફથી ચિત્રકૂટમાં ( ચિતોડમાં ) સૂરિપદ મળ્યું. તેમણે પોતાના અદ્‌ભુત ચમત્કારોથી ઘણા શહેરામાં જૈન ધર્મનો મહિમા વધાર્યો હતો. તેમનાં પગલાં દાદા સાહેબના નામથી ઘણી જગોએ આજે પૂજાય છે. સં. ૧૨૧૧ માં અજમેરમાં તેમનું સ્વર્ગગમન થયું હતું. તેમણે સંદેહદોલાવલી આદિ ગ્રંથો રચ્યા છે.

વીરચંદ્ર તે ચંદ્રગચ્છના ષંડિલ્લ નામની શાખામાં શ્રી ભાવદેવ સૂરિના શિષ્ય વિજયસિંહ સૂરિના શિષ્ય પ્રસિદ્ધ વીરાચાર્ય હોય તો ના નહિ. તેને સિધ્ધરાજ જયસિંહ સાથે મિત્રતા હતી. તે રાજાએ કોટની બહાર જવાના કહેતા છતાં બંધ કોટમાંથી પોતાની અદ્‌ભુત શક્તિથી બહાર નીકળનાર, બૌદ્ધ જગરમાં બૌધ્ધોને ધર્મવાદમાં જીતનાર, ગોવિંદસૂરિની સહાયતાથી વાદીસિંહ નામના એક સાંખ્યવાદીને સિધ્ધરાજની સભામાં જીતનાર, ને કમલકીર્ત્તિ નામના દિગંબરાચાર્યને પણ રાજસભામાં પરાજીત કરનાર એ મહાપ્રભાવિક થયા છે. તે સં. ૧૧૬૦ માં વિદ્યાન હતા. જુઓ. જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ પૃ. ૧૨૨-૧૨૩. ઉક્ત મહેંદ્રસૂરિ એ નિર્વૃત્તિ કુલના મહેંદ્રસૂરિ હોઈ શકે, કારણ કે તેમના ઉપદેશથી ઘોઘામાં શ્રીમાલી નાણાવટી શા હીરૂએ સં. ૧૧૬૮ માં નવખંડા પાર્શ્વનાથનો બિંબ ભરાવ્યો હતો. ધનપાલ કવિ અને શોભન કવિને પ્રતિબોધનાર ચંદ્રગચ્છના મહેંદ્રસૂરિ થયા છે, તે કદાચ હોય તો હોય, પણ સંભવ જરા દૂર લાગે છે.-ધનપાલનો સમય સં. ૧૦૩૦ થી તે ૧૧૧૬ ની અંદર મૂકાય. સં. ૧૧૬૨ માં તે ધનપાલના ગુરૂ મહેંદ્રસૂરિ હયાત હોય યા ન પણ હોય. ત્રીજા મહેંદ્રસૂરિ નાગેંદ્રગચ્છમાં થયા છે કે જેનો ઉલ્લેખ વસ્તુપાળના સંકીર્ત્તન રૂપે અરિસિંહે રચેલા સુકૃત સંકીર્ત્તન ( કે જે ઉપરોક્ત જૈન આત્માનંદ સભાએ હમણાંજ પ્રકટ કરેલ છે તે ) માં કરેલ છે. તે મહેંદ્રસૂરિના શાન્તિસૂરિ, તેના આનંદસૂરિ અને અમરસૂરિ કે જે બંનેએ સિદ્ધરાજ જયસિંહ રાજાની પાસેથી 'વ્યાઘ્રસિંહ શિશુકૌ, ' એ બિરૂદ વાદીને હંફાવનારા તરીકે મેળવ્યું હતું, તે બંનેના શિષ્ય હરિભદ્રસૂરિ અને તેમના વિજયસેન સૂરિ કે જેમણે મંત્રી વસ્તુપાલને સંઘાધિપતિ થવાનો બોધ આપ્યો હતો અને જેના ઉપદેશથી વસ્તુપાલે તેમ કરવા નિર્ણય કર્યો હતો. આ મહેંદ્રસૂરિ હોવાનો થોડો પણ સંભવ છે.

**कल्पसूत्र सुबोधिका**—પત્રાકારે પત્ર ૩૦૩ ઉપોદ્‌ઘાતના પત્ર ૬. નિર્ણયસાગર પ્રેસ. સંશોધક મુનિવર્ય શ્રી વલ્લભવિજયજી. પ્ર૦ જૈન આત્માનંદ સભા ભાવનગર. ) કલ્પસૂત્ર શ્રીમન્ ભદ્રબાહુ સ્વામીએ રચેલું કહેવાય છે. તે શ્રુતકેવલીએ તે ઉપરાંત આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂત્રકૃતાંગ, સૂર્ય—પ્રજ્ઞપ્તિ—ઋષિભાષિત, દશા, કલ્પ, અને વ્યવહાર એ દશ સૂત્રપર નિર્યુક્તિઓ રચી છે અને આ બૃહત્કલ્પ ઉપરાત વ્યવહાર અને દશાશ્રુતસ્કધ સૂત્ર મળી તેર ગ્રંથ રચેલ છે. વિશેષમાં ભદ્રબાહુ સંહિતા નામનો જ્યોતિષનો ગ્રંથ રચ્યો છે કે જે હજુ અપ્રસિદ્ધ છે. હમણાં ભદ્રબાહુ સંહિતા એ નામથી જે ગ્રંથ ભીમસી માણેકે પંડિત હીરાલાલ હંસરાજે તૈયાર કરેલ છપાવ્યો છે તે ભદ્રબાહુકૃત નથી પરંતુ જૂદા જૂદા ગ્રંથકારોમાંથી ભરણું કરી કોઇએ કરેલો કાલ્પનિક ગ્રંથ છે એ દાખલાદલીલથી જૈનહિતૈષી નામના માસિકમાં પંડિત જુગલકિશોરજીએ પૂરવાર કર્યું છે. કલ્પસૂત્ર એ મુનિના કલ્પ એટલે આચારને લગતો ગ્રંથ છે તે પર અનેક ટીકા થઇ છે, પણ છેલ્લી અને વિસ્તા-

રવાળી આ સુખબોધિકા નામની ટીકા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ સં. ૧૬૯૬ ના જેઠ શુદ ર દિને રચી સંપૂર્ણ કરી છે. આ રચવાનું કારણ કર્ત્તા જણાવે છે કે:—ઘણી ટીકાઓ થઈ છે છતા સ્વલ્પ મતિ બોધ માટે આ મારો પ્રયત્ન છે જેવી રીતે કે:—

यद्यपि भानुद्युतयः सर्वेषां वस्तुबोधिका बह्वयः ।
तदपि महीगृहगानां प्रदीपिके वोपकुरुते द्राक् ॥

—સૂર્યનાં અનેક કિરણો છે અને તેથી સર્વ વસ્તુઓનો બોધ થાય છે, છતાં પણ પૃથ્વીપરના ઘરમાં દીવાઓ રાખવામાં આવે છે અને તે જેવા ઉપકારી છે તેવી રીતે આ મારી ટીકાનું સમજવું.

આ પરથી સ્વ. ગોવર્ધનરામે સ્વ. નથ્થલરામનું જીવન આલેખતાં જે લખેલું છે તે યાદ આવે છે. "વાંચનાર, જો તું મ્હોટાં માણસનાં જીવન સાંભળતાં જ તૃપ્ત થતો હોય તો સરત રાખજે કે મ્હોટાને માથે પણ મ્હોટા છે; અને ન્હાના હોય તે પોતાનાથી વધારે ન્હાના આગળ તો મ્હોટાં છે; આટલો મોટો સૂર્ય પણ જ્યારે આકાશમાં એક બિન્દુ જેવો છે, ત્યારે બિન્દુ જેવા આપણા ઘરના દીવા રાત્રે શા ખોટા ?

" મ્હોટાં ન્હાનાં વધુ મ્હોટામાં, તો ન્હાનાં પણ મ્હોટાં;
" વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘરદીવડાં નહી ખોટાં. "

**सुरसुंदरी चरिअं**—સં. મુનિશ્રી રાજવિજય પ્ર૦ પંડિત હરગોવિન્દદાસ પૃ. ૪૨+૮+૨૮૬+૨ કિંમત આવી નથી. ) કાશીમાં જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા નીકળી છે તેનો આ પ્રથમ નંબર છે. પુસ્તક પ્રાકૃત ભાષામાં છે અને તે વિ. સં. ૧૦૯૫ માં થયેલા ધનેશ્વર સૂરિએ રચેલું છે. ધનેશ્વરસૂરિ અનેક થઇ ગયા છે તેમાંના છ આ ગ્રંથની વિશાલ અને વિદ્વત્તા ભરેલી પ્રસ્તાવનામાં તેમના સમય સાથ ગણાવ્યા છે અને આ ગ્રંથકાર જાણ્યા પ્રમાણે સાતમા છે. તેમની વંશ પરંપરાથી જણાય છે કે પ્રસિદ્ધ વ્યાકરણ કરનાર બુદ્ધિસાગર સૂરિ અને તેમના ગુરૂભ્રાતા જિનેશ્વર મુનિના આ ગ્રંથકાર શિષ્ય છે. જિનેશ્વર અને બુદ્ધિસાગર સંબંધી પણ પ્રસ્તાવનામાં વિશેષતાથી ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તાવના લખનાર મહાશયને ખરેખર આવી ઐતિહાસિક ગવેષણાપૂર્વક પ્રસ્તાવના લખવા માટે ધન્યવાદ ઘટે છે. ગ્રંથ પ્રાકૃત હોઇ તેની સંસ્કૃત છાયા આપી હત તો વિશષ ઉપયોગી થાત કારણ કે હાલમાં પ્રાકૃતના અભ્યાસી થોડા છે, પરંતુ હવે પ્રાકૃતના અભ્યાસને માટે ચળવળ થઇ રહી છે, યુનિવર્સીટીમાં તેને સ્થાન આપવાની હિલચાલ સફલ થઈ છે તો થોડા સમયમાં પ્રાકૃત ગ્રંથોની ઉપયોગિતા અને તેમનો અભ્યાસ વધવાનો.

**स्थूलभद्रचरित**—પ્ર૦ શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ. પૃ. ૪૪ લુહાણા મિત્ર પ્રિ૦ પ્રેસ વડોદરા કિં. બે આના. ) કર્ત્તા જયાનંદ સૂરિ છે. તે કોણ હતા અને તેમનો સમય શું હતો તેના સંબંધમાં પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે " તથાવિધ સાધનોને અભાવે નિશ્ચિત નથી થયું તે માટે ક્ષમા યાચવામાં આવે છે " પરંતુ અમારૂં માનવું એ છે કે સાધનો તો ઘણાં છે, પરંતુ તેમાં પરિશ્રમપૂર્વક ઉતરવામાં આવતું નથી અને તેની શોધ કરનારાને તે કાર્ય સોંપવામાં નથી આવતું તેથી ક્ષંતવ્યતા સિદ્ધ થતી નથી. બૃહત્ ટિપ્પનિકામાં આ ગ્રંથનું નામ આપતાં જણાવે છે કે " સ્થૂલિભદ્ર ચરિત્રં તપા જયાનંદ સૂરિકૃતં

શ્લોક ૬૮૪ " આ જયાનંદસૂરિ બીજા કોઇ નહિ પણ સોમસુંદર સૂરિના પાંચ શિષ્ય-નામે મુનિસુંદર, જયચંદ્ર, ભુવનસુંદર, જિનસુંદર, અને જિનકીર્તિ પૈકી જયચંદ્ર સૂરિ, કે જેને વિષે રત્નશેખરસૂરિ પોતાની શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિમાં જણાવે છે કે:—**श्री जयचंद्र मुनींद्रा निस्तंद्राः संघकार्ये**—એટલે કે જયચંદ્ર મુનીંદ્ર સંઘકાર્યમાં તંદ્રા-આળસ રહિત હતા. આ કર્તાના સંબંધમાં વખત આવ્યે વિશેષ જણાવીશું. ચરિત્ર નાયક સ્થૂલભદ્ર વિખ્યાત છે, 'કમ્મે સૂરા ધમ્મે સૂરા' એ સિદ્ધાંતનુ જાજ્વલ્યમાન દ્રષ્ટાંત સ્થૂલભદ્ર છે કે જેના શીલનું બળ નેમિનાથ પ્રભુના શીલ કરતાં ચડી જાય છે એમ હેમચંદ્રાચાર્ય કહે છે અને તે માટેજ નમો સ્થૂલિભદ્રાય એમ વારંવાર બોલાય છે. આ ચરિત્ર પ્રકટ કરવા માટે પ્રકાશિની સંસ્થાને ધન્યવાદ ઘટે છે.

**ભુવનભાનુ કેવળી ચરિત્ર**—ભાષાંતર પૃ. ૧૨૪. કિં. ૧૭ આના. આનંદ પ્રિ. પ્રેસ.) જૈન ધ. પ્ર. સભાએ મૂળ સંસ્કૃત ગદ્ય શ્રી ઇંદ્રહંસ ગણિનું ૧૮૦૦ શ્લોક પ્રમાણ છે તેનું ભાષાંતર કરાવી બહાર પાડેલ છે, આ ચરિત્ર ઉપમિતિ ભવપ્રપંચ અને પ્રબોધ ચિંતામણિમાં જે શૈલિ છે તે શૈલિએ તત્ત્વ જ્ઞાનની દરેક બાબતને ઘટાવી ઘણું સુંદર લખાયેલ છે અને તેથી બોધક હોઈ મનનીય છે.

ॐ

**सूक्तमुक्तावली**—પ્ર૦ જૈન આત્માનંદ સભા-ભાવનગર. મૂલ્ય ચાર આના પૃ. ૪૮+૨ નિર્ણયસાગર પ્રેસ.) આમાં ૫૧૧ શ્લોક સંસ્કૃતમાં છે અને તેમાં રહેલા સુભાષિતોના રચનાર પ્રસિદ્ધ હીરવિજય સૂરિના પટ્ટધર શિષ્ય વિજયસેન સૂરિ છે. રચ્યા સં. ૧૬૪૭ છે. ઇહાપણ અને જગતના વિવિધ અનુભવની વાનકી ચખાડનાર સુભાષિતો છે—તેને સૂક્ત, સૂક્તિ પણ કહેવામાં આવે છે. સુક્તરૂપી મોતીનીહાર એ આ પુસ્તિકાનું નામ યથાર્થ છે. રાજા મુંજ અને ભોજના વખતમાં થઇ ગયેલા અમિતગતિ નામના દિગંબર આચાર્યનો સુભાષિત સંદોહ નામનો ગ્રંથ પ્રસિદ્ધ છે પણ શ્વેતામ્બર સંપ્રદાયમાં સુભાષિતનો સંગ્રહ સંસ્કૃતમાં રચી કોઈ વિદ્વાન્ બહાર આવેલ નહોતો ત્યાં સત્તરમા સૈકામાં શ્વેતામ્બર તરફથી એટલે કે આ વિજયસેનસૂરિ અને બીજા હેમવિજયગણિ તરફથી આ અને સૂક્તરત્નાવલી એવા અનુક્રમે પુસ્તક રચાયા છે એ જાણી આનંદ થાય છે. અન્યદર્શનમાં થયેલા મહાસમર્થ કવિઓનાં સુભાષિતોનો સંગ્રહ 'સુભાષિતરત્ન ભાંડાગાર' એ નામથી પ્રકટ થયો છે તે એટલો બધો લોકપ્રિય થયો છે કે તેની અનેક આવૃત્તિઓ થઈ છે.

હવે આ પુસ્તકનાંસૂક્તો લઇને તેમાંથી શું જાણવા યોગ્ય વસ્તુ મળી આવી છે તેનાં દૃષ્ટાંત માત્ર જોઇશું.

સાહિત્યમાં દૃષ્ટાંતની શું ઉપયોગિતા છે તે સંબંધમાં કવિ કહે છે કે:—

**विनेन्दुनेव रजनी वाणी श्रवणहारिणी ।**
**दृष्टांतेन विना स्वान्ते विस्मयं वितनोति न ॥४॥**

સાક્ષર અને લેખ સંબંધી એ સૂક્ત છે કે:—

**सिद्धिं सृजन्ति कार्याणां स्मितास्या एव साक्षराः ।**
**लेखा उन्मुन्द्रिता एव जायंते कार्यकारिणः ॥७१॥**

શૃંગારરસનું જ્ઞાન રચનારમાં હતું તે માટે જુઓ શ્લોક ૮૩; ૧૭૩. વળી દૃષ્ટાંત આપવામાં રચનાર અન્યદર્શનના પૌરાણિક દૃષ્ટાંતો લેતા હતા. જુઓ શ્લોક ૮૦, ૪૭૭.

આમાં કેટલેક સ્થલે મૂળપ્રતમાં ત્રુટિત હોવાથી ત્રુટિ રહી ગઈ છે તે બે ત્રણ પ્રત મેળવી તે પૂરી શકાત વળી આમાં રહેતા કઠિન શબ્દોના અર્થ વિશેષ પ્રમાણમાં ફુટનોટમાં આપ્યા હત તો વાંચનારને વિશેષ સરલ થાત. એકંદરે આ પ્રકટ કરવા માટે પ્રકાશિકાનો ધન્યવાદ ઘટે છે.

**पार्थपराक्रमव्यायोगः**—પરમારશ્રી પ્રલ્હાદનદેવ વિરચિત. ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ નં. ૪ સંશોધક–રા. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ M. A. ગુજરાતી પ્રેસ. પૃ. ૮+૩૦ મૂલ્ય આના ૬ ) આ ગ્રંથ હાલના પાલણપુર (પ્રલ્હાદનપુર)ના સ્થાપક પરમાર રાજાશ્રી પ્રલ્હાદનદેવે રચ્યો છે. એક નાટક એક ગૂજરાતનો રાજા રચે એ વાત ગૂજરાતને ગર્વ લેવા જેવી છે. ભારતવર્ષમાં નાટકો અનેક રચાયાં છે અને તેમાં ગૂજરાતના કવિઓએ પણ ફાળો આપ્યો છે અને ગૂજરાતના કવિઓમાં જૈન કવિઓએ પ્રધાન ભાગ લીધો છે એ વાત રા. દલાલે વસન્તના અંકોમાં ગૂજરાતનું નાટક સાહિત્ય એ સંબંધી વિસ્તૃત લેખ પ્રકટ કરી બતાવી આપ્યું છે.

ચંદ્રાવતિના રાજા યશોધવલના બે પુત્રોમાંનો એક મોટો ધારાવર્ષ આબુના પરમારોના ઇતિહાસમાં એક નામી રાજા થયો છે, અને તેના સમયમાં પ્રલ્હાદન યુવરાજ ગણાતો હતો. શિલાલેખોપરથી જણાય છે કે સં. ૧૨૨૦ થી સં. ૧૨૬૫ સુધી યુવરાજપદપર તે હતો, અને ધારાવર્ષના પહેલાં તે મૃત્યુ પામ્યો તેથી તે ગાદીપર આવી શક્યો નહિ. પ્રલ્હાદને પાલણપુર (પ્રલ્હાદનપુર) સ્થાપ્યું, ને તેના સંબંધમાં દંતકથા એવી છે કે તેણે જૈન ધાતુ પ્રતિમા ગળાવી નાંખી તેમાંથી અચલેશ્વર (શિવ) ના મંદિર માટે પોઠીઓ કરાવ્યાથી–તે પાપને લીધે તે કોઢી થયો–આ કોઢના નિવારણ અર્થે શીલધવલ આચાર્યના કહેવા અનુસાર પાલ્હવિહાર નામનું જૈન ચૈત્ય બંધાવ્યું અને તેથી કોઢ ગયો. (જુઓ ઉપદેશી તરંગિણી ) આ સંબંધમાં ઋષભદાસ કવિ સં ૧૬૮૫ માં રચેલા પોતાના હીરવિજયસૂરિ રાસમાં જણાવે છે કે:—

પ્હાલ વિહાર પાસ તિહાં ઠામ, તિણે પ્હાલણપુર નગરજ નામ.

× × × ×

ઇસ્યું નગર પાલ્હણપુર જ્યાંહિ, પ્હાલ પરમાર રાજા છે ત્યાંહિ,
પૂર્વે અર્બુદગઢ (-ગિરિ )નો રાય, પાતિગ કીધું તેણિ ઠાય. ૧૭
પ્રતિમા પીતળની જિનતણી, આશાતના તસ કીધી ઘણી;
ભાંજી ગાળી પોઠીઓ કીધ, પાતિગ મોટું આગે લીધ. ૧૮
મોટું પુણ્ય ને મોટું પાપ, પ્રત્યક્ષ ફળ પામે નર આપ,
જિન પ્રતિમા ભંગ પાતિગ જેહ, ગલિત કુષ્ટીઓ હુઓ દેહ. ૧૯
રૂપ રંગ બળ તેહનું ખસ્યું, ઔષધ અંગ ન લાગે કિસ્યું,
પ્રાક્રમ રહિત હુઓ નર જિસેં, રાજ્ય ગોત્રીએ લીધું તિસેં. ૨૦
માન ભ્રષ્ટ થઇ પાછો વળે, શીલધવળ આચારજ મિળે,
વંદી પદ કહેતું સુજ તાત, દુખીઆને વાહાલાં એ સાત. ૨૧

વાતો વિષ્નવ યોગી યતિ બ્રાહ્મણ દુખીઓ વલ્લભ અતિ,
ખુસી હોય વળી સુણી કથાય, દુખિઓ બેસે તેણે ઠાય. ૨૨
શીલધવળ આચારજ દીઠ, નમી પાયને હેઠો બઇઠ,
ધર્મકર્મ સુણિ પાપ વિચાર, સુણતાં બોલ્યો પ્હાલ પરમાર. ૨૩
મેં આશાતન કીધી ઘણી, ગાળી પ્રતિમાં જિનવર તણી,
તિણ પાપેં તન કોઢી થયો, નગર રાજ્ય મુજ દેશ જ ગયો. ૨૪
કોઈ તુમ્હ ભાખો સોય ઉપાય, જિમમારૂં પાતિગ ક્ષય થાય;
ગુરૂ કહે જિનમંદિર પ્રતિમાય, દાનાદિક ધરમેં સુખ થાય, ૨૫
સુણી વચન નૃપ પાછો ફરે, દાન શીલ તપ ભાવન ધરે.
જિન પૂજા નિત કરે ત્રણ્ય કાળ, ગલિત કોઢ હુઓ વિસરાળ. ૨૬
બળ પ્રાક્રમ નર પામ્યો નિસેં, લીધું રાજ્ય પોતાનું તિસ્યેં
ધરતી સુંદર જોઈ કરી, વાંસી વેગેં પાલણ પુરી. ૨૭
પ્હાલ વિહાર નામેં પ્રાસાદ, સોવન ઘંટાનો હુએ નાદ.
પ્હાલ વિહાર પાસ જિનગુણી, કીધી પ્રતિમા સોવન તણી. ૨૮
નિજ ગોખેં બેસીને જોય, તિણિપરેં પ્રતિ । માંડી સોય.
નત પૂજા બહુ ઉચ્છવ થાય, નૃપનો કોઢ રોગ સહુ જાય. ૨૯
જૈની રાય હુઓ જગમાંહિ, બહુ પ્રાસાદ કર્યા તિણિ ત્યાંહિ,
ઘણાં બિંબ પ્રતિષ્ઠા કરી, લખિમી શુભ સ્થાનક વાવરી. ૩૦
એ ઉત્પત્તિ નરની કહિવાય, ધાણધાર પ્રગણાનો રાય.
પ્હાલ પરમાર નામ તરા કહું, અકર અન્યાય તિહાં નહિ લહું. ૩૧

આ જિન પ્રતિમા ક્યાંથી લઇને ખસેડીને ગળાવી હતી તેના સંબંધમાં હીર સૌભાગ્યના પ્રથમ સર્ગના શ્લોક ૭૬ ની ટીકામાં લખે છે કેઃ **अर्बुदशैलाचलदुर्गशिखरस्थ चतुर्वदन प्रासाद मध्यगतैक पित्तलमय प्रतिमा गालणात्** આ ઉપરથી આબુ ગિરિ પરના અચલગઢના શિખરપર ચતુર્મુખ મંદિરમાંથી એક પિત્તલની પ્રતિમા ગાળી હતી એમ જણાય છે. તેણે પાલ્હ વિહાર કરાવ્યો તેમાં પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી કે જેના સ્નાનજલથી પ્રલ્હાદનનો આમ-કુષ્ટ રોગ ગયો. આ મંદિરમાં હમેશાં પાંચસો વીસલપુરી (એ નામનું નાણું) વપરાતું અને જગચ્ચંદ્ર સૂરિના વખતમાં હમેશાં એક મૂડી ચોખા આવતા અને સોળમણ સોપારી આવતી એટલે કે એટલા બધાં માણસો પૂજા અર્થે આવતા કે તેમના તરફથી આવતા ચોખા ને સોપારીનું પ્રમાણ ઉપર પ્રમાણે થતું.

આબુના પરમારોમાં યશોધવલનો પુત્ર ધારા વર્ષ (પ્રલ્હાદનનો જ્યેષ્ઠ બંધુ) એક મોટો પ્રસિદ્ધ અને પરાક્રમી પુરૂષ થયો. તેનું નામ અત્યાર સુધી 'ધાર પરમાર' એ નામથી પ્રસિદ્ધ છે. ગુજરાતના સોલંકી રાજા (પરમાર્હત) કુમારપાલે કોંકણના રાજા (ઉત્તરી કોંકણના શિલારા વંશી રાજા મલ્લિકાર્જુન હોય) પર ચઢાઇ કરી તેમાં આ સાથે હતો અને તે કુમારપાલે ત્યાં (બીજી ચઢાઇમાં) જે વિજય પ્રાપ્ત કર્યો તે ધારાવર્ષના વીરત્વને લઇને થયો. તાજુલ મઆસિર નામના ફારસી તવારીખથી જણાય છે કે હિ. સ. ૫૯૩ (વિ. સં. ૧૨૫૪ ઈ. સ. ૧૧૯૭) ના સફર માસમાં કુતબુદ્દિન ઐબકે

અણહિલવાડાપર ચઢાઈ કરી (ગૂજરાતના સોલંકી રાજા મૂળરાજ બીજાના વખતમાં) તે વખતે આબુની નીચે મોટી લડાઈ થઈ હતી, જેમાં આ ધારાવર્ષ, ગુજરાતની સેનાના બે મુખ્ય સેનાપતિઓમાંનો એક હતો.

આ લડાઈમાં ગુજરાતની ફોજની હાર થઇ, પણ સં. ૧૨૩૫ માં આ જગ્યાએ જે લડાઇ થઇ તેમા શહાબુદ્દિન ઘોરી ઘાયલ થયો અને તેથી હાર પામી તેને પાછા જવું પડયું હતું. આ લડાઇમાં પણ ધારાવર્ષ લડયો હતો. આના રાજ્ય સમયના ૧૪ શિલા લેખ અગર એક તામ્રપત્ર મળેલ છે તેમાં સૌથી પહેલો લેખ સં. ૧૨૨૦ નો અને છેલ્લો સં. ૧૨૭૬ નો મળે છે. આથી ઓછામા ઓછો તેનો રાજ્યકાલ ૫૬ વર્ષ થાય છે. (સિરોહીનો ઇતિહાસ).

આ ધારા વર્ષનો લઘુ ભાઇ પ્રલ્હાદન બહાદુર અને વિદ્વાન્ હતો. તેની વિદ્વત્તાની થોડી ઘણી પ્રશંસા પ્રસિદ્ધ કવિ સોમેશ્વરે પોતાની રચેલી 'કીર્ત્તિકૌમુદી, (અને સુરથોત્સવ) નામના પુસ્તકમાં અને વસ્તુપાલે બનાવેલા આબુપરના મંદિરની પ્રશસ્તિમાં કરી છે. (આ બધાના ઉલ્લેખ સંશોધક મહાશયે પોતાની વિદ્વત્તા ભરેલી પ્રસ્તાવનામાં આપેલ છે; આ પુસ્તક પ્રલ્હાદનની લેખિનીનું ઉજ્વલ રત્ન છે. તે એક વ્યાયોગ છે. સંસ્કૃતમાં નાટય (નાટકો)નાં મુખ્ય ૧૦ પ્રકાર માનેલા છે તેમનો એક 'વ્યાયોગ' છે. વ્યાયોગ કોઈ પ્રસિદ્ધ ઘટનાનો પ્રદર્શક હોય છે અને તેમાં યુદ્ધનો પ્રસંગ આવશ્યક છે, પરંતુ તે સ્ત્રીના નિમિત્તનો ન હોવો જોઇએ. તેમાં એક અંક, ધીરોદ્દાત વીરપુરૂષ નાયક, પાત્રોમાં પુરૂષ અધિક અને સ્ત્રિયો ઓછી અને મુખ્ય રસ રૌદ્ર તથા વીર હોય છે. આ સર્વ લક્ષણો આ વ્યાયોગમાં રહ્યાં છે. એક અંક છે, નાયક વીર પુરૂષ અર્જુન છે. પાત્રોમાં સ્ત્રીપાત્ર માત્ર બે ઉત્તરા અને દ્રૌપદી છે, જ્યારે ૧૩ પુરૂષ પાત્ર છે. મુખ્ય રસ વીર છે. વસ્તુ મહાભારતના વિરાટ પર્વના ગોગ્રહણ પર્વમાંથી લીધેલું છે. અર્જુન પોતાના બંધુઓ સહિત એક વર્ષ ગુપ્ત રહેવાની સરત પાળવા વિરાટ્ નગરમાં ગુપ્ત વેષે ચાકરી રહ્યા છે અને તે નગરની ધેનુઓ (ગાયો) લઇ જવાનો પ્રયત્ન કૌરવો તરફથી કરવામાં આવે છે ત્યારે તે કૌરવ સેનાને હરાવી અર્જુન ગૌને પાછી વાળે છે. આમા અર્જુને કરેલાં પરાક્રમનું વર્ણન આ વ્યાયોગમાં છે. પાટણ જૈન ભંડારમાંથી મળેલ પ્રતમાંથી આ પુસ્તક પ્રકટ થયું છે. રા. દલાલે પ્રસ્તાવનામાં બતાવેલી વિદ્વત્તા અને ઇતિહાસ રસિકતા માટે તેમજ તેમના સંશોધન નૈપુણ્ય માટે સા કોઈ વિદ્વાન્ પોતાનો ઉંચો અભિપાય જાહેર કરશે એ નિઃશંક છે.

છેવટે શ્રીમંત ગાયકવાડ સરકારને આવા વિરલ અને પ્રાચીન ગ્રંથો પ્રકટ કરાવવા માટે ધન્યવાદ આપીએ છીએ.

**પાર્શ્વનાથ ચરિતમ્**--માણિકયચંદ દિગંબર જૈન ગ્રંથમાલા-૪. પૃ. ૧૫૮+૧૮ સં. શાસ્ત્રી મનોહરલાલ મૂલ્ય રૂ. અર્ધ) શક ૯૪૮=સં. ૧૦૮૩ માં વાદિરાજ સૂરિએ સં. પદ્યમાં આ ગ્રંથ બાર સર્ગમાં રચ્યો છે. દરેક સર્ગનાં નામ આપેલ છે. જેમકે અરવિંદ મહારાજ સંગ્રામ વિજય, સ્વયંપ્રભા ગમન, વજ્રઘોષ સ્વર્ગગમન, વજ્રનાભ ચક્રવર્ત્તિ પ્રાદુર્ભાવ, વજ્રનાભ ચક્રવર્ત્તિ ચક્ર પાદુર્ભાવ, વજ્રનાભ ચક્રવર્ત્તિ પ્રબોધ, વજ્રનાભ ચક્રવર્ત્તિ વિજય બ્યાવર્ણન, આનંદ રાજ્યાભિનંદન, દિવ્યેવી પરિચરણ, કુમારચરિત બ્યાવર્ણન, કેવલજ્ઞાન પ્રાદુર્ભાવ, અને ભગવાન્નિર્વાણ ગમન. પ્રારંભમાં કર્ત્તાસંબંધે મળતી હકીકત સંસ્કૃતમાં સંશોધકે શ્રીયુત

નથુરામ પ્રેમીના વિદ્વન્રત્નમાલામાં આવેલા હિંદી ચરિતમાંથી અનુવાદ કરી આપી છે, પરંતુ સાથે સરલ સંસ્કૃતમાં પાર્શ્વનાથચરિત કાવ્યનો ટુંકસાર આપ્યો હત તો ગ્રંથની ઉપયોગિતામાં વધારો થાત.

કાવ્ય કઠિન છે અને ગિર્વાણ સંસ્કૃત ગિરામાં શબ્દનો પ્રભાવ કેટલો બધો છે તે કર્ત્તાએ પોતાના ભાષાપ્રભુત્વથી બતાવી આપ્યું છે. કર્ત્તાએ ચોખું જણાવ્યું છે કે જિનસેનના (હરિવંશ પુરાણ નામના ગ્રંથમાં શલાકા પુરૂષોનાં ચરિત્રો આવ્યાં છે, તો પછી પાર્શ્વનાથ પ્રભુ તીર્થંકર હોઈ એક શલાકા પુરૂષ છે તેથી તેમનું પણ ચરિત્ર તેમાં આવ્યું હોવું જોઇએ) તો શા માટે આ કાવ્ય કર્ત્તાએ તેમના ચરિત માટે રચ્યું. તો તેના સંબંધમાં કવિ કહે છે કેઃ—

**अपि प्रहास्ये मांद्ये मे श्रेयस्कारितया प्रभोः ।**
**कवेयं चरितं तावदर्थी दोषं न पश्यति ॥**
**जडाशयो द्यमपि भव्यं तद्वचनं भवेत् ।**
**यज्जिनाभिमुखं पद्ममभ्यर्कं न तु शोभते ॥**
**अल्पसारापि मालेव स्फुरन्नायकसद्गुणा ।**
**कंठभूषणतां याति कवीनां काव्यपद्धतिः ॥**

મારી (બુદ્ધિની) મંદતા એટલી બધી હાસ્યકારક છે તોપણ કલ્યાણની ઇચ્છાથી પ્રભુનું ચરિત કહું છું કારણ કે ગરજુ (પોતાનો) દોષ જોતો નથી. જડાશય એટલે મૂર્ખ પાસેથી નીકળેલું ભવ્ય વચન સર્વજ્ઞને અભિમુખ હોય તો શોભે છે જેવી રીતે જલાશયમાંથી ઉત્પન્ન થયેલું—શીતગુણવાળા જલમાંથી જન્મેલું પદ્મ અર્ક એટલે ઉષ્ણ ગુણવાળા સૂર્યને અભિમુખ થયેલું હોય તો શું શોભિતું નથી? અલ્પ સાર એટલે ગંધવાળી માળા તેની અંદર પ્રકાશવાળા મણિના સાચા ગુણ હોય તો કંઠને ભૂષણરૂપ બને છે તેવી રીતે અલ્પ સારવાળી કવિની કાવ્યપદ્ધતિ પણ તેની અંદરના પ્રકાશવંતા નાયકના સદ્ગુણો હોય-વર્ણવ્યા હોય તો તેપણ કંઠને શોભાવે છે.

આ કવિ ઉપરોક્ત જિનસેનને જણાવી તેની સ્તુતિ કરે છે તે ઉપરાંત ગૃદ્ધપિચ્છ (ઉમાસ્વાતિ શિષ્ય), દેવાગમ સ્તોત્ર (તત્ત્વાર્થ સૂત્ર મહાભાષ્યના મંગલાચરણરૂપ આપ્તમીમાંસા નામના સ્તોત્રના રચનાર) શબ્દ સિદ્ધિવાળા અને રત્નકરંડક શ્રાવકાચારના કર્ત્તા સમંતભદ્રાચાર્ય, બૌદ્ધોને જીતનાર તર્કવાદી અકલંક, દિગ્નાગ નામા પ્રખર તર્કવાદીને જીતનાર વાદિસિંહ, સંમતિ (તર્ક)ના કરનાર અને તેનાપર વિવૃતિ રચનાર શ્વેતાંબરીય સિદ્ધસેન દિવાકર) જીવસિદ્ધિ અને નાની તથા મોટી સર્વજ્ઞસિદ્ધિ એ ત્રણ ગ્રંથના કર્ત્તા અનંતકીર્તિ, મહા શબ્દશાસ્ત્રી—વૈયાકરણી પાલ્યકીર્ત્તિ (જૈન શાકટાયન) દ્વિસંધાન કાવ્યકરનાર ધનંજય, શૂન્યવાદી બૌદ્ધોને અગ્નિરૂપ પ્રમેયરત્નમાલાના કર્ત્તા—અનંતવીર્ય, શ્લોકવાર્ત્તિકાલંકારના કર્ત્તા વિદ્યાનંદ, અને ચંદ્રપ્રભચરિત કાવ્યના કર્ત્તા વીરનંદીની સ્તુતિ કરે છે. આ પરથી એ સિદ્ધ થાય છે કે આ સર્વ મહાપુરૂષો આ ગ્રંથના રચનાર વાદિરાજસૂરિ પૂર્વે થયા-પાછળતો નહિજ. આ પછી કવિ અહેતુકુપિત દુર્જનનાં વખાણ કરે છે.

अथवाऽस्तु नमस्तस्मै दुर्जनायापि यद्भयात् ।
सप्रयन्नपदन्यासा न प्रमाद्यति मन्मतिः ॥

તે દુર્જનને નમસ્કાર હો, કે જેના ભયથી પ્રયત્નપૂર્વક રચના કરવામાં ઉદ્યુક્ત થયેલી મારી મતિ પ્રમાદી બનતી નથી.

આ દિગંબર આચાર્યકૃત પાર્શ્વનાથનું ચરિત શ્વેતાંબરાચાર્યકૃત ચરિતથી કેટલું ભિન્ન પડે છે અથવા તો દિગંબર શ્વેતાંબર દૃષ્ટિએ પાર્શ્વનાથના ચરિતમાં અરસ્પરસ શું ભેદ છે તે તારવી કાઢવાની જરૂર છે તો કોઈ વિદ્વાન્ તેમ કરવા ઉદ્યુક્ત થશે એમ આશા રાખીશું. કાવ્યની કઠિનતા ઉકેલવા સંશોધકે ફુટનોટમાં કઠિન શબ્દના અર્થ ને ભાવ સમજાવવા પ્રયત્ન કર્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. બારમા સર્ગમાં પ્રભુની સ્તુતિ ઉત્તમ શૈલીમાં કરી છે અને તેમાં ભક્તામર સ્તોત્રના કેટલાક શ્લોકોના આદ્યાક્ષરો દૃષ્ટ થાય છે.

**पार्श्वनाथ चरितम्**—મુનિશ્રી મોહનલાલજી જૈન ગ્રંથમાલા. પૃ. ૧૯૨+૧૨. સં. પંડિત વેલસિંહ. પ્ર૦ હર્ષપરિષદ્–બનારસ.) આ ગ્રંથ સ્વ૦ બાબુ ચુનિલાલ પન્નાલાલના ધર્મપત્ની શ્રીમતી ભીખીબાઇની અર્થ સહાયથી બહાર પડેલ છે તેથી તે બાઇના જ્ઞાન પ્રચારના શોખ માટે તેમને ધન્યવાદ પહેલાં આપવાનું મન થાય છે. શ્વેતાંબર તપગચ્છીય વિજયસેનસૂરિના સમયમાં અમરવિજય તેના કમલવિજયના શિષ્ય હેમવિજયે આ ગ્રંથ સં. ૧૬૩૨ ના ફાગણ શુદ ૫ ને ગુરૂવારે ૩૧૬૦ શ્લોકમાં રચેલ છે. આ કર્ત્તા એક વિદ્વાન્ પ્રખર કવિ હતા એમ કાવ્ય પરથી જણાય છે. તેમણે વિજયપ્રશસ્તિ મહાકાવ્ય બનાવ્યું છે, તેમાં ૧૧ સર્ગ બનાવ્યા પછી તેઓ સ્વર્ગે જવાથી ગુણવિજયગણિએ પાંચ સર્ગ પૂરા કરી તેને પૂર્ણ કર્યું. તેની પ્રશસ્તિમાં તે જણાવે છે કે હેમવિજયના પ્રગુરૂ અમરવિજય તે હેમવિમલસૂરિના વારામાં લક્ષ્મીભદ્રના સંતાનપરિવારમાં થયેલા શુભવિમલના શિષ્ય હતા. લક્ષ્મીભદ્ર તપાગચ્છના મુનિસુંદરસૂરિના રાજ્યમાં હતા કે જેણે રત્નશેખરસૂરિની રચેલી શ્રાદ્ધ પ્રતિક્રમણ વૃત્તિ–અર્થદીપિકા સંશોધી હતી, અને જેણે ૩૬ શિષ્યને દીક્ષા આપી હતી (આમાં ૧૮ તો તત્ત્વપ્રકાશિકા ટીકાના પાઠી હતા). હેમ વિજયના ગુરૂ પંડિત કમલવિજય જબરા વાગ્મી હતા. તેમણે ૭૦ ને દીક્ષા આપી કે જેમાં ૧૫ પંડિત થયા અને બે વાચક થયા. વિશેષમાં તે તપસ્વી હતા યાવજ્જીવ સાતદ્રવ્ય સિવાયના આહાર, પાંચવિકૃતિ, શેરડીના રસથી ઉત્પન્ન થતી વસ્તુઓનો ત્યાગ કરી હમેશાં એક વખત ભોજન કરી એક સૂકું શાક એક માસ લેનાર છઠના ઉપવાસ વગેરે અનેક પ્રત્યાખ્યાન કરનાર હતા. વિદ્યાવિજય તેમાં થયા તે મહાવિદ્વાન હતા અને તેની શિક્ષા પામી ગુણવિજય સાક્ષર થયા. તે વિદ્યાવિજયના સહોદર હેમવિજયના સંબંધમાં તે ગુણવિજય જણાવે છે કે તેમનું કવિ હેમચંદ્રસૂરિ જેવું વાગ્લાલિત્ય હતું અને દેવગુરૂમાં તેમની ભક્તિ પ્રબળ હતી. તેની કવિતારૂપી સ્ત્રી કેને કૌતુકજનક નથી થતી, કે જેનાથી નિષ્કલંક યશ રૂપી પુત્ર પ્રાપ્ત થયો. તેના ગ્રંથોમાં આ ગ્રંથ સિવાય કથા રત્નાકર સં. ૧૬૫૮ અમદાવાદમાં રચ્યો; ઋષભશતક સં. ૧૬૫૬ ખંભાતમાં, કીર્તિકિલ્લોલિની, અન્યોક્તિ મહોદધિ, સૂક્તરત્નાવલી વિજયપ્રકાશ સ્તુતિત્રિદશતરંગિણી,

કસ્તૂરીપ્રકર, સદ્ભાવશતક, ચતુર્વિંશતિજિનસ્તુતિ, વિજયસ્તુતિ, સેંકડોસ્તુતિઓ, અને

છેવટ વિજય પ્રશસ્તિ કે જે હેમવિજયના ગુરૂભ્રાતા વિદ્યાવિજયના શિષ્ય ગુણવિજયે સં. ૧૬૮૮ માં પૂર્ણ કરી. આપરથી જણાય છે કે ૧૬૮૮ પહેલાં હેમવિજય સ્વર્ગવાસ પામ્યા.

કર્તા હેમવિજય આદિજિન, શાંતિ, પાર્શ્વ અને વીર, સરસ્વતી, ગુરૂ, કવિ, સન્તપુરૂષની સ્તુતિ કરે છે. તેમાં વીરપ્રભુ અને કવિ માટે કહે છે કઃ—

वायुनेव तरोः पत्रं चकंपे कांचनाचलः ॥
येनांगुष्टेन संस्पृष्टः स श्री वीरः श्रियेऽस्तु वः ॥
जयन्ति कवयः सर्वे सुरसार्थमहोदयाः
शिवाश्रया रसाधारा यद्गीर्गंगेव तापहृत् ॥

વાદિરાજસૂરિ પોતાના પાર્શ્વનાથ ચરિતમાં દુર્જનની સ્તુતિ કરે છે તેજ પ્રમાણે હેમવિજય પણ સ્તુતિ નીચે પ્રમાણે કરે છેઃ—

दुर्जनो वंदनीयोऽसौ यज्जिव्हाः काव्यदीपिका ।
विना पाषाणखंडं किं श्रीखंडमहिमा भवेत् ? ॥

દુર્જન વંદનીય છે. કારણ કે તેની જીભ કાવ્યને ઉદ્દીપન કરે છે. પથરના કટકા વગર શેરડીનો મહિમા શું થાય ?

કવિ 'પૂર્વ આચાર્યોએ પાર્શ્વપ્રભુનાં ઘણાં ચરિત્રો સ્વ પરોપકાર અર્થે રચેલાં છે છતાં' આ ચરિત્ર લખવાનું કારણ એ જણાવે છે કે "સ્વલ્પ બુદ્ધિવાળા મનુષ્યોને ઉપકારી તેમજ વળી પોતાને સમ્યકત્વરૂપી માણેકની સમ્યક પ્રકારે પ્રાપ્તિ થવા સારૂ શ્રોતાજનોના કાનમાં અમૃતવર્ષાવનાર મેઘસમાન પાર્શ્વદેવનું ચરિત્ર હું યથા દષ્ટિ પ્રકાશું છું."

આ કાવ્ય છ સર્ગમાં વહેંચ્યું છે. તે દરેક સર્ગમાં આવતી હકીકત પ્રસ્તાવનામાં સંશોધકે આપવા કૃપા કરી છે. આ અને વાદિરાજ આદિ દિગંબર આચાર્યોએ રચેલાં પાર્શ્વનાથ ચરિતોમાં વસ્તુભેદ શું છે તે સૂક્ષ્મતાથી તપાસી પ્રકાશ પાડવા વિદ્વાનો પ્રેરાશે તો ઘણું જાણવા જેવું મળી શકશે. શ્વતાંબરોમાં આ સિવાય અનેક આચાર્યોએ પાર્શ્વનાથનાં ચરિત્ર રચ્યાં છે, જેમાં ઉપલબ્ધમાં પ્રાચીનતમ સંસ્કૃતમાં સં. ૧૧૩૯ માં પદ્મસુંદરે રચેલ છે ને પ્રાકૃતમાં સં. ૧૧૬૫ માં દેવભદ્રે રચેલ છે. પ્રકાશિની સંસ્થાઓ યા વ્યક્તિઓને અમારી એ ભલામણ છે કે જ્યાં સુધી પ્રાચીન મળી શકે ત્યાં સુધી અર્વાચીનને અડવું નહિ, કારણ કે મૂલ પ્રાચીનમા જે હકીકતો આવે છે તે વિશેષ વિશ્વસનીય અને પ્રકાશ દેનાર હોય છે.

આમાં સંશોધકે કઠિન અર્થની ટુંક ટિપ્પણિ આપી છે તે ઇચ્છવા યોગ્ય છે. પ્રુફ સંશોધન વિશેષ સૂક્ષ્મતાથી થવું જોઇતું હતું એમ લાગે છે. કાવ્ય સારૂં અને પ્રતિભાવાળું છે.

**પ્રમાણ નિર્ણયઃ**—માણિકચંદ દિગંબર જૈનગ્રંથમાલા પુષ્પ ૧૦. સ. પં. ઇંદ્રલાલ. પૃ. ૮૦ ) વિ. સં. ૧૧ મા થઈ ગયેલા દિ. વાદિરાજ સૂરિએ આ ગ્રંથ રચ્યો છે. તે સૂરિએ રચેલા જે ગ્રંથોનાં નામ જણાયા હતાં તેમ આ ગ્રંથનું નામ હતું નહિ, પણ સુભાગ્યે તે તાર્કિક અને વિદ્વાન્ સૂરિના તર્ક ઉપરનો આ ગ્રંથ મળી આવ્યો છે તે પ્રકટ

કરવાને પ્રકાશને ધન્યવાદ ઘટે છે. ભારતના ન્યાયપર ગ્રંથોમાં જૈનોએ કેટલો ફાળો આપ્યો છે તે ડાક્ટર સતીશચંદ્ર વિદ્યાભૂષણે પોતાના મિડીવલ ઇંડિયન લૉજીકના ગ્રથમા ઘણું સારી રીતે સમજાવ્યું છે. આ ગ્રંથમાં પહેલા પ્રમાણના લક્ષણો શું છે તેનો નિર્ણય કર્યો છે, પછી પ્રમાણના બે પ્રકાર પ્રત્યક્ષ અને પરોક્ષ જણાવી પ્રત્યક્ષ એટલે શું તેનો નિર્ણય કર્યો છે, કે જેમાં પ્રત્યક્ષના સાંવ્યવહારિક અને મુખ્ય એવા બે પ્રકાર અને તેના ઉપભેદ સમજાવ્યા છે. ત્યાર પછી પરોક્ષ પ્રમાણ અનુમાન પ્રમાણનો નિર્ણય કરતાં તેમાં પક્ષ, લિંગ, વ્યાપ્તિ, હેત્વાભાસ વગેરે વર્ણવ્યા છે. છેવટે પોતાની પ્રતીતિરૂપે સુંદર શ્લોક આપે છે કેઃ—

**स्मृत्यादेरनुमाधिय ऽपि च मया हेत्वादिभिः सेतरैः**
**नीते निर्णयपद्धतिं स्फुटतया देवस्य दृष्ट्वा मतम् ।**
**श्रेयो वः कुरुतान्मनोमलहरं स्फारादरं श्राविणां**
**मिथ्यावाद तमो व्यपोह्य निपुणं व्यावर्णितो निर्णयः ॥**

—સ્મૃતિ આદિ ઉપચારાનુમાનની બુદ્ધિવાળા એવા મેં પણ હેતુ આદિથી-હેતુ અને સાધ્ય દૃષ્ટાંતથી તેમજ અન્ય એટલે હેત્વાભાસાદિથી સ્ફુટપણે નિર્ણયપદ્ધતિ લઇ જઇ દેવના મતને જોઇ-તપાસીને મિથ્યાવાદ રૂપી અંધકારને નિપુણતાથી દૂર કરીને આ નિર્ણય પર વિવેચન કરેલું છે તો તે નિર્ણય શીઘ્ર શ્રોતાજનોને ચિત્તના મેલને હરનારૂં અને અત્યંત આદરણીય એવું મંગલ કરો.

ત્યારપછી આગળ-આપ્તોપદેશને ઔપચારિક પ્રમાણ લેખી તેનો નિર્ણય કર્યો છે. આ ગ્રંથ ઘણો ઉપયોગી અને તુલનાત્મક જ્ઞાન આપે એવો ન્યાય ગ્રંથ છે.

**दोधकवृत्तिः**—હેમચંદ્રાચાર્ય ગ્રંથાવલી ગ્રંથાંક ૧. સં. પંડિત ભગવાનદાસ પૃ. ૫૯ મૂલ્ય છ આના. ) શ્રી હેમચંદ્ર સૂરિએ રચેલા શબ્દાનુશાસનના આઠમા અધ્યાયમા અપભ્રંશ ભાષાનુશાસનમા પ્રસ્તાવ કરતાં અપભ્રંશ ભાષાના ઉદાહરણ રૂપે કેટલીક ગાથાઓ આપી છે તે આમાં સંસ્કૃત ટિપ્પણ સહિત આપીને અપભ્રંશ ભાષાનો ખ્યાલ આપ્યો છે. ગૂજરાતી ભાષા અપભ્રંશ ભાષાની પુત્રી છે તેથી તે ભાષાનું બંધારણ સમજવાથી ગૂજરાતી ભાષાની ઘટના પર પ્રકાશ પડે છે. આ કારણે આ પુસ્તક ઘણું ઉપયોગી છે અને તે પ્રસિદ્ધ કરવા માટે બી. બી. એંડ કુંપની-ખારગેટ- ભાવનગરને ધન્યવાદ ઘટે છે. દોધક એ છંદનું નામ લાગે છે અને છપાએલ ગાથાઓને દોધક નામ આપેલું જણાય છે, અને તે પર વૃત્તિ-ટિપ્પણી આપી છે તે પરથી આ ગ્રંથનું નામ દોધક વૃત્તિ રાખ્યું હશે આ બાબત તેમજ આની ઉપયોગિતા સમજાવવા માટે પ્રસ્તાવના લખવાની મહેનત સંશોધકે લીધી હત તો કંઈ જાણવાનું મળત.

The Study of Jainism—શ્રીયુત લાલા કન્નુમલ M.A. પ્ર. આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ-રોશન મહોલ્લા આગ્રા મૂલ્ય આના બાર. ) સ્વ. મહામુનિ શ્રી જીન આત્મારામજી કૃત જૈન તત્વાદર્શ પરથી અંગ્રેજીમાં સારરૂપે અજૈન પણ જૈન ધર્મ અને તત્વજ્ઞાનમ અતિ રસ લેનાર વિદ્વાન મહાશય કન્નુમલજીએ લખેલો આ ગ્રંથ છે તે માટે પ્રથમ ધન્ય છે. તેઓ પ્રસ્તાવનામાં જણાવે છે કેઃ—

Of the ancient religions of India whose origin is lost in

the dim mists of antiquity, the vegy night of time, Iainism is one, complete with its lofty philosophy, sublime moral code and highly-evolved rituals.

—ભારતના પ્રાચીન ધર્મો કે જેનું મૂળ પુરાણુતાની ઝાંખી ઝાકળમાં અગોચર થયું છે તેમાં-સમયના રાત્રિ ભાગમાં જૈન ધર્મ એક એવો ધર્મ છે કે જેના ઉચ્ચ તત્ત્વજ્ઞાન, ઉદાર નીતિની સંહિતા, અને ઉન્નત માર્ગ પર ક્રમે લઈ જવાયેલા ક્રિયાચારથી પૂર્ણ છે.

આમાં પહેલાં જીવાજીવનું સ્વરૂપ સમજાવનાર તત્ત્વજ્ઞાન, પછી અર્હત્ યા તીર્થંકરનું સ્વરૂપ, જૈન સાધુનો આદર્શ, અને જૈન ગૃહસ્થનો આદર્શ—એમ ચાર ભાગમાં વહેંચણી છે. દરેકમાં વિવેચનની શ્રેણી કરતાં સંખ્યા ગણાવવાની શ્રેણી પર કાર્ય લેવાયું છે. તેથી હવે પછી વિવેચન પર જઈ વિષયમાં રસ મૂકવામાં આવશે એમ બીજી આવૃત્તિમાં ઇચ્છીશું. આ પ્રયાસને અમે અભિનંદીએ છીએ.

**ગચ્છમત પ્રબંધ અને સંઘપ્રગતિ અને જૈન ગીતા**—સોળ પેજી પૃ. ૪૮+ ૫૨૬+૩૫ ને. મૂલ્ય એક રૂ. લે૦ શ્રી બુદ્ધિસાગર સૂરિ. પ્ર૦ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, ચંપાગલી. મુંબઇ. ભાવનગર આનંદ પ્રેસ.) આમાં ત્રણનો સમાવેશ છે. ગચ્છમત પ્રબંધ ૩૪૫ પૃષ્ઠનો છે તેમા જૂદા જૂદા ગચ્છોના સંબંધમાં જે મળી આવ્યું છે તે પોતાની શૈલીમાં મુનિશ્રીએ મૂક્યું છે અને તેથી ઇતિહાસ માટે એક સાધન પૂરૂં પાડયું છે. તે માટે તેમનો આપણે ઉપકાર માનીશું, દરેક ગચ્છના સંબંધમાં જે જે મળી આવે તે તે સઘળુ એકજ સ્થળે એકઠું કરીને પ્રમાણપૂર્વક આપવું જોઇએ, જ્યાંથી વળી આવે ત્યાંથી તેનું પ્રમાણ ફુટનોટમાં આપવાથી ગ્રંથ પ્રમાણભૂત બને છે. મૂળ પટ્ટાવલિઓ જો મૂળસ્વરૂપમાં નહિ તો તેના શબ્દશઃ ભાષાંતર રૂપે આપવાથી અને બને તો તેનાપર સંશોધક દૃષ્ટિએ વિચાર કરી તેના સત્યની તુલના કરવાથી ખરેખરૂં ઐતિહાસિક તત્ત્વ પ્રાપ્ત થાય છે. ઐતિહાસિક લેખક તરીકેના ગુણો નામે શૃંખલાબદ્ધતા, પ્રામાણિકતા, તુલનાત્મક દૃષ્ટિથી સમીકરણ, વસ્તુ કે હકીકતનું પૃથ્થકરણ કરી તેમા રહેલા તત્ત્વને ખેંચવાનું કૌશલ વગેરે ઘણા વિરલમાં જોવામાં આવે છે તેનું કારણ અભ્યાસની ખામી, એકાગ્રતાની વિરલતા, અને પાશ્ચાત્ય વિદ્વાનો કે પૌર્વાત્ય પંડિતો ઐતિહાસીક તત્ત્વ કેમ ખેંચે છે તે જોઇ તપાસી તેઓની શૈલીનું અનુકરણ કરવાની આવડતની અપ્રાપ્તિ છે.

આ પુસ્તકમાં થોડી ઘણી હકીકતો પણ એકઠી કરી મૂકવામાં આવી છે તેથી તે જૈન ઇતિહાસનું એક સાધન થયું છે. જૂના ચોપડા, પાનાં, વહીવંચા, પટ્ટાવલીઓ, તામ્રપત્રો, શિલાલેખો, પ્રશસ્તિઓ, યતિઓના પત્રો, વિજ્ઞપ્તિઓ, વગેરે સર્વ, વિહાર કરતાં કરતાં ભંડારમાંથી, શ્રાવકો પાસેથી, મંદિરોમાંથી, યતિઓ પાસેથી મેળવ ની જાગૃત બુદ્ધિથી મળી આવે તેમ છે તો તે લખી એકઠી કરવાનો પ્રયત્ન સર્વ સાધુઓ પોતાના વિહારમાં કરશે, અને માસિક પત્રો દ્વારા પ્રકટ કરાવવાનો પ્રયાસ રાખશે તો ઘણી સામગ્રી ઇતિહાસને માટે મળી આવશે.

બીજો વિષય સંઘ પ્રગતિનો છે તેમાં મુનિઓએ શું શું કરવા યોગ્ય છે અને શુંશું વર્જવા યોગ્ય છે એ સંબંધમાં જે કહેલું છે તે સર્વ મુનિઓએ લક્ષમાં લેવા યોગ્ય છે. છેવટે જૈન ગીતાએ નામ રાખી ૨૫૩ સં. શ્લોકોમાં સામાન્ય બોધ આવ્યો છે.

**જ્ઞાનવિમલ સૂરિકૃત પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ**—ભાગ ૧ લો–સં. મુક્તિવિમલ મણિ. પ્ર. શેઠ જમનાભાઈ ભગુભાઇ અમદાવાદ પૃ. ૪૬+૩૫૬ આઠ પેજ મૂલ્ય બે રૂ. ) પ્રસ્તાવનામાં તપગચ્છીય જ્ઞાનવિમલ સૂરિનું ચરિત્ર અને તેમના નિર્વાણનો રાસ કે જે તેમનાજ એક શિષ્યે બનાવેલો છે તે આપવામાં આવેલ છે. પછી ૪૫ ચૈત્યવંદન અને ત્યાર પછી ૩૬૯ સ્તવનો જ્ઞાનવિમલસૂરિનાં રચેલાં મૂકવામાં આવ્યાં છે. આ સર્વ સંગ્રહ કરી તેને સંશોધી મૂકવા માટે મુક્તિવિમલગણિએ અતિ પરિશ્રમ સવ્યો છે તે પોતાના આદ્ય ગુરૂવર્ય પ્રત્યેની પૂજ્યબુદ્ધિ અને આભારવૃત્તિ દર્શાવે છે અને તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. સ્તવનોમાં કેટલાંક ચોવીશ જિન અને વીશ વિહરમાનજિનપર છે કે જેને ચોવીશી–વીશી કહેવામાં આવે છે, કેટલાંક તીર્થઉપર છે કે જેમાંથી તીર્થ સંબંધી ઐતિહાસિક બિના મળી આવે તેમ છે–દાખલા તરીકે રાણકપુર તીર્થસ્તવન. કેટલાંક પવિત્ર તીથિઓ પર છે, અને કેટલાંક સામાન્ય છે. સામાન્યમાં કેટલાંક ભાવવાહી પદોરૂપે, અને કેટલાંક સાધારણ વર્ણન રૂપે છે. જ્ઞાનવિમલસૂરિને સિદ્ધાચલ ઉપર અત્યંત ઉત્કટ ભાવ હતો. મરણ સમયે પણ તે તીર્થની ભાવના હૃદયમાં લાગી રહી હતી, પણ પરચક્રના ભયથી તે પૂર્ણ ન થઇ. આપરથી જણાય છે કે તેમના મરણ સંવત્ ૧૭૮૨ માં ખંભાતની આસપાસ જરૂર કંઇ યુદ્ધ કે આક્રમણનો ભય હોવો જોઇએ. એમ કહેવાય છે કે સિદ્ધાચલપર જઈ યાત્રા કરીને પાછા વળતાં વળી સૂરિજીનું મન થતું કે સિદ્ધાચલપર જવું–વળી જાય, વળી પાછા આવે અને મુખમાં સ્તવન–સ્તુતિ કવિતામાં ચાલુજ રહે. આ વાતનું પ્રમાણ આ ગ્રંથમાં સિદ્ધાચલપર લખેલાં અનેક સ્તવનો છે. જ્ઞાનવિમલ સૂરિની કવિતાનો સંગ્રહ આદરણીય છે અને એ રીતે રાસાદિ સર્વ કૃતિઓ પ્રકટ થતાં સૂરિજીની કિંમત વિશેષ અંકાશે. પ્રકાશક શેઠ સાહેબ જમનાભાઇને ધન્યવાદ આપીએ છીએ.

**साधुवंदना रास**—પાના આકારે ૨૪+૨=૪૮ મૂલ્ય પાંચ આના. પ્ર૦ દયાવિમલજી જૈન ગ્રંથમાલા. દેવશાને પાડે. અમદાવાદ. ) આ રાસ નયવિમલ ગણિએ સૂરિપદ લઈ જ્ઞાનવિમલસૂરિ એ નામ ધારણ કર્યાં પહેલાં—સંવત ૧૭૨૮ માં રચ્યો છે અને ખાસ ખૂબી તથા મહત્તા એ છે કે જે સાધુ પુરૂષો ગણાવ્યા છે તેના ઉલ્લેખો કે ચરિત્રો ૪૫ આગમ પૈકી કયા અમુક આગમમાં છે તે તેમજ કઈ ટીકાઓમાં કે પ્રકરણમાં છે તે તેનાં નામ સહિત જણાવેલ છે કે જેથી તે તે ગ્રંથમાં જાઇ તેમનું ચરિત્ર વિચારી શકાય તેમ છે. આનો કોષ જો છેવટે આપ્યો હત તો ઘણું યોગ્ય તથા સગવડભર્યું થાત.

**कल्याण-મંદિર સ્તોત્ર ગીતા તથા સિદ્ધાચલ તીર્થરાજ સ્તવન ૧૯**—સં૦ મુનિ મહેંદ્રવિમલ પ્ર૦ ઉપરોક્ત દયાવિમલ જૈન ગ્રંથમાલા. પૃ. ૪૪ મૂલ્ય બે આના. ) આમાં મૂલ કલ્યાણમંદિર સ્તોત્ર આપી તેના દરેક શ્લોક નીચે તેના વિવેચનરૂપે જ્ઞાનવિમલ સૂરિએ રચેલાં ગીત આપેલ છે. આ ગીતમાં કાવ્યત્વ છે—ભાવ છે અને ભક્તિની ધૂનછે. ત્યાર પછી આપેલ સિદ્ધાચળપરનાં ૧૯ સ્તવન કે જે પ્રાચીન સ્તવન સંગ્રહમાં પ્રકટ નહોતા થઈ શકયા તે મૂકયાં છે

**મહુવા જૈન મંડળ.** સં. ૧૯૭૨–૭૩ રીપોર્ટ. ઉદ્દેશ મહુવાની જૈન કોમમાં કેળવણીને વધારવાનો છે. મેંબરોના લવાજમમાંથી ચાર વિદ્યાર્થીને સ્કોલરશિપરૂપે રકમ આપવામાં આવી છે ને એકને અમુક લોન આપી છે. આવી રીતે દરેક ગામ કે શહેર પોતાના પ્રદેશમાં

વસના જૈનોને આવા મંડળ કાઢી કેળવણી પ્રચાર અર્થે સ્કોલરશિપ આપે તો ખરેખર શિક્ષણનો પ્રચાર સારી રીતે અને સરલતાથી થઈ શકે. આવા મંડળ ચિરાયુ રહે એમ ઇચ્છીએ છીએ.

Vegetarian Diet—આમાં મી. રામદાસ પાલ અને મી. ફારીઆના નામના બે ઉમેદવારોએ જીવદયા જ્ઞાન પ્રસારક મંડળ તરફથી લેવાની પરીક્ષા અર્થે લખેલા બે નિબંધો અંગ્રેજીમાં પ્રકટ કર્યા છે. વનસ્પતિ આહાર આરોગ્ય તેમજ સામાજિક સુધારામાં કેટલે અંશે નિમિત્તભૂત છે તે જણાવવાને સ્તુત્ય પ્રયાસ કર્યો છે. ઉક્ત મંડળને આવી નાની ચોપડીઓ કાઢવા માટે ધન્યવાદ ઘટે છે.

**પ્રબુદ્ધ રૌહિણેયમ્**—સંસ્કૃત નાટક. રામભદ્ર મુનિવિરચિત. પ્ર૦ જૈન આત્માનંદ સભા. ભાવનગર. સં. પ્રવર્ત્તક મુનિશ્રી કાન્તિવિજયજી શિ૦ મુનિ ચતુર વિજય શિ૦ મુનિ પુણ્ય વિજય. પૃ. ૪+૭૬. આર્ય સુધારક પ્રેસ–વડોદરા. મૂલ્ય માત્ર બેઆના.) અમને ખાસ આનન્દ એ થાય છે કે ભાવનગરની આત્માનંદ સભા જૈન નાટકોનું સાહિત્ય પ્રકટ કરવા ભાગ્યશાલી થઇ છે, અને તેના સંશોધક તરીકે નાની ઉમરના એક મુનિ છે. અત્યાર સુધીમાં એક પણ જૈન નાટક કોઈ પણ સંસ્થાએ કે વ્યક્તિએ પ્રકટ કરેલું નહોતું અને તેથી અમે કેટલીક વખત તે પર લક્ષ રાખવા સૂચનાઓ કરી હતી. આ નાટકના નિવેદનમાં ના કર્ત્તા રામભદ્રમુનિ પ્રસિદ્ધ શ્રી દેવસૂરિના જયપ્રભસૂરિના શિષ્ય છે, કે જે દેવસૂરિ સં. ૧ ૧૬ ના શ્રાવણ માસના કૃષ્ણપક્ષની સાતમે સ્વર્ગસ્થ થયા તે ઉપરથી, અને આ નાટક પાર્શ્વચંદ્રપુત્ર યશોવીર અને અજયપાલે બંધાવેલા યુગાદિદેવ પ્રાસાદમાં ભજવવામાં આવ્યું હતું કે જેમાના યશોવીરના સંબંધી એક શિલા લેખ જાલોર દુર્ગના એક મંદિરમાંનો મળેલો છે તેમાં સં ૧૨૪૭ વર્ષ જણાવેલ છે. તે પરથી કર્ત્તા રામભદ્ર મુનિનો સમય વિક્રમનો ૧૩ મો શતાબ્દિ છે એટલું નિર્ણીત કરી આ નાટકનુ સંશોધન એકજ પ્રત કે જે પાટણના વાડીપાર્શ્વનાથના ભંડારમાથી સુશ્રાવક વાડીલાલ હીરાચંદ દલાલ દ્વારા પ્રાપ્ત થયેલી તે પરથી કરવામાં આવેલ છે એવું જણાવવા આવેલું છે. ગ્રંથમા શું છે, તે સંબંધી કે જૈન નાટકો સંબંધી ઉલ્લેખવાળી પ્રસ્તાવના ખાસ આવશ્યક છે, છતા તે સંબંધી એક અક્ષર પણ પ્રસ્તાવનામાં નથી, તો હવે પછી સંશોધક મહાશય તે વાત લક્ષમાં રાખશે. અમે આ ગ્રંથમાં શું વિષય છે તે ટુંક રૂપરેખા સાક્ષરશ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ. એ એ. ગૂજરાતી વિદ્વન્માન્ય માસિક નામે વસન્તમાં પોતાના 'ગૂજરાતનુ સંસ્કૃત નાટક સાહિત્ય' એ નામના વિસ્તીર્ણ લેખમાં જે આપી છે તે અત્ર મૂકીશું.

'મહાવીર તથા બુદ્ધના સમકાલીન શ્રેણિકના રાજ્યમાં બનેલા બનાવ ઉપર આ નાટક રચાયેલું છે. રૌહિણેય ચોર રાજગૃહમાં એવી રીતે ચોરી કરે છે કે તે પકડાતો નથી. શ્રેણિકનો પુત્ર અભયકુમાર પોતાના બુદ્ધિના બળથી તેને પકડે છે, પરંતુ તેણે કરેલી ચોરીઓ કબુલ કરાવવાને માટે તેને એક યુક્તિ કરવી પડે છે. એક ઓરડાને ઇંદ્રભુવન જેવો શણગારે છે તથા અપ્સરાને બદલે વેશ્યાઓને મૂકે છે; ચોરને અહીંઆ ઉંઘમાં મૂકી દેછે. રૌહિણેય જાગતાં, વેશ્યાઓ તેણે પૂર્વજન્મમાં કેવાં કામો કર્યા હતાં કે જેથી આ સ્વર્ગ મળ્યું છે તેવુ પૂછે છે. રૌહિણેયના બાપે તેને કોઇપણ રીતે મહાવીરનું વચન સાંભળવું નહિ તેવું કહેલું હતું. પરંતુ એક દિવસ પગમા કાંટો વાગતાં તે કાઢતાં કાઢતાં મહાવીરની દેશના

શ્રવણે પડી હતી. તેમાં દેવતાઓની આંખો મીંચાતી નથી તથા પગ ભોંય પડતા નથી એવું વાક્ય સાંભળ્યું હતું. આ વખતે આ સાંભળેલું કામમાં આવ્યું અને જાણ્યું કે આ કૃત્રિમ સ્વર્ગ ભવન છે. મહાવીરનું એકજ વચન આટલું ઉપકારક માલમ પડવાથી તેણે પોતાની ચોરીઓ કબુલ કરીને દીક્ષા લઈ લીધી."

આ રીતે રૌહિણેય ચોર દીક્ષિત–પ્રબુદ્ધ થયો તે પરથી નાટકનું નામ પ્રબુદ્ધ રૌહિણેય પાડવામાં આવ્યું છે.

આ ગ્રંથનું નામ પ્રબંધ રૌહિણેય એવું નામ જૈન ગ્રંથાવલિમાં આપીને તેના કર્ત્તા તરીકે રામચંદ્ર એમ જણાવેલું છે તે ભૂલ છે. રામભદ્રના નામથી એક પણ બીજો ગ્રંથ જૈન ગ્રંથાવલિમાં જોવામાં આવતો નથી. રામભદ્ર પોતાના ગુરુ જયપ્રભસૂરિને સૈદ્ધાંતિક ગ્રામણિ, અને ત્રૈવિદ્ય વૃન્દારક એ વિશેષણો આપે છે તે પરથી એ જણાય છે કે જય પ્રભ સિદ્ધાન્તોમાં અતિ પ્રવીણ અને ત્રૈવિદ્ય એટલે ત્રણ વિદ્યા નામે વ્યાકરણ, કોષ, માં અતિકુશળ હોવા જોઈએ. તેમના પ્રગુરૂ વાદિદેવસૂરિ ( અજિતદેવસૂરિ ) મહાવાદી તરીકે અતિ પ્રસિદ્ધ છે, કે જેમણે સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં દિગંબર વાદી કુમુદચંદ્રને જીત્યો હતો.

છેવટે આ ગ્રંથથી નાટક સાહિત્યમાં વૃદ્ધિ થઈ છે એ ચોક્કસ છે. કિંમત અતિ અલ્પ છે. છપાવવાનાં ખર્ચ માટે પાટણવાસી અનોપચંદ ગોદડની પત્ની જીવકોર બાઈએ સહાય આપી તે માટે તેણીને ધન્યવાદ ઘટે છે.

**कौमुदी मित्रानंदं**—રામચંદ્ર સૂરિકૃત, સં. ઉક્ત મુનિ પુણ્યવિજય પ્ર૦ પણ ઉપરોક્ત સંસ્થા પૃ. ૪×૧૨૮ મૂલ્ય આના ત્રણ ] આ પણ એક નાટક છે અને તેના રચનાર રામચંદ્ર સૂરિ તે પ્રસિદ્ધ હેમચંદ્ર સૂરિના શિષ્ય છે. રામચંદ્ર સૂરિએ અનેક ગ્રંથો લખ્યા છે તે ગ્રંથોનાં નામ પ્રસ્તાવનામાં આ પ્રમાણે આપ્યાં છેઃ–કાવ્યમાં કુમાર વિહાર શતક કે જે આ સંસ્થાએ અગાઉ પ્રકટ કરી દીધેલ છે. નાટકમાં રઘુવિલાસ, નલવિલાસ, યદુવિલાસ, નિર્ભય ભીમ વ્યાયોગ, સત્યહરિશ્ચંદ્ર, મલ્લિકામકરંદ, વનમાલિકા અને આ–આ પૈકી વનમાલિકાના કર્ત્તા કોઇ અમરચંદ્ર ગણે છે. નાટય ગ્રંથમાં નાટય દર્પણ છે. રામચંદ્ર પ્રબંધશતકર્ત્તા એ નામનું બિરૂદ પોતા માટે વાપરે છે તે પરથી કોઇ એવું માને કે તેમણે સો પ્રબંધો જૂદા જૂદા લખ્યા હશે, પરંતુ એક પ્રાચીન હસ્ત લિખિત પત્રમાં જણાવ્યું છે કે રામચંદ્રકૃતં પ્રબંધશતં દ્વાદશરૂપ નાટકાદિ સ્વરૂપ જ્ઞાપકમ્–એટલે રામચંદ્રે પ્રબંધશત નામનો ગ્રંથ બનાવેલો છે કે જેમાં બાર રૂપક નાટક વગેરેનું સ્વરૂપ છે; તે પરથી રામચંદ્ર પ્રબંધશતકર્ત્તા એ બિરૂદ ધરાવે છે. ન્યાયના ગ્રંથોમાં રામચંદ્રે સવૃત્તિ દ્રવ્યાલંકાર કરેલ છે તેમાં બૌદ્ધ મત ખંડન છે. આ સિવાય રામચંદ્ર એ નામની સામે જૈન ગ્રંથાવલિમાં વિહારશતક હૈમ લઘુ ન્યાસ અથવા શબ્દ મહાર્ણવ, રાઘવાભ્યુદય નાટક, અને સુભાષિત કોશ–એ ગ્રંથો જોવામાં આવે છે ઉપરોક્ત ગ્રંથોમાં નાટયદર્પણ સૂત્ર, અને દ્રવ્યાલંકાર વર્ઈ ગ્રંથમાં ગુણચંદ્રની સહાય લીધી છે. આ ગુણચંદ્ર હૈમ વિભ્રમસૂત્ર ( તથા મહાવીર ચરિત્ર ) ના કર્ત્તા હોઇ શકે છે.

આ ગ્રંથને કર્ત્તા કુતૂહલ સહસ્ર નિધાન, અને નિઃશેષ રસ ભાવપ્રદીપક દ્વિતીય રૂપક જણાવે છે. આ દશાંકી રૂપક કૌમુદી અને મિત્રાનંદની કુતૂહલમયી કથાને અવલંબીને રચેલું

છે. ઉપર જણાવ્યું તેમ બાર રૂપકો રચેલા તેમાં આ બીજું રૂપક છે આ પ્રકટ કરવામાં દ્રવ્યની મદદ આપનાર એક બાઈ છે તે ખુશી થવા જેવું છે. તે બાઇ નામે પાટણના લહેરચંદ્ર ન્યાલચંદની પત્ની વીજકોર બાઇને ધન્યવાદ ઘટે છે. છેવટે અમે એ ઇચ્છીશું કે જૈન આત્માનંદ સભાને પોષી પલ્લવિત કરનારા શ્રીમદ્ આત્મારામજીની શિષ્ય પરંપરા પોતાની વિદ્વત્તાનો લાભ અનેક જૈન ગ્રંથોના સંશોધનરૂપે આપે, અનેક શ્રાવક શ્રાવિકાઓ દ્રવ્યની સહાય પ્રકટ કરાવવા માટે આપે.

**શાન્તિનાથ ચરિત્રમ્**—મૂલ સંસ્કૃત મેઘવિજય ગણી કૃત પ્ર૦ જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા–અંગ્રેજી કોઠી બનારસ સીટી. પૃ. ૧૮૨ સોલ પેજી. મૂલ્ય એક રૂ. ) આ પ્રકાશિની સંસ્થા શ્રીમદ્ આત્મારામજીના પ્રશિષ્ય મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજની પ્રેરણાથી સ્થાપિત થયેલી છે અને તેણે ટુંકા સમયમાં સાત પુષ્પો પ્રકાશિત કરી નાંખ્યા છે, કે જેમાં આ સાતમું પુષ્પ છે. આ ચરિત્રના રચનાર મેઘવિજય ગણી સંસ્કૃત કવિ હતા એટલું જ નહિ પણ શબ્દનો ભંડોળ અને ભાષા ઉપર કાબુ તેમની પાસે એટલો બધો હતો કે આખાને આખા એક કાવ્યના શ્લોકો લઇ તે શ્લોકના એક ચરણ ઉપરથી જૂદી જ વસ્તુવાળું આખું કાવ્ય રચી શકતા, અને તેનો આ નમુનો છે. શ્રી હર્ષ કવિનું નૈષધીય ચરિત્ર એક ઉત્કૃષ્ઠ પ્રતિનું કાવ્ય ગણાય છે અને તેને પંચ કાવ્યમાંના એક તરીકે ગણેલ છે. તેમાં નળરાજા નિષધપતિનું ચરિત્ર છે. તે કાવ્યના એક શ્લોકના એક ચરણ લઈ તેની પાદપૂર્ત્તિરૂપે શાન્તિનાથ પ્રભુનું ચરિત્ર જન્મથી તે નિર્વાણ પર્યન્ત આ કવિએ આલેખ્યું છે. જે જે ચરણ નૈષધનાં છે તેને નાના ટાઇપમાં મૂક્યા છે એ યોજના સારી રાખી છે કે જેથી નૈષધ કાવ્ય સાથે તુલના થઈ શકે, તેમજ તે ચરણ પરથી કેવી રીતે પાદપૂર્ત્તિ કરી છે તેનો ખ્યાલ સુજ્ઞ અને રસિક વાંચકને આવી શકે. પોતે હીરવિજયના શિષ્ય કનકવિજય તેના શિષ્ય શીલવિજય તેના કમલવિજય સિદ્ધિવિજય અને ચારિત્રવિજય, તેના કૃપાવિજય કવિ અને તેના શિષ્ય છે તેમનું ચરિત્ર ટુંકમાં તેના સપ્તસંધાન મહાકાવ્ય કે જે આજ માલામાં ત્રીજા પુષ્પ તરીકે પ્રકટ થયેલ છે તેની પ્રસ્તાવનામાં અપાયેલ છે. આ ચરિત્રમાં વિષમ પદોના અર્થ પણ ફુટ નોટમાં આપવા માટે, આ ચરિત્ર સંશોધિત કરવામાં અને પ્રસ્તાવના લખવા માટે આપણે પંડિત હરગોવિન્દ ત્રિકમચંદ્ર ન્યાય વ્યાકરણ તીર્થે લીધેલા પરિશ્રમ વાસ્તે તેમને ધન્યવાદ ઘટે છે. આવા કાર્યમાં આ શાસ્ત્રમાલા અંગે આત્મા તરીકે આ પંડિતજી કાર્ય કરે છે તેમની સેવા જૈન સાહિત્ય પ્રકાશનને અંગે ઓછી નથી.

**રત્નાકર પચ્ચીસી**—રૉયલ સોલ પેજી પૃ. ૩૨. પ્ર૦ જૈન ધર્મ પ્રસારક સભા ] આમાં પ્રસિદ્ધ રત્નાકર સૂરિ વિરચિત આત્મનિન્દારૂપે હૃદયના ઉત્કૃષ્ટ અને પ્રશસ્ત ભાવથી પૂર્ણ ૨૫ શ્લોકોનું માસ્તર શામજી હેમચંદ્ર દેશાઇએ ગુજરાતી કવિતામાં ભાષાંતર કર્યું છે અને તેનો અર્થ નીચે આપ્યો છે. તે કવિતાને પદ્યાત્મક **રહસ્ય** કહેવું એ વાણીનો વિપર્યય છે. શામજીભાઇએ ગૂજરાતી છંદમાં શ્લોકને અવતારવા સારો પરિશ્રમ સેવ્યો છે, અને આ રીતે વિશેષ કાળજીથી મૂળને અવલંબી આવો પ્રયાસ વધુ વધુ સેવશે તો સારૂં અવતરણ કરી શકશે. એક શ્લોક નવમો લઇએઃ—

**वैराग्य रंगः परवंचनाय, धर्मोपदेशो जनरंजनाय**
**वादाय विद्याध्ययनं च मेऽभूत कियद् ब्रुवे हास्यकरं स्वमीश**

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યનાં રંગો ધર્યાં,
ને ધર્મનાં ઉપદેશ રંજન લોકને કરવા કર્યાં;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઇને બ્હારથી દાંભિક અંદરથી રહું.

આ ભાષાંતરમાં હાસ્યકર એ શબ્દના અર્થનું કં આવતું નથી; વળી ધર્મનાં ઉપદેશ કર્યાં એ પરથી ઉપદેશને નપુંસક લિંગમાં મૂકેલ છે તે વ્યાકરણદોષ છે.

આ પચીશ શ્લોક એવા સુન્દર, ભાવવાહી અને સાચા હૃદયના સાચા એકરાર રૂપે છે કે તેનું પઠન પાઠન કરવાની દરેક ભાઇ બ્હેનને આત્મ શ્રેયાર્થે આવસ્યકતા છે. તે માટે શેઠ ગિરધરલાલ આનન્દજીએ સ્વપૌત્રના શ્રેય નિમિત્તે સભાદ્વારા આની બે હજાર નકલ કરાવી વિના મૂલ્યે પણ 'પઠન પાઠન પ્રતિજ્ઞા' એ શબ્દો રૂપે અચૂક કિંમત રાખી આ બહાર પડાવેલ છે તે માટે તેને ધન્યવાદ આપીએ છીએ.

**શ્રીમદ્ દેવચન્દ્ર-ભાગ ૧**—પૃ. ૨૪×૧૦૨૮×૩૦ લિપિ બાલબોધ રોયલ આઠ પેજી પાકું પુંઠું. પ્ર૦ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, સહાયકર્ત્તા અને મળવાનું ઠેકાણું-વકીલ મોહનલાલ હેમચંદ-પાદરા મૂલ્ય બે રૂ. લુહાણામિત્ર સ્ટીમ પ્રિ. પ્રેસ. વડોદરા.)

ખરતર ગચ્છમાં દેવચન્દ્ર નામના સાધુ અતિ વિદ્વાન્, તત્ત્વગવેષી, સમદષ્ટિ, અને શ્રુતજ્ઞ વિક્રમ અરાઢમી સદીમાં થયા છે. તેમની કૃતિઓ અનેક છે તેમાંથી કેટલીક આ ભાગમાં પ્રકટ કરી છે અને બીજી બીજા ભાગ યા ભાગોમાં પ્રકટ થનાર છે. તેમની જૂદી જૂદી કૃતિઓ પ્રકટ થઇ ગઈ છે, છતાં તે સર્વને એકઠી કરી એકજ સંગ્રહરૂપે પ્રકટ કરવામાં તે મહાત્મા પ્રત્યે ભક્તિભાવ પ્રકટકર્તાએ પ્રદર્શિત કરેલ છે. સંગ્રહમાં કયો ક્રમ રાખવો તેના સંબંધમાં જણાવવું ઘટે છે કે જે જે રચનાઓ જે વર્ષમાં રચાઇ તે પ્રમાણે જ પ્રકટ થાય તો તેથી રચનારના ઉત્તરોત્તર વિચારવિકાસનું માપ પામી શકાય છે. તેમાં પણ તેજ ક્રમ રાખી સંસ્કૃત કૃતિઓ એક સાથે અને ગુજરાતી એક સાથે પણ મૂકી શકાય. આમાં આવો ક્રમ રાખવામાં આવ્યો નથી, તેમ કેવા ધોરણ પર ક્રમ રાખવામાં આવ્યો છે તે જણાવ્યું નથી. દરેક રચના જેટલી જેટલી હસ્ત લિખિત પ્રતપરથી તેમજ પ્રસિદ્ધિ થયેલી કૃતિપરથી શોધિત કરી મૂકવામાં આવી છે તે દરેક હસ્તલિખિત પ્રતની પ્રશસ્તિ તેમજ તે પ્રસિદ્ધ થયેલી કૃતિઓનું સૂચન કરવાની જરૂર હતી. ત્રીજું દરેક ગ્રંથમાંના જૂદા જૂદા વિષયો, ઉપયોગી શબ્દો, અને હકીકતોની વિગતવાર અનુક્રમણિકા પણ છેવટે આપવી જોઇતી હતી. ગ્રંથકારની ચરિત્ર માટે હકીકતો હજુ એકઠી કરવાનો પ્રયાસ ચાલુ છે તો તે બીજા ભાગમાં પ્રકટ કરવાનું વચન ફલીભૂત થાઓ એવી અમો આશા રાખીએ છીએ.

દેવચંદજી મહારાજની સર્વ કૃતિઓ પ્રાપ્ત થશે કે નહિ તે પ્રશ્ન હતો, પણ વકીલ મોહનલાલ ભાઇએ તે માટે જૂદે જૂદે સ્થલે પત્રવ્યવહાર કરી તેમાટે પેપરદ્વારા જાહેરખબર આપી ઘણો પરિશ્રમ સેવ્યો તેને પરિણામે ઘણી ખરી પ્રાપ્ત થઇછે તે પરથી સર્વ પ્રકાશક વ્યક્તિ યા સંસ્થાએ ખાસ ધડો લેવાનો છે કે પરિશ્રમથી કષ્ટસાધ્ય વસ્તુ હમેશાં સાધ્ય થઇ શકે છે. જૂદા જૂદા ગૃહસ્થોએ તેમજ સાધુઓએ જે સામેલગિરી આપી પ્રતો મેળવી આપી છે તેમનો અને આ સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં દ્રવ્યની સહાય આપનારાઓનો ખાસ

આભાર અમો પણ માનીએ છીએ. પુસ્તકમાં લિપિ બાળબોધ વાપરવાથી ગુજરાતી સિવાયના ભાઇબ્હેનોને પણ આ ગ્રંથ ઉપયોગી નિવડશે.

આમાં સંગ્રહ કરેલા ગ્રંથો નામે આગમસાર, નયચક્રસાર, જ્ઞાનમંજરી ટીકા, ગુરૂ ગુણ ષટ્ત્રિંશત્ ષટ્ત્રિંશિકા બાલાવબોધ, ધ્યાન દીપિકા ચતુઃષ્પદી, પાંચ કર્મગ્રંથપર બાલાવબોધ, વિચાર રત્નસાર, છુટક પ્રશ્નોત્તર, કર્મસંવેધ પ્રકરણ, પ્રતિમા પુષ્પ પુજા સિદ્ધિ, અને ગુણસ્થાનક અધિકાર, પૈકી આગમસાર પ્રકરણ રત્નાકરમાં, મોહનલાલ અમરશી તરફથી તેમજ ઉક્ત વકીલ મોહનલાલભાઈ તરફથી છપાયેલ છે, નયચક્રસાર પ્રકરણરત્નાકરમાં, જ્ઞાનમંજરીટીકા આત્માનંદ સભા તરફથી પ્રગટ થયેલ છે. બીજા ગ્રંથો નવીન અમને પ્રગટ થયેલ લાગે છે. આ બધા ગ્રંથોમાં અનેક આગમો, શાસ્ત્રો, અને પુસ્તકોની શાખો ગ્રંથકારે આપી છે તે પરથી જણાય છે કે ગ્રંથકાર દેવચંદ્રનું વાંચન વિશાળ હતું અને મનન પરિશીલનયુક્ત હતું.

આ પુસ્તક ઘણું ઉપયોગી છે, મૂલ્ય ઘણું ઓછું રાખ્યું છે તેથી તેના ખરીદનારા ઘણા મળી આવશે પણ પ્રતિ પાંચસોજ કાઢી છે તેથી જોઇએ તેટલો લાભ જનસમૂહને આપી નહિ શકાય એ માટે અમને લાગી આવે છે. આવાં પુસ્તકોની નકલ એક હજાર કરતાં ઓછી કાઢવીજ નહિ એવો અનુભવ આગમોદય સમિતિને ગણ થયેલ છે.

અમે આ પુસ્તક દરેક તત્ત્વ જિજ્ઞાસુને વાંચવાની ખૂબ ભલામણ કરી તેનો વિજય ઇચ્છીએ છીએ.

**त्रिलोकसार:**—માણિકચંદ ગ્રંથમાલા અં. ૧૨ સટીક સં. પંડિત મનોહરલાલ શાસ્ત્રી, પ્ર૦ માણિકચંદ્ર–દિગંબર જૈન ગ્રંથમાલા સમિતિઃ–પૃ. ૧૦+૪૦૬+૨૦ મૂલ્ય પોણાબે રૂ. મુંબઈ વૈભવ પ્રેસ ) દિગમ્બર સંપ્રદાયમાં નેમિચંદ નામના સાધુ સિદ્ધાન્તચક્રવર્તિ નામના ઉત્તમ બિરૂદવાળા શકની દશમી સદીમાં થઇ ગયા છે. તેમના ત્રણ ગ્રંથો છે નામે 'ગોમટ સાર, લબ્ધિસાર અને આ. આ ત્રણે પ્રમાણભૂત ગણાય છે. આ ગ્રંથમાં છ અધિકાર આપ્યા છે. લોક સામાન્યાધિકાર, ભવનાધિકાર, વ્યંતરલોકાધિકાર, જ્યોતિર્લોકાધિકાર, વૈમાનિકલોકાધિકાર, અને નરતિર્યગ્લોકાધિકાર. આ સર્વમાં આખા વિશ્વની વ્યવસ્થા જૈનો કેવી રીતે માને છે તેનું વર્ણન દિગમ્બરદષ્ટિએ આવી જાય છે. દરેક ધર્મના શાસ્ત્રમાં લોકના સ્વરૂપ સંબંધી માનીનતાઓ આપેલી હોય છે અને તેની સાથે સાયન્સ તેમજ હાલની ખગોળવિદ્યા વગેરે સરખાવતાં ઘણો ભેદ માલૂમ પડે છે. આ ભેદ કેટલો અને કઇ રીતે ઉપશમે તે માટે આવા ગ્રંથોનું અવગાહન કરવું ઘટે છે અને તેમ કરી તે સંબંધમાં વિદ્વાનોએ પ્રકાશ પાડવાની જરૂર છે. ગ્રંથકર્ત્તાનો પરિચય સાક્ષર શ્રી નથુરામ પ્રેમીએ વિદ્વત્તા ભરેલી પ્રસ્તાવનામાં કરાવ્યો છે.

આ પુસ્તકનું સંશોધન, પ્રકટીકરણ, મુદ્રાપન વગેરે ઘણું સારૂં અને અનુકરણીય છે. મૂલ્ય પણ પડતરજ છે. આવા આવા ઉપયોગી ગ્રંથો બહાર પાડવા માટે પ્રકાશક સંસ્થાને ધન્યવાદ આપીએ છીએ.

**कुमारपाल महाकाव्यं**—ચરિત્ર સુંદર ગણિકૃત સં૦ પ્રવર્ત્તક શ્રીમત્ કાન્તિવિજય શિષ્ય મુનિવર્ય ચતુરવિજય પ્ર. જૈન આત્માનંદ સભા–ભાવનગર. પૃ. ૨૪ મૂલ્ય. નિર્ણયસાગર પ્રેસ )

ચારિત્રસુંદરગણિ બૃહત્તપાગચ્છમાં વૃદ્ધપોશાલિક ગચ્છમાં થયા. તેના સ્થાપક વિજય ચંદ્રસૂર મૂલ પ્રસિદ્ધ મંત્રી વસ્તુપાલના હિસાબી કારકુન હતા, અને તેમણે જગચ્ચંદ્રસૂરિ (તપાગચ્છના સ્થાપક પાસે વસ્તુપાલના કહેવાથી દીક્ષા લીધી હતી) તેના પટ્ટ પર ક્ષેમકીર્ત્તિ (કલ્પસૂત્રપર વૃત્તિ કે જે પ્રકટ કરવા યોગ્ય છે તેના રચનાર સં. ૧૩૩૨) આવ્યાં; ત્યાર પછી રત્નાકરસૂરિ થયા કે જેના નામ પરથી તપો ગણ રત્નાકર ગચ્છ નામથી ઓળખાયો, (તેણે શમરાશાહે કરાવેલા શત્રુંજયઉદ્ધારમાં પ્રતિષ્ઠા કરી હતી. સં ૧૩૭૧) તેના અનુક્રમે અભયસિંહ યોગી થયા, અને તેની પાટે જયપુન્દ્ર એટલે જયતિલક સૂરિ અને તેના રત્નસિંહસૂરિ થયા. અને તેના શિષ્ય આ ચારિત્રસુંદર. રત્નસિંહને સં. ૧૪૫૨માં સ્તંભતીર્થમાં મહોત્સવપૂર્વક જયતિલકે સૂરિપદ આપ્યું. રત્નસિંહ સૂરિએ શત્રુંજયપર પ્રતિષ્ઠા કરી છે અને તેમને અહમદશાહ પાદશાહે પગ પુજી માન આપ્યું. સં. ૧૫૦૯ માઘ શુદિ ૫. આ સૂરિના વિદ્વાન્ શિષ્યો ઘણા હતા. તેમાંના ઉદયધર્મે વાક્યપ્રકાશ ગ્રંથ સં. ૧૫૦૭માં રચેલ છે. આ ચારિત્ર સુંદરે આ ગ્રંથ ઉપરાંત આચારોપદેશ, અને મહીપાલ ચરિત્ર રચ્યાં છે, આ પરથી ચારિત્ર સુંદરનો સમય સંવત્ ૧૬માં સૈકાનો પ્રારંભ છે. તેમનો આચારોપદેશ ગ્રંથ પણ આ પ્રકાશિની સંસ્થાએજ પ્રકાસિત કરેલ છે, કે જેમાં શ્રાવકના આચાર એટલે દિન કૃત્યનું નિરૂપણ કર્યું છે.

આ કુમારપાલ ચરિત્રમાં ગૂજરાતના તખ્તપર સિદ્ધરાજ જયસિંહ પછી વિરાજનાર પરમાર્હત કુમારપાલ રાજાનું ચારિત્ર છે. તેમનો જૈનશાસનપર એટલો બધો ઉપકાર છે કે તેમના ગુણાનુવાદ કરવામાં અનેક વિદ્વાનોએ કાવ્યો રચ્યાં છે. તેમાંનું જિનમંડન સૂરિકૃત કુમારપાલ પ્રબંધ નામે આજ પ્રકાશિની સભાએ મૂલ બહાર પાડી સમાજપર ઉપકાર કરેલ છે. આ સંબંધમાં વિશેષ માહિતી મેળવવા માટે અધ્યાત્મ પ્રસારકમંડળ તરફથી હીંદીમાં બહાર પડેલ કુમારપાલ ચરિતની પ્રસ્તાવના જોવા વાચકને ભલામણ કરીએ છીએ. કુમારપાલ ગાદીપર સં.–૧૧૯૯ માં આવ્યા અને દેવગત સં.–૧૨૩૦ માં થયા. ત્યાર પછી લગભગ ચારસો વર્ષે આ ગ્રંથ ચારિત્રસુંદરે પણ રચ્યો છે, અને રચવાના કારણમાં નમ્રતાપૂર્વક જણાવે છે કે:—

**काव्यालंकृतिनाटकेषु रसिकस्वान्ताम्बुजाह्लादिनी**
**नास्माकं पटुतास्ति निर्मलतरा शाब्दे न मार्गे रतिः ।**
**नार्थेष्वप्यतिनिष्ठता परमिमां कर्त्तुं कृतार्थां गिरं**
**चौलुक्योरु चरित्र कीर्तनविधौ धन्ये प्रवर्तामहे ॥**

આટલું જણાવી આ ગ્રંથ પ્રસિદ્ધીમાં લાવનારાઓને ધન્યવાદ આપી એટલું ઇચ્છીએ છીએ કે આવા ઐતિહાસિક ગ્રંથોનાં ભાષાંતરો સોંઘા ભાવથી જનસમાજને પ્રાપ્ત કરાવવા આ સભા જરૂર પ્રયત્ન કરશે.

**જૈન દર્શન**—પ્રં૦ દેવચંદ દામજી શેઠ, અધિપતિ જૈન સં. ૧૯૧૪ પૃ. ૨૩૫ મૂલ્ય સવા રૂપિયો. આનંદ પ્રિં૦ પ્રેસ] આમાં દશ નિબંધો છે તેમાં બે જન સાધુના, ચાર સ્વ૦ વીરચંદ રાઘવજીના અંગ્રેજી લેખોના ભાષાંતર, અને ચાર જૈનેતર વિદ્વાનોના છે. આમાંના કેટલાક લેખો વિચારવા જેવા છે; મુનિ વિનયવિજયજી કે જેમને આ પુસ્તક અર્પણ કર-

વામાં આવ્યું છે તેનો ગુણપ્રશંસા નામનો ઉપદેશાત્મક લેખ છે તેને 'જૈનદર્શન' એ નામ વાળા ગ્રંથમાં આવશ્યક સ્થાન નથી. તે મુનિનું જીવન પણ આ પુસ્તક સાથે જોડવામાં આવ્યું છે. તે પરથી જણાય છે કે તે મૂળ સ્થાનકવાશીમાં દીક્ષિત થયેલા વીરજીસ્વામી હતા અને હેમણે 'સંજમમાં શંકા' થવાથી વીરવિજય ઉપાધ્યાય પાસેથી પોતાનાં સંદેહનું નિવારણ થવાથી મૂર્ત્તિપૂજક સાધુ તરીકે દીક્ષા લઈ વિનયવિજયજી એ નામ ધારણ કર્યું. તેમનો વ્યાખ્યાનસંગ્રહ નામનો ગ્રંથ હમણાં પ્રસિદ્ધ થયેલ છે તે પરથી જણાય છે કે તેમની ઉપદેશ શૈલી લોકરંજની છે. જૈનેતર વિદ્વાનોના લેખો વાંચવાથી ઘણું જાણવાનું મળે છે તો શ્રીયુત તિલક વિદ્યાભૂષણ વગેરેના લેખોનું એક બીજું પુસ્તક પ્રકાશક પ્રકટ કરશે એવી આશા રાખીશું. જૈન પત્રના ગ્રાહકોને આ ભેટ આપી છે. રા. દેવચંદ દામજીને આ ગ્રંથ પ્રકટ કરવા માટે ધન્યવાદ આપીએ છીએ.

**सुपासनाह चरिअं**—પ્રથમ અને દ્વિતીય ભાગ–દરેકનું મૂલ્ય રૂ. બે. સંશોધક સંસ્કૃત સંસ્કરણ સહિત–પંડિત હરગોવિન્દદાસ ત્રિકમદાસ શેઠ ન્યાય વ્યાકરણ તીર્થ જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા પુષ્પ ૪ તથા ૬) આ પ્રાકૃતમાં શ્રી લક્ષ્મણ ગણિએ રચેલો કાવ્ય ગ્રંથ છે કે જેમાં મૂલ ચરિત્ર સાથે અનેક કથાનકો સંકલિત કર્યા છે. પ્રથમ ગ્રંથકાર આદિ નાથ, વીર, તીર્થંકર, ગુરૂ, શ્રુતદેવી, સરસ્વતીને નમસ્કાર કરી પછી ત્રણ ગ્રંથકાર આચાર્યોની સ્તુતિ કરે છે તેમાં પહેલાં તરંગવતી કે જેનાથી બીજા અનેક પ્રબંધો મધુરતાને પામ્યા, તેના રચનાર (પાદલિપ્તાચાર્ય) બીજા હરિભદ્રસૂરિ કે જેના ઘરને આંગણે પ્રફુલ્લ રસભાવથી પૂર્ણ એવી વાણી દીર્ઘકાલ નૃત્ય કરે છે તે, અને ત્રીજા જીવદેવ કે જેની વાણી પ્રાકૃત પ્રબંધ કરનારા કવિયો જેમ દેવો મંદાર મંજરીને શ્રવણપથે લઈ જાય છે તેમ પોતાના શ્રવણે સ્વતઃ લઈ જાય છે–સાંભળે છે તે પાદલિપ્તાચાર્ય વીરાત્ ૪૬૭ માં વિદ્યમાન હતા. જીવદેવ તે વાયટ ગચ્છમાં થયેલા તે કે બીજા તે કંઈ કહી શકાતું નથી. આ કથાનો રચ્યા સંવત્, પ્રશસ્તિ છેવટના પ્રસિદ્ધ થવાના ભાગમાં આવશે એટલે તે જાણ્યા વગર કહી શકાય તેમ નથી, તેમ કર્ત્તા નો પરિચય મળે તેમ નથી, પણ જૈન ગ્રંથાવલિમાં રચ્યા સં. ૧૧૯૯ આપેલ છે.

આમાં પહેલો પૂર્વભવ પ્રસ્તાવ, બીજો જન્માદિ પ્રસ્તાવ, ત્રીજો કેવલ પ્રસ્તાવ આપેલ છે તેમાં સુપાર્શ્વનાથના પૂર્વભવ, જન્મ અને દીક્ષા તથા કેવલજ્ઞાન પ્રાપ્તિ સુધીની હકીકત સમાવી છે. ત્યાર પછી ભગવાન્ ધર્મકથા કહે છે તેમાં સમયક્ત્વપર ચંપકમાળા કથા, સમ્યક્ત્વમાં શંકા ઉપર મણિસિંહ મણિરથ કથાનક, આકાંક્ષાપર સુન્દર કથા, વિચિકિત્સાપર ભાનુભાસ્વર વિપ્રનું કથાનક, પાખંડિ સંસ્તવપર ભીમકુમારનું ઉદાહરણ, અને પાખંડિપ્રશંસા પર મંત્રિતિલકનું સ્થાનક આ પ્રમાણે સાતિચાર સમ્યક્ત્વપર કથાનો સમાસ થાય છે. પછીના પ્રસ્તાવમાં સ્થૂલ પ્રાણાતિપાત નિરતિચાર પ્રથમ અણુવ્રતના ફલના દૃષ્ટાંતરૂપે વિજય ચંદ્ર રાજા, પ્રાણાતિપાત વિરતિ પ્રથમ અતિચારના વિપાકપર બન્ધુરાજ, તેના બીજા અતિચાર વધના દૃષ્ટાંતે વિપ્ર શ્રીવત્સ, ત્રીજા અતિચાર પર રાહડમંત્રી, ચોથા અતિચાર પર સુલસશ્રેષ્ઠિ અને પાંચમા અતિચારપર સિંહમંત્રીના દૃષ્ટાંત આપેલ છે અને આ રીતે સાતિસાર પ્રથમ અણુવ્રત પુરૂં થાય છે અને તે સાથે પ્રથમ ભાગ પૂરો થાય છે.

બીજા ભાગમાં બીજા અણુવ્રતપર કમલશ્રેષ્ઠિ,–તેના પહેલા અતિચારપર ભવનપતાકા,

બીજા અતિચારપર ધરણ, ત્રીજા પર મદન, ચોથા પર પદ્મ વણિક ને પાંચમા પર બંધુદત્ત, એમ કથા કહી બીજું અણુવ્રત સમાપ્ત કર્યું આ રીતે છેવટે ભોગ પરિભોગ વ્રત ઉપર વિશ્વસેન કુમાર કથાનકથી આ બીજો ભાગ સમાપ્ત થાય છે. આ બંને ભાગમાં આ સંબંધી વિષયાનુક્રમણિકા આપી હત તો યોગ્ય હતું.

હવે વિસ્તૃત પ્રસ્તાવના સહિત ત્રીજો ભાગ બહાર પડશે તેની રાહ જોઇશું અને આ માલાનો વિજય ઇચ્છીશું.

**જૈન સ્ટુડન્ટસ એસોસીએશન**—તેના નિયમો—આ નામની સંસ્થા સને ૧૯૧૫ ના સપ્ટેમ્બરમાં સ્થાપિત થઈ છે. પ્રમુખ ભોગીન્દ્રરાવ ર. દિવેટીયા બી. એ કે જે વિદ્યાર્થી વર્ગને યોગ્ય માર્ગે દોરવામાં અથાગ પરિશ્રમ અને રસ લેતા હતા તો સ્વર્ગસ્થ થવાથી ભારે ખોટ પડી છે. ઉદ્દેશ સામાન્ય ઉંન્નતિ માટે ભાષણોની ગોઠવણ, અરસપરસ વિદ્યાર્થી સમૂહમાં એકત્રતા વધારવા, વગેરે સંસ્થાને અનુકૂળ રાખ્યા છે. સભાસદોની અમુક ફી રાખી કાર્ય ચલાવવામાં આવે છે—પ્રયાસ સ્તુત્ય છે. હાલના વિદ્યાર્થીમાં વ્યક્તિવાદ, ઉચ્છૃંખલતા અને અવિનય, તોછડાઈ અને જ્ઞાનનો ફાંકો વગેરે દૂષણો જોવામાં આવે છે એવી જે ફર્યાદ કરવામાં આવે છે તે નિર્મૂળ કરવા આવી સંસ્થાઓ પ્રયત્ન કરશે એમ અમે ઇચ્છીએ છીએ. નામ અંગ્રેજી ન રાખ્યું હત તો ઇષ્ટ હતું.

**मनुष्य कर्त्तव्य-(श्री जैनमार्ग दर्शन)** મૂલ્ય પોણો આનો પૃ. સોળ પેજી ત્રીશ, આ અંબાલા શહેરમાં આવેલ આત્માનંદ જૈન ટ્રેકટ સોસાયટી તરફથી ટ્રેકટ નં. ૨૭ છે. પ્રકાશિની સંસ્થાએ ખ્રીસ્ટી નામ ઉપરથી અંગ્રેજી નામ પોતાનું રાખ્યું છે તે ઇષ્ટ નથી. આ ચોપાનીયું માત્ર ઉપરછલી જૈન ધર્મ સંબંધી કંઇક હકીકત પૂરી પાડે છે. હિન્દીમાં પુસ્તકોની ત્રુટી ઘણી છે તેથી આવા પ્રયાસો પ્રથમના હોય તે ઠીક, પણ હવે જમાનાને અનુસરી દરેક બાબત સૂક્ષ્મતાથી બુદ્ધિગમ્ય દલીલો પૂર્વક સંપૂર્ણ હકીકત સહીત બહાર પાડવાની જરૂર છે. જૈન ધર્મની એકેક બાબત એક પુસ્તકાકારે મૂકાય તેમ છે. જેમકે ત્રણ તત્ત્વ નામે દેવ, ગુરૂ, અને ધર્મતત્ત્વ, ગૃહસ્થધર્મ, વગેરે. આમા ભાષાની અશુદ્ધિ છે, તેમ છાપખાનાને લઇને પણ થયેલી ભૂલો છે. ધર્મને બદલે ધર્મ, ષટ્કર્મ ને બદલે ષદ્કર્મ, વિરતિ ને બદલે વિરત્તિ વગેરે. આવાથી જિજ્ઞાસા પૂરી થાય તેમ નથી.

---

# प्रभावर्ता.

### શ્રી રાગ.

એક દિન રાણી મન ઉલ્લાસઇ,
આંગી જિનતનિ રચિત વિશેષ,
સતરભેદ પૂજા વિધિ કરતી,
મંડતિ નાટારંભ અશેષ.
પ્રભાવતી નાચતિ પ્રભુ આગલિ
હરિલંકી હરિ પ્રિયા સમાન,

ચતુર ચારૂ કલ દિખાવતિ,
રાખતી સ્વર ષડ્જાદિક માન-ધ્રૂપદં.
ચોલી ચીર કસી વર ચરણી,
સારી સારસ કલ શૃંગાર,
પાએ ધમ ધમ ઘૂઘર ધમકાવનિ,
ઝણુઝણુઝણુણુ ઝંઝર ઝમકાર. ૨ પ્રભાવતી.
ચરણુ ચાલવતી ચચપટ છંદઇ
સારી ગમ પધતિ સુસ્વર અભિરામ,
તિંનનન તિંનનન તેંઉ આલવતિ,
ગાવતિ મધુર વીર ગુણુ ગ્રામ. ૩ પ્રભાવતી.
ધધિકટ ધિકટ ધિકટક મદ્દલ,
દમ દમ દોં દોં તિવિલ વિચિત્ર,
તંતી તાલવંશ સિરિ મંડલ,
વાજતિ ચારૂ વિવિધ વાજિત્ર. ૪ પ્રભાવતી.
સુર નર ચિત મોહતિ ચંચલદગ,
દિઇ ભમરી તવ અમરી રૂપ,
સારી ગમ ગરિ ગમરિ ગગમરિ,
વીણા નાદ વજાવતિ ભૂપ. ૫ પ્રભાવતિ.
બોધિ બીજ વિમલ તિમ અનુદિત,
પ્રભાવતી જિન ભક્તિ કરેવિ,
નયસુંદર સંતત ગુણુ ગાવતિ,
પાવતિ પુણ્ય નિચય તેણિ એવિ. ૬ પ્રભાવતિ.

ઇતિ શ્રી નાટારંભ પ્રબંધ બદ્ધ ગીતમ્.—કવિ નયસુંદર.

---

## आनंदघननुं एक अप्रसिद्ध पद.

### સોરઠ.

કંત ચતુર દિલ જ્યાંની હો મેરે, જ્યોં હમ ચીની સો તુમકીની
પ્રીત ચોર દોય યુગલ મહિલમેં, વાત કછુ નહી છાંની— હો મેરે. ૨
પાંચ રૂ તીન ત્રિયા મંદિરમે, રાજ કરે રાજધાની હો,
એક ત્રિયા સબ જગ વસ કીનો, જ્ઞાનખડગ વસ આની હો— મેરે. ૩
ચ્યાર પુરૂષ મંદિરમેં ભૂખે, કબહું ત્રિપત ન આંની હો,
દસ અસીલ ઇકિ અસલી બૂઝે, બૂઝયો બ્રહ્મજ્ઞાની હો. મેરે. ૪
ચ્યારૂ ગતિમેં રૂલતાં બીતે, કર્મકી કિનહું ન જાની,
આનંદઘન ઇસ પદકું બૂઝે, બૂઝયો ભવિક જન પ્રાંણી. હો મેરે. ૫

---

# बारबोल सझाय.

## રાગ ગોડી.

સરસતિ માત મયા કરો, ભવિ પ્રાણી રે,
નિરમલ મતિ ઘો સાર, ભાવ મનિ આણી રે;
શ્રી હીરવિજય ગુરૂ વયણુડા ભવિ० પભણું તે સુવિચાર ભાવ० ૧
બાર બોલ ગુરૂ હીરનાં, ભવિ० સુણુયો અમિય રસાલ ભાવ.
(૧) કઠિન વચન નવિ બોલીઇ ભ० કહિનઇ ન દીજેં ગાલિ ભા० ૨
(૨) બોલ બીજેં ગુરૂ હીર ભણોં ભ० ભાવેં સુણો નર નારિ ભા.
જૈન વિના જે પ્રાણિયા ભ० ધરમ કરિં ઉદાર. ભા० ૩
અલ્પ કષાય વિનય વહેં ભ० વલી કરેં ઉપગાર ભા.
તે અનુમોદવું જે કહ્યું ભ० શાસ્ત્ર તણેં અનુસાર ભા० ૪
તો પર પક્ષી જૈનના ભ० માર્ગાનુસારી જેહ ભા.
અનુમોદવું વલી કિમ નહી ભ० પુણ્યકાજ સવિ તેહ ભા० ૫
(૩) શાસ્ત્રી સંબંધી પ્રરૂપણા ભ० નવી ન કરવી કોઈ ભા.
ગચ્છપતિનેં પૂછયા વિના ભ० બોલ ત્રીજો એ હોઇ ભા० ૬
(૪) કેવલ શ્રાવક થાપીઓ ભ० બીજું દિગંબર ચૈત્ય ભા.
ત્રીજું નીપનું જે હોઇ ભ० દ્રવ્ય લિંગીનેં વિત્ય. ભા० ૭
એહ વિના બીજી જીકે ભ० બોલવો થઈ જે ચૈત્ય ભા.
નમતા નેં વલી પૂજતાં ભ० શંકા ન કરવી ચિતિ. ભા० ૮
(૫) અવંદનીક વલી ત્રિણી કહી ભ० પૂરવેં પ્રતિમા જેહ ભા
સાધુતણેં વાસેં કરી ભ० પંચનેં વાંદવી તેહ ભા० ૯
(૬) બોલ છઠે કહી સાધુનેં ભ० પ્રતિષ્ઠા શાસ્ત્ર મઝારિ ભા.
(૭) સ્વજનાદિક કોઇ કારણેં, ભ० સાતમો બોલ ઉદાર ભા० ૧૦
પરપક્ષે સામિવચ્છલેં ભ० તેડેં જિમવા કાજેં ભા.
પુણ્ય ફોક ન હુઇ તે વલી ભ० ઇમિ કહેં ગુરૂરાજ ભા० ૧૧
(૮) આઠમેં નિન્હવ નવિ કહ્યા ભ० અવર ન કહીઇં કોઈ, ભા.
(૯) નોમેં ચર્ચા ઉદીરણા ભ० મકરો પર પક્ષીસ્યું સોઈ ભા० ૧૨
(૧૦) શ્રી વિજયદાન સૂરીશ્વરેં ભ० વિસલનયર મઝારિં.
કુમતિ કુદ્દાલ ગ્રંથ બોળીઓ ભ० પેખંતા નર નારિં. ભા० ૧૩
વચન અરથ તે ગ્રંથના ભ० જિણિ ગ્રંથે આણ્યાં હોઇ ભા.
દસમેં બોલેં કહ્યું ભ० અપ્રમાણુ તિહાં સોઇ. ભા० ૧૪
(૧૧) પરપક્ષી સાથેં વલી ભ० જે કોઇ યાત્રા જાઈ ભા.
ઇગ્યારમો બોલ કહિં હીરગુરૂ, ભ० યાત્રા ફોક ન થાઈ ભા० ૧૫
(૧૨) પરપક્ષી જે જોડિયાં ભ० સ્તુતિ સ્તવનાદિ જેહ ભા.
પૂરવાચાર્યે આદર્યા, ભ० માંડી લેં કહેતાં તેહ ભા० ૧૬
પાલેં પલાવેં એ બાર બોલ ભ० શ્રી વિજયદેવ સૂરીંદ ભા०
તસપદ પંકજ સેવતાં ભ० સકલ સંઘ આણુંદ ભા. ૧૭

# ऐतिहासिक पत्रो.

## ૧.

(જૂદાં જૂદાં શહેર વસવાની તિથિ તેમજ બીજી હકીકત.)

સં. ૧૧૧૫ નાગોર કોટ મંડાણો વૈશાખ સુદ ૩ ( ) ઠે વાસિદાહિમે.

સં. ૧૨૧૨ રાવલ જેસે જેસલમેર વસાયો. શ્રાવણ શુદ ૧૨

સં. ૧૧૮૧ ફલોદી પાર્સ્વનાથ દેવલરી થાપના હુઈ.

સં. ૧૨૦૨ અજેયાસાર અજમેર વસાયો સહી.

સં. ૭૦૩ દિલી તુવર વસાઇ અનંગપાલ તુઅર.

સં. ૧૩૧૩ અલાવદી પાતસાહ જાલોરગઢ થા લડીયો. વીરમદે કાંમ આયો.

સં. ૧૫૦૦ રાણો ઉદૈસંઘ ઉદૈપુર વસાયો.

સં. ૧૨૧૫ સેહસમલ દેવડે સીરોઈ વસાઈ.

સં. ૧૫૧૫ જોધપુર વસાયો જોધૈરાવ જેઠ સુદ ૧૧

સં. ૧૫૪૫ વીકાંનેર વસાયો. રાવ વીકૈ જોધારૈ બેટૈ.

સં. ૧૫૪૫ ફલોદીરો કોટ કરાયો હમીર નરાવત.

સં. ૧૬૪૫ નવો કોટ વીકાનેરરો કરાયો. રાજા રાયસંઘજી. કાંમદાર કરમચંદ બછાવત કરાયો.

સં. ૧૬૧૬ અકબર પાતસાહ અકબરાબાદ કોટ કરાયો, આગરો જમુના નદી રૈ ઉપરૈ હુતો.

સં. ૧૬૨૪ ચિતોડગઢ પાલટીયો પાતસાંહી અકબર પાલટીયા. જૈમલઇસર મેડ-તીયો કાંમ આયો.

સં. ૧૧૦૦ નાહડરાવ મંડોવર વસાયો.

સં. ૧૪૭૧ અહમદ પાતસ્યાહ અહિમદાવાદ વસાઈ.

સં. ૧૬૪૪ પતિસાહ અકબર અહમદાબાદ લીધો.

સં. ૧૬૬૮ કિસનસંઘ રાજા (કિસનસંઘ રાજા) કિસનગઢ વસાયો.

સં. ૧૨૪૦ રાજા કુમારપાલ હુઓ જઇન ધરમ રાખીવો.

સં. ૧૧૯૩ વિમલ મંત્રીસર હુઆ આબુ દેહરા કરાયા.

સં. ૧૨૯૩ વસ્તપાલ તેજપાલ હુઆ. આબુ જાત્રા કરનૈ આબુ ઉપર દેહરા કરાયા વીરધવલ વાઘેલારા કામદાર હુઆ પગેપગે નિધાંન હુઆ વરસ ૩૬નો આઊખો હુઓ.

સં. ૧૫૯૯ દુદૈજી મેડતો વસાયો. આગૈ માંનધાતારો હુતૈ.

સં. ૧૫૫ જાંમ નવોનગર વસાયો હલારમૈ.

સં. ૧૭૩૫ ઓરંગાવાદ વસાયો ઓરંગસા પાતસ્યાહ

સં. ૧૭૮૩ સવાઇ જેસંઘ જૈપુર વસાયો.

સં. ૭૦૭ રાજા વીર નારાયણ સિવાંણોગઢ કરાયો.

સં. ૬૦૫ ચિત્રાંગ દસોરીયો ચિત્રોડ વસાઈ

ઇતિ શ્રી ગાવોટરી વીગત સંપુરણું સં. ૧૮૨૨ ગાંવ દીયાવડ નાગોરરી પટી કુંપાવત રાજ શ્રી ઠાકુર સીવકરણુજી લુણકરણોત લુણકરણુ કેસરસંધોત કેસરસંધ સબ ભઞે. મોત સબલસંધ દલપત સંધોતરી સીવકરણુજી દેકવરઃ ૨ા ચૈનસંધજી કુંબારકનજી દુવારસેરસંધ કુવાર પ્રથીરાજ.

## ૨

સં. ૮૮૦ દેહરા પ્રતિમા ધર્મનઇ ખાતે કરાયા સંપ્રતિરાજા.

સં. ૬૦૯ દિગંબર થયા પ્રથમ ભગવંત પછી હુઆ કીત.

પ્રથમ ગચ્છ નહિ કોઇ સહૂ કોઇ સાધ કહંતા,
પાર્શ્વનાથ ગણધાર તીકે પૂજાયાં મંતા;
શ્રી માહાવીર સંતાન સાધુ ક્રિરિયા અતિસારી,
રાજા દુરલભની સભા મઝિ અતિ ચરચા ભારી.
હાર્યા તિકે કવલા કલ્યા જીત ખરતર જાણીયા,
ગછ દોય તિણ કાલમે સહૂ સંધે વખાણીયા. ૧
સંવત બાર ચોવીસ ( સં. ૧૨૨૪ ) નગર પાટણ અણુહલપૂર,
હૂવો વાદ સુવિહિત ચૈત્યવાસીસું બહુ પરિ;
દુરલભ રાજા સનમુખ જિણ હેલૈ જીતો.
ચૈત્યવાસ ઉથાપ દેસ ગુજ્જરહિ વદિતો,
સુવિહિત ગછ ખરતર વીરૂદ દુરલભ રાજા તિહાં દિયો;
શ્રી વર્દ્ધમાન પાટૈ તિલકસરિ જિણેસર ગહગહ્યો, ૨
તાસ પરંપર પુનઃ હૂવા ગિરૂઆ ગુણે ગંભીર,
પર ઉપકારી પરમ ગુરૂ અભય દેવ ગુણ ધીર. ૧

સં. ૭૦૦ માનતુંગાચાર્ય ભક્તામર કર્તા.

સં. ૧૦૦૮ પોષધસાલા ૮૪ ગચ્છે બાંધીનૈ બેઠા તીવાંરે પછી જે વીરલા સાધુ વનખંડ વાસી રહ્યા. સાધુ શ્રાવકની પૂજા નહી તિવારે.

સં. ૧૨૦૪ ખરતરા વનવાસી દેવતા સાંનિધ્યે અણુહિલ પૂર પાટણે આવ્યા. નગરનૈ લોકે મહાકષ્ટધારી દેખીનૈં વાંધા.

તિવારે પોષધ સાલાનામ થેનાંનૈ કોઈ ન માનૈ. તરે પોષધ સાલિયાં ખરતર વનવાસીયાંસું ત્રિવાદ વિગ્રહ ઘણો કરણો માંડયો. પોષધ સાલીયા દુર્લભ રાજાને પૂકાર્યા. રાજાયે સગલા ભેગા કરી ન્યાય કરીયો. પોષધ સાલીયાનૈ હાર્યા દેખી કવલાનામ દીયો ને વનવાસીયાંને ખરા મતી જાંણી ખરતર વિરૂદ થાપ્યો. તિહાંથી ખરતર ગછ મતી થયા.

સં. ૧૧૫૯ પૂર્ણુમાગચ્છ.

સં. ૧૬૧૨ ભાવરિષોયા ખરતર નીકળ્યા.

સં. ૧૨૦૫ રૂદ્રોલીયા ખરતર નીકલ્યા.

સં. ૧૨૧૫ વલી મહૂકરા ખરતર નીકલ્યા.

સં. ૧૨૨૪ આંચલીયા ગછ નીકલ્યા.

સં. ૧૨૮૫ વડ પોસાલીયા માહાતમૈ તપસ્યા કીની, વસ્તપાલ તેજપાલસું પ્રતિ-

બોધ પાયો, તદ પછે તપગછ નીકલ્યો. ધાણેરારી પોસાલથી નીકળ્યા. જગચંદ્ર સૂરી થયા.

સં. ૧૨૮૫ પૂનમીયા નીકલ્યા.

સં. ૧૩૩૧ છોટા ખરતર નીકલ્યા.

સં. ૧૩૩૩ આગમીયાં નીકલ્યા.

સં. ૧૪૨૨ વડગચ્છા ખરત્તરા નીકલ્યા.

સં. ૧૪૩૩ ખેમ કીર્ત્તિ સાખા ખેમધાડ કહાંણા.

સં. ૧૪૬૧ પીપલીયા ખરતરા નીકલ્યા.

સં. ૧૫૬૦ શ્રી શાંતિ સાગરતો વડા આચાર જીયા ખરતર નીકલ્યા.

સં. ૧૬૧૨ ભાવરિષિયા ખરતર નીકલ્યા.

સં, ૧૬૬૭ લઘુ આચાર્જીયા ખરતર નીકલ્યા.

સં. ૧૩૩૬ આગમીથઆ ગછ નીકલ્યા પાઠાંતરે ૧૦૮૦ વરસે દુર્લભ રાજા તમપતીનું જીવ્યા ખરતર વિરૂદ પ્રાપ્ત થેટમેં ચંદ્રગચ્છા વી૦ સં. ૧૫ આસરે વર્ષ વીરાત્ ૨૦૦૦ લગી સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા પૂજા પ્રતિકાર નહીં પામૈ તે વરસ ૨૦૦૦ પૂરા થયા તે હવે રતનપાલ લખમસી પ્રમુખ શ્રાવક થયા તથા શ્રી૦ ઋ૦ રતના હૂવા. પાટણમાહે ધણચંદ હૂવા પછે પતિસાહ મુદાફર વડરા છાપા આંણ્યા દેહરા પરાયા ભૂતફરેસીન કરાવી, પછે કોઇક કહે પરમેસર ન માનૈ, પછે કાજી સાહેબ દીધું સીખ દીધી, જિન મત કહ્યું ચંદ્ર માતુરકના દેવ સૂર્ય હિંદુના દેવ ઇમજ માંનું છુ, પછૈ પાતિસાહ છાપા કરિ દીધા, પછૈ અહિમદાવાદ મધ્યે સિધંતનું ઢગલું કરાવી કુંવારી કન્યા તીરા એક પરત કઢાવી તેણે બાલિકાયૈ ઢિગલા માહિસું દશવૈકાલિકની કાંઢીનૈ વૈ પરિત પંડતે વંચી, દયા ધર્મ મૂલ થાપ્યું, દેહરા પ્રતિમા ખોટા જાંણ્યા.

સં. ૧૫૦૮ વર્ષે ઋ૦ નાના ૧ ગુજરાતિમાંહિ હૂવા. તિવાર પછિ ઋ૦ ધર્મસી, ઋ૦ રતના, ઋ૦ ઉદા, ઋ૦ વીજા, ઋ૦ ચંદા, ઋ૦ લાલજી પ્રમુખ હૂવા. તિહાંથી સાધ સાધવી શ્રાવક શ્રાવિકાની પૂજા સતકાર પાંમતા હૂવા. સૂગડાંગને ૨૭ અધ્યેને અભિવંદિયાએ એ પાઠ છે.

[ આ ઉપરના પત્રો કલકત્તાવાળાં બાબુ પૂરણચંદ નહાર M. A. B. L. ના ભંડારમાંથી તેમની કૃપાથી અમને પ્રાપ્ત થયા છે અમે અક્ષરશઃ અહીં મૂક્યા છે. તંત્રી. ]

---

## जूदा जूदा संघपतिओ.

श्री सिद्धसेन दिवाकर प्रतिबोधितस्य विक्रमादित्यस्य

श्री शत्रुंजयादि तीर्थयात्रा विस्तरोयं—

श्री संघे १४ नृपा मुकुटवर्द्धनाः, ७० लक्षा श्राद्ध कुटुंबानां श्री सिद्धसेनगणधरादयः, ५००० सूरीणां, १६९ सौवर्ण देवालयाः, १ कोटिः १० लक्षाः

९ सहस्र मितानि शकटानां, १८ लक्षास्तुरंगमानां, ७६ शतानि गजानां एवं करभ वृषभादिमानं ज्ञेयं. १

थिरापद्रे संघपति आभूः श्री श्रीमालज्ञातीयः पश्चिम मंडलीक बिरुदं वहन बभूव.

यस्य यात्रायां ७०० शत देवालये, द्वादश १२ कोटिस्वर्णव्ययः प्रथम यात्रायां कृतः, ३ कोटिटंकैः सरस्वती भांडागारे वर्त्तमान सर्वागम प्रतिरेका सौवर्णाक्षरा द्वितीया सर्व वर्त्तमान ग्रंथ प्रति मेस्यक्षरमयी, ३६० आत्मसदृशाः साधर्म्मिकाः कृताः, संघे ७०० महिषाः पानीयानयनाय, ७०० आचार्यपदानि कारितानि सूनेत माद्रक्रूर ग्रामयोः प्रासादौ सारु आर घाटमयौ कारितौ संस्तारक दीक्षावसरे सप्त कोटी द्रव्यव्ययः कृतः सप्तक्षेत्रेषु. २.

मंडपदुर्गे संघपति पेथडेन प्रथमयात्रायां ११ लक्षाः टंका रुपमयानां व्यय-श्चक्रे संघे ७० मनुष्याणां देवालयाः, ५२ मंडपगढे जिनप्रासादशतं, तत्र चोपरि स्वर्णमयाः कलशाः कारिताः श्री धर्मघोषसूरीणां महोत्सवे ७२ सहस्र द्रव्यव्ययः कृतः भृगुकच्छे यो भांडागारमलीलिखत् । ८४ प्रासादाः कारिताः, श्री गिरिनार महातीर्थे समकालमेव श्वेतांबर दिगंबर श्री संघः प्राप्तः श्वेतांबर दिगंबराणां पर-स्परं तीर्थविवादो जातः, संघपति द्वयस्यापि मध्ये य इंद्रमालां परिधास्यति तस्य तीर्थमिदमिति वृद्ध बहुजनोक्तौ पेथड संघपतिना सुवर्णस्यैव ५६ घटी प्रमाणस्येंद्रमा-लापरिधापनं चक्रे तीर्थं च स्वकीयं कृतं येन श्री धर्मघोष सूरीणां पार्श्वे परिग्रह प्रमाणं पूर्वं गृहीतं टंक्कशत द्वयप्रमाणाभिग्रहे सति पुरुषभाग्य निःसीमत्वमिति श्री गुरुवचनेन लक्षत्रय प्रमाण द्रव्याभिग्रहो गृहीतः ततोप्यधिक द्रव्यप्राप्तौ देवगुरु योग्यमिति नाम दत्तं द्रव्येः ३

तस्य सुतो झांझणदेवः समजनि तेन श्री शत्रुंजय श्री गिरिनार महाती-र्थयोरेकैव ध्वजा दत्ता, तेन राजाधिराजा सारंगदेवस्य कर्पूरार्प्पणसमये राजा प्रसृति विधानं कारितः ४

संप्रति भूपेन सपाद कोटि प्रमिता जिन प्रतिमाः कारिताः, सपाद लक्ष मिता जैन प्रासादाः कारिताः, सिंधुदेशमध्ये मरोटग्रामे ९५ सहस्र प्रतिमाः पित्तलमया अद्यापि संति, ७०० सप्तशतानि दानशालायां येन स्वकीय बंठाः साधु सामाचारीं शिक्षयित्वा साधुवेषेण सर्व देश मध्ये प्रथमं प्रेषिताः, पश्चात् सत्य साधवः, ३६ सहस्र प्रासादा नवीनाः अन्ये जीर्णोद्धारश्च बहवः कारिताः,

बहुविस्तर–पूर्वं रथयात्रा श्व. ५

श्री पत्तने श्री कुमारपालेन पितुस्त्रिभुवनपाल–प्रासादः कारितः ७२ देवकुलिकायुतः, २४ रत्नमयाः २४ पित्तलमया २४ रुप्यमया १४।१४ भारमया मुख्य प्रासादे १२५ अंगुल प्रमाणारिष्ट रत्नमयी प्रतिमा कारिताः, तत्र द्रव्यव्ययः ९६ लक्ष–प्रमाण सर्वत्र स्वर्णमय कलशाः प्रासादे. ६

आंबडमंत्रिणा मंगलदीपावसरे ३२ लक्षादीनराणां याचकानां दानं दत्तं.

तथा श्री वस्तुपालेन स्वर्णमय लक्ष टंकां आरात्रिकाद्यवसरे याचकानां दत्ता. खीजावसरे सोमेश्वरेणोक्त मिदं काव्यंः—

इच्छा सिद्धि समुन्नते सुरगणैः कल्पद्रुमैः स्थीयते,
पाताले पवमान भोजनजने कष्टं प्रनष्टो बलिः ।
नीरागानमगमन्मुनीन् सुरगवी चिन्तामणिः काप्यगात् ,
तस्मादर्थि कदर्थनां विषहतां श्री वस्तुपालः क्षितौ ॥
काव्यं श्रुत्वा लक्षं ददौ.

चक्रवर्त्ति श्री हरिषेण सर्वत्र सर्वत्र जिनप्रासाद–मंडिता पृथ्वी कारिता.

नागपुरे सा. देल्हासुत सा पूनड श्री मौजर्दीन सुरत्राण बीबी प्रतिपन्नबंधुः अश्वपतिगजपतिनरपतिमान्योस्ति–तेनाद्या यात्रा १२७३ वर्षे–द्वितीया यात्रा सुरत्राणदेशात् १२८६ वर्षे नागपुरात्कर्त्तुमारब्धा. १८००० शकटानि, बहवो महीधराः मांडलिक ग्रामासन्नो यावदायात स्तावत्संमुखमागत्य तेजःपालेन धवलकमानीतः श्री संघः श्री वस्तुपाल संमुखमगात् । संघधूलीपवनानुकूल्यतायां दिशि याति तत्र तत्र गच्छति संघजनैरभाणि, इतो रज इतो रज इतः पादोवधार्यतां मंत्री इदं रजः पुण्यैः स्पष्टुं लभ्यते. अस्मिन् स्वे पृष्टे पापरजो दुरे नश्यति यतः

श्री तीर्थपांथरजसा विरजीभवंति, तीर्थेषु बंभ्रमणतो नभवे भ्रमंति
द्रव्य व्ययादिहतराः स्थिरसंपदः सुपूज्याः भवंति जगदीशमथार्च्चयंतः १.

## तीर्थनामावलि.

सद्भक्त्या देवलोके रविशशि भुवने व्यंतराणां निकाये,
नक्षत्राणां निवासे ग्रहगणपटले तारकाणां विमाने;
पाताले पन्नगेंद्र स्फटमणि किरण ध्वस्तसांद्रांधकारे,

श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥
वैताढ्ये मेरुशृंगे रुचकगिरिवरे कुंडले हस्तिदंते,
वक्षारे कूटनंदीश्वर कनकगिरौ नैषधे नीलवंते;
चित्रे शैले विचित्रे यमकगिरिवरे चक्रवाले हिमाद्रौ— श्रीमत्.
श्रीशैले विंध्य शृंगे विमलगिरिवरे अर्बुदे पावके वा,
संमेते तारके कुलगिरि शिखरेऽष्टापदे स्वर्णशैले;
शय्याद्रौ चोज्जयंते विमल गिरिवरे गूर्ज्जरे रोहणाद्रौ— श्रीमत्.
आघाटे मेदपाटे क्षितितटमुकटे चित्रकूटे त्रिकूटे,
लाटे नाटे च घाटे विटपवन तटे देवकूटे विराटे;
कर्णाटे हेमकूटे विकटतरकटे चक्रकूटे च भोटे— श्रीमत्.
श्रीमाले मालवे वा मलय तिनिखले मेखले पिच्छले वा,
नेपाले नाहले वा कुवलयतिलके सिंहले मेखले वा;
डाहाले कौसले वा विगलितसलिले जंगले वा तमाले.— श्रीमत्.
अंगे वंगे कलिंगे सकलजनपदे सत्प्रयागे तिलंगे,
गोडे चोडे सुरंध्रेवरतर द्रविडे उद्रयाणे पुरंद्रे;
आद्रे सुद्रे पुलंद्रे द्रविडकुवलये कन्यकुब्जे सुराष्ट्रे— श्रीमत्.
चंपायां चंद्र मुख्यां गजपुरमधुरा पत्तने चोज्जयिन्यां,
कौशाम्ब्यां कोशलायां कनकपुरवरे देवगिर्यां च काश्यां;
नाशिक्ये राजगेहे दशपुरनगरे भद्दिले ताम्रलिप्त्यां.— श्रीमत्.
स्वर्गे मर्त्यें तरिक्षे गिरिशिखर नदे स्वर्नदीनीरतीरे,
शीलांके नागलोके जलनिधिपुलिने भूरुहाणां निकुंजे
ग्रामेऽरण्ये वने वा स्थलजल विषमे दुर्गमध्ये त्रिसंध्यं.— श्रीमत्.
इत्थं श्री जैन चैत्य स्तुति मतिमनसा भक्तिभावं प्रपद्य,
प्रोद्यत्कल्याणहेतु कलिमलहरणां ये पठंतीति शिष्टाः
तेषां श्री तीर्थयात्रा फलमिदमतुलं जायते मानवानां
कार्यं सिद्ध्यंति सद्यो भवति हि सततं चित्तमानंदकारि.— श्रीमत्.
—श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे.

—श्रीतीर्थमालास्तवः—सं. १९७४ वर्षे माहवदि
७ दिने श्री खीमेल नगरे पं कुशलरुचिणा लिपीकृतं.

# लघुपट्टावलि.

અથ લઘુપટ્ટાવલી લિખ્યતે.

विदितसकलशास्त्रान पार्श्वचंद्रान कवींद्रान्,
भजत समरचंद्रान् भव्यराजीव सूर्यान् ;
नमत विशद मूर्त्तीन राजचंद्रान् मुनींद्रान्,
विमल विमल चंद्रान् सर्व सूरींद्रमुख्यान् ॥ १ ॥ मालिनी छंदः ॥
तत्पदे जयचंद्र सूरिमुनिपा जीता जगत् विश्रुताः
तत् पट्टोदय भास्करा गणिवराः श्रीपद्म चंद्रा विभुः;
तत्पट्टे मुनिचंद्र सूरि गणिनो नंदंतु भट्टारका,
स्तत्पट्टाब्ज विभाकरा गणिवराः श्रीनेमिचंद्राह्वयाः ॥ २ ॥ शार्दूलः ॥
तत्पट्टे कनकेंदु सूरि गणिपा जाता जगत्युज्वलाः
तत्पट्टे शिवचंद्रसूरि मुनिपा विरव्यात कीर्ति व्रजाः
तत्पट्टे विमलप्रबोध सहिता श्रीभानुचंद्रा भिधाः
तत्पट्टे च विवेकचंद्र यतिपा जाता जगत्पूजिताः ॥ ३ ॥
तत्पट्ट मानस सरोवर राजहंसा,
श्रीलब्धिचंद्र मुनिपाः प्रबभूवुरेवं;
तात्पट्ट भास्कर निभा विलसत् गुणौघाः
श्री हर्षचंद्र मुनिवृंदवरा अजैषुः ॥ ४ ॥ वसंततिलका ॥
तस्मिन्पट्टे प्रजयतितरां हेमचंदो मुनींद्रः
सुश्लोकौघै विदितमहिमो गांग मंभोचलोके,
जैने धर्म्मैश्चरिततपसः श्रावकै गीतकीर्ति
र्मान्यो धीमान् विमल कविता कोमलो ह्रीर्णत्राणिः ॥ मंदाक्रांता ॥

—संवत् १९३३ मिति जेठ सुदी १२ शनिवासरे श्रीमकसूदावाद
अजीमगंजमें मुन्नीलाल के वास्ते.

( શ્રીયુત પુરણચંદ નહારના ભંડારમાંથી પ્રાપ્ત. )

# पट्टावली.

( લોંકા ગચ્છના એક સાધુએ લખેલી. )

અથ પટ્ટાવલી લિખ્યતે. અથ હિ વૈ ભગવંત શ્રી મહાવીરજીનો સર્વાયુ બહોત્તર વર્ષ પૂરો થકો કાંઇ એક ઉણો એતલે એક અંતર્મુહૂર્ત્તનો સેષ આયુ આવી રહ્યો છે. તે સમાને વિષે સક્રેંદ્ર પ્રશ્ન કરે છે—શ્રી ભગવંતજી આગલિ કહે છે કે હે ભગવંતજી, તમારે નામે ભસ્મ ગ્રહ દ્વિતિય સહસ્ત્ર વર્ષનો અશુભ ગ્રહ બસે છે તેણે કરીને શ્રી જૈન સાસન ડોહલાઈ જાસ્યે શ્રી દયા ધર્મ ડોહલાસ્યૈ અને લોક કહિસ્યે શ્રી મહાવીર શ્રી ચૌવીસમા તીર્થંકરનો સાસન ડોહલાઈ છે ઇમ લોક કહસ્યે તે વાસ્તે આઉખો એક અંતર્મુહૂર્ત્તનો વધારો, તિવારે ભગવંત કહે હે સક્રા હે સક્રેંદ્ર બીજા સર્વ વાત ઘટાડી ઘટે અને વધારી વધે પિણ આઉખો કર્મ્મ ઘટાડ્યો ઘટે નહી, વધાર્યો વધે નહીં તથા ભસ્મ ગ્રહ સુધી તો દયા ધર્મ ડોહલાસ્યે અને પછે રૂપા જીવા નામ આયરિયા ભવિસ્સઈ તેહશ્રી દયા ધર્મ પ્રવર્ત્તાવસ્યે એહ પ્રશ્ન પૂરો થયો થકે ભગવંત શ્રી મહાવીરજી મોક્ષ ગયે થકે અજર અમર નિરંજન ભગવંત થયા.

હિવૈ અનુક્રમૈ પાટશ્રી ગણધરાદિ આચાર્યરા અનુક્રમૈ પાટ લિખ્યતે. હિવૈ શ્રી મહાવીરજીને પાટે સુધર્મા સ્વામીજી તે ભગવંત થી ૨૦ વર્ષ મોક્ષ પુંહતા. ૧

સુધર્મા સ્વામીને પાટે જંબુસ્વામી તે વીરાત્ ચૌસઠિમેં વર્ષે મોક્ષ પુંહતા. ૨
જંબૂસ્વામીને પાટે પ્રભવ સ્વામી તે. વીરાત્ દેવલોક પુંહતા. ૩
પ્રભવા સ્વામીને પાટે સિજ્જંભવ ૭૫ વર્ષે દિવંગત પુંહતા. ૪
સિજ્જંભવ સ્વામીનેં પાટે યસોભંદ્ર ૧૪૮ વર્ષે દેવંગત પુંહુંતા. ૫
યસો૦ સંભૂત વિજૈ ૧૫૯ વર્ષે દેવં૦ ૬.
જિહ પાટે ભદ્રબાહુ સ્વામીને વીરાત્ ૧૭૦ વર્ષે દેવં૦ ૭
ભદ્રબાહુ પાટે સ્થૂલભદ્ર તે વીરાત્ ૨૧૫ વર્ષે દેવં૦ ૮
સ્થૂલભદ્ર પાટે આર્ય મહા ગિરિ તે વીરાત્ ૨૪૫ વર્ષે દેવં૦ ૯
આર્ય મહા ગિરિ પાટે બલસિંહાચાર્ય તે વીરાત્ ૨૮૦ વર્ષે દેવં૦ ૧૦
બલસિંહ પટ્ટે શાંત આચાર્ય વીરાત્ ૩૩૨ વર્ષે દેવં૦ ૧૧
શાંત પટ્ટે સ્યામાચાર્ય ૩૭૩ વર્ષે દેવં૦ ૧૨
સ્યામાચાર્ય પટ્ટે સાંડિલ્લાચાર્ય ૪૦ ૬ વર્ષે દેવં૦ ૧૩
સાંડિલ્લાચાર્ય પટ્ટે જિત ધર્મ આચાર્ય વીરાત્ ૪૫૪ વર્ષે દેવં૦ ૧૪
જિત ધર્મ પટ્ટે આર્ય સમુદ્ર વીરાત્ ૫૦૮ વર્ષે દેવં૦ ૧૫
આર્ય સમુદ્ર પટ્ટે નંદિલાચાર્ય તે વીરાત્ ૫૯૧ વર્ષે દેવં૦ ૧૬
નંદિલ પટ્ટે નાગ હસ્તી વીરાત્ ૬૪૪ વર્ષે દેવં૦ ૧૭
નાગ હસ્તી પટ્ટે રેવતી આચાર્ય તે વીરાત્ ૭૧૮ વર્ષે દેવં૦ ૧૮
રેવતી પટ્ટે ખંદિલ આચાર્ય તે વીરાત્ ૭૮૦ વર્ષે દેવં૦ ૧૯
ખંદિલ પટ્ટે સિંહગણિ વીરાત્ ૮૧૪ વર્ષે દેવં૦ ૨૦

સિંહગણિ પટ્ટે સમિતાચાર્ય તે વીરાત્ ૮૪૮ વર્ષે દેવં૦ ૨૧
સમિતા પટ્ટે નાગાર્જુન તે વીરાત્ ૮૭૫ વર્ષે દેવં૦ ૨૨
નાગાર્જુન પટ્ટે ગોવિંદ આચાર્ય વીરાત્ ૮૭૭ વર્ષે દેવં૦ ૨૩
ગોવિંદ પટ્ટે ભૂત દિન્ન વીરાત્ ૯૪૨ વર્ષે દેવં૦ ૨૪
ભૂત દિન્ન પટ્ટે લોહિતાખ્ય વીરાત્ ૯૪૮ વર્ષે દેવં૦ ૨૫
લોહિતાખ્ય પટ્ટે દુષ ગણી તે વીરાત્ ૯૭૫ વર્ષે દેવં૦ ૨૬
દુષગણી પટ્ટે દેવર્દ્ધિગણી તે વીરાત્ ૯૮૦ વર્ષે દેવં૦ ૨૭
તિહાં ૩૨ સૂત્ર લિખાણા ઇતિ શ્રી મહાવીરથી સત્તાવીસ પાટ કહ્યા.
અથ દેવર્દ્ધિગણીનેં વારે પુસ્તક લિખાણા તે કિમ તે કહે છેઃ—

તથા ઇહાં સુધી તો શ્રી સૂત્ર સિદ્ધાંત મુંહડે આવતા હતા અને દેવર્દ્ધિ ગણિયેં વિચાર્યો જે પંચમ કાલતે વિષે બુદ્ધ વિદ્યા થોડી હોસ્યૈ, અને શાસ્ત્ર મુખે નાવસ્યૈ અને સૂત્ર વિગર ધર્મ કિમ દીપાવિસ્યૈ, કિમ ઉદ્દેસિસ્યૈ, દયા ધર્મ કિમ ચાલસ્યૈ એહવો વિચારીનૈ તાડપત્રે સૂત્ર લિખ્યા.

હિવૈ દેવર્દ્ધિ ગણીનૈ પાટૈ વીરભદ્ર ૨૮, તેહને પાટૈ સંકરભદ્ર ૨૯, તેહને પાટૈ જસભદ્ર સેણ ૩૦, તેહનૈ પાટૈ વીરભદ્ર સેણ ૩૧ તેહનૈ પાટૈ વરિયામસેણ ૩૨, તેહનૈ પાટૈ જસસેણ ૩૩ તેહનૈ પાટૈ હર્ષસેણ ૩૪, તેહને પાટૈ જયસેણ ૩૫, તે૦ જગમાલ ૩૬, તે૦ દેવઋષિ ૩૭, તે૦ ભીમ ઋષિ ૩૮, તે૦ કર્મસી ૩૯, તે૦ રાજઋષિ ૪૦, તે૦ દેવસેણ ૪૧, તે૦ સંકરસેણ ૪૨, તે૦ લક્ષ્મી લાભ ૪૩, તે૦ રામઋષિ ૪૪, પદ્મસૂરિ ૪૫, તે૦ હરિસમા ૪૬, તે૦ કુશલ પ્રભુ ૪૭, તે૦ ઉપ્રણ ઋષિ તે૦ જયઋષિ ૪૯, તે૦ વાજઋષિ ૫૦, દેવ ઋષિ ૫૧, તે૦ સૂરસેણ ૫૨, તે૦ મહા સૂરસેણ ૫૩, તે૦ મહસેણ ૫૪, તે૦ જયરાજ ઋષિ ૫૫, તે૦ ગયસેણ ૫૬, દેવર્દ્ધિગણી શિષ્ય મેં હુવા. સંવત્ ૧૪૩. ગયસેણ, પટ્ટે મિત્તસેણ થયા ૫૭, તે૦ વિજૈસિંહ ઋષિ ૫૮, તે૦ સિવરાજ ઋષિ ૫૯, તે૦ લાલજી ઋષિ જાતના વાફણા ૬૦, તે૦ જ્ઞાનજી ઋષિ ૬૧ જાત સૂરાણી.

અથ લુંકે ગચ્છરી ઉત્પત્ત કહે છે. સંવત્ પનરેસૈ અઠયાવીસા વર્ષે (ઈ. સ. ૧૪૭૧) શ્રી અહલ્લપુર પાટણ મધ્યે મુંહતા લુકા સુબુદ્ધિયે શ્રી સૂત્ર સિદ્ધાંત લિખતાં થકાં સૂત્રાર્થ વિચારીનૈં મનમૈં વિચારતૈ। સાધુ શ્રાવક બાર વ્રત ધારીને પૂજવી પ્રતિમા ન કહી, પ્રાસાદનો અધિકાર નહીં અને બીજા યતી આચાર્યનૈ। ઘણાઇક તો પૌસાલ પ્રતિમા ધારી થયા. સુધ દયા ધર્મરી પ્રરૂપણા કરને ગચ્છ કાઢયૌ. અન્ય દર્શનિયૈ લકવામતી નામ કહિનૈ બોલાવ્યા તિહાં થકી લુંકા ગચ્છરી સ્થાપણા થઇ. શુભવેલાઇ શુભ દિને શુભ પક્ષે શુભ વારે શુભ નક્ષત્રે શુભ યોગે આજ્ઞે થકે લૂંકા ગચ્છરી સ્થાપના થઈ. પ્રથમ ભાણા ઋષજીએં શ્રી અહમદાવાદ મધ્યે સંવત્ ૧૫૩૧ વર્ષે જાત પોરવાડ અરહટવાડાના વાસી સ્વયમેવ દીક્ષા લીધી. મોટે વૈરાગે સંસાર અસાર જાણીને ૧ લાખ રૂપૈયા મૂંકીને દીક્ષા લીધી. ૬૨ તે૦ ઋષિ ભીદાજી થયા. મહાત્મા સાધુ થયા; જાત ઉસવાલ સિરોહીનાવાસી પોતાના કુટુંબી મનુષ્ય ૪૫ સંધાતેં સર્વ જણે સંસાર અનિત્ય જાણીને સંયમ લીધો. ૬૪ તે૦ ઋષિ ભીમાજી પાલીનાવાસી જાતિ ઉસવાલ ગોત્ર લોઢા અલક્ષ દ્રવ્ય મૂંકીનૈં નૂનાજી પાસેં દીક્ષા લીધી. સં. ૧૫૫૦ સૈ થયા, ૬૬ તેહનૈ સરવોજી થયા. પાતસા અકબરનૈ।

સ્વામી સ્તોત્ર સમ સંસ્કૃત પ્રાકૃત, અન્યયોગ વ્યવચ્છેદિકા, અયોગ વ્યવચ્છેદિકા, પાર્શ્વનાથ સ્તવ, ગૌતમસ્તોત્ર, શ્રીવીરસ્તવ, ચતુર્વિંશતિ જિનસ્તવ, પાર્શ્વસ્તવ, વીરનિર્વાણ કલ્યાણ પ્રશ્નોત્તર રત્નમાલા, ઋષભપંચાશિકા, ચતુર્વિંશતિ જિન–શોભન સ્તુતિ વગેરે સ્તોત્રો છે. ૧૮ પ્રમેયકમલમાર્તંડ–પ્રભાચાર્યકૃત. મૂ. ચાર રૂ. ૧૯ પ્રભાવક ચરિત પ્રભાચંદ્ર કૃત.

# વિક્રમ પાંચમી સદીની સ્થિતિ.

## [ મંદસોર—નગર. ]

મન્દસોર નગર પૂર્વે પ્રાચીન શહેર હતું તે શિલાલેખ પરથી માલૂમ પડી આવે છે. ગ્વાલીયર રાજ્યમાં તે છે. પહેલાં તે અત્યંત સમૃદ્ધિવાળું હતું. હાલમાં તે સમૃદ્ધિ રહી નથી. વળી તેમાં રેશમી અને સૂતરનાં કપડાં ઘણાં સારાં બનતાં હતાં. તેનું પ્રાચીન નામ દશપુર છે. એમ સાંભળવામાં આવે છે કે તે નગર રાજા રન્તિદેવની રાજધાની હતું. મેઘદૂતમાં કાલિદાસે મેઘને માર્ગ બતાવતી વખતે આ નગરનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છેઃ—

पात्रीकुर्वन् दशपुरवधूनेत्रकौतूहलानाम् ।

એમ જણાય છે કે દશપુરમાં બગાડ થઇ, પહેલાં દસોર નામ થયું અને પછી ધીમે ધીમે મન્દસોર થઇ ગયું.

તેમાં એક શિલાલેખ મળ્યો છે. તેમાં સુંદર સંસ્કૃત ભાષામાં રચેલા ૩૦–૪૦ શ્લોક છે. આ બહાર પડયાને ઘણો સમય થયો તેમાં એક શ્લોક એ છે કેઃ—

मालवानां गणस्थित्या याते शतचतुष्टये ।
त्रिनवत्यधिकेऽब्दानां ऋतौ सेव्यघनस्वने ॥

આ પરથી જણાય છે આ શિલાલેખના સમયે માલવ સંવત્ ૪૯૩ વિદ્યમાન હતો. આ પરથી જે પ્રકાશ પડે છે તે એ છે કે પહેલાં વિદ્વાનોને માલવ સંવત્ કોઇ સંવત્ હતો એવી હકીકત મળી આવી હતી, પરંતુ આથી તો જણાયું કે માલવ સંવત્ પોતેજ પાછળથી વિક્રમ સંવત્ એ નામથી પ્રસિદ્ધ થયો.

આ શિલા લેખથી એ પણ જણાયું કે આ વખતે ગુપ્તવંશીય કુમાર ગુપ્ત (બીજા) ભારત વર્ષનો ચક્રવર્તી રાજા હતો. આ સંબંધે તેમાં જણાવ્યું છે કેઃ—

चतुःसमुद्रान्तविलोलमेखलां सुमेरुकैलासबृहत्पयोधराम् ।
वनान्तवान्तस्फुटपुष्पहासिनीं कुमारगुप्ते पृथिवीं प्रशासति ॥

ભારત વર્ષના ચક્રવર્તી રાજા કુમારગુપ્તનું નામ માલૂમ પડયું તે ઉપરાંત દશપુરના તત્કાલિન માંડલિક રાજાનું નામ પણ આમાં લખેલું છે. તેનું નામ હતું બન્ધુવર્મા અને તેના પિતાનું વિશ્વવર્મા. આ શિલાલેખથી સિદ્ધ છે કે તે સમયે એવી સરસ અને સુન્દર સંસ્કૃત કવિતા હતી કે જેવી કાલિદાસનાં કાવ્યોમાં મળી આવે છે. ઉપરનો શ્લોક કે જેમાં કુમારગુપ્તનુ નામ છે તે આનું પ્રમાણ છે. કવિતાની સરસતા અને સુન્દરતાના પ્રમાણભૂત એક બીજો શ્લોક નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે કે જેમાં સવારના સૂર્યનું વર્ણન છે.

यः प्रत्यहं प्रतिविभात्युदयाचलेन्द्र विस्तीर्णतुंग शिखरस्खलितांशुजालः ।
क्षीबांगनाजनकपोलतलाभिरामः पायात्स वः सुकिरणाभरणो विवस्वान् ॥

આ શિલાલેખમાં જેનું વર્ણન છે તે પરથી માલૂમ પડે છે કે આ સમયના નરેશ મોટા કર્ત્તવ્યનિષ્ઠ અને પ્રજાવત્સલ હતા. તેમાં જણાવ્યું છે કે દશપુરના તત્કાલીન રાજાની કીર્ત્તિ અને પ્રજાપાલનતત્પરતાની ખબર સાંભળી પ્રાચીન લાટ દેશ—અર્થાત્ વર્ત્તમાન ગૂજરાતથી ઘણા પટ્ટવાય ( પટવાઓ ) પોતાના ઘરબાર છોડી દશપુર આવ્યા હતા.

હાલનો પટવા યા પટુઆ એ શબ્દ આ પટ્ટવાયનો અપભ્રંશ છે. એ લોકો હવે પ્રાયઃ પરોવવાનું કામ કરે છે; પણ તે સમયમાં તેઓ રેશમી વસ્ત્ર બનાવતા હતા, આ લોકોએ દશપુરમાં પોતાના ધંધાથી અનંત ધનનો સંગ્રહ કર્યો. આ શિલાલેખમાં લખ્યું છે કે તેમનાં વસ્ત્ર ઘણાં સુખકર થતાં હતાં. રંગબેરંગી રેશમના તારથી તરેહ તરેહના વેલ બૂટાઓ અને ચિત્રો તેનાપર તેઓ બનાવતા હતા. ઘણાં ઘરોમાં સ્ત્રીઓ આ પટ્ટમય વસ્ત્રોનો ઘણો આદર કરતી હતી. આવાં વસ્ત્રોની એક સાડી કે એક દુપટ્ટા પહેર્યા વગર કોઇ તહેવાર કે ઉત્સવ ઉજવાતો નહિ.

આ શિલાલેખથી એમ પણ માલૂમ પડે છે કે તે સમયે દશપુરનાં મકાન ઘણાં ઉંચાં હતાં. સફેદ ચૂનાથી ધોળાયેલાં હોવાથી કૈલાસના શિખરોની સાથે સમાનતા ધરાવતાં હતાં. નગરની ચારે બાજુએ અનેક ઉધાન અને ઉપવન હતાં. મંદિરો, કૂવા અને વાવોની ઘણી અધિકતા હતા. દશપુરની પાસેજ સિવાની અને સુમલી નામની બે નદીઓ વહેતી હતી. જગાએ જગાએ તળાવ હતાં. તેમાં કમલ ખિલતાં હતાં. જેટલા બ્રાહ્મણ હતા તે સર્વે વિદ્યા અને તપમાં શ્રેષ્ટ હતા. પૂજા પાઠ અને સ્વાધ્યાયમાં નિરત રહેતા હતાં. શમ, દમ, ક્ષમા, શૌચ, ધૈર્ય આદિ ગુણોથી ભરપૂર હતા. આ લેખમાં કરેલા વર્ણન પરથી એમ વિદિત થાય છે કે આ સમયે દશપુરની અવસ્થા ઘણીજ ઉન્નત હતી અને પ્રજા પણ બહુ સુખી હતી.

વળી એક વિશેષ વાત આ લેખ પરથી મળે છે તે એ છે કે સૂર્યની પૂજા તે સમયે બહુ થતી હતી. હમણાં ભારતમાં સૂર્યનાં બહુ થોડાં મંદિર જોવામાં આવે છે. ઝાંસીની પાસે કેવલ એક સૂર્ય મંદિર જોવામાં આવ્યું છે.

હમણાં હિન્દુઓમાં જ્યાં ત્યાં મહાદેવની પૂજા થતી જોવામાં આવે છે, તેનાથી બીજો નંબર ઠાકુરજીની પૂજાનો આવે છે અને ત્યાર પછી બીજા દેવી દેવતાઓનો; પરંતુ આજથી લગભગ ૧૫૦૦ વર્ષ પહેલાં અહીં ઘણાં સૂર્યમંદિર હતાં એમ જણાય છે. આ પ્રસ્તુત શિલાલેખનો સંબંધ એક પ્રાચીન સૂર્ય મંદિર સાથે છે. તે મંદિર પ્રાચીન દશપુરના પટવાની પંચાયતે બંધાવ્યું હતું. તે બન્યા પછી ત્રીસ ચાળીસ વર્ષ પછી તેના કેટલાક ભાગ બરબાદ થવાથી તે લોકોએ મળી ફરી સં. ૫૨૯ માં જીર્ણોદ્ધાર કરાવ્યો. જે સમયે પટવાઓ પણ સૂર્યનાં મોટાં મોટાં મંદિરો બંધાવતા હતા તે સમયના ભારતની સમૃદ્ધિ હાલ ક્યાં છે ? તે સમય અન્ય લોક સૂર્ય તથા બીજા દેવતાઓના કેવડા વિશાલ મંદિર બંધાવતા હશે તેનું અનુમાન આ એક નામશેષ મંદિરના વર્ણનથી સારી રીતે જાણી શકાય છે.

( આ હકીકત શ્રીયુત મહાવીર પ્રસાદ દ્વિવેદીના પ્રાચીન લેખ પરના પ્રતિભા નામના હિંદી માસિકના એપ્રિલ ૧૯૧૮ ના અંકમાં આવેલ ટુંક લેખ પરથી અનુવાદિત છે. )

# देवचंद्रजी कृत स्वाध्याय.

સાધક સાધજ્યો રે નિજ સત્તા ઇક ચિત્ત;
નિજ ગુણ પ્રગટપણેં જે પરિણમેરે, એહિજ આતમ વિત્ત. ૧ સા૦
પર્યાય અનંતા નિજ કારણપણેરે, વરતે તે ગુણ શુદ્ધ;
પર્યાય ગુણ પરિણામે કર્તૃતારે, તો નિજ ધર્મ પ્રસિદ્ધિ. ૨ સા૦
પરભાવાનુગત વીર્ય ચેતનારે, તેહ વક્રતા ચાલ;
કર્ત્તા ભોક્તાદિક સવિ શક્તિમાંરે, વ્યાપ્યો ઉલટો ખ્યાલ. ૩ સા૦
ક્ષયોપશમિક ઋજુતાને ઉપનેરે, તેહિજ શક્તિ અનેક:
નિજ સ્વભાવ અનુતતતા અનુસરેરે, આર્જવ ભાવ વિવેક. ૪ સા૦
અપવાદે પરવંચક તાદિકારે, એ માયા પરિણામ;
ઉત્સર્ગ નિજગુણની વંચનારે, પરભાવે વિશ્રામ. ૫ સા૦
તે વર્જી અપવાદે આર્જવીરે, નકરે કપટ કષાય;
આતમ ગુણ નિજ નિજ ગતિ ફેરવેરે, ઉત્સર્ગ અમાય. ૬ સા૦
સત્તારોધ ભ્રમણ ગતિ ચારમેંરે, પર આધીને વૃત્તિ;
વક્રચાલથી આતમ દુખ લહેરે, જિમ નૃપનીતિ વિરત્ત. ૭ સા૦
તે માટે મુનિ ઋજુતાયે રમેરે, વમે અનાદિ ઉપાધિ;
સમતાં રંગી સંગી તત્ત્વનારે, સાધે આતમ સમાધિ. ૮ સા૦
માય ક્ષયેં આર્જવની પૂર્ણતારે, સવિ ઋજુતાવંત;
પૂર્વ પ્રયોગે પરસંગી પણેરે, નહિ તસુ કર્ત્તારંત. ૯ સા૦
સાધન ભાવ પ્રથમથી નીપજેરે, તેહિજ ધ્યાયે સિદ્ધ;
દ્રવ્યત સાધન વિઘન નિવારણામે, નિમિત્તક સુપ્રસિદ્ધ. ૧૦ સા૦
ભાવે સાધન જે ઇક ચિત્તથીરે ભવસાધન નિજભાવ;
ભાવ સામગ્રી હેતુતા રમે, નિસ્સંગી મુનિ ભાવ. ૧૧ સા૦
હેય ત્યાગથી ગ્રહણ સ્વધર્મનોરે, કરે ભોગવે સાધ્ય;
સ્વસ્વભાવ રસિયાને અનુભવે રે, નિજ શુદ્ધ આવ્યાબાધ. ૧૨ સા૦
નિસ્પૃહ નિર્ભય નિમંમ નિર્મલારે, કરતા નિજ સંમ્રાજ;
દેવચંદ્ર આણાયે વિચરતારે, નમિયે તે મુનિરાજ. ૧૩ સા૦

# संस्तारक विधि.

નિસીહી ૩ નમો ખમાસમણાણં, ગોઇમાઇણં, મહામુણીણં, નમો અરિહંતાણં
કરેમિ ભંતે સામાઇઅં૦

અણુજાણહ જિટ્ઠિધા, અનુજાણહ પરમગુરૂ, ગુરૂ ગુણ રયણેહિં મંડિઅસરીરા,
બહુપડિપુન્ના પોરિસિ, રાઇઅ સંથારએ ઠામિ. ૧

અણુજાણહ સંથારં, બાહુ વહણેણં વામ પાસેણં;
કુક્કુડિપાય પસારેણ, અંતરં તુ પમઘ એ ભૂમિં. ૨

સંકોઇઅ સંડાસા, ઉવટ્ટં તેઅકાય પડિલેહા;
દવ્વાઈ ઉવઓગં, ઉસાસ નિરુંભણા લોએ. ૩

જઇ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સ ઇમાઇ રયણીએ;
આહાર મુવહિ દેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪

ચત્તારિ મંગલં—અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિ પન્નત્તો ધમ્મો મંગલં. ૫. ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, ૬ ચત્તારિ સરણં પવ્વજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ. ૭

પાણાઇ વાયમલિઅં, ચોરી કં મે હુણં દવિણમુચ્છં;
કોહં માણં માયં લોભં પિજ્જં તહા દોસં. ૮

કલહં અબ્ભખાણં, પેસુન્નં રઈ અરઈ સમાઉત્તં;
પરપરિવાયં માયા, મોસં મિચ્છતસલ્લં ચ. ૯

વોસિરે સુઇમાઇ, મુખ મગ્ગ સંસગ્ગ વિગ્ઘભૂયાઇં;
દુગ્ગઇ નિબંધણાઇં, અઠાર સ પાવ ઠાણાઇં. ૧૦

એગો હં નત્થિ મે કોઈ, નાહ મન્નસ્સ કસ્સઈ;
એવં અદીણમણુસો, અપ્પાણ મણુ સાસએ. ૧૧

એગો મે સાસઓ અપ્પા, નાણ દંસણ સંજૂઓ;
સો સા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગ લખણા. ૧૨

સંજોગ મૂલા જીવેણ, પત્તા દુખ પરંપરા;
તમ્હા સંજોગ સંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિ. ૧૩

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો;
જિણપન્નતં તત્તં ઇઅ સમ્મત્તં મએ ગહિઅં. ૧૪

—આ. ક. ભંડારમાંથી-પાલીતાણા.

વલિ તિણુ ગુરૂ પ્રતિબોધીયો, થયો શ્રાવક સુવિચાર;
મુનિવર રૂપ કરાવીયા, અનારિજ દેસ વિહાર. શ્રી. ૯
પુણ્ય ઉદય પ્રગટયો ઘણો, સાધ્યા ભરત ત્રિખંડ;
જીર્ણ પૃથિવી જીનમંદિરે, મંડિત કીધા અખંડ. શ્રી. ૧૦
બિસય તિડોત્તર વીરથી, સંવત સબલ પહૂર;
પદમ પ્રભુ પરતિષ્ઠિયા, આરિજરક્ષિત સૂર. શ્રી. ૧૧
મહા તણી સુદિ આઠમે, સુભ મહૂરત રવિવાર;
લિપિ પ્રતિમા પૂઠે લિખી, તે વાંચી સુવિચાર. શ્રી. ૧૨

## ઢાલ ત્રીજી,

મૂલ નાયક બીજો વલી, સકલ સકોમલ દેહોજી;
પ્રતિમા શ્વેત સોનાતણી, મોટો અચરિજ એહોજી. ૧૩
અરજિન પાસ જુહારીયઇ, અરજનપુરી સિણગારોજી.
તીર્થંકર ત્રેવીસમો મુગતી તણો દાતારોજી. ૧૪ અ૦
ચંદ્રગુપતિ રાજા હૂઓ, ચાણકઈ દીધો રાજોજી;
તિણુ એ બિંબ ભરાવીયો, સાર્યા આતમ કાજોજી. ૧૫ અ૦
મહાવીર સંવત થકી વરસ સત્તરી સો વીતાજી;
તિણુ સમય ચઉદ પૂરવ ધરૂ, શ્રુતિ કેવલી સુવિદીતોજી. ૧૬ અ૦
ભદ્રબાહુ સ્વામી થયા, તિણુ કીધી પરતીઠોજી;
આજ સફલ દિન માહરો, તે પ્રતિમા મઇ દીઠોજી. ૧૭ અ૦

## ઢાલ ચોથી.

મોરો મન તીરથ મોહીઓ, મઇ ભેટયા હો પદમ પ્રભુ પાસ;
મૂલ નાયક બેઉ અતિ ભલા, પ્રણમંતાં હો પૂરઇ મન આસ. મો૦ ૧૮
સંઘ આવઇ ઠામ ઠામના, વલિ આવઈ હો ઇહાં વરણુ અઢાર;
જાત્ર કરઈ જિનવર તણી, તિણુ પ્રગટયો હો એ તીરથ સાર. મો૦ ૧૯
જૂના બિંબ તીરથ નવો, જગિ પ્રગટયો હો મારૂઆડિ મઝારિ;
ધંધાણી અરજુનપુરી, નામ જાંણઇ હો સગલો સંસાર. મો૦ ૨૦
શ્રી પદમ પ્રભુ પાસજી, એ બેઉ હો મૂરતિ સકલાપ;
સુપન દિખાડઈ સમરતાં, તિણુ વાધ્યો હો તસુ તેજ પ્રતાપ. મો૦ ૨૧
મહાવીર વારા તણી એ, પ્રગટી હો મૂરતિ અતિસાર;
જીન પ્રતિમા જીન સારિખી કોઇ સંકા હો મત કરો લિગાર. મો૦ ૨૨
સંવત સોલ બાસઠિ સમઇ જાત્ર કીધી હો મઇ માહ મઝારિ;
જન્મ સફલ થયો માહરો, હિવ મુઝનઈ હો સામી પાર ઉતારિ. મો૦ ૨૩

## કલસ.

ઇમિ શ્રી પદમ પ્રભુ શ્રી પાસ સામી, થુણ્યો સગુરૂ પ્રસાદ એ;

મૂલગી અર્જુન પુરી નગરી, વરધમાન પ્રાસાદ એ,
ગચ્છરાજ શ્રી જિનચંદ સૂરિ, ગુરૂ શ્રી જિન સિંધ સૂરીસરો;
ગણિ સકલચંદ વિનેય વાચક સમયસંદર સુખકરો. ૨૪

—ઇતિ શ્રી ધંધાણી તીર્થ સ્તોત્રં.—

[ આ એક જૂની પ્રત પંન્યાસ શ્રી ગુલાબવિજયજી મુનિમહારાજ પાસેથી રા ડાહ્યાભાઈ પ્રેમચંદ મોદીને મળેલી અને તે તેમણે ઉતારીને પોતાની નકલ અમને પૂરી પાડી, કે જે અમે ઉતારી અત્ર પ્રકટ કરાવી છે. અમે તે બંને મહાશયોનો ઉપકાર માનીએ છીએ. આ સ્તોત્ર ઐતિહાસિક દૃષ્ટિથી ઉપયોગી છે તેથી તેમાંનો સાર ભાગ અત્ર મૂકીએ છીએ.

આ સ્તોત્રના રચનાર સમયસુંદર ગણી ઘણા વિદ્વાન્ અને સમર્થ ગુર્જર કવિ હતા. તેમનો સમય વિક્રમ સદીના સત્તરમા સૈકાનો ઉત્તરાર્ધ છે. તે વખતમાંજ ધંધાણી તીર્થની ઉત્પત્તિ એટલે સં. ૧૬૬૨ માં થઇ. તે ગામ ધુંમ દેશ (?) મંડોવર (?) સુર રાજાના દેશમાં આવેલું છે. [ આ સૂર રાજા સિરોહીની ગાદીપર સં. ૧૬૨૮ થી ૧૬૬૭ સુધી રહેલા મહારાવ સુરતાન જણાય છે. જુઓ સિરોહીના ઇતિહાસ પૃ. ૨૧૭ થી ૨૪૪. ] તે રાજા બહાદુર, વિદ્વાનોનું સન્માન કરનાર અને ઉદાર પ્રકૃતિવાળા હતો ). આ રાજ્યમાં આવેલ આ ધંધાણી નામના ગામમાં દુધેલા નામનું તળાવ છે. ત્યાં ખોખર નામનું દેહરૂં હતું, તેની પાછળ ખોદતાં એક ભોંયરૂં નીકળ્યું અને તેમાંથી પરંપરાગત મૂકેલો નિધાન મળી આવ્યો. તેમાંથી પ્રતિમાઓ સં. ૧૬૬૨ ના જેઠ શુદ ૧૧ ને દિને નીકળી.

કેટલી પ્રતિમા, કેની કેની પ્રતિમા, તે પ્રતિમા કોણે ભરાવી, કઈ નગરીમાં અને કોણે તેની પ્રતિષ્ઠા કરાવેલી તે વિગત હવે કર્ત્તા જણાવે છે:—

સઘળી મળીને પાંસઠ પ્રતિમા હતી કે જેમાંની કેટલીક જૈનધર્મની અને કેટલીક શૈવ ધર્મની હતી. એમાં મૂલ નાયક પદ્મ પ્રભુ અને પાર્શ્વનાથ હતા, એક ચોમુખ અને ચોવીસ જિનની પ્રતિમા ( ચઉવીસથો ) હતી. બીજી ત્રેવીસ જૈન પ્રતિમા કે જેમાં બેઉ કાઉસગ્ગિયા રહેતા. તે સિવાય ઓગણીસ પ્રતિમા વીતરાગની–જિનની હતી. આમ સઘળી મળીને ૨+૧+૧+૨૩+૧૯=૪૬ છેતાલીસ જિનપ્રતિમા હતી. તે સિવાયમાં ઇંદ્ર, બ્રહ્મા, ઇશ્વર ( શિવ ), ચક્રેશ્વરી, અંબિકા, કાલિકા, અર્ધનાટેશ્વરી, વિનાયક ( ગણપતિ ), જોગણી, શાસન દેવતા વગેરે જિનવરની પાસે રહેવા માટે હતા. આ જિન પતિમાઓ પાંચ રાજાઓ નામે ચંદ્રગુપ્ત, બહુસાર ( બિન્દુસાર ), અશોકચંદ્ર, કુણાલ અને સંપ્રતિ રાજાઓએ ભરાવી હતી, અને તે પ્રતિમાનો પરિકર–ધૂપધાણું વગેરે પણ તે સમયનો હતો.

મૂળ નાયક પદ્મપ્રભુની પ્રતિમા ઘણી સુન્દર હતી. સંપ્રતિ રાજા કે જે પૂર્વભવે આર્ય સુહસ્તિ સૂરિના સમયમાં એક રંક હતો અને ( દુકાળમાં ) ભોજનને અભાવે ભોજન માટે દીક્ષા તેણે લઈ પોતાનું આયુષ્ય ખૂબ ખાવાને લીધે પૂરૂં કર્યું હતું તે ઉજ્જેણીનો રાજા થયો. તેણે જાતિસ્મરણથી પૂર્વભવ જાણીને ગુરૂના પ્રતિબોધથી સુશ્રાવક થઇ અનાર્ય દેશમાં મુનિના રૂપધારી શ્રાવકો મોકલી જૈનધર્મનો ઉદય ભરતદેશમાં કર્યો અને આખી પૃથ્વી અને જિનમંદિરોથી આભૂષિત કરી. ઉપરોક્ત મૂલનાયક પદ્મપ્રભુની પ્રતિમા વીરાત્ બસેં ત્રણ ( ત્રોંતેર ? ) આર્ય રક્ષિત સૂરિએ મહાશુદ ૮ ને રવિવારે શુભ

મુહૂર્તે પ્રતિષ્ઠિત કરી એવું તે પ્રતિમા પાછળ લખેલી લિપિ વિચાર પૂર્વક વાંચ્યા પછી જણાય છે.

બીજી પ્રતિમા—મૂલ નાયક પાર્શ્વનાથની શ્વેત એટલે સફેદ સોનાની બનાવેલી છે એ આશ્ચર્યની વાત જાણી. એ અર્જુન પાસ અર્જુનપુરીના શણગાર રૂપ છે. ચંદ્રગુપ્ત રાજા કે જેને ચાણાક્યે રાજ્ય અપાવ્યું તેણે આ બિંબ ભરાવ્યું અને મહાવીર સંવતથી એકસો સીતેર વર્ષે ચૌદપૂર્વધર અને શ્રુત કેવલી એવા ભદ્રબાહુ થયા તેણે આની પ્રતિષ્ઠા કરી હતી.

આ તીર્થની ઉત્પત્તિ થઈ સં. ૧૬૬૨ માં એટલે આ પ્રતિમાઓ અજબ રીતે મળી આવી એટલે ધંધાણી—અર્જુન પુરી નામના મારવાડના ગામમાં નવું તીર્થ થયું અને ગામે ગામના સંઘ ત્યાં આવવા લાગ્યા. અને મહાવીરના વારાની એટલે લગભગ તે સમયની અતિપ્રાચીન પ્રતિમાના દર્શન કરવા સૌ કોઇ ઉલટે એ સ્વાભાવિક છે. સં. ૧૬૬૨ ના મહા મહિનામાં આ લખનાર એટલે કવિ સમય સુંદર ગણીએ પણ જાત્રા કરી. ( ઉત્પત્તિ જેઠમાં થઇને જાત્રા મહા મહિનામાં કરી એમાં વિરોધ નથી કારણ કે આ સંવત્ માર-વાડી-ચૈત્રાદિ ગણવાનો છે. )

ઉપરોક્ત ધંધાણી—અર્જુનપુરી ક્યાં હાલ આવેલ છે તે સંબંધી તપાસ કરતાં શિરોહી રાજ્યમાં ધાંધપુર નામનું ગામ છે તે આ ધંધાણી ( ધંધાણી ) હોય એ સંભ-વિત છે. ધાંધપુર સંબંધમાં રા. ઓઝા પોતાના શિરોહીકા ઇતિહાસમાં પૃ. ૫૨—૫૩ નીચેનો ઉલ્લેખ કરે છે:—

" ધાંધપુર—હણાદ્રોથી લગભગ બે મૈલ દક્ષિણ—પશ્ચિમમાં ધાંધપુર ગામ છે. આ ગામનું નામ શિલા લેખોમાં ધંધુકપુર એ મળે છે, કે જેથી અનુમાન થાય છે કે પરમાર રાજા ધુંધુકે પોતાના નામથી આને વસાવ્યું હોય અહીં ૧૨ મી અને ૧૪ મી સદીના કેટલાક લેખ પડેલા મળ્યા છે, પરન્તુ તે એટલા બધા બગડી ગયા છે કે હાલ તે સ્પષ્ટ-તાથી વાંચી શકાતા નથી, એક સ્મારક પત્થર પર હાથમાં ભાલું ધારણ કરી ઘોડાપર બેસેલા પુરૂષની મૂર્તિની નીચે ત્રણ લીટીનો એક લેખ છે તેમાં વિ૦ સં. ૧૩૪૭ (ઈ. સ. ૧૨૯૦ ) પરમાર પાતલસી સુત અર્જુન લખેલ છે. 'પાતલસી' પ્રતાપસિંહનું અપભ્રંશ હોવાથી એવું અનુમાન થાય છે કે આ લેખનો અર્જુન તે પરમાર રાજા પ્રતાપસિંહ કે જેના સમયનો પાટનારાયણનો લેખ સં. ૧૩૪૩ ( ઇ. સ. ૧૨૮૬ ) નો છે તેનો પુત્ર છે અને તે કોઇ લડાઇમાં માર્યો ગયો હશે. લેખો પરથી જણાય છે કે દેવડાઓ જાલોરની તરફનો મુલક દબાવતાં જતા હતા અને આબુની પશ્ચિમના કેટલાક ઇલાકા તેઓએ આ સમયમાં પહેલેથી પોતાના અધિકારમાં લાવી મૂકયા હતા. આથી અર્જુન દેવડાઓની સાથે લડી માર્યો ગયો હોય તો આશ્ચર્ય નથી."

ઉપર પ્રમાણે અર્જુન સંબંધમાં અનુમાન દોરેલું છે પણ આ કાવ્યમાંનું અર્જુનપુરી એ નામ ઉક્ત અર્જુન પરમાર પરથી પડેલું હોય અને તે ગામ તેણેજ વસાવ્યું હોય એ અનુમાન પણ આપણે દોરી શકીએ છીએ.

ધંધાણી કરતાં ધંધાણી એ નામ ઉપરની હકીકતથી વધારે યોગ્ય લાગે છે. આ ગામમાં જઇ ત્યાં દૂધેલા નામનું તળાવ છે કે નહિ, અને આ તીર્થની ઉત્પત્તિ થઇ કે નહિ, ઉક્ત પ્રતિમાઓ છે કે નહિ તે સર્વ બાબતનો નિશ્ચય કરવાની જરૂર રહે છે અને

પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા કે જેણે મારવાડના ઇતિહાસનો એક શોધક તરીકે ઘણો અભ્યાસ કર્યો છે તેઓ આ સંબંધમાં પ્રકાશ પાડી કૃપા કરશે.

ઢાલ ત્રીજીમાં ' પ્રતિમા શ્વેત સોનાતણી મોટો અચરિજ એહોજી ' આમાં ધોળા સોનાની પ્રતિમા છે એ આશ્ચર્યની વાત છે. ધોળું સોનું કવચિતજ માલમ પડે છે, પણ તેવું અસ્તિત્વમાં છે એ પણ ચોક્કસ છે. પીળું સોનું તો મળે છે, પણ ધોળું સોનું પણ થાય છે, અને તેને અર્જુન સુવર્ણ પણ કહે છે એમ ઉક્ત ડાહ્યાભાઈ પોતે વાંચેલું છે એમ જણાવે છે. આ સંબંધમાં વિદ્વાનો ખુલાસો કરશે.

તંત્રી.

# कॉन्फरन्स मिशन.

## १ सुकृत भंडार फंड.

( ૨૪-૧-૧૮ થી ૨૮-૨-૧૮ સંવત ૧૯૭૪ ના પોષ સુદ ૧૩ થી માહા વ. ૩ સુધી. )

વસુલ આવ્યા રૂા. ૫૪૨-૧૦-૦

ગયા માસ આખરના બાકી રૂા. ૯૨૯—૯-૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ દેથળી, ૮।। ગુંજાળા, ૪। વેજલપુર, ૧૩।≈ રાંતેજ, ૬।। ડાભોલ ૧૦ કુલ રૂા. ૪૨-૧૦-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ કલકત્તા.

કલકત્તા ૩૦૦ }
„ ૨૦૦ } કુલ રૂા. ૫૦૦—૦-૦

એકંદર કુલ રૂા. ૧૪૭૨—૩—૦

(તા. ૧-૩-૧૮ થી ૩૧-૩-૧૮ સં. ૧૯૭૪ ના માહા વ. ૩ થી ફાગણ વ. ૪ સુધી. )

વસુલ આવ્યા રૂા. ૫૦૦—૮—૦

ગયા માસ આખરના બાકી રૂા. ૧૪૭૨-૩-૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદઃ—
બોધવડ, ૨ સુરત, ૦। દીગરસ, ૪। ખાવગામ, ૩।। બાલાપુર, ૨ યેવલા, ૨ અમદાવાંદ, ૪ પાટણ, ૧ આકોલા, ૧૦। ઇંદોર, ૫ હીરપુર, ૦।। કુલ રૂા. ૩૫—૦-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદઃ—
આજીમગંજ, ૮૧ બાલુચર, ૩૬ મહેમાપુર, ૧૫ ઝરીઆ, ૨૭૧ નાથનગર ૬।। ભાગલપુર, ૫ બીહાર, ૧૭ પટના, ૨૪. કુલ રૂા. ૪૫૪—૮-૦

(૩) સ્ટેન્ડીંગ કમીટિના સ્થાનીક મેમ્બરો તરફથી વસુલ આવ્યાઃ—
શેઠ મોતીલાલ મુળજીભાઈ, ૧૧ કુલ રૂ. ૧૧—૦—૦

એકંદર કુલ રૂા. ૧૯૭૨-૧૧-૦

---

(તા. ૧-૪-૧૮ થી તા. ૩૦-૪-૧૮ સં. ૧૯૭૪ના ફાગણ વ. ૫ થી ચૈત્ર વ. ૪ સુધી.)
વસુલ આવ્યા રૂા. ૫૩૩-૧૨-૦
ગયા માસ આખરના બાકી રૂા. ૧૯૭૨-૧૧-૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદઃ—
બાલાપુર, ૫૧ મુર્ત્તિજાપુર, ૧૪॥ કારંજા, ૧૦॥ આંકોલા, ૫૩॥
પુલગામ, ૨ નાચણગાંવ, ૬ ઉમરાવતી, ૧૯॥ ધામણ ગામ, ૩॥
હીંગણ ઘાટ ૧૧॥ વરોરા, ૬॥ નાગપુર, ૩૯. કુલ રૂા. ૨૧૩-૧૨-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદઃ—
બનારસ, ૨૬॥ કુલ રૂા. ૨૬—૮—૦

(૩) આગેવાનોએ પોતાની મેળે મોકલાવ્યાઃ—
ફત્તેપુરના શેઠ પ્રતાપમલ રાખવદાસ, ૫૦॥ કુલ રૂા. ૫૦—૮—૦

(૪) સ્ટેન્ડીંગ કમીટિના સ્થાનીક મેમ્બરોના વસુલ આવ્યાઃ—
શેઠ ખેતસીભાઇ ખીઅસીભાઇ, ૧૦૧ શેઠ હીરજીભાઇ ખેતશીભાઇ,
૧૦૧ શેઠ મણીભાઇ ગોકળભાઇ, ૧૫ શેઠ કલ્યાણચંદ શોભાગચંદ,
૧૧ શેઠ વેલજીભાઇ આણંદજી, ૫ શેઠ નરોતમદાસ ભાણજી, ૫
શેઠ લખમશી હીરજી મૈશરી, ૫. કુલ રૂા. ૨૪૩—૦—૦

એકંદર કુલ રૂા. ૨૫૦૬—૭—૦

---

(તા. ૧-૫-૧૮ થી તા. ૩૧-૫-૧૮ સંવત ૧૯૭૪ના ચૈત્ર વ. ૫ થી વૈશાખ વ. ૬ સુધી.)
વસુલ આવ્યા રૂા. ૩૭૦—૪—૦
ગયા માસ આખરના બાકી. રૂા. ૨૫૦૬-૭-૦

(૧) ઉપદેશક મી, વાડીલાલ સાંકળચંદઃ—
ચાંદા, ૧૨॥ ભાંડક, ૦॥ વર્ધા, ૭॥ સીંદી, ૮ શીખરજી (જાત્રાળુ)
૩॥ ઝીરકન, ૧૩॥ કતરાસ, ૩૦ મહુદા, ૩ બરમા બાકોરા, ૮
બદકરા, ૩ ફુસરી, ૯ ભુજડી, ૪ પથરડી, ૭ ઝરીઆ, ૨
કુસંડા, ૭ કુલ રૂા. ૧૨૨-૧૨-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદઃ—(કાઠિયાવાડ-ગોહેલવાડ)
વરતેજ ૧૬॥ કમલેજ, ૨॥ કાજાવદળ, ૧ મોટા સુરકા, ૩॥
પીંપલીઆ ૧॥ નવાગામ ૦॥ પાલડી ૩॥ છેદરડા, ૫॥ કુલ રૂા. ૨૪—૮—૦

(૩) સ્ટેન્ડીંગ કમિટિના સ્થાનીક મેમ્બરોના વસુલ આવ્યાઃ—
શેઠ જીવણચંદ ધરમચંદ, ૧૦૧ શેઠ લાલભાઈ કલ્યાણભાઈ ૨૫
શેઠ મણીલાલ સુરજમલ, ૨૫ શેઠ લક્ષ્મીચંદજી ધીયા, ૨૬ શેઠ
માણેકજી જેઠાભાઇ, ૨૧ રા. રા. સારાભાઈ મગનભાઇ મોદી, ૧૧
શેઠ વીરચંદ કૃષ્ણાજી, ૭ રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા, ૭
શેઠ લલ્લુભાઇ કરમચંદ, ૫ કુલ રૂા. ૨૨૩—૦—૦

એકંદર કુલ રૂા. ૨૮૭૬–૧૧–૦

---

(તા. ૧–૬–૧૮ થી ૩૦–૬–૧૮ સં. ૧૯૭૪ના વૈશાખ વ. ૭ થી જેઠ વ. ૭ સુધી.)
વસુલ આવ્યા રૂા. ૧૮૨—૪—૦
ગયા માસ આખરના બાકી. રૂા. ૨૮૭૬–૧૧–૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદઃ—(દક્ષિણ)
વર્ધા, ૧૧ આકોલા, ૧૧, ભાંડક, ૨ અમલનેર, ૩૭ાા જળગાંવ,
૧૯ હીંગણુ ઘાટ, ૨ નાંદરા, ૨૬ પાચોરા, ૩૬ા તળોળા, ૫. કુલ રૂા. ૧૫૦—૦—૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદઃ—(કાઠિયાવાડ)
ઇશ્વરીયા, ૦ાા ગોલરામા, ૧ માલપરા, ૦ાા કેરીયા, ૦ાા પીંપ-
રાળી, ૧ા ઉમરાળા, ૭ કાનપુર, ૦ા મોણપુર, ૦ાા ઇંટાળીઆ ૦ાા
રતનપુર, ૧ મેવાસા, ૧ ભોજપરા, ૦ાા રોહીશાળા, ૧૦ લાખેણી,
૫ સાંગાવદર ૦ાા મોટા ઝીંઝાવદર ૧ નવાગામ ૦ાા કુલ રૂા. ૩૧—૪–૦

એકંદર કુલ રૂા. ૩૦૫૮–૧૫–૦

---

(તા. ૧–૭–૧૮ થી ૩૧–૭–૧૮ સં. ૧૯૭૪ના જેઠ વ. ૮ થી અસાડ વ. ૯ સુધી.)
વસુલ આવ્યા રૂા. ૨૫૭—૧૨—૦
ગયા માસ આખરના બાકી રૂા. ૩૦૫૮–૧૫–૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદઃ—(દક્ષિણ)
યેવલા, ૩૪ાા અહમદનગર, ૫૧ાા સંગમનેર ૧૬ાા આકોલા, ૫ કુલ રૂા. ૧૦૮—૦–૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદઃ—(કાઠિયાવાડ)
પછેગામ, ૩ લીમડા, ૦ાા કંથારીઆ ૦ા (સુરત જીલ્લો) દમણુ
૨૭ાા દાદરા, ૩ા દેહગામ, ૩૨, રાતા. ૮ાા કોપરલી ૧૮ાા કુલ રૂા. ૯૩–૧૨–૦

(૩) સ્ટેન્ડીંગ કમીટિના સ્થાનિક મેમ્બરોના આવ્યાઃ—
શેઠ લાલજીભાઇ ભારમલ, ૫ કુલ રૂા. ૫—૦–૦

(૪) મુંબઇના ગૃહસ્થોના વસુલ આવ્યાઃ— રૂા. ૫૧—૦–૦

એકંદર કુલ રૂા. ૩૩૧૬–૧૧–૦

---

(તા. ૧-૮-૧૮ થી ૩૨-૮-૧૮ સં. ૧૯૭૪ ના અશાડ વ. ૧૦ થી શ્રાવણ વ. ૨૦ સુધી)

વસુલ આવ્યા રૂ. ૫૪૫-૧૩-૦

ગયા માસ આખરના બાકી રૂા. ૩૩૧૬-૧૧-૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકલચંદઃ— (દક્ષિણ)
રાજુર, ૪૬ાા કંતુર, ૩૪ા લીંગદેવ, ૨ સંગમનેર, ૨ાા- મ-
નમાડ, ૯ કુલ રૂા. ૯૪—૫—૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદઃ— (સુરત જીલ્લો)
અંબાચ, ૨૬ાા ખેર લાવ, ૨૨ાા ગોઇમા, ૯ાા રોહીણી, ૨ પ-
રીયા, ૨૦ ઉદવાડા, ૫ બગવાડો, ૨૧ પારડી, ૧૨ાા વાપી, ૩૪ાા
વલસાડ, ૩૦ાા ઉંરડી, ૨૮ાા બીલીમોરા ૩૪ાા અમલસાડ, ૪૮
લુસવાડા; ૬ાા ધમડાઢા, ૧૨ાા કઢોલી, ૧૦ાા ઇચ્છાપુર ૧૬ કોલ-
વા, ૪ાા વેડછા. ૨ કુલ રૂા. ૩૪૭—૦—૦

(૩) આગેવાનોએ પોતાની મેળે મોકલાવ્યા —
બેંગ્લોરના શેઠ બી. એફ. સાલમચંદ ગુલેચ્છા, ૨ કુલ રૂા. ૨—૦—૦

(૪) સ્ટેન્ડીંગ કમીટિના સ્થાનિક મેમ્બરોના વસુલ આવ્યાઃ—
શેઠ મુલચંદ હીરજીભાઇ, ૫ રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, ૫ કુલ રૂા. ૧૦—૦—૦

(૫) મુંબઇના ગૃહસ્થોના વસુલ આવ્યા. રૂા. ૯૨-૮-૦

એકંદર કુલ રૂા. ૩૮૬૨-૮-૦

(તા. ૧-૯-૧૮ થી ૨૫-૯-૨૮ સં. ૧૯૭૪ ના શ્રાવણ વ. ૧૧ થી ભાદરવા વ. ૬ સુધી.)

વસુલ આવ્યા રૂ. ૬૮૩-૧૧-૪

ગયા માસ આખરના બાકી રૂા. ૩૮૬-૮-૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ;— (મારવાડ)
ધનારી, ૧૧ા કુલ રૂા. ૧૧-૪-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદઃ— (સુરત જિલ્લો)
અબ્રામા, ૧૭ાા પનાર, ૫૬ાા આટ, ૩૨ાા કરાડી, ૧૩ા જલા-
લપોર, ૭૪ા કુલ રૂા. ૧૯૪-૮-૦

(૩) આગેવાનોએ પોતાની મેળે મોકલાવ્યાઃ—
અમદાવાદથી રા. રા. મનસુખલાલ અનોપચંદ, ૧ ફત્તેપુરના શેઠ
પ્રતાપમલ રીખવદાસ, ૨ાાુ ઠીકરીઆ (ભરૂચ) ના શેઠ દલપ-
તદાસ નાનચંદ ૧ાા તળાજાના શેઠ કેશવજી ઝુંઝાભાઈ ૧૦ કુલ રૂા. ૧૫-૩-૦

(૪) સ્ટેન્ડીંગ કમીટીના સ્થાનિક મેમ્બરોના વસુલ આવ્યાઃ—
શેઠ દેવકરણ મુળજીભાઇ, ૧૧ શેઠ ભોગીલાલ વીરચંદ. જે. પી.
૧૫ શેઠ મોહનલાલ હેમચંદ, ૧૧ કુલ રૂા. ૩૭-૦-૦

(૫) મુંબઇના ગૃહસ્થોના વસુલ આવ્યા. રૂા. ૪૩૫-૧૨-૪

એકંદર રૂા. ૪૫૫૬-૭-૪

## ૨ उपदेशक प्रवास.

### ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદનો પ્રયાસ.

ઓરાણ—જીવહિંસા ઉપર અસર કારક ભાષણ સમગ્ર પ્રજા એકઠી કરી આપતાં અત્રેના મુસલમાન અમલદારે પાપ ન કરવાનો ઠરાવ કર્યો હતો.

દેલોલી—જુદા જુદા વિષય ઉપર ભાષણ આપતાં વીસ જણાએ પરસ્ત્રી ત્યાગના અને સ્ત્રીઓએ ફટાણા ન ગાવાના ઠરાવ કર્યા હતા.

( દક્ષિણ )

સંગમનેર—અત્રેના શેઠ ભવાનભાઈ સાંકળચંદ મારફત જાહેર જૈન સંઘ એકઠો કરી ભાષણ આપતાં મરણ પાછળ રૂદન કુટન ન કરવાનો તથા સ્ત્રીઓએ ફટાણા ન ગાવાનો ઠરાવ કર્યા હતા.

રાજુર—અત્રે જુદા જુદા વિષય ઉપર ભાષણો આપતાં ઉપર મુજબ ઠરાવો થયા હતા.

કંતુર—આઠ દિવસ જુદા જુદા વિષયો ઉપર અસર કારક રીતે ભાષણ આપતાં કન્યાવિક્રય નહિ કરવાનો અને કરે તેને ન્યાત બહાર મુકવાનો તથા લગ્ન પ્રસંગે જેમ બને તેમ ઓછો ખર્ચો કરવાના ઠરાવ થયા હતા.

### ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદનો પ્રવાસ.

( સુરત જીલ્લો )

દમણ—અત્રેના શેઠ ઉમેદચંદ રૂપચંદની મારફતે જૈન ધર્મશાળામાં શેઠ ખુબચંદ ધરમચંદના પ્રમુખપણા નીચે ભરી જાહેર ભાષણ આપતાં શીક્ષકની સગવડ થતાં જૈન પાઠશાળા ખોલવા નક્કી થયું.

કોપરલી—અત્રે શેઠ કેશરીચંદ પ્રયાગજીના પ્રમુખપણા નીચે સભા ભરી કેળવણી, અને હાનીકારક રિવાજો વિષે ભાષણો આપતાં સારી અસર થઈ હતી. જૈન મંદિર કે પાઠશાળા અત્રે નથી.

અંબાચ—શેઠ ખીમચંદ ડાહ્યાજીના પ્રમુખ પણા નીચે બે સભાઓ કરી સંપ, જીવ હિંસા, હાનિકારક રિવાજો વગેરે પર ભાષણો આપ્યા. જૈન મંદિર કે પાઠશાળા નથી. મુનિ વિહાર થતો નથી.

ખેરલાવ—શેઠ ઉમેદચંદ નરસાઇજીને ત્યાં સભા ભરી ધર્માચાર વિષે અને કન્યાવિક્રયના વિષય ઉપર ભાષણ આપતા સારી અસર થઇ છે.

---

## श्री धार्मिक हिसाब तपासणी खातुं

૧. ગુજરાત જીલ્લાના ( વડોદરા મહાલ ) ગામ ચાણસોળ મધ્યે આવેલા પહેલા શ્રી રૂષભદેવજી મહારાજના દહેરાસરને લગતો વહિવટનો રિપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્તા દોશી લાલચંદ લીલાચંદના હસીકનો સંવત ૧૯૭૨ થી તે સંવત ૧૯૭૪ ના ચૈત્ર વ. ૭ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહિવટ સારી રીતે ચલાવે છે. પરંતુ પ્રથમ સદરહુ સં-

સ્થાનો વહિવટ અમોએ તપાસી સર્વેના હીસાબો કરાવી આપી નાણાં ભેગાં કરી આપી વહિવટ ચલાવવાનું પાકું બંધારણુ કરી આપ્યું હતું તેમ છતાં કરી આપેલા બંધારણુ વિરૂદ્ધ ગામ મધ્યેના શ્રાવકોએ સદરહુ ગામના માઝનને નાણાં ધીરવામાં આવેલાં તેથી આ વખતની તપાસણી વખતે માઝન મધ્યેના ચાર આગેવાનોએ માઝનની સંમત્તિથી તે નાણા તાકીદે વસુલ અપાવી દેવાની લેખીત કબુલાત આપવાથી વધારે ઇલાજો લેવાતું હાલ તુરત અમોએ મોકુફ રાખ્યું છે.

૨. પાલણપુર ઇલિકાના ( ઢાંઢાર દેશ ) ગામ ટીંબા ચુડી મધ્યે આવેલા શ્રી ચંદ્ર પ્રભુજી મહારાજના દેરાસરજીના વહિવટને લગતો રિપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્ત્તા પટવા ડોહજી એચરદાસના હસ્તકનો સંવત ૧૯૬૬ થી સંવત ૧૯૭૪ ના જેઠ વ. ૮ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં નામું રિતસર રાખી વહિવટ સારી રીતે ચલાવે છે.

૩. પાલણપુર ઇલાકાના ( ઢાંઢાર દેશ ) ગામ વાસણુ મધ્યે આવેલા શ્રી પાર્શ્વનાથજી મહારાજના દેરાસરના વહિવટને લગતો રિપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્ત્તા પરસોતમ માયાચંદના હસ્તકનો સંવત ૧૯૫૫ થી સંવત ૧૯૭૪ ના જેઠ સુ. ૭ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં સદરહુ સંસ્થાનો વહિવટ તપાસવાની તેના વહિવટ કર્ત્તા પાસે માગણી કરતાં તેઓએ એક માઝનની ચોપડીમાંથી વહિવટનું નામું દેખાડયું. પરંતુ તેમાં વીસ વર્ષ પહેલાંની લેણુ દેણુની રકમો બાકી અને એકજ રકમ જમે ઉધાર થયેલી તે સિવાય કાંઇ પણુ નામું માંડવામાં આવ્યું નથી. તે વહિવટ તપાસ્યા બાદ બીજા સ્થળેથી તે વહિવટ બદલ પુછપરછ કરતાં ફેરફારની ખબર મળવાથી તે ગામમાં ફરી જઇ વહિવટ કર્ત્તાને દબાવીને પુછતાં તેના કાકાનો તેના કબજામાં વહિવટ છે તે ચોપડામાંથી સદરહુ સંસ્થાને લગતો વહિવટ બહુજ મુશ્કેલીથી તારવી કાઢયો છે. તેમજ તે ગામના રહિશ શા. કેવળ છગનની વિધવા સ્ત્રી બાઈ જીવી તેમજ વાણુ ઉઝમ સાંકળાની વિધવા સ્ત્રીએ ચાંદીની ચુડીઓ નં. ૨ તોલ રૂા. ૪૦ ભારના આશરે તથા વાણુ ખુશાલ કેવળની વિધવા સ્ત્રીએ પોતાના પગના કડલાં નં. ૨ તોલ રૂા. ૧૦૦ ના આશરે શ્રી દેરાસરજી મધ્યે બેઉ પ્રતિમાજીઓને આંગી કરવા માટે સોંપેલ પરંતુ બાઇ જીવીથી તે કામ નહિ બની શકવાથી તેમજ તેનો દીકરો દેવગત થવાથી તે દાગીના ઉપર જણાવેલ વહિવટ કર્ત્તાને ભગવાનની આંગીઓ કરવા સોંપેલા પરંતુ વહિવટ કર્તા તે વાત કબુલ નહિ કરવાથી સદરહુ બાઇ તથા બીજા ગામના જૈનો સમક્ષ રૂબરૂ કરવાથી વહિવટ કર્ત્તાએ તે દાગીના પોતાની પાસે આવેલા છે તે કબુલ કર્યું તેથી અમોએ અમારા હિસાબ ફોર્મમાં તે રકમ દાખલ કરી. તે ફોર્મ ઉપર સદરહુ વહીવટ કર્તાની સહિ કરાવી લેવામાં આવી છે. માટે આવા વહિવટ કર્તાઓ પાસેથી આકતી પાઙ્ગીના મહાજને તે વહીવટ ખુંચવી લઇ પોતાના સ્વાધીનમાં રાખવો જોઇએ તે ગામમાં ખરેખરા જૈનોના બેજ ઘર હોવાથી ત્યાંના મંદિર મધ્યેની પ્રતિમાજીઓ કોઇ સારા સ્થળે બહુજ માનપૂર્વક પૂજન કરે તેવાજ સ્થળે આપી દેવા જોઇએ.

૪. પાલણપુર ઈલાકાના ( ઢાંઢાર દેશ ) ગામ ધોડીપાલ મધ્યે આવેલા શ્રી સેશરણા પાર્શ્વનાથજી મહારાજના દેરાસરના વહિવટને લગતો રિપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્તા વાણુ નાહાલચંદ રવચંદના હસ્તકને। સંવત ૧૯૫૫ થી સંવત ૧૯૭૪ નાં જેઠ શુ. ૧ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં વહિવટનું નામું રિતસર રાખવામાં આવ્યું નથી. તેથી તેઓને સમજણ પાડી જૈન શૈલી પ્રમાણે નામું લખવા સુચવ્યું છે.

પૂજનને લગતો તમામ ખરચ તથા ગોઠીનો પગાર ગામ મધ્યેના જૈનો પોતાની પાસેથી કરે છે. તેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

૫. પાલણપુર ઈલાકાના ( ઢાંઢાર દેશ ) ગામ ધાણુધા મધ્યે આવેલા શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના મહિવટને લગતો રિપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્તા શા લલ્લુ લવજી તથા શા. મનજી કપુરના હસ્તકનો સં. ૧૯૫૨ થી સં. ૧૯૭૪ ના વૈશાખ સુધી ૫ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે તે જોતાં આગળનો વહિવટ ઘણીજ ખરાબ સ્થીતિમાં હતો પણ સંવત ૧૯૬૫ ની સાલમાં હાલના વહિવટ કર્તા પાસે આવ્યો ત્યારથી વહિવટ ઘણીજ કાળજીથી ચલાવાતો જોવામાં આવે છે. તેમજ પૂજનને લગતો તમામ ખર્ચ તથા ગોઠીનો પગાર વગેરે ખર્ચ ગામ મધ્યેના જૈનો પોતાની પાસેથી કરે છે તેથી તેઓને પૂરેપુરો ધન્યવાદ ઘટે છે.

૬. પાલણપુર ઈલાકના ( ઢાંઢાર દેશ ) ના ગામ જસલેણી મધ્યે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજીના વહિવટને લગતો રિપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્તા વાણુ બેચર ચેલા, ગાંધી લલ્લુ પીતાંબર, દોશી માણેકચંદ દોલા તથા દોશી લાલચંદ લલ્લુના હસ્તકનો સં. ૧૯૬૬ થી સં. ૧૯૭૪ ના જેઠ વ. ૪ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં સદરહુ સંસ્થામાં એક તીજોરી રાખી છે તેમાં તેને લગતા નાણું રાખવામાં આવે છે. અને દેરાસરજીમાં ચડાવવા વિગેરેમાં જે કાંઇ ઉપજ થાય છે તે નાણા સંવત્સરી પહેલા ચુકાવી લઇ તીજોરીમાં નાખવામાં આવે છે. કોઈ પાસે લેણું રાખવામાં આવતું નથી. તેમજ કોઈ પણ ગૃહસ્થ તરફથી કોઈ બી બાબતમાં નાણું આપવામાં આવે છે તો તે ગૃહસ્થના હાથે અથવા કોઈ ત્રીજા ગૃહસ્થને હાથે ત્રીજોરીમાં એક છીદ્ર પડાવ્યું છે ત્યાંથી નાખવામાં આવે છે તેથી તે વહિવટને લગતું નામું જુજ અને સાદું રાખવામાં આવે છે.

દેરાસરજીમાં પુજનને લગતો તમામ ખર્ચ તથા ગોઠીનો પગાર જૈન શૈલીને અનુસરીને જૈનો પોતાની ગીરોથી આપે છે તે બહુજ પ્રસંશાપાત્ર છે.

૭. પાલણપુર ઈલાકાના ( ઢાંઢાર દેશ ) ગામ વટાદા મધ્યે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીના વહિવટને લગતો રિપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્તા વાણુ મગન કેવળ તથા વાણુ નહાલચંદ અમીચંદના હસ્તકનો સંવત ૧૯૭૧ થી સંવત ૧૯૭૪ ના જેઠ શુ. ૯ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં નામું રીતસર રાખી વહિવટ ચલાવે છે. એટલુંજ નહિ પણ ગામમાં જૈનોના થોડાં ઘરો હોવા છતાં દેરાસરજીમાં પૂજનનો ખર્ચ તથા ગોઠીનો પગાર—તમામ ખર્ચ—જૈનો પોતાની ગીરોથી કરે છે. તે બહુજ પ્રશંસા પાત્ર છે.

૮. પાલણપુર ઈલાકાના ( ઢાંઢાર દેશ ) ગામ ભાગાટ મધ્યે આવેલા શ્રી ઋષભદેવજી ભગવાનના દેરાસરજીના વહિવટને લગતો રિપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્ત્તા વાણુ ગુલાલચંદ સાકરચંદના હસ્તકનો સં. ૧૯૬૦ થી તે સં. ૧૯૭૪ ના વૈશાખ શુ. ૯ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં દેરાસરજી મધ્યેના દરેક પ્રકારના ચડાવાના રૂા. ખાતે નહિ માંડતાં રોકડા લેવામાં આવે છે. અને ગોઠીનો પગાર તથા પૂજનને લગતો સઘળો ખર્ચ ગામ મધ્યેના જૈનો પોતાની ગિરોથી કરે છે. તેમજ ભાદરવા શુદીમાં સંઘ ભેગો થઇ આખો વહિવટ તપાસી જોયા બાદ સંવત્સરી પ્રતિક્રમણ કરે છે. તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે.

૯. પાલણપુર ઈલાકો ( ઢાંઢાર દેશ ) ના ગામ માલણ મધ્યે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીના વહિવટને લગતો રિપોર્ટ:—

સદરહુ સંસ્થાના વહિવટ કર્તા માસ્તર લલ્લુ બેચરદાસ તથા શા. ઉજમ તારાચંદ હસ્તકનો સં. ૧૯૬૦ થી સં. ૧૯૭૩ ના ભાદરવા વ. ૫ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં ગોઠીનો પગાર તથા પૂજનને લગતો સર્વે ખર્ચ ત્યાંના જૈનો પોતાની ગિરોથી આપે છે. તે ઘણુંજ પ્રસંસાપાત્ર છે. પરંતુ તેને લગતો વહિવટ બેદરકારીથી ચલાવી નામું રીતસર રાખવામાં આવતું ન હતું તેથી જૈનો દેવ દ્રવ્યના લેપમાં સપડાવાનો ભય રહેતો હોવાથી ત્યાંનો શ્રી સંઘ ભેગો કરી દરેક બાબતની સમજણ પાડી રીતસર નામું લખવાનો બંદોબસ્ત કરી આપ્યો છે.

૧૦. પાલણપુર ઇલાકા ( ઢાંઢાર દેશ ) ના ગામ જગાણું મધ્યે આવેલા શ્રી મહાવીર સ્વામીજી મહારાજના દેરાસરના વહિવટને લગતો રિપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહિવટ કર્તા વાણુ સાંકળચંદ દોલાના હસ્તકનો સં. ૧૯૬૭ થી સં. ૧૯૭૪ ના જેઠ વ. ૩ સુધીનો વહિવટ અમોએ તપાસ્યો છે. તે જોતાં નામું સારી રીતે રાખી વહિવટ ચલાવતાં જોવામાં આવે છે તથા પૂજનને લગતો તમામ ખર્ચ તથા ગોઠીનો પગાર વગેરે ગામ મધ્યેનાં જૈનો પોતાની ગીરોથી કરે છે તે બહુજ પ્રસંસા પાત્ર છે.

ઉપલાં તમામ ખાતાં તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહિવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

---

# क्षमा विजय गुरु सझाय.

## દુહા.

સમરૂં ભગવતી ભારતી, વાહન જાસ મરાલ;
શ્રી ગુરૂના ગુણ ગાયવા, ઘો મુઝ બુદ્ધિ વિશાલ. ૧
સુર ચિંતામણિ સુરગવી ઈત્યાદિક કે કોડિ;
મન વંછિત જે પૂરવે, કિમ આવે ગુરૂ જોડ. ૨

ગુરૂ દિનયર ગુરૂ દીપસમ, ગુરૂ વન ઘોર અંધાર;
ભવ સાયરમાં બૂડતાં, દીયઇ શ્રી ગુરૂ બાથ. ૪
નિણુ કારણુ ભવિ સજ્જ થઈ, સુણુજો તાસ ચરિત્ર;
સુણુતાં શ્રવણુ સુખ હુવે, ભણુતાં જીહ પવિત્ર.

દેશી નણુદીની.

વીર જિણેસર પય નમી, ગાસ્યું ગુરૂ ગુણુરાસ મોહન;
સરસતી માત મયા કરી, કીજે મુઝ મુખ વાસ. મો. ૧
શ્રી ગુરૂ ગુણુનિધિ ગાઇયઇ આંણી ઉલટ અંગ;
દુખ દોહગ સબ વીનિગમેં, લહીયઈ સુખ અભંગ. ૨
ભરત ક્ષેત્રમાંહિ સોભતો, દેસ મારૂ અભિરામ;
તસુ સિર તિલક સમોવડિ, ગામ પોયંદ્રા નામ. ૩
વડ વખતી વ્યવહારીઓ, કલુઓ સાહ તસુ નામ;
તસુ ધરણી કરણી સતી, બાઇ વનાં ગુણુધામ. મો. શ્રી. ૪
હેજે દંપતિ તિહાં વસઇ, ભોગવે ભોગવિલાસ;
અનુક્રમે સુત એક જનમીયો, સદગુણુનો આવાસ. ૫
નામ ઠવ્યો કુંવરતણો, આણી અધિક જગીસ;
ખેમચંદ ખેમેં રહો, ભૂઆ દે આસીસ. ૬
ચંપક તરૂવર તણી પરિં, વાધઈ સુત ગુણુવંત;
સયણુ હરખેં અતિ ઘણું, પેખી મહા પુન્યવંત. ૭
યોવન વય જવ આવીઉ આવ્યા સહિસમાં તેહ;
પ્રેમાપુર પ્રેમે રહે પદ્માસાહને ગેહ. ૮
એક દિન શ્રીગુરૂ વાંદીયા, શ્રી કપૂરવિજે કવિરાજ;
સમતા રસે ઝીલતાં, સારે આતમકાજ. ૯
દીયે શ્રી ગુરૂદેશના, વાણી અમીય સમાણી;
એહ સંસાર છે કારમો, જિમ પિપલનું પાણુ. ૧૦
સંધ્યા સમ પંખી મિલઇ, તરૂઅર ડાલ અનેક;
તિમ કુટુંબ આવી મિલ્યો, અંતે પ્રાણી એક. ૧૧
દશ દષ્ટાંતે દોહિલો, ઉત્તમ નરભવ લાધ;
શ્રાવક કુલ પામી કરી, આપ સવારથ સાધ. ૧૨

દૂહા.

શ્રી ગુરૂદેશન સાંભલી, જાગ્યો ચિત્ત કુમાર;
કરજોડી પંકજ નમી કહે ભવદુખથી તારિ. ૧
જનમ મરણુ દુખ મૈ સહ્યા, જાણ્યા તુમ પસાય;
અબહું તેહથી ઉભગ્યો, તિણુ મુજ દિક્ષ સુહાય. ૨

ઢાલ—કપૂર હોવઇ અતિ ઉજળુંરે–એ દેશી.

**વૃદ્ધિવિજય** કવિ કર ગ્રહ્યાં રે, પાંચ મહાવ્રત ધાર;
છાર છાંડી તુમે સંગ્રહ્યુંરે રતન ચિંતામણિ સાર. ૧
મુનિસર ધનધન તુમ અવતાર;
ક્ષમાવંત જાણી ઠવ્યુ રે, ક્ષમાવિજય અભિધાન;
**સંવત સત્તર ચોઆલમાંરે** જેઠ શુકલ પક્ષ જાણિ. ૨
દીક્ષા લેઈ સુંપીયાંરે, કપૂરવિજય કવિ પાય.
કપૂરપરિં જસ નિરમલોરે, જસ ગાજઈ જગ માંહે. ૩
વ્રત લીધાં તેહનાં ખરાંરે, પાલે નિરતિચાર;
પાંચ સુમતિ નિત સાચવેરે, સંયમ સતર પ્રકાર. ૪
ઇત્યાદિક ગુણ સોભતારે, સોલ કલા જિમચંદ;
એહવા મુનિ નિત વંદીયેરે, દૂરિ ટલે દુખ દંદ. ૫
ગામ નયર પુર વિચરતારે, કરતાં જન ઉપકાર;
સાધુ સંધાતે પરિવર્યારે, આવ્યા સહર મઝાર. ૬
સંઘ સકલ સહુ હરખીયોરે, શ્રી ગુરૂ વંદન જાય;
દેશના અમૃત વેલડીરે, સહુને આવે દાય. ૭
**સંવત સતર** ઇંકોતેરે રે પાટણ રહી ચોમાસ;
કાર્તિક વદિ પાંચમ દિનેરે, ગાયો ગુરૂ ઉલ્લાસ. ૮
જે દિન શ્રી ગુરૂ ભેટસુંરે તિ દિન ધન અવધાર;
સેવક **જિન** જુગતેં કહેરે, આણિ ભગતિ અપાર. ૯

---

# आबु तीर्थ.

**સરસતિ** સમરૂં બે કરજોડી, વંદુ **વરકાણે** ગિરનાર ગોડી;
જંઈપ **શેત્રુંજે સંખેસર** દોડી, કવિતાનેં કુશલ કલ્યાણ કોડી. ૧
**મરૂધર** માહેં તીરથ ઝાઝા, **આબૂ** નવિહિં કોટેરો રાજા:
ગામ ગઢનેં દેઉલ દરવાજા, ચોમુખનેંચેં પાઉ પરેં જાઝા. ૨
અશલિ આચારય ધર્મઘોષ સૂરી, જાત્રા કીધી પણ જાણેં અધૂરી;
દેઉલ વિણ ડુંગર દિસે નનૂરી, ધ્યાનેં બેઠા તિહાં પદ્માસન પૂરી. ૩
સુપના માહેં કહેં ચક્કેસરી માતા, ઢીલ મતિ કીજ્યો તિહાં કણેં જાતાં.
પોરવાડ પાટણ વિમલ વિખ્યાતા, હોસ્યેં છત્રપતિ સબ્બલ દાતા. ૪
અણુહલ્લેં પાટણ આચારજ આવે, શ્રાવક સોનાનેં ફૂલેં વધાવે:
ગુંહલી દેઇનેં ગુણ ગીત ગાવેં, ગુરૂજી વિમલને વેગેં તેડાવેં. ૫
નાન્હડીઓ બાલક બીહતો આયો, શ્રીપૂજ્યે શ્રાવક આગે બોલાયો;
જાણેં સાદૂલો સીહણેં જાયો, વિમલનેં વલતો વાતેં લગાયો. ૬

ત્રીજું તીરથ આબૂ સુણાઈ, જિનાલા (લય) વિણ જાત્રા કુણ જાત્રા જાઈ,
પોરવાડ પાખેં કેહનેં કહવાઈ, બીજે કુલ ઠામ દેઉલ ન થાઇ. ૭
પઇસા પામું તો પ્રાસાદ કરાવું, સોના રૂપાના બિંબ ભરાવું;
કાગલ તાલગ લિખીનેં દીધો વલતો શ્રી પૂજ્ય વિહાર કીધો. ૮
વિમલનેં પૂછે કરજોડી માતા, આપણા ગુરૂનેં છે સુખસાતા;
સાધેં સુઝતીરેં લીખીયો કરી લીધો, દેઉલ કરાવુ મેં બોલી દીધો. ૯
મતું કરીનેં માત વિચારેં, પૃથ્વીનો પત્તિ પરધાન સારેં,
રહેતો રાજા વિમલનેં મારે, ઇમ જાંણીનેં ગણિયા ઈગ્યારઇ. ૧૦
ભરીયો ઘર મુંકી ભાયારેં જાઇ, મજૂરી કરતાં મનમેં સંકાઈ;
પહિરેં ઓઢીને પેટ ભરાઈ, વિમલ મામાને ઘરિ મોટો ઇમ થાઈ. ૧૧
જિણ સમેં શેઠ પાટણનો જાણઇ, બેટી પરણાવી જોઇ જેહણિં ઠાણેં,
પૂછે પરગામેં ઠાક ઠકાણો, એહવો સુંદર વર કિહાંથી આણે. ૧૨
સબલા સહરના શેઠની જાઇ, બત્રીસ લખ્યણી બુદ્ધિવંત બાઈ;
સબલો વર જોઇજે કરવા સગાઈ, પંડિતનેં પૂછે પીતાનેં ભાઇ. ૧૩
હાથની રેખા દેખી અનુસારેં, એહનો વર બાંધે પાતિસાહેં બારેં;
એહવો વેઢાલો વાણીઆ માહેં; કુણ આણેં બારેં પાતસાહિ સાહેં. ૧૪
વિમલ માંમાને મિલવા ગયો ચાલી, એ બાંધે પાટસ્યા આજ કાલિ;
સેઠનેં બેટી સબલ વાહલી, એ જોઇ જે કન્યા વિમલનેં આલી. ૧૫
બાઇનો ભાઈ કાકો ને મામો, સાથેં સગાઈ કરવાનેં સામો;
વિમલનેં પોહતા ત્યારે હી ભાયા, મા જાણેં માહરે લહિણાયત આયા. ૧૬
ખતમતાલગ માહરો જોહોસી, વિમલ દેશીનેં દૂધે પગે ધોસી;
બે કરજોડી બોલીઓ જોસી, પાટણથી આયા પૂરણ દોસી. ૧૭
ખત પત્રની વાત ન કાંઇ, વિમલ લ્યાવો જો વાંટાં વધાઇ;
કાકો મામો નેં કન્યાનો ભાઇ, મેતો આવ્યા છાં કરવા સગાઇ. ૧૮
કિમહી કહતાં કિમહી કહવાઈ, માહરે પાને થેં ચૂનો ન દેવાઇ,
પુણ્ય આંકુર આગલિ જણાઇ, આખર અબળાથી સબલો ઇમ થાઇ. ૧૯
ખેત્રેં વાવેડેં વિમલનેં માતા, પ્રાહુણા ઢીલ ન કરેં તિહાં કણ જાતાં;
મામાસું મલીઆ પૂછેં સુખસાતા, વિમલ હાથેં સુખ માઓ વિધાતા. ૨૦
મામા સાદ કરેં ભાણેજા ભાઇ, આયુ ઇણિ સમવડ ઈંડું ચઢાઈ;
સાથેં સાલો નેં સવણ વિચારેં, વિમલ બાંધેસે પાતિસાહિ વારે. ૨૧
પગેં લાગીને નાલેર દીધું, રૂપિઓ દેહતેં તિલક કીધું;
સગા જીમાડી સૌભાગ લીધો, પાટણ સુધી પગ પોહચાડયો સીધો. ૨૨

( જૂની પ્રતમાંથી ) ( અપૂર્ણ. )